॥ श्री स्वामिनारायणो जयति ॥

સુધાના તંત્રી

બ્ર. શા. બાલકૃષ્ણાનંદજી નાશિકવાળાની

અંત્ય અવસ્થાએ ઉદ્ભવેલી વિપરીત મતિનું

દિગ્દર્શન

અને

"સ્વામિનારાયણ" નામનો શાસ્ત્રીય

સત્ય અર્થ

અને

તદ્વિરુદ્ધ બંડાર્થનું

ખંડન

સંપાદક: શા. હરિજીવનદાસ
વડતાલ.

Kamanlal Poonjabhai
At. & Po. VAGRA
Dist. Broach

॥ શ્રીહરિઃ શરણું મમ ॥

श्री स्वामिनारायणो विजयतेतराम् ।

શ્રી સ્વામિનારાયણ-સંપ્રદાયનું મુખપત્ર-માસિક

જય શ્રીહરિ

—: સંચાલકો :—	તંત્રી : મુદ્રક : પ્રકાશક
શાસ્ત્રી હરિજીવનદાસજી	મગનભાઈ માધવભાઈ પટેલ
તથા	C/o ઇન્ડસ્ટ્રીયલ એન્ડ પ્રુડેન્સીયલ
શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી	એસ્યુરંસ કું. લી.
વડતાલ.	અમદાવાદી પોળ સામે-વડોદરા.

પ્રકાશન સ્થલ : વાકળ પ્રિન્ટરી, રાવપુરા, વડોદરા.

વર્ષ ૧	વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૩	૫ મી નવેમ્બર ૧૯૫૫	પરદેશ લવાજમ શીલીંગ ૬	અંક ૫

श्री स्वामिनारायणो विजयतेतराम् ।

સુધા માસિકના અંત્યે સીધા તંત્રી બનેલા બ્ર. શા. બાળકૃષ્ણાનંદજી નાસિકવાળા ના આનંદ માટે—

(જેઓ સંપ્રદાયના સ્વકર્તવ્યાર્થને છેક તરછોડીને, નાસિકના અદ્વૈતવાદી સંન્યાસી સ્થાપિત ટ્રસ્ટના આશ્રિત પ્રેરક દ્રષ્ટા સંચાલક બનીને, તેમાં આખા સંપ્રદાયના આશ્રિતોને કુટયુકિતપ્રયુક્તિઓથી [illegible] મહા મહેનત સુધા માસિક દ્વારા કરી રહ્યા છે)

આપશ્રીએ સુધાના વર્ષ ૨૬ અંક ૧૧-૧૨ (ભેળા) માં પેજ ૧૬૦ ઉપર "સંપાદકીય" એવા સંસ્કૃત શીર્ષકથી વ્યંગ્ય ભાષામાં યથા તથા લખાતા વ્યગ્ર અગ્ર લેખમાં "**આનંદની વાત છે !!**" એવું જુદું હેડીંગ મુધા બાંધીને "**શ્રી હરિ**" માસિકના સંબન્ધમાં વગર પ્રસંગે, વગર કારણે આડાઅવળા અટપટા અનેક પ્રકારના **અટકચાળા અપ્રકૃત અસંબધ્ધ અનુપયુક્ત અયુક્ત અસહ્ય** પોણા પેજમાં સ્વૈરં રોષ-દ્વેષભર્યો **ક્યો છે. એનો જુજ** જવાબ તરતજ લખાઇને તૈયાર થએલો, પણ <u>પ્રથમ ગ્રાસે મક્ષિકાપાત</u> જેવી **આરંભમાંજ** એવી ચિત્ર ચર્ચા આવે અને વળી તે <u>રજની પેઠે</u> માસે માસે ચાલુજ રહે અને એથી આપ જેને આવશ્યક પ્રથમોપયોગી ચર્ચા માનો છો તેને

સ્થાન ન મળે અને એથી ગ્રાહકો વાચકોના મનમાં ક્ષોભ કે અણગમો થવાનો કુધા પ્રસંગ આવે, ઇત્યાદિ કારણોને વિચારીને છાપ્યો ન હતો. ‘मौनिनः कलहो नास्ति’ એ નીતિએ ઉભયના ભલા માટે સહન કરી ગયા. આપનો અસદ્દાશયતો આરંભમાંથીજ વિચિત્ર ચર્ચામાં ચોમેર ઉતારી દેવા કે જેથી કશું તત્વશાસ્ત્રીય શુભ કાર્ય કરી શકે નહિ. તે પછી તો નાસિકીય સુધાનીજ બુરી દશા સુધા કુધા દયાજનક સ્વોપાર્જિત આવી પડવાથી ઉપરથી શાંત રહ્યા. પરંતુ કિંચિત્ ઉપલેક સ્થિતિ સુધરતાં વળી વર્ષ ૨૮ અંક ૧૮ થી સામાન્યતઃ સમારંભ કરીને ૧૯ અંકમાં તો અપ્રકૃત અનુપયોગી અવાચ્ય ડાઈ અમર્યાદ વિશેષતઃ કરી. એ પછી વર્ષ ૨૮ અંક ૨૦ માં પણ અપ્રયોજન અતિ વિચિત્ર અડબંગાઈ એમ તેમ કરી. એમ જે તે સુધા કુધા રીતિએ શ્રીહરિ માસિક અને તેના સંચાલકોને હલકા ઉતારી પાડીને, લોકોમાં અણગમો ઉપજાવીને, સુધાને અને પોતાને પ્રમુખ પદે લાવવાની બદદાનત ઉઘાડી સમજાયાથી અને કેટલાક નીતિનિપુણ સુજ્ઞોની સૂચના સમયાનુસારી મળવાથી ખરા ચોખ્ખા જવાબને પાત્ર છે એમ જણાયું. અનિચ્છા છતાં મારી મેચકાવીને ઉશ્કેરીને સામા ઊભા કરવા જેવી વાત છે. માટે સુજ્ઞ ગ્રાહકોએ શાંત સ્વાંતે બુદ્ધિને બળ આપીને, ઉપેક્ષાને છોડીને અક્ષરશઃ વાંચવો અને વિચારવો અને શુધ્ધ સાર ભાવ સ્વીકારવો. આમાં ખાસ જાણવા જેવી અને આચરવા જેવી બહુ બાબતો સંપ્રદાયમાન્ય સુગ્રાહ્ય શુધ્ધ ભાષામાં આવશેજ. કંઇ નહિ તો હેય બંડ રંગથી રંજીતનું ખરૂં સ્વરૂપ તો ઓળખવામાં આવશે.

“સત્સંગમાં કેટલાંએ માસિક પત્રો ઉદય પામ્યાં ને અસ્ત પામ્યાં ને કેટલાંક ચાલે છે. તેમાં એક શ્રીહરિ નામના માસિક પત્રનો ઉમેરો થયો એ આનંદની વાત છે.” એવો મર્મભર્યો આરંભ કર્યો છે. ઘણી વખત જાતે કે જુદાં જુદાં નામ રૂપથી પણ સુધામાં માસિક પત્રોવિષે વિમુખ સન્મુખ કે બાહ્ય અબાહ્ય એવો આત્યંતિક વિભાગ હેયોપાદેય જ્ઞાન માટે પાડીને, વિમુખ બાહ્યતે ઉઘાડા નિંદતા, ભાંડતા અને ધિક્કારતા હતા. હવે એમનેજ પાછા સત્સંગનાં માસિક પત્ર તરીકે માનવા મનાવાની અને શ્રીહરિને પણ એવા એક સૂત્રમાં પરોવવાની ધૃષ્ટતા વાપરવા જાવ છો, એ આપની ‘अधर्मं धर्ममिति या मन्यते तमसावृता । सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥’ આ ગીતા વાક્યમાં શ્રીકૃષ્ણે કહ્યા મુજબ બુદ્ધિની વિપરીતતા શું નથી આવતી? બુદ્ધિમાં તિમિરને તેજ કે કાચને મણિ કે કાકને કોયલ કે બકને હંસ કે દુર્જનને સુજન માનવા જેટલો અત્યંત વિપરીત ભાવ રખાય છે તેને કયા કારણે સમજી શકતા નથી. જુઓ-વર્ષ ૧૭ અંક ૮ માં “ હાલ સત્સંગમાં મુખ્ય પત્ર બે ચાલે છે. અને બે સત્સંગ બહારનાં છે.” એવા શબ્દ લખીને ઉદ્ધવસંપ્રદાય અને સુધાને સત્સંગનાં અને બોચાસણવાળાના સ્વા. ના. પ્રકાશને અને ભાપાવાળાના સ્વા. ના. દિગ્વિજયને સત્સંગ બહારનાં કહેવાનો ચોખ્ખો અભિપ્રાય છે. જુઓ—વર્ષ ૧૧ અંક ૧૦ માં “શ્રીજીના સત્સંગી બન્ધુઓ સાવચેત!” એવું હેડીંગ કરીને “શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળમાં શરૂઆતથી જ સત્સંગે વિમુખ કરેલી સંસ્થાનો ગંધ દેખાતો હતો...” પરંતુ તેમના આઠમા રિપોર્ટથી આ સંસ્થાએ પોતાનું સ્વરૂપ પુરેપુરૂં પ્રકાશ કર્યું છે. જેમાં ગુણાતીતાનંદ સ્વામીની છબીઓ ઉપર તેમના ગુરુની માન્યતા મુજબ નામ લખાયાં તથા સંપ્રદાયમાંથી કોઈ મોટા સંતનો ફોટો નહિ મુકતાં ફકત શાસ્ત્રીજી યજ્ઞપુરુષદાસજીનો ફોટો મુકયો અને તેમના વાજીંત્રરૂપ

“ગમ વિનાનાં ગાડે બેઠાં ને ગાવા [illegible] ... [illegible] ... ગોવિંદરામ એ [illegible] રીત ગામાં.

પત્રનો સાથ લીધો. એથી આ મંડળ સત્સંગ વિમુખ સંસ્થાના અનુયાયીઓનું છે એમ સ્પષ્ટ થયું છે.” એમ બોચાસણવાળાના વાજીંત્રરૂપ પત્રને સત્સંગબાહ્ય વિમુખ કહેવાનો ખુલ્લો અભિપ્રાય છે. (આ લેખ પૂર્વ આફ્રિકા સત્સંગમંડળે અને બોચાસણવાળાએ ખાસ વાંચવા જેવો છે.) વર્ષ ૨૦ અંક ૧ માં તો “ અક્કલના ઉલ્લાસ ” એવું હેડીંગ કરીને “ સ્વા. ના. પ્રકાશના ગયા ડીસેમ્બર અંકમાં એક ભાઇએ સુધાના તંત્રી સામે અક્કલના ઉલ્લાસ ખુલ્લા બતાવ્યા છે. તે પહેલાં પણ તે પત્રમાં બીજા કેટલાક લેખકોએ પણ અક્કલના ઉલ્લાસ બતાવેલા હતા...જ્યારે કોઇ વધારે પડતા અક્કલના ઉલ્લાસ બતાવે ત્યારે એ શબ્દો તેમને અગર અમારે લખવાની ફરજ પડે છે...તેમજ એ ભાઇએ “ અગ્નિમાં બીજ પડી ગયું ” એ શ્રીજીના શબ્દ મુજબ છકયા કેવળ અક્કલના ઉલ્લાસ બતાવ્યા છે. જો એ ભાઇમાં એ શકિત હતી તો બોરસદના કેશ વખતે હજી અભ્યાસ કરતા હતા કે શું? એક કવિ કહે છે કે—“ગમ વિનાનાં ગાડે બેઠાં ને ગાવા માંડયાં ગીત, વરરાજાને તો ભુલી ગયાં ને લીધી અવળી રીત. લીધી અવળી રીત તે એવી કે ડુંગર જેવી ભીંત ભુલાય તેવી, કહે ગોવિંદરામ એ અક્કલ હીણાની રીત, ગમ૦” આ પ્રમાણે “પડયા મીયા તો પણ ટાંગ ઉંચી” એવા બકવાદ કરવા એ વ્યર્થ છે...અમે તો સત્યાસત્યના નિર્ણય માટે એકજ ચાવી રાખી મુકી છે કે—જે આચાર કે વિચાર સમાજની એકતા રાખી શકે તે સત્ય અને જે એકતાને છેદી નાખે તે અસત્ય. કોઈ ને કુસંગી વિગેરે શબ્દથી કહેતા હોઇએ તો પણ એવીજ દૃષ્ટિથી...અમારે તો સત્સંગની એકતા અખંડિત રાખવાનું જ એક તાન છે...શ્રીજીએ ૭ અંગનો સત્સંગ પ્રવર્તાવેલો છે તે [illegible] અંગો જે સિદ્ધાંતને સ્વીકારતા હોય તે સિદ્ધાંતજ સત્ય ને બીજે અસત્ય. એ અંગો [illegible] સંસ્થાપિત હોવાં જોઇએ. આપણે કલ્પી કાઢીએ તે શ્રીજીના સત્સંગનાં અંગો ન કહેવાય...ષડંગ સત્સંગનું મૂળ શ્રીજી મહારાજ છે તેમાં શ્રીજીએ નરનારાયણ અને લક્ષ્મીનારાયણ એમ બે દિવ્ય વૃક્ષો ઉભાં કર્યાં છે ને તે પ્રત્યેકના રક્ષણાર્થે [illegible] છે ને તેની વ્યવસ્થા બાંધી શાસ્ત્રો સંતો ને મંદિરો વહેંચી [illegible] માં જે રહે ને તેને અનુસરે તેજ શ્રીજીનો સત્સંગી અને બીજો તો [illegible] કહેવાય-થાય, અને તેમને ફળનો સ્વાદ પણ તેવોજ મળે, જે જીવતાં [illegible] કરીને પણ બહિર્મુખજ રહે. તેનો ધણી શ્રીજીતો નજ થાય. કારણ કે તે તો મૂળ વૃક્ષમાંથી વિછુટી એક શાખા પડીને વૃક્ષ થયો તેનો આશ્રયી થયો છે પણ મૂળ વૃક્ષનો આશ્રયી નથી જ...શ્રીજીમહારાજે અને સંતો તથા હરિભક્તોએ અગાધ શ્રમ લઇને જે મોક્ષનો માર્ગ-સત્સંગ પ્રવર્તાવેલો છે તે અક્ષરરૂપ છે તેના વિભાગ કરવા કે દેશના વિભાગ કરવા તે દેહના અરે અક્ષરના વિભાગ કરવા જેવું મહા પાપ છે. સ્વામિનારાયણ નામ અખંડ એક છે તેમાં વિભાગ કરવા, સત્સંગના વિભાગ કરવા કે ઉપાસના એકને બદલે અનેકની કરવી-કરાવવી તેતો સમાજનો ભંગ અને શ્રીજીનો દ્રોહ કરવા જેવુ મહાપાપ છે. એવા પાપમાં પ્રવર્તેલાઓ જીવતાં નરકના જેવું [illegible] દુઃખ ભોગવે છે ને મર્યા પછી પણ અધોગતિનેજ પામે છે...જે આચાર કે [illegible] રાખવાથી સમાજની એકતા રહે તે સાચા ને જે આચાર કે વિચાર સમાજથી વિખુટા [illegible] તે ખોટા એજ અમારો નિર્ણય છે” ઈત્યાદિ (આ લેખ બોચાસણવાળા, ભાપાવાળા વિગે[illegible]

સર્વેએ વાંચવા વિચારવા જેવો છે. આમાં ઓચાસણવાળાને ઉદ્દેશીને હદપારનું વિ[illegible] [illegible]ણી નાંખ્યું છે, આથી અત્યારનો અત્યંત વિપરીત મતભ્રમ ચોખ્ખો દેખાઈ આવશે.)

પ્રાકૃત પ્રદાર્થમાત્રનો ઉદય–અસ્ત થયા જ કરેછે. એ અપરિહાર્ય અને સર્વસાધારણ અને પર્યાયાગત છે. એ બાબતને શ્રીહરિના ઉદય પ્રસંગે જણાવવાની કશી જરૂર ન હતી. સુધા બહુ વર્ષથી ચાલે છે, અસ્ત થયું નથી. અને બીજાં તો અસ્ત થઈ ગયાં છે એવું ગરડાપણાનું આદર્શ અભિમાન જણાવનારા એ માર્મિક શબ્દો છે. એવા શબ્દો તો સુધામાં ઢગલાબંધ ઠાલવ્યા છે. વર્ષ ૨૭ અંક ૧૮માં તો "હાલની "સુધા"ની દ્રષ્ટિએ કોઈ સત્સંગી વિમુખ નથી"—એમ જણાવીને "એક વિનંતિ" એવું મથાળું કરીને "સુધા" પત્ર તમામ સત્સંગનું પત્ર છે, [illegible] દરેકને પોતાનો અવાજ રજુ કરવાનો હક્ક છે. કોઈ પણ એક વિભાગ કે એક વ[illegible] માટે આ પત્ર નથીજ, બાકીનાં પત્રો પોતપોતાના પક્ષ તરીકે જ લખાણ કરે છે તે વાચકવૃંદ સમજી શકે તેવું છે." એમ મનસ્વી કારણ જણાવીને સુધાને સ્વમુખે વખાણે છે. અને બીજાં બધાંને વખોડે છે. (આ લેખ બધાં માસિકોના તંત્રો અને સંચાલકોએ સમજવા જેવો છે.)

શ્રીહરિ માસિકના ઉમેરાથી આનંદની વાત થાય છે? કે આનંદનો ઘાત થાય છે? એતો અંતરાત્મા જાણે. 'विमलं कलुषीभवच्च चेतः कथयत्येव हितैषिणं रिपुं च' એવું નીતિ વાક્ય છે. શબ્દછળથી આનંદની વાત છે પરંતુ પાશ્ચાત્ય મઈડ મરોડ અને મચકુરો મેળવતાં આનંદનો ઘાત થાય છે એ સ્પષ્ટ અર્થ છે જેને સત્સંગ બહારનાં વિમુખ કહેતા હતા તેને પોતાનાં મિત્ર માની લીધાં અને પોતાનાને [illegible]મનું મિત્ર માની લીધું. એટલે હવે સુધાને ભય કે ચિંતા રહી નહિ. પરંતુ શ્રીહરિનો ઉદય તો મહાભય કે મહાચિંતાનું નવું કારણ બન્યું જણાય છે. એથીજ બધા મર્મભર્યા શબ્દો લખાય છે. ગમે તેવો અંતરનો આશય હશે એનું કાંઈ નહિ, પરંતુ અમે તો આનંદની વાત માનીએ છીએ. કેમકે વગર પ્રેરણાએ, વિના મહેનતે અને વગર બ્યયે આખાય સંપ્રદાયને શ્રીહરિના ઉદયની ખબર થઈ છે. અસ્તુ–જેને તેને 'એક અડપલો છોકરો' એમ આડાં અવળાં અડપલાં કરવાની કુટેવ પડી ગઈ છે. તેતો 'પડી ટેવ તેતો ટળે કેમ ટાળી' એમ ટળે એવી નથી. 'प्रकृतिं यान्ति भूतानि' આ સુભાષિતતો તમો બહુવાર બીજાઓ માટે લખ્યું છે.

વળી "બાળકના જન્મની જેમ પત્રનો જન્મ પણ કોઈ વખત આનંદ આપનારો નિવડે તે કોઈ વખત શોક આપનારો પણ નિવડે છે" આવા માર્મિક શબ્દો લખ્યા છે. 'जातस्य हि ध्रुवो मृत्युः' 'मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः' એમાં કહ્યા પ્રમાણે જન્મેલાનું મરણ નિશ્ચિત સર્વસાધારણ છે જન્મે ત્યારે આનંદ થાય અને મરે ત્યારે શોક થાય એ પણ સર્વલોકદ્રષ્ટ છે. માસિક સારી રીતે ચાલે તો આનંદ અને ન ચાલે તો શોક થાય એ પણ સર્વાનુભવસિધ્ધ છે. આવી સર્વસાધારણ બાબતમાં એકલા શ્રીહરિ માસિકને બાળકના જન્મનું દ્રષ્ટાંત દઈને જન્મના આનંદ સાથેજ આગળથી અનુશોકનું અપલપન કરવાની કશી જરૂર નથી. આથી તો ઉઘાડી અદેખાઈ દેખાઈ આવે છે.

સુધાનું જન્મ અન્યદ્વારા બોટાદમાં સં. ૧૯૮૪ ની શ્રીહરિ નવમીએ ઉધ્ધવ

સંપ્રદાયની સેવા અર્થે થયું, પછીથી રાજકોટમાં તમારા હસ્તક મોટું થયું અને ત્યાંજ મરી ગયું અને પાછું નાસિકીય ટ્રસ્ટ સંન્યાસી સ્થાનમાં નવેસર જન્મ્યું, એમ તમે જાતેજ નિરાનંદ થઈને શોકભાવથી સ્પષ્ટ શબ્દોમાં જણાવો છો—વર્ષ ૨૬ અંક ૧૯ "સુધા બંધ પડશે?" એવું મોટા ટૈપમાં હેડીંગ કરીને રાજકોટ છોડીને નાસિક આવ્યા પછી "સુધા" માથે આપત્તિ ઘણી પડી છે. એમાંથી છુટવાનાં દ્વાર દેખાય છે પણ હજી દૂર છે. પુસ્તકોનો સંગ્રહ ઘણોખરો ખર્ચાઈ ગયો છે. પ્રેસ માથે કરજનો બોજો થઈ ગયો છે. જો પ્રેસ કાઢી નાખવું પડે તો "સુધા" બંધજ થાય. હાલમાં બારસોમાંથી સાતસો ગ્રાહકો થઈ ગયા છે. તે બતાવી આપે છે કે સત્સંગને પોતાના મુખપત્રરૂપ "સુધા"-પત્રની જરૂર નથી. અને જો એમજ જણાશે તો "સુધા" બંધ કરવુંજ પડશે. પરંતુ આજે ૨૬ વર્ષ સેવા કરનાર પત્રને મરી જવા દેવામાં સત્સંગ સમાજની કૃતજ્ઞતા (કદર) નહિ કહેવાય" એમ દીર્ઘ શોક પ્રદર્શાવીને, વળી વર્ષ ૨[illegible] અંક [illegible] માં 'सहर्षनिवेदन' એવુ શીર્ષક કરીને મુંબાઈના સ્વા. ના. સં[illegible] તરફથી [illegible]ાસન મળતાં હર્ષ જણાવ્યો છે. વર્ષ ૨૫ અંક ૨૩-૨૪ "સૂચના" એવું મથાળું બાંધીને "આ વર્ષમાં સુધાને ચલાવવામાં અમને ઘણીજ મુશ્કેલીઓ પડી છે. સ્થાન બદલી થતાં ને પાક્ષિક બનાવતાં ૭ મહિના બંધ રાખવું પડયું છે"

વળી વર્ષ ૨૭ અંક ૮ આરંભમાં [illegible] કરીને, 'આ ઠેકાણે નવા સત્સંગની જાણ માટે સુધા વિષેના એ શબ્દો મને લખવા [illegible] લાગે છે તે નીચે પ્રમાણે છે–સુધા પત્રે સત્સંગની એક ધારી સેવા ફક્ત બે રૂપીયા જેવી મામુલી લવાજમથી પચીસ વર્ષ સુધી કરી છે પછી લડાઈ વીત્યા બાદ આઠ આના વધારવા પડયા હતા. પરંતુ છેલ્લા દોઢ વર્ષ તેને રાજકોટથી નાસિક જવાની ક્રાંતિમાં જન્મની ક્રાંતિ જેવાં ભોગવવાં પડયાં છે. એટલે એનું નવું રૂપ છે તે નવો જન્મ પણ માની શકાય. એવો સમય દેશને, સમાજને, સર્વેને આવે છે ને એમાંથી જો પસાર થઈ જાય તો નવા જન્મ જેવું નવું રૂપ મેળવે છે, આવે પ્રસંગે "गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः। हसन्ति दुर्जनास्तत्र समादधति साधवः॥" "ચાલતો માણસ કદાચિત્ અવસ્થાથી કે બેદરકારીથી લથડી પડે તેને દેખીને મૂર્ખાઓ હસે છે ને ડાહ્યાઓ ધીરજ આપે છે." એ ન્યાયે સુધાની ક્રાંતિદશા કે રૂપાંતરને દેખી કોઈ મશ્કરી પણ કરતા હશે ને કોઈ દયાભાવે ધીરજ પણ આપે છે તથા આશીર્વાદ અને પ્રોત્સાહન પણ પાઠવે છે. સુધાનો જન્મ બોટાદમાં થતાં સત્સંગ સુધા નામ રાખ્યું ને તેનો પહેલો અંક ગઢપુરમાં શ્રી. ગોપીનાથજી મહારાજના કરકમળમાં મુકાયો છે અને સદ્ગુરુ અક્ષરાનંદસ્વામી જેવા મહાપુરુષે પ્રોત્સાહન તથા આશીર્વાદ આપેલ છે. એ બળેજ સુધા આટલાં વર્ષ સુધી કટોકટીના લડાઈના સમયમાં પણ ટકી રહ્યું છે. જ્યારે કેટલાંક પત્રો સત્સંગમાં જન્મ પામી ટૂંક અવસ્થા ભોગવી અસ્ત થઈ ગયાં છે. એ સુધાને આટલાં પચીશ વર્ષમાંજ શ્રી ગોપીનાથજી મહારાજ, ગઢપુરવાસી સંતો તેમજ ભાવિક સત્સંગીઓ કેમ મરવા દેશે. છેવટે બ્રહ્માનંદસ્વામીની જેમ પોતાની આયુષ આપી ભોગ આપીને પણ બચાવશે. વળી જ્યારે સુધાનો જન્મ થયો ત્યારે તેનું નામ "સત્સંગસુધા" હતું તે વખતે આફ્રિકાના સત્સંગ તરફથી સારૂં પોષણ મળ્યું હતું. તે પછી તેમાંથી સત્સંગ નામ કાઢી

કારણે કાઢી નાખવામાં આવ્યું. તે નામથી હાલમાં આફ્રિકાથી પત્રિકા નીકળતી થઈ છે તેને અને સુધાને સુમેળ છે તે શ્રીજીની ઈચ્છા થશે તો બન્ને મળીને ફરીને સત્સંગસુધા નામ ધારી લેશે. પ્રેસની મુશ્કેલી હતી તે પણ હવે સદંતર દૂર થઈ ગઇ છે. અને થોડા સમયમાંજ રાજકોટ હતું તેથીએ સારૂં થઈ જશે. એટલે હવે સુધાની પડતી છે એમ માનીને કોઇએ દયા ખાવી, ચિંતા કરવી, મશ્કરી કરવા જેવું નથી. રાજકોટથી સુધા તરફ ભાવ ધરાવતા એક સત્સંગીભાઇએ દયાજનક શબ્દોથી સુધા માટે દિલગીરી લખેલ છે" એમ દુરંત દયાજનક દુર્દશા દર્શાવી છે. વળી આની બહુ પૂર્વે વર્ષ ૧૬ અંક ૧માં "સુધાપત્ર આજે બહુ કપરા સમયમાં ઉતરે છે. દેશ કાળ બહુ નબળા છે, નાણાંની ભીડ સહજ રહે છે, તેમાં વળી હાલના સમયમાં કાગળ મેળવવા પુરતાં નાણાં ન હોય ને નાણાં મળે તોપણ કાગળ ન મળે એવો સમય ચાલે છે. આવી કટોકટીમાંથી પસાર થવા માટે સુધાનાં પાનાંઓમાં કરકસર કરવી પડે ત્યારે આપના લેખો કે કવિતાઓ સુધામાં લેવાનો અવકાશ થોડોજ મળે" એમ સુધા માટે કટોકટીનો કપરો સમય સ્વયં જણાવે છે. વળી ત્રણ ચાર માસ ઉપર મેં મુક્તાનંદ કાવ્યની જાહેરાત માટેનું લખાણ છાપવા મોકલેલું. તેનો જવાબ એવો મળેલો કે—"આવતા અંકમાં જરૂર લઈશું. છાપખાનું નરસીમેતાના ગાડા જેવું ચાલે છે. કંપોઝીટર ફક્ત એકજ છે તે બીમાર પડી જતાં બીજો મળતો નથી જેથી સુધાનાં પણ બે પાનાં વધારે કાઢવાં હતાં તેના બદલે બે પાનાં ઓછાં કાઢ્યાં છે" એમ પ્રેસની અને પેપરની દુર્દશા દેખાડવામાં આવી છે.

ઉપરના લેખોમાં સુધા માટે આપેજ અનેકવિધ અસહ્ય અનુકંપ્ય આપત્તિઓ જણાવીને પારવાર શોક પ્રદર્શીવ્યો છે. એટલે સુધાના જન્મ મરણની અને હર્ષ શોકની વાત કરતા હો તો બરોબર બંધબેસતું છે. અમારૂં તો એટલુંજ કહેવું છે કે એવું દોઢડહાપણ કરવાની કશી જરૂર ન હતી. સઘળું પ્રસંગ વિનાનું પ્રલપન છે.

વર્ષ ૨૭ અંક ૮ માં "હાલમાં મુંબાઇના સત્સંગમાં મતભેદ હોવા છતાં સુધાને બચાવવા સર્વેએ એકમત થઈ સારો સહકાર આપ્યો છે" વળી વર્ષ ૨૬ અંક ૨૧માં "મુંબાઈ સ્વામિનારાયણ સંઘ તરફથી પણ અમને આશ્વાસન મળ્યું છે" વળી વર્ષ ૨૬ અંક ૧૯ માં "પ્રેસ માથે કરજનો બોજો થઈ ગયો છે" વિગેરે બાબતો કેવા સંજોગોમાં બની છે તેનો ચોમેર તપાસ કરતાં અમને સારૂ જાણવા મળે —વર્ષ ૨૪ અંક ૬ "શ્રી તપોવન બ્રહ્મચર્ય આશ્રમનો ટુંક ઇતિહાસ" એવું મથાળું બાંધીને "શ્રી તપોવન બ્રહ્મચર્ય આશ્રમની સ્થાપના સંવત ૧૯૮૯ સને ૧૯૩૩માં સુરત તાપી બ્રહ્મચર્ય આશ્રમના સંસ્થાપક અને દૃષ્ટા સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતી હસ્તક મુંબાઇના જાણીતા ઉનના વેપારી શેઠ ધર્મશી ભવાનજી તથા બીલખા આનંદાશ્રમના ટ્રસ્ટી શેઠ માધવજી જેશીંગ તેમજ મુંબઇમાં પણ ઘણા જુદા જુદા ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રાગજી દેવરામ ઠાકર તથા શ્રી જીવ[illegible] ભુરાભાઈ સિવાય અન્ય ગૃહસ્થોએ મળી આ સંસ્થા સ્થાપન કરી હતી...સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતી મૂળ કાશીના વતની બ્રાહ્મણ જ્ઞાતીના હતા...પોતાની પાસે આવતા નાણાંનો સદુપયોગ કરવા માટે તેઓએ શ્રી તાપી બ્રહ્મચર્ય આશ્રમની સ્થાપના કરી હતી. શ્રી તાપી બ્રહ્મ[illegible] આશ્રમમાં શ્રી પ્રાગજી દેવરામ ઠાકર લાઈફ મેમ્બર હતા. તેઓ અવર

નવર સુરત જતા જેથી સુરત આશ્રમની મદદ માટે સ્વામીજી કથા કરવા મુંબાઈ આવતા હતા. સ્વામીજી દર વર્ષે કથા વાંચવા કાનબાઈની વાડીમાં કાંદાવાડી આવતા હતા. આથી ઘણા ગૃહસ્થોના આગ્રહથી "તપોવન બ્રહ્મચર્ય આશ્રમ" નાશિકમાં તપોવનમાં ખુલ્લો મુકયો હતો...આત્માનંદસરસ્વતી સ્વર્ગવાસ થતાં આ સંસ્થાનું સુકાન પ્રાગજી દેવરામ તથા જીવરામ ભુરાભાઈના માથા ઉપર આવી પડ્યું...સનાતન રીત મુજબ રજીસ્ટર થએલી સંસ્થા તે મુજબ ચલાવે તેવાને સોંપવી એવો નિશ્ચય કર્યો. આથી ઘણા સંપ્રદાયના તેમજ અન્ય સુરત સંન્યાસિઓની શ્રી પ્રાગજીભાઈએ મુલાકાત લીધેલી. મેં જ્યારે આ સંસ્થાની માગણી કરી ત્યારે તેઓએ તેમજ કમીટીના તમામ સભ્યોએ એક અવાજે મને આપવા ખુશી બતાવ્યા બાદ કાયદા મુજબ જેમ કરવું ઘટે તેમ કરી આપ્યું. જેથી આ સંસ્થાનું સંચાલન મેં હાથ ધર્યું છે. આવો આશ્રમ મળ્યા બાદ સ્વામિનારાયણ સંઘની સ્થાપના કરી સત્સંગ પ્રચાર અને ત્યાગીઓને તે માટે તૈયાર કરવા શિક્ષણશાળા કરવા ધારેલું તેને માટે 'મળી આવશે કે?' એ પ્રમાણે સત્સંગને સેવકો માટે હાકલ કરેલી. તેના પ્રતિધ્વનિરૂપે અમને સત્સંગમાંથી કેટલાક ત્યાગીઓ અને ગૃહી સત્સંગીઓના સેવામાં જોડાવા માટે પત્રો મળેલા છે...બ્ર— બાલકૃષ્ણાનંદ" આ રીતે આપે જાતે આલેખેલા ઇતિહાસ મુજબ અદ્વૈતવાદી આત્માનંદ સરસ્વતી સંન્યાસીએ સ્થાપેલું કાયદાસરનું સરતી ટ્રસ્ટ કે જેમાં સ્વા—ના—સંપ્રદાયનું કિંચિત પણ સ્વત્વ (હક) રીવાજ મુજબનું નથી. તેને ચલાવાની જાતે માગણી કરીને સમગ્ર ટ્રસ્ટીઓએ સોલીસીટર મારફત ટ્રસ્ટખાતાના કાયદા મુજબ ઘડી આપેલા લખાણમાં સહી કરીને બંધાઇને આ સંસ્થા ચલાવવાનો સંતાપભાર પોતાને શિરે લીધો છે. આ રીતની ટ્રસ્ટ સંસ્થામાં વિના વિવેક દૃષ્ટિ ઘસી નાંખ્યા પછી રાજકોટથી પ્રેસને નાશિક લાવવાની ઘણા જુના હિતસ્વીઓએ ના કહ્યા છતાં મહામહેનતે લાવ્યા. અને માસિક માટે બે હજાર રૂપીયાના કાગળો સામટા "કે. આર. દેસાઈની કંપની પેપર અને સ્ટ્રાં બોર્ડના વેપારી" પાસેથી લીધા. ઘણા મા[illegible] પણ બીલ નહિ મળવાથી એ વ્યાપારીએ એડવોકેટ પાસે નોટીસ અપાવી, એ[illegible] આશ્રમમાં [illegible]ના વિદ્યાર્થી સાધુઓને મુંબઈ મોકલ્યા. તેમણે કેટલાક સભ્યોના કહેવાથી શેઠ ગોવિંદભાઇએ અમુક મુદતે પાછા આપવાની શરતે રૂપિયા આપ્યા. મોહનલાલ શ્રીજીના વિગેરે [illegible]તા વળગતાને કફોડી સ્થિતિ જણાવતા સંઘના તે લઇને સ્વા. ના. સંઘના સભ્ય અને મંત્રી મોહનલાલ શિવરામ શ્રીજીના વિગેરે લાગતા વળગતાને ભેળવીને વાટાઘાટ કરીને અમુક રકમ ઓછી લેવાની ઠરાવીને બીલ ચુકતે કર્યું. મુદતસર રૂપીયા નહિ મળવાથી શેઠશ્રીએ તકાદો કરવાથી વળી મીઠાઈવાળા દયાપ્રકૃતિ નાગજીભાઇ રણછોડભાઇ બુદ્ધદેવ કે જેની જાહેરાત સુધામાં આવતી હતી તેની પાસેથી કરગરીને રૂપીયા લઇને શેઠશ્રીને પાછા આપ્યા. હવે નાગજીભાઇએ ઘણી વખત ઉઘરાણી કરી પણ અદ્યાપિ રકમ મળી નથી એમ સાંભળવામાં આવે છે. એટલે પ્રેસ માથેનો કરજનો બોજો હજી કાયમ જ હશે. સુધાનાં સઘળાં થોથાં પોથાં વાંચીએ વિચારીએ તો સુધાને નામે અનેકવિધ ખાતાં ખાતરીયાં આડાંઅવળાં ઉભાં કરીને ભોળા લોકોને છેતરીને પણ મોટી રકમો મેળવી છે છતાં સુધા માટે કરજના બોજાની વાત કરે છે એ કેવું આશ્ચર્ય? જો હિસાબ ઓડીટ થાય તો તેમનાજ આતો અજબ ગજબ અજાયબી ઉપજાવે છે.

વખાણુ મુજબ લગભગ પચાસ હજારની રકમ અગત હેની જોઇએ. આ તે અન્નયશો ગોટ.ળો કહેવાય. આ અવસરે ની સમીક્ષા અપ્રકૃત અમારે કરવી નથી.

▷ મુંબાઇમાં મતભેદની વાત કરે છે તે પ્રથમ હતી, પણ નાસિકના પરાધીન ટ્રસ્ટ મહમાં પરાણે પેહા પછી મતભેદમાં વિચિત્ર વિષમ વધારો આપેજ કર્યો છે, જે અદ્યાપિ હતુંજ નહિ એવું "સ્વા. ના. સંઘ" નામનું ... ધુત સુંબાઇ આવીને ઉભુ કર્યું. તેનું બંધારણ ઘડવા મંદિરમાં સભા ભરવાની ઠરાવી અને કેટલાક આવ્યા પણ ખરા. પરંતુ કોઠારી ચતુર ભકતે મંદિરમાં સભા ભરવાનું ના કહેવાથી રા. રા. શાહ છોટાલાલ નાનાલાલ (સોલીસીટર) ને ઘેર સભા કરી. તેમાં પોતે હાજરી આપીને તેનું બંધારણ કાયદેસર હિંદી ભાષામાં ઘડાવ્યું. એનો જાહેરાત વર્ષ ૨૬ અંક ૫ માં કરી છે. અને વળી આપશ્રીએ 'સર્વ સત્સંગ પ્રત્યે નિવેદન" એવા મથાળાથી નિવેદન બહાર પાડયું છે. સંઘનાં સભ્ય અને મંત્રી મોહનલાલ શ્રીજીનાએ વર્ષ ૨૫ અંક ૧ માં "શ્રી સ્વામિનારાયણ સંઘ" એવું હેડીંગ આપીને "તા. ૨-૧૦-૫૧ ના રોજ સાંજના પાંચ વાગે ઉપરોક્ત સંઘનું બંધારણ તેમજ ધારાધોરણ નક્કી કરવા શ્રીયુક્ત છોટાલાલ નાનાલાલ શાહ (સોલીસીટર) ને ઘેર મુંબાઇમાં રહેતા અગ્રગણ્ય સત્સંગીઓની સભા મળી હતી. તે સભામાં સંઘને સ્થાપિત કરનાર તથા તેના પ્રણેતા સદ્ગુરુ બ્રહ્મચારી શાસ્ત્રી બાળકૃષ્ણાનંદજીએ પણ હાજરી આપી સભાને શોભાવી હતી" એમ જણાવીને, શ્રી માણેકચંદ માધવજી ગાંધી વિગેરે ૧૯ સભ્યોનાં નામોનો નિર્દેશ કરીને, શરૂઆતમાં શેઠશ્રી ગોવિંદજીભાઇએ તથા શ્રીયુત છોટાલાલ શાહે સંઘ સ્થાપવાના હેતુઓ સમજાવ્યા હતા. હાલમાં શાસ્ત્રી બાળકૃષ્ણાનંદજીના અધ્યક્ષપણા અને દેખરેખ નીચે "શ્રી તપોવન બ્રહ્મચર્ય આશ્રમ આગ્રારોડ નાસિક ચાલે છે તેની વ્યવસ્થા અને વિકાસ ઉપર વિવેચન થયાં હતાં...ધારાધોરણ સભામાં શ્રીયુત છોટાલાલ શાહે વિગતવાર વાંચ્યા હતા...વિગેરે વિવેચન કરીને કાર્ય-વાહક સમિતિના ૧૫ નામોનો નિર્દેશ કરીને, તા. ૧૩-૧૦-૫૧ ના રોજ સ્વામિનારાયણ સંઘની સભા મળી હતી. તેમાં નીચે મુજબ સભાએ નીચે મુજબના અધિકારીઓની નિમણૂંક કરી છે. શ્રી માણેકચંદ માધવજી ગાંધી પ્રમુખ, છોટાલાલ નાનાલાલ સોલીસીટર ઉપપ્રમુખ, ગોવિંદજી કલ્યાણજી પારેખ ખજાનચી, નવનીતલાલ મોતીલાલ મહેતા તથા મોહનલાલ શિવરામ શ્રીજીના મંત્રીઓ. આ બધુ વિવેચન કરીને, લી. મોહનલાલ શિવરામ શ્રીજીના, એમ સહી કરી છે. (ઉપરનાં બધાં બંધારણીય વિવેચનો સર્વેએ વાંચવા વિચારવા જેવાં છે) ઉપરનું સઘળું નવું ખટપટ નાસિકના સંન્યાસી ટ્રસ્ટના સ્વહસ્તક સંચાલન માટે ઉભું કર્યું. એમ કરીને સંપ્રદાયના ખરા સત્સંગીઓને ... સંડોવ્યા. મુંબાઇનો વર્ષોથી ચાલુ જે સત્સંગસમાજ છે તેના મેમ્બરોનાં ... નામો સુધામાં જાહેરમાં આવી ગયાં છે. તેઓ ઉપરના સંઘમાં ભળ્યા જણાતા નથી. મુંબાઇ પુરતી નહિ પણ આખા સંપ્રદાયના સત્સંગીઓને સંઘમાં સંડોવવાની જાહેરાત કરી હતી પણ બહારના સત્સંગીઓ બચી ગયા છે.

ગમે તેમ હોય પણ મુંબાઇના સત્સંગીઓએ દુર્દશા દેખીને દયાવશાત્ સારો સહકાર જેતે ધારે આપ્યો છે એ ખરી વાત છે. તથાપિ તેઓને પણ જાહેરમાં વગોવવા ... આવળાં અડપલાં કે અટકચાળા કર્યા વિના રહ્યા નથી. સુધા વર્ષ ૨૮ અંક ૨૩

પેજ ૧૮૩ મુંબઇ- "અત્રે બે વર્ષથી એક "સત્સંગ બાલમંડળ"ની સ્થાપના થઇ છે. તેમાંથી "શ્રી મુંબઈ સ્વામિનારાયણ મંદિર બાલસેવા મંડળ" જુદુ પડયું જાણવામાં આવે છે. **વચનામૃતનો અભ્યાસ કરીને તથા સત્સંગમાં સેવા કરીને પણ મોટા સત્સંગીઓ નોખા પડે છે તો નાનાએ પણ તેમ શિખવું જોઈએ ને! ગીતામાં કહેલ છે કે "મોટા કરે તેમ બીજાઓ વર્તે છે"** ને નોખા પડવા માટે ગમે તે કારણો (મિથ્યા કે સત્ય) દેવાય છે. સત્સંગના કેવા ભાગ્યયોગ છે કે કોઈ ગામમાં સત્સંગની એકતા ભાગ્યેજ હોય છે" ઇત્યાદિ કટુ કટાક્ષથી વાત કરે છે. એમ ઉપકારી કે અનુપકારી કોઇને પણ છોડતા નથી. બે મત મધ્યે પોતે કયા મતમાં છે? એ જાહેરમાં જણાવશે, જેથી કોઇને છેતરાવાનો પ્રસંગ ન રહે. જેના સ્થાપક પોતે છે તે સંઘ અને સુધાતંત્રી વચ્ચે ... બાબત માટે પડેલા મતભેદની એક પત્રિકા પણ બહાર પડી જાણી હતી. અમે તો ... સભામાં મતભેદ મુકીને એકતા સાધવાની વાત અનેકવાર કરી છે તે સ... ... જાણે છે. અસ્તુ. આતો સંઘના સ્થાપક વર્ણીજી છે એટલું જાણવા પુરતું વધુ વિવેચન છે.

"શ્રીહરિ એ સ્વામિનારાયણ ભગવાનનુંજ નામ છે. તેતો આનંદ આપનારૂં જ હોય પણ નિવડે વખાણ." એમ શ્રીહરિના નામના આનંદને અમયું આગળ ધરીને નિવડે વખાણનું અડપલુ અપ્રાસક્ત કર્યું છે. માસિકનું શ્રીહરિ નામ રાખ્યું છે તેનાં અર્થ કારણો અને એની મહત્તા આરંભમાંજ જણાવી છે. એ નામ સ્વા. ના. નુંજ છે એમ માનીને આનંદ આપનારૂં સાચા દીલે માનતા હો તો સારી વાત છે. પરંતુ આપના વર્તનમાં અદ્યાપિ સ્વા. ના. ની સ્મૃતિ સદા કરાવે એવું કોઈ નામ માસિક માટે કેમ અપાયું નથી એ અજાયબીની બીના છે. સંપ્રદાયને નામે સન્મુખ કે વિમુખ ઘણાં માસિકો નીકળે છે. સર્વ કોઇએ સ્વા. ના. ની કે તત્પ્રવર્તિત ઉદ્ધવસંપ્રદાયની સદા સ્મૃતિ રહેવા માટે સ્વામિ-નારાયણ નામનો પૂર્વ પ્રયોગ રાખે છે. અજાણ્યા કે જાણીને કોઈ 'મિ' અક્ષરને હ્રસ્વ કે દીર્ઘ કરતા હોય પણ મંગળ નામ તો શ્રીહરિનુંજ મુખ્ય રાખ્યું છે. આપજીએ સુધા નામ માસિકનું રાખ્યું છે તે સ્વા. ના. ની સ્મૃતિને બીલકુલ આપતું નથી. તેમજ સંપ્રદાયનું કશુંજ ઓળખાણ આપતું નથી. આરંભમાં "સત્સંગસુધા" નામ હતું તે અમુક અંશે સ્વા. ના. સંપ્રદાયનું સૂચક સુંદર હતું. તેમાંથી પ્રાણસમાન સત્સંગ શબ્દને કાઢી નાખીને એકલું સુધા રાખ્યું. વર્ષ ૨૭ અંક ૮ માં 'કોઈ કારણસર કાઢી નાખ્યું' એમ જણાવ્યું છે પણ કારણ ખુલ્લું દર્શાવ્યું નથી. કોઇએ સુધાની સુધા કુધા અવળાઈ અનુ-ભવીને "કુસંગકુધા" એમ અવળું લખ્યું હશે. એ કારણથી નામ ફેરવી નાખ્યું મનાય છે. કોઇની ટીકાર્થી તેમ કરવું તે ઉચિત નથી. વર્ષ ૨૫ અંક ૪-૫ માં સ્વા. ના. નામની સર્વત્ર પ્રવૃત્તિ માટે દરેક ખાતામાં એ નામ જોડવું એવું આપે ડહાપણ તો બહુ કર્યું છે. પણ તે પોતામાટે નહિ પણ બીજા માટે જણાય છે. "જેમ સ્વા. ના. મંદિરો છે, તેમ સ્વા. ના. ગુરુકુળ, સ્વા. ના. છાત્રાલય, સ્વા. ના. વિદ્યાલય, સ્વા. ના. મુદ્રણાલય, સ્વા.ના. ગ્રંથમાળા. સ્વા. ના. ઔષધાલય, સ્વા.ના. ફાર્મસી, સ્વા. ના. મંડળ, સ્વા. ના. સંઘ, વિગેરે અનેક પ્રકારે અનેક કાર્યની સાથે સ્વા. ના. શબ્દને જોડી દેવાય તેવાં અનેક કામો કરવાં જેથી સહજે સહજે ભાવે કે વિના ભાવે પણ અનેક જીવો સ્વા. ના. નામ બોલતા થાય" વિગેરે. આમાં રાજકોટના ગુરુકુલથી આરંભ કરીને વચ્ચે

બીજાઓને કહીને અંત્યે નાસિકના સંઘને લાવ્યા છે તે કંઈક અર્થસૂચક છે. આ બાબત અવિચારિતરમણીય છે. કોઈ જાલ્મ હલકા કાર્યમાં પણ સ્વા. ના. નામ આપી બેસે તો ઇષ્ટદેવની હલકાઈ થઇ જાય કે નહિ ? નામ બદલતી વખતે પણ 'સ્વા. ના. સુધા" નામ રાખ્યું હોત તો ડહાપણ લેખે લાગત. અને આનંદની વાત થાત. હવે જરા નીચું નિહાળીને જુવો કે નાસિકના આશ્રમમાં સ્વા. ના. નું મુખ્ય દ્વારે નામ નિશાન કે તેમાં સ્વા. ના. સંપ્રદાયનું કશું જ માલકીપણું છે? ટ્રસ્ટ સ્વા ના. ને નામે થયું હોત તો કાંઈ કહેવાનું થાત. તે પણ નથી. વર્ષ ૨૦૦૮–૯નો આશ્રમનો હેવાલ અને હિસાબ ટ્રસ્ટીઓએ ઓડીટ કરાવીને મુંબાઈમાં છપાએલો સુધાના વધારા તરીકે રવાના કરાયો છે જેમાં આપનો સંપ્રદાય-ચિહ્ન તિલક ચાંદલા વિનાનો ફોટો પહેલો છે. બીજા નંબરે ટ્રસ્ટના ઉત્પાદક આત્માનંદ સરસ્વતીનો ફોટો છે ત્રીજા નંબરે વધુ દાન આપનાર શેઠનો ફોટો છે, પછી બીજા ટ્રસ્ટીઓનાં નામો અને બંધારણ અને ભૂતપૂર્વ વર્ષનો હિસાબ ઓડીટ થએલો છાપ્યો છે. એને દૃષ્ટિને દિવ્ય કરીને કે ચશમાં ચઢાવીને બરોબર વાંચો અને વિચારો ? એમાં સ્વા. ના. નો ગોવાળો પણ છે ? પાઠશાળાના શાસ્ત્રીનો માસિક પગાર સંઘ આપે છે. તેથી એક ઓરડીએ સ્વા. ના. પાઠશાળા નામ રાખવા દીધું છે, તેમાં પણ ટ્રસ્ટીઓનો વાંધો તો ચાલુ છેજ. વસ્તુસ્થિતિ ઉપરોક્ત ખરી છે. હવે નાસિકને નામે સત્સંગીઓને છેતરવાના અનેક પ્રકારના પ્રયોગો કરતા હશો. તેને કોઈ ના કહેનાર અત્યારે નથી. આ તો નામના પ્રસંગથી કહેવાયું છે તો કોઇએ અવળું ન સમજવું.

શ્રીહરિ માસિકનો તો હાલમાં ઉદય થાય છે. એના ઉપયોગી ઉચ્ચ ઉદ્દેશ મુજબ કામ કરે છે. એને નિવડવાની અને વખાણવાની હજી વાર છે. સુધા કેવું નિવડ્યું છે અને કેવું વખણાય છે વગોવાય છે એની સાચી સારી સમીક્ષા સુધામાં સ્વયં સંગ્રહેલા જનશ્રુતિના અનુવાદક સ્વશબ્દોથી જ કરીએ—વર્ષ ૨૮ અંક ૩ "શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ સત્યદર્શન. "હમણાં હમણાં તાજેતરમાં સુધા માસિકમાં નૈરોબીના સમાચાર તરીકે વિચિત્ર લખાણો કોઈ બોચાસણ પક્ષ કરતા હોય એમ લાગ્યા કરે છે. વધારે નવાઈની વાત તો એ છે કે તેના સંચાલક બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી જેવા જુઠા સમાચારોને સ્થાન આપે છે. સુધાની નીતિમાં એવો એકેય દિવસ ભાગ્યેજ જતો કે જ્યારે બોચાસણની ઉપાસના વિરુદ્ધ તેમણે લખ્યું ન હોય! બ્રહ્મચારીશ્રી પાછલી ઉંમરમાં કાંઇ ભ્રમણામાં તથી પડ્યાને ? સ્વાર્થ બુરી ચીજ છે. કોઈ પટાવે ફોસલાવે કે મદદનો દેખાવ કરે એટલે તેના ગુણ ગાવા માંડીશું પણ આત્માનું ગૌરવ અને ઉપાસના ગુમાવી ભૌતિક સુખનાં હવે વલખાં મારવાનાં હોય ? બ્રહ્મચારીશ્રીને જાગ્રત કરવા આટલી ટકોર બસ થશે" (આમાં પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ કે જે પ્રથમનું જુદું છે તે ખરી ખુલ્લી ટકોર સમજવા જેવી કરે છે) વર્ષ ૨૮ અંક ૧૦માં "ખોટો ધોખો—સુધાના આઠમા અંકમાં આવેલા વજુભાઈ પટેલના લખાણથી સુધાની નીતિ માટે કોઈ કોઈ હરિભક્ત તરફથી ધોખ્ખા ભરેલા પત્રો અમને આવ્યા છે. એ બાબત અમારે જાહેર જવાબ આપવાનો છે. એ ધોખ્ખો તદ્દન ખોટો છે. સુધાની નીતિ સત્ય અને વિશાળ છે. તેની દૃષ્ટિમાં ભગવાનથી કોઈ વિમુખ કે નાસ્તિક નથી (આ લેખ સર્વેએ વાંચવા જેવો છે) આમાં સાચા ધોખ્ખાને પણ ખોટો મનાવવાની બધી બુદ્ધિની વિપરીતતાની બંડીયા

વાયડી વંઠેલ વાત કરે છે પ્રાચીન નીતિ હવે અનીતિ થઈ જાય છે!)

▷ વર્ષ ૨૮ અંક ૧૫ "સુધા પત્રની નીતિ વિષે ચોખવટ" એવું મથાળું બાંધીને, પછી બીજાં પત્રોની યથેચ્છ નીતિ જણાવીને, "અને સાંપ્રદાયિક પેપરો પોતાના સંપ્રદાયિક સંબન્ધી જ લખાણ કરે છે. સંપ્રદાયમાં ઘણા વાડાઓ હોય છે. તેમાં પોતપોતાના વાડાનું લખાણ સૌ કોઈ કરે છે. આપણા સંપ્રદાયમાં પણ ઘણાં પેપરો નીકળે છે તેમાં જે દેશનું હોય તે પોતાના પ્રાધાન્યપણાનું જ લખાણ કરે છે...સુધા પત્રની નીતિ નિરાળી છે. આ પેપર સંપ્રદાયનું મુખપત્ર છે, જેમાં સ્વામિનારાયણના નામે જે કોઈ પ્રવૃત્તિ (વિમુખ સન્મુખ) આવતી હોય તેઓ પોતાનાં સુખ દુઃખ માનાપમાન વિગેરે સુધા દ્વારા જનતાને જાણ કરે છે. સુધા પત્ર સિવાય કોઈપણ પત્ર મુશ્કેલી ભરેલા સવાલની ચર્ચા કરવાને હીંમત કરતું નથી. પણ સુધા પત્ર નિડરપણે સારા શબ્દો જે ભૂલ કરતો હોય તેને કહી શકે છે, ઉઘાડો પણ પાડી શકે છે, જેથી સડેલું વાતાવરણ પેદા કરનારને જરૂર ડર લાગે છે...બોચાસણ મણીનગર વિગેરે ઘણા વિભાગો પડી ગયા છે પરંતુ સુધાપત્રને તે બાબત ઉંડા ઉતરવા કાંઈ જરૂર નથીજ... સ્વા. ના. નામે પ્રચાર કરનારો (સન્મુખ કે વિમુખ) હરકોઇ વ્યક્તિ સુધામાં પોતાના વિચારો દાલવી શકે છે. આથી કેટલાક અણસમજુ માણસો "સુધા" બોચાસણીયું થઈ ગયું, આપાવાળાનું થઈ ગયું, શાસ્ત્રી બગડી ગયા, પોતાનો મોક્ષ બગાડે છે, આવા ઘણા અણસમજ ભરેલા કાગળો આવે છે. તે વાંચી સાંભળીને લખનારની અણસમજ માટે હસવું આવે છે. જેથી સરવેને ફરી ચેતવણી આપીએ છીએ કે "સુધા" સ્વા. ના. નો બધી શાખાઓનું છે. માટે સંકોચ વગર દરેકને લખવાની છુટ છે, સિધ્ધાંત પોતાને માટે પોતાનો સાચો હોય તે બરોબર છે પણ બીજાનો સિધ્ધાંત ખોટો છે એમ કહેવાને કોઇને હક નથી" વિગેરે (આ લેખ તો તમામ આશ્રિતોએ ખાસ વાંચવા વિચારવા જેવો છે. આમાં વિમુખ મત્ત ઉન્મત્ત પ્રમત્ત પ્રલપન પુષ્કળ છે. સઘળી દિગ્ભ્રમની દશા દર્શાવી છે. કોઈ સાચુ સીધુ સુધુ હિતનું કહે છે ત્યારે ચીડાઇ બીજાઇને જેમ તેમ લખવા મંડે છે એનો જવાબ અવસરે સવિસ્તર અપાશે) વર્ષ ૨૮ અંક ૧૨ "સુધા પત્રના તંત્રી બ્ર. શા. બાલકૃષ્ણાનંદજીને ઉપદેશ અને ધમકી" એવું હેડીંગ આપીને 'ધંધુકા તાલુકાના ગામ બાવલાના રહીશ ઠક્કર જયંતીલાલ હેમચંદભાઇએ બ્ર. શ્રી બાલકૃષ્ણાનંદજી ઉપર આખા ફુલેશકેપનાં આઠ પાનાં ભરી ઉપદેશનો કાગળ લખ્યો છે. અને સાથે સાથે બન્ને દેશના આચાર્યોની માફી માગી મને જવાબ નહિ લખો તો હું ગુજરાત સમાચારમાં લખીશ, વિગેરે વિગેરે...મુખ્ય હેતુ એટલોજ છે કે બન્ને દેશના આચાર્યોએ વિમુખ કરેલા બોચાસણવાળા બંડીયાઓને તમો વખાણો છો. તેઓ લાખો મનુષ્યોને મોક્ષમાંથી પાડનારા પાખંડીઓ છે, તેના પક્ષમાં રહી તમો પણ પાખંડી છો, વિગેરે તેની બુધ્ધિ મુજબ ન લખાય એવું તેનું વર્ણન છે વિગેરે. (આ કાગળના શબ્દો સર્વેએ વાંચવા ધારવા જેવા છે. આમાં તો હદ [illegible] છે) વર્ષ ૨૯ અંક ૧ "કેટલાક વડીલ સત્સંગી બન્ધુઓ સુધાની નીતિ પૈસાની લાલચુ અને દુધમાં તથા દહીમાં હાથ રાખવાની કહે છે" વિગેરે આ ઉપરથી આવા હળકાના લેખો પત્રો અનેક હશે એમ જણાય છે. એમાંથી થોડા શબ્દોનો અનુવાદ કર્યો છે.

હવે ભલા શાસ્ત્રીજી ! સુધામાંજ [illegible] હિતસ્વી સત્સંગી લોકોની સદુક્તને દુરાગ્રહને દૂર

કરીને અત્યાર સુધી પોતે આચરેલા સાંપ્રદાયિક સદાચારનો અને સ્વલેખોનો શાંતચિત્તે ચોમેર વિચાર કરશો તો સુધા માસિક બોટાદિયું રાજકોટિયું જુનાગઢીયું મટીને હવે ખુણીયું નાસિકીયું, સન્મુખીયું મટીને વિમુખીયું, બંડીયું બોચાસણીયું તથા બાપલીયું, સદ્વિદ્યાનું સમોવડીયું કે સામાવાડીયું, લોભિયું પ્રલોભનિયું, અંત્યે ભંડોળીયું ભમાડીયું ચંભુમેળિયું નિવડયું છે એ સ્વયં સમજી શકશો. એમ થતાં સુધા સીધુ સુધુ મટીને સાવ મુધા કુધા થઇને 'अतो भ्रष्टस्ततो भ्रष्टः' થઇને આપે માનેલા શાખા પ્રશાખા વિશિષ્ટ અખિલ સત્સંગસમાજે અત્યંત હેય તુચ્છ બની જાય છે તેની કાંઇ ખબર રહી? જેને તમોએ હજારોવાર બંડીયા કુસંગી વિમુખ કહ્યા છે તેઓ પણ સાચી કે જુઠી પકડેલી માન્યતાને વેરાના નાડાની પેઠે આપે અસંખ્યાત પ્રહારો સખત ઉઘાડા કર્યા છતાં જરા છોડતા નથી. તમારે મતે તો કોઈ કાયમી સિધ્ધાંતજ સ્વીકાર્ય ન હોય એમ ચોક્કસ સાબીત થાય છે. [illegible] તો બહુ ડોળ્યું પણ કશો ઢંગ ઢાળ આવ્યો નહિ અને પોતાના કામમાં કિંચિત પણ આવ્યું નહિ. અંત્ય અવસ્થાએ ઉદ્‌ભવેલી સુધાની નિરાળી નીતિમાં કઇ જાતનું નિયત સત્ય કે પક્ષ કે આજ્ઞા-મર્યાદા ઉપાસના છે તે કોઇને સમજાય મનાય એવું નથી. વિશાખાને શાખા શાખા કે [illegible] એ અત્યંત અવળું વદતોવ્યાઘાત પણ છે. વર્ષ ૨૦ અંક ૧ એ ગાદીવાળા એક સંપ્રદાયને મૂળ વૃક્ષ તરીકે નિરૂપીને ખાસ બોચાસણવાળા માટે **"તે તો મૂળ વૃક્ષમાંથી વિખુટી એક શાખા પડીને વૃક્ષ થયો તેનો આશ્રયી થયો"** એમ ચોખ્ખું લખ્યું છે. ક્ષણે ક્ષણે બદલાતી નીતિ સમઝણની બલિહારી છે. પોતાના બોલની પણ કીંમત નથી. છેક છેટેથી નમસ્કાર કરવા જેવી નિવડી છે.

બીજી બાહ્ય રીતિએ સુધા કેવું નિવડયું છે તો માસિકમથી પાક્ષિક બન્યું અને વળી શુદી વદીના અંકો ભેળા કાઢયા. ચોપડીઘાટ રોયલ સાઇઝમાં હતું તે ફુલીસ્કેપ સાઇઝમાં છુટું લાંબુ બન્યું. જુદા રેપર ઉપર સિરનામા થતાં તે હવે ટાઇટલ પેજ ઉપર થવા લાગ્યાં. કોઈ વખત બાળ બોધ ટાઇપ અને લાલ શાહીમાં પણ છપાયું. વળી સત્સંગસુધા મટીને એકલું સુધા બન્યું. ૨૪ વર્ષ સુધી પાને પાને સૂચવાતા ઉચ્ચ ઉદ્દેશોને ઉલ્લંઘીને "શાખા પ્રશાખા વિશિષ્ટ અખિલ સત્સંગસમાજનું મુખપત્ર" વિમુખપત્ર ભંડોળીયું બન્યું. આજ્ઞા-મર્યાદા ભક્તિ ઉપાસનાની ચર્ચાને બંધ કે ગૌણ કરીને આડા અવળા સાચા ખોટા ફક્ત સમાચારનુંજ સાધન બન્યું. છેવટે વિમુખ સન્મુખના સહ સમાચારનું ધામ ખીચડીયું બન્યું. અંત્યે કેવું નિવડયુ છે તે ચસમાં ચઢાવીને જોઈ લેશો. આ બધા દુરંત દોષો દેખ્યા હોત તો શ્રીહરિ સુધી જવું ન પડત. હવે વખાણાય છે? કે વખોડાય છે? કે વગોવાય છે કે વલોવાય છે કે ડખોળાય છે તે સુધામાં સંગ્રહેલાં લોકવાકયોથી આપ સમઝી લેશો.

આ પ્રસંગે અવશ્ય જાણવા જેવું—

ખરૂં ખુલ્લું કહીએ તો બધાં બંડોનું મૂળ ધામ જુનાગઢ દેશમાં જન્મ છે, જુનાગઢ મંદિરમાં દીક્ષા જન્મ છે. ગળથુથીમાંથી વિમુખોનો ચોમેરનો પ્રસંગ હતો. સ. ગુણાતીતાનંદ સ્વામીને ખોટે નામે બીજાએ ગુંથી કાઢેલી બાળકૃષ્ણદ્રોહપર્યવસાયી અપ્રમાણ અગ્રાહ્ય વાતોના ખાસ અભ્યાસી હતા. રાજકોટમાં કે ગોંડલમાં રહ્યા ત્યાં પણ સર્વાંગ પ્રસંગ [illegible] પ્રબળ હતો. સુધા માસિક સ્વહસ્તક આવતાં મુખભાગમાં "શ્રીજીની સુધા" 'સંતની સુધા' એવા એવા અનેક આડંબરી સદર્થશૂન્ય હેડીંગથી લખાતા લેખમાં

બહુધા અવતારદ્રોહી અમાન્ય [illegible] વાતોનાજ ઉતારા લખાતા. બીજા સ્વલેખોમાં પણ એવા જ ગરબડ ગોટાળા ગબડાવતા. પોતાને વાતો જ મુખ્ય શાસ્ત્ર મનાએલું હોવાથી તે વાતો બે ત્રણ વખત સ્વયં છપાવેલી. અને સુધા દ્વારા પ્રચુર પ્રચાર પણ આચરતા. તેમજ વડતાલ વિગેરે જે જે સ્થળે જતા ત્યાં સર્વત્ર તેની પોટલીયો સાથે ફેરવતા અને વેચતા. શાસ્ત્રીપણું એમાં જ આખું વાપરતા. વાતોનો પ્રબળ પ્રસંગ હોવાથી સંપ્રદાયનાં મુખ્ય માન્ય શાસ્ત્રો સત્સંગિજીવન શિક્ષાપત્રી વચનામૃત વિગેરેને અનુપયોગી ગૌણ ગણતા. કવચિત અવર્જનીય પ્રસંગે દાખલા તરીકે પ્રમાણને લેતા તો કલ્પિત કૂટ યુક્તિપ્રયુક્તિથી વિમુખમાન્ય અવળા અર્થો બેહદ કરતા. (જેનું દિગ્દર્શન ઉધ્ધવ સંપ્રદાય માસિકમાં ૧૭૮ પેજથી કરાવવું પડેલું) સંપ્રદાયમાં રહેવાનું હોવાથી અને સમાજમાં માન રાખવાનું હોવાથી વિમુખ વિરુધ્ધ લેખો પણ અનેકધા લખતા. એમાં પણ છુટી જવાની છટકબારીઓ બહુધા છુટી રાખતા. એમ છેતરવામાં છેક કીટ બન્યા હતા. જેમાં સંપ્રદાયનું કાંઇ સ્વત્વ નથી એવા નાસિકીય ખુંણીયા વાડા અખાડામાં ધામા નાંખ્યા પછી અને મુંબાઇના સ્વા. ના સંગે સહકાર આપ્યા પછી પહેલાં સંપ્રદાયની જરા બીક હતી તે મટી જતાં "હૈયાનું હોઠે આવે" "આહાર એવો ઓડકાર" એ કહેવતે અંતરનો વિમુખ બગદો બહાર બેફામ ફેંકવા મંડયા. વિમુખોનો પ્રસંગ સ્વાર્થપુરતો પ્રબળ થવાથી તેમને પણ "વિમુખ આપે વિખ વાતમાં, વણસી જાયે જો વાત" એ પ્રમાણે ઝેર રેડયું તે રગરગમાં ગરી ગયું. પરિણામે સંપ્રદાયનિષ્ઠ સર્વેને પોતા જેવા બહિર્મુખ બનાવવાના વેતરણમાં પડયા. સુધાના સીધા સુધા જુના ઉદ્દેશોને ત્રણ તિલાંજલિ આપીને બધા બાહ્ય બંડોના સંગ્રહ માટે શાખા પ્રશાખા કેને કહેવી તેનું ભાન છતાં સાવ ભુલીને બેભાનમાં "શાખા પ્રશાખા વિશિષ્ટ અખિલ સત્સંગ સમાજનું મુખપત્ર" એનું નવ્ય નામ નિરાળું મનસ્વી આપીને, બધાના લેખો સમાચારો વિગેરેનો આડો અવળો ભંડોળ સેળભેળ ખીચડો અમૃત-વિષ જેવો કરીને એકબીજાને બઝાડવા, નિંદવા વંદવાનો ઇજારો લઈ બેઠા. એમ નવી સુધા અને નવા તંત્રીજી શ્રીહરિસ્થાપિત સર્વ અંગોથી પતિત બાહ્ય બની ગયા. આમાં નવી નિવડેલી નિરાળી સુધા જ પ્રમાણ છે. બીજા પ્રમાણની જરૂર નથી. પરોપદેશે પાંડિત્ય પ્રદર્શનમાં પુરા પ્રવીણ નિરાળા નિવડયા છે. સંપ્રદાયના અધિષ્ઠાતા આચાર્યશ્રી, [illegible] ત્યાગીઓ, હરિભક્તો વિગેરેને તેમજ બધા જ બહિર્મુખોને પણ કર્તવ્યાર્થનો ઉપદેશ જોરશોરથી જાહેરમાં આપવા મંડયા છે, પણ પોતાને એનો અણુ પણ આચરવો નથી. હવે નાસિકીયાં સંપાદકિયાં સઘળાં તુત ટીખળ તોફાનોને સવાસન પડતાં મુકીને, સુધા-પ્રેસને વેચી દઇને પણ સદા સંતાપકર કરજનો બોજો કાઢી નાખીને, સ્વસ્થાન જુનાગઢ [illegible], સંપ્રદાયની સ્થાપિત પધ્ધતિ મુજબ ગુરુપરંપરાપ્રાપ્ત દેવસેવા કે મંડળસેવામાં સીધા જોડાઈ જાય તો કર્તવ્યાર્થ કર્યો કહેવાશે અને સર્વ કોઈ ઉપદેશને સ્વીકારશે અને અખિલ સત્સંગ સમાજ ખુબ ખુશી થશે. સંપ્રદાય વિષે સાચી શ્રધ્ધાનિષ્ઠા હોય તો એમ કરવું કશું કઠણ નથી. આ તો પ્રસંગથી સર્વની જાણ માટે તત્ત્વરહસ્ય જણાવ્યું છે.

વર્ષ ૨૮ અંક ૧ "કેટલાક પરમાર્થનું કાર્ય દેખાડી અંદર સ્વાર્થના કીડા મુકાડનારા, પોતાનું જ નહિ પણ પાછળના જેને પોતાના માનેલા છે તેમનું પણ બગાડે છે. ઈશ્વરે જન્મ સાથે જ જે વંશ વારસદાર આપેલા છે તેને તજીને "પોતાનો

પરિવાર પરહરી. લીધો પરને સંતાપજી" આ નિષ્કુલાનંદમુનિના કથન મુજ
આપમેળે મેળવેલને માની લીધેલા વંશવારસો માટે પરોપકારનો વેષ ધરીને જો સ્વા
મેળવાય છે" ઇત્યાદિ બહુ ડહાપણ ડોળ્યું છે. નિ. મુનિ અને પોતાના કથન મુજ
સ્વદેશ સ્વગુરુમંડળાદિ વારસદારોને છોડીને તેમજ સંપ્રદાયના ધારાધોરણ બંધારણ
તરછોડીને, નાસિક તપોવન બ્રહ્મચર્ય આશ્રમ કે જે સંન્યાસીએ કાયદેસરનું રજીસ્ટ
ટ્રસ્ટ કરેલું છે. જેમાં સ્વા.ના સંપ્રદાયનું લેશથી સ્વત્ત્વ નથી. અને ખરૂં કહીએ તે
ઉજડ ગામનું પોતુ ભરવા જેવો કે બળતું ઘર ભાડે રાખવા જેવા કે હેડમાં પગ ઘાલ
જેવું કે તાંદુલ વિનાના ફુષકા ખાંડયા જેવો કે ભાડુતીયા ઘર જેવો જ્યારે ત્યારે ખા
કરવો પડે એવો છે તેનો આખો સંતાપ બહુ ઉદ્યમથી વહોરી બેઠા છો. આશ્રમમાં
ખાતાં જોખમી, જવાબદારીભર્યાં સંભાળવાં પડે છે તેમાં પ્રથમ તો ટ્રસ્ટના પક્ષ કાય
સંભાળવા પડે છે. ટ્રસ્ટીઓની ગોદાહળ સહેવી પડે છે. હિસાબો રાખીને ઓડી
કરાવવા પડે છે. વિદ્યાર્થીઓને સંભાળવા પડે, લડે વઢે તો છોડાવવા પડે છે. આશ્રમ
અંગની જમીનો ખેડાવવી વવરાવવી વિગેરેનો કર્ષુક સંતાપ તો અનવધિ છે. તેને માટે
બળદીયા ખેડુતા ઓજારો વિગેરેને સંભાળવા પડે છે ગૌશાળાની ગાયો, આખ
વાછરડી વિગેરેની સંભાળના કરવી પડે, ન સંભાળે તો પરલોકના પ્રત્યવાયો ભોગવ
પડે, આવતા સંન્યાસીઓને તો પહેલા પોષવા જોઇએ, રસોડા અંગના સંતાપો તે
સતતીયા શતધા સહેવા પડે છે. સહાયી સંઘના સંતાપો તો ખાસ સહેવાજ પડે. સરકા
સંતાપો અસહ્ય આવે તે જેમ તેમ કરી પતાવવા પડે. અંદરઅંદરના જટિલ કુટિલ ઝઘડાએ
આવે તેના સંતાપો તો રહસ્યમાં છે. આ બધા પારકા ઘરનું વાસીદુ વાળવા જેવા સંતાપે
શા માટે સહેવા પડે? આમાં શો પરમાર્થ છે. સંપ્રદાય માટે એ બધુ હોય તો લેખે છે. અ
કરતાં જો સંપ્રદાયનાં સ્વત્વવાળું પૃથક મંદિર કાશી છપૈયા કલકત્તા વિગેરેમાં છે તે
કર્યું હોત અને તેમાં સત્સંગિઓના પૈસા ઉપયોગી કર્યા હોત તો લેખે હતું. હવે અ
બધી સંપ્રદાયબાહ્ય પ્રવૃત્તિના પ્રસાર માટે જ સુધામાં પાખંડી પ્રચારો વિધવિધ ભાતન
કરવા પડે છે. હવે નાસિકીયું સુધા કેવું નિવડયું છે તે દર્પણ જોઇ લો સન્મુખ
વિમુખ અખિલ થકી વિમુખ નિવડયું કે નહિ? 'સીદીને છોકરા સીદીને સારા લાગે
એ કોઇ મોટા પંડિતની કહેવતે હવે સુધાને વખાણ્યા કરો. કોઇ ના કહેનાર નથી, પ
તત્ત્વ વિચાર સ્થિર મતિથી એકાંતે કરશો.

વળી 'શ્રીહરિનું વડોદરાના આંધળા ખુણામાંથી પ્રકાશન કરવાનું રાખ્યું તેના કરે
વડતાલ જેવા ધામમાંથી રાખ્યું હત અને સંચાલકો જ તંત્રી રહ્યા હત તો વધારે અ
ફળતા રહેત" એમ આંધળા ખુણાનું ઉટાંગ નિદર્શન અડાવીને માસિકની હલકાઇ સુધા કુ
રીતિએ જાણવા છતાં કાપટ્ય નાસિકીય આંધળા ખુણામાંથી કહ્યું છે. શ્રીહરિનું પ્રકાશન
આંધળાને પણ દેખાય વંચાય અને સમજાય એવું "તંત્રી મુદ્રક પ્રકાશક શિવજીભાઇ દેવશીભ
ચોકસી, મુદ્રણ પ્રકાશન સ્થાન લુહાણામિત્ર પ્રિ. પ્રેસ શિયાપુરા વડોદરા" આ રીતનું મોટા ટેપ
પ્રથમનાજ ટાઇટલ પેજ ઉપર ચોખ્ખું લખ્યું છે, તે પ્રમાણે એક બે અંકે નહિ
બે વર્ષના બધા૪૮ અંકોમાં ચાલુ આવ્યું છે. આમાં આંધળા ખુણામાંથી પ્રકાશન
વાતજ કયાં છે? છતાં મુદ્રણ પ્રકાશન સ્થાન લુહાણા મિત્ર પ્રેસને ઉડાવી દીધું એ

અંધારું દર્શાવધિ ગાઢ આપની આંખ્ય ઉપર આવી ભરાયું હશે તેતો નાસિકીય ખુણીયા
અંધારામાં અટવાતા અથડાતા બ્રહ્મચારીજી જાણે! નાસિકના સત્સંગનાશ ખરેખર
આંધળા ખુણામાંથી સુધાનું પ્રકાશન સત્સંગવિનાશન કરાય છે તેનો ભ્રમ પ્રવેશી ગયો
નથી ને? અંદરના ભાગમાં તંત્રીએ પોતાના ઘરનું શીરનામ "સુલતાનપુરા આંધળો
ખુણો" એવું આપ્યું છે તે તો કોઇને ખાનગી પુછપરછ બીજે સમયે કરવી હોય તો
કરી શકે એવા હિસાબે આપ્યું છે. આંધળા ખુણામાંથી પ્રકાશન થવાનું તંત્રીએ પણ
લખ્યું નથી અને તે અદ્યાપિ થયું પણ નથી એ ખરી હકીકત છે. આતો સત્ય સારને પડી
મૂકીને અસત્ય અસારને ગ્રહણ કરવાની અવળી પ્રકૃતિ ચાલની જેવી ભુંડી કહેવાય.
અથવા "पश्यन्नपि न पश्यति" કે 'पुरीषमिश्र विड्भुजः' એના જેવું કહેવાય સુલ
તાનપુરામાં તો અનેક ભાગો હશે એમાં કોઇ એક ભાગની 'આંધળો ખુણો' અટક છે
પણ વાસ્તવિક અર્થ નથી. એમાં તો બહુ વિજળી બત્તિઓ છે. (જે નાસિકમાં નથી,
એક બે મગીયાં ફાનસથી કામ લેવાય છે.) છતાં એવો અવળો અર્થ કરવા જાય છે.
તો તંત્રી પણ એવો અર્થાન્તર કરે કે–આંધળા ખુણાનું જે અંધારૂં હતું તે સંપ્રદાય
બહિર્મુખ નાસિકીય ખુણામાં જે તે માર્ગે મોકલી દીધું છે અને તેનાજ ઘોર અંધારામાં
તંત્રી અને સુધા બન્ને સાથ અટવાઇ ગયા છે. એમ કહે તો તે સાચું જ ઠરે તેમ છે.
આપના દુરત દીલગીરીના શબ્દોનો સહજ વિચાર કરીએ તો એમજ સાબીત થાય એવું
છે. જુઓ-વર્ષ ૨૬ અંક ૨૩–૨૪ "રાજકોટથી અહીં આવ્યા પછી સુધા અને પ્રેસને
આજસુધી ઘોર અંધારાના ભોગ થવું પડયું છે. અને જે બે દીવાઓની સહાય
મેળવી તેમણે પ્રકાશ ન આપતાં દાહજ કર્યો છે. આમ અંધારામાં દગ્ધ થતાં
સુધા અનિયમિત થઇ ગયું અને અંતે બન્નેને નષ્ટ થવાનો સમય આવી ગયો.
જેથી [illegible] ઘણાજ નાખુશ થઇ તુટવા માંડયા ને કેટલાક માત્ર લાગણીથી જ ટકી રહ્યા.
આવા કારણથી ગ્રાહક વાચકોને જે અમે સંતોષ નથી આપી શકયા તે માટે ઘણા જ
દીલગીર છીએ ને ક્ષમા માગીએ છીએ. હવે મુંબઇના સત્સંગની સહાનુભૂતિથી અને
અન્ય ગ્રાહક વાચકોની સુધા ટકાવવાની લાગણીથી ફરી જન્મ થાય તેમ સુધાને તથા
પ્રેસને કાંઇક પ્રકાશમાં લાવવા પામ્યા છીએ" વિગેરે. આ બધો આંધળા ખુણામાંથી
મોકલેલા અંધારાનો જ પ્રભાવ કહીએ તો બરોબર અંધએસતુ થાય તેમ છે. બીજાને
સળીયો કરવાથી કે સુંપળાં ચોચવાથી કે ચુંટીઓ ખણવાથી કે આંખ્યમાં આંગળીયો
ઘાલવાથી શો ફાંદો કાઢવાના છે? આ તો ઇર્ષ્યા અસૂયાનું અપલક્ષણ જાહેરમાં આવે છે.

વડોદરા કરતાં વડતાલ જેવા ધામમાંથી પ્રકાશન કરવામાં વધારે અનુકૂળતાનો
ઉપદેશ આપો છો એ ઠીક છે. પરંતુ વડતાલમાં પ્રેસ નહિ હોવાથી વડોદરા છપાવીનેજ
વડતાલ લાવવું પડે એ અમને પાલવે નહિ. એતો પ્રેસ અને પેપર બન્ને સાથે લઇને
ફરનારા આપને પાલવે. જેમ સુધા પ્રથમ રાજકોટમાં છપાતું અને બોટાદથી પ્રકાશન
થતું, એમ પોતા જેવું કરવા માગતા હો એમ જણાય છે. વડોદરામાં છપાવીને વડતાલ
ધામે લાવીને રવાના કરીએ એમાંતો બધીજ મહેનત શીર [illegible] કરવાં, રેપર ચોટાડવાં,
પોરટમાં મોકલવાં વિગેરે અમારે શિરે આવે. વળી અમારે તો ચીઠીમાં ફરવાનું ગમે
ત્યાં દૂર પણ હોય છે. કથાવાર્તા કરવાની અને નામ ધર્માદો ઉઘરાવાની પ્રવૃત્તિ હોય છે.

વળા દેશમાં મંદિરાદિ કરવાનું હોય છે. વળી કોઈ શુભ પ્રસંગે અન્યત્ર પણ ગમ [illegible] કરવું પડે છે. વળી સાથે પુસ્તકલેખન શોધન મુદ્રણ પ્રવૃત્તિ પણ ચાલુ હોય છે, એટલે તમો કહો છો તેમ કરવામાં બહુ મુશ્કેલી પડે. પોષ્ટ વિગેરેના ખર્ચો તો જ્યાંથી પ્રકાશ [illegible] કરીએ ત્યાં થવાનોજ છે. એમાં વધુ લાભ નથી. આપે તો સંપ્રદાયની આજ્ઞા-મર્યાદા [illegible] કે જે તમામ ત્યાગિ માથે મૂળથી પ્રવર્તે છે, જેની સૂચના આપ ટાઇટલપેજ ઉપર [illegible] આપ્યાજ કરો છો. અને લેખોમાં લખ્યા જાય છે તે ફગાવી દીધો અને હવે તો સંપ્રદા [illegible] બહિર્મુખ થઇને નાસ્તિકીય આંધળા ખુંણામાં પેઠા અને ત્યાં જેવોતેવો પણ [illegible] વસાવ્યો એટલે જે કરો તે પાલવે અને શોભે. આપને [illegible] પ્રસ્તાવના અંગનું કર્તવ્ય નહિ. અને પુસ્તક લેખન શોધનાદિ પ્રવૃત્તિ નહિ, [illegible] અવકાશ મળે [illegible] હાથે શિરનામ વિગેરે કરી શકો અને વળી વિદ્યાર્થીઓની [illegible]. માટે અમને તો અમે કરીએ છીએ તે થોડી મહેનતનું, થોડા ખર્ચનું અને અનુકૂળતાવાળું લાગે છે જે તેવો પ્રસંગ આવશે તો તમારા ઉપદેશ પ્રમાણે પણ કરીશું.

'સંચાલકો જ તંત્રી રહ્યા હોત તો વધારે [illegible] રહેત' એમ આપનું માનવું સાચું સારૂં જ હોય તો આપે સુધાનું તંત્ર ૨૪ વર્ષ સુધી એક પછી એક અનેક તંત્રીથી કેમ ચલાવ્યું? વળી તંત્રી થયા પછી પણ સહ [illegible] આવ તંત્રીનું પણ નામ શા હેતુથી ચલાવ્યું. સંપાદક, સંચાલક, વ્યવસ્થાપક તો આપ જ વર્ષોથી હતા. વર્ષ ૨૫ અંક ૨-૩ 'નિવેદન અને પ્રાર્થના' એવું મથાળું આપીને "સુધા અનિવાર્ય કારણે ત્રણ માસ બંધ રહ્યું, તેથી તે પત્રના ગ્રાહકો અને વાચકો અધીરા બની ગયા છે. સુધાપત્ર પ્રથમ દશ વર્ષ સુધી પ. ભ. કેશવલાલ જયરાજ મોઢાદવાળાએ ચલાવ્યું તે પછી અમે આજે ચૌદ વર્ષ ચલાવ્યું, પણ જુદા જુદા તંત્રીના નામથી ચલાવ્યું છે. હવે પત્રને પાક્ષિક કરવાની મોટી ઉપાધિ ઉપાડવાને કારણે અને સંઘના સભ્યોના તેમજ ડાહ્યા કેટલાક સત્સંગી બન્ધુઓના આગ્રહે તંત્રીપદ ઉપાડવાની જવાબદારી મારા ઉપર આવી પડી છે, છેલ્લી અવસ્થાએ આ ઉપાધિ અશક્ય તો ગણાય પણ અનુકૂળ સ્થળ મળવાથી કેટલાક મદદનીશો મળશે અને સત્સંગમાંથી આચાર્યશ્રીઓ સંતો અને સત્સંગીઓના આશીર્વાદ મળશે તો મને તે અશક્ય નહિ બને એમ મારૂં માનવું છે. અને તેથીજ સર્વ સત્સંગની પ્રાર્થના કરૂં છું કે સૌ ભાઈ આશીર્વાદ આપે ને સત્સંગની સેવા મારાથી વધારે બને" આ આપનું નિવેદન અને પ્રાર્થના શું કહે છે? કદાચ પ્રથમનાં વર્ષોમાં પરતંત્ર હતા પરંતુ વર્ષ ૧૪ અંક ૭-૮ "સુધાના તંત્રી કેશવલાલભાઇનો ફેરફાર કરીને ભાણજીભાઇ મુળજી વકીલની નિમનોક કરતાં દશ વર્ષમાં એક હજાર જેટલો નાણાંનો ભોગ આપીને વધારે બોજો થવાના ભયથી "રાજકોટ સત્સંગ સાહિત્ય કાર્યાલય"ને અર્પણ કર્યું છે." આ આપના કથન મુજબ વર્ષ ૧૪ પછી તો વધુ સ્વતંત્રતા હતી. કાર્યાલય પણ તમારી કારીગરીનું કૌતુક હતું. જુદાં જુદાં નામરૂપથી બધી વ્યવસ્થા આપજ કરતા અને "આજે ચૌદ વર્ષ ચલાવ્યું" એવું અભિમાન પણ ધરાવો છો, છતાં તંત્રી થયા નહિ અને પછી ખોટું બાનું કાઢીને તંત્રી થયા. માસિકમાંથી પાક્ષિક કરવાની ઉપાધિ માટે તંત્રી થવું પડતું નથી. સ્વા. ના સંઘના સભ્યોના તેમજ ડાહ્યા સત્સંગીઓના આગ્રહથી 'તંત્રી થવાની વાત પણ કોઇના ખાસ નામનો નિર્દેશ નહિ કરેલો હોવાથી બનાવટી જણાય છે. કોઇને તંત્રી થવાનું કહ્યું હોય અને તેણે તમને તેમ કહ્યું હોય એ બનવાજોગ છે.

છેલ્લી અવ[illegible] ઉપાધિ અશક્ય ગણો છો અને વળી અનુકૂળ સ્થળ અને મદદનીશો તથા મોટાઓના આશિર્વાદો મળવાના આશયથી શક્ય પણ ગણો છો. આ બધી વંચના-ચાતુરી વિચિત્ર છે. અમને પણ અનુકૂળ સ્થળ અને મદદનીશો અને મોટાઓના આશીર્વાદ અને સત્સંગના સ[illegible] સાથ સારો મળશે ત્યારે તંત્રી થવાનું આપનું વચન માનીશું. આપનું વિમુખ [illegible] રંગેલું, સામાવાડીયું, શંભુમેળિયું, નાસ્તિકીયું, નિરાળી નીતિના નવા તંતરાણું તાજું વર્તન અને વળી સત્સંગસુધા વર્ષ ૧ અંક પાંચ પેજ ૧૪૫ ઉપર આપે પહેલ વહેલા લખેલા લેખમાં શ્રધ્ધા ભાવથી વિવેચન કરેલાં સત્સંગનાં છએ અંગોની જેતે આડીઅવળી કુભંડી ખંડ રીતિએ વિમુખકુસંગના પ્રમુખ થઇને કરવા માંડેલી અમર્યાદ કુસેવાને જોઈ જાણીને હવે આચાર્યશ્રીઓ, સંતો અને ચુસ્ત સત્સંગિઓ અશિ-ર્વાદને શેના આપે? અને હવે આપને આશિર્વાદની અપેક્ષા પણ ક્યાં રહી છે? વર્ષ ૨૬ અંક ૯-૧૦ માં આચાર્યશ્રી માટે બહુ બીભત્સ લેખ અક્ષમ્ય અનિર્વાચ્ય જાતે લખ્યો છે. એવા બીજા બીભત્સ લેખો અનેક છે. વર્ષ ૨૭ અંક ૧ આરંભમાં "જયાન છે જરૂર તે જાણજો, વસતાં તે વિમુખની પાસરે" આ નિષ્કુળાનંદમુનિ [illegible] ઘનશ્યામ-રચિત આખુ પદ છાપીને, નૂતન વર્ષનું અભિનંદન આપતાં, નાસ્તિકીય ઘનશ્યામ-મહારાજના આશીર્વાદ પાઠવીને, સંપાદકીય લેખમાં-સત્સંગનાં છએ અંગોમાં પ્રથમ જાગ્રત અવસ્થા આવી ગઈ હતી, પછી સ્વપ્ન દશા આવી ગઇ, હવે તો સુષુપ્તિ આવી ગઈ છે, જેથી તેવુંજ કાર્ય પ્રવર્તિ રહ્યું છે, માટે તે સેવા કરવા યોગ્ય નથી એવું વ્યંગ્ય જણાવ્યું છે. તેમાં સત્સંગિઓનેજ પ્રેમલા ઘેલછાપણે વર્ણવીને એમનેજ છએ અંગમાં વર્તતા સર્વ [illegible] પણ દોષોના સ્થાન તરીકે વર્ણવ્યાં છે. બીજા અંગો માટે જકેલું બીભત્સ કોઈ [illegible] સહ્ય છે પણ પૂજ્ય દેવો માટે તો "પ્રથમ પરચા પુરતા હતા પરંતુ તેમને ત્યાગી ગૃહીઓની લેવલી કે ગાંડી ભક્તિએ ભ્રષ્ટ કરી નાખ્યા, તે મહામાયાથી આવરિત થઇ ગયા ને ચમત્કાર પરચા જણાવતા બંધ થઈ ગયા. એટલે સુષુપ્ત સેવવા લાગ્યા." એમ વિમુખ કુસંગી નાસ્તિક લખે એવું અતિશય અવળું લખ્યું છે. એમ સઘળાં સંપ્રદાયનાં પૂજ્ય દેવાદિ અંગોને નિંદીને ગૌણ હેય ગણીને, પોતાના ઘનશ્યામ કે જે ચિત્રપ્રતિમારૂપ, અનભિરૂપ, ખાલી યજ્ઞશાળામાં એકલા કોઇ પ્રેમલા હરિભક્તને ભોળવીને સ્થાપ્યા છે તેમને સમગ્ર સત્સંગનાં દુઃખ હરવા અને કલ્યાણ કરવા માટે નાસિક તપોવનમાં તપ કરવા આવેલા નરનારાયણ ઠરાવીને, તેમજ તપોવનમાં રહેતા વિદ્યાર્થી વિગેરેને સમગ્ર સત્સંગના હિત માટે આવી વસેલા બદરિકાશ્રમવાસી મુનિઓ ઠરાવીને તેમની જ એક સેવા કરવાનો વિમુખ નિર્ણય આપ્યો છે (આ લેખ તમામ આશ્રિતોએ મન દઇને વાંચવા વિમર્શવા જેવો છે.) ત્યાગીઓની નિંદા તો પાને પાને પદે પદે આડીઅવળી હોય છે જ. આવી કુસેવા કરનારા કુભંડી પાખંડીની દેવો, આચાર્યો, સંતો કેમના આશિર્વાદ આપે? આશિર્વાદ આપે એવું એકપણ સુલક્ષણ નથી. શું જોઇને આશિર્વાદ માગતા હશે? કેવા વામ ઉપદેશો? 'नास्ति नष्टे विचारः' એવું છે. અલં અપ્રકૃત પ્રસ્તાવથી.

વળી 'સંચાલકો જગતની ત્રિગુણી વિભૂતિસમા વિદ્વાન અને સમર્થ છે. તે શ્રીહરિ-જીવનના, શ્રીકૃષ્ણસ્વરૂપના અને શ્રીહરિબળના દાસ રહેશે તોજ સત્ય કહી શકશે. પરંતુ અર્થના દાસ થઇ જશે તો સત્ય કહી શકશે નહિ. જગતમાં સર્વ કોઈ અર્થના દાસ છે પણ અર્થ કોઇનો દાસ થયો નથી. ને સત્ય ન કહી શકાય તો પત્રકારિત્વનો વેષજ કાઢવાનો રહે છે" આ આખોય પેરેગ્રાફ શ્રીહરિ અને તેના સંચાલકો અને લેખકોને

હલકા પાડવાની ખલચાલાકીવાળો હોઇને દ્વેષરોષને ખુલ્લો જણાવનારો છે. જગતમાં જાણે પોતે એકલા જ ત્રિગુણાતીત (તુરીય) થઈ ગયા હોય અને જાણે પોતે એકલા જ બાળકૃષ્ણના આનંદી સાચા દાસ બની ગયા હોય અને જાણે સ્વયં એકલાજ સત્યવક્તા નિવડયા હોય અને જાણે પોતે એકજ પત્રકારિત્વના સાચા વેષધારી સિધ્ધ થયા હોય એવા દંભોદ્ભટ આટાટોપને અહંકારથી આગળ ધરીને, બીજાની ગૌણતા અને પોતાની અને સુધાની મુધા કુધા મહત્તા મનાવાની ધૃષ્ટતા જાહેરમાં લાવ્યા છે. આ અર્થ પદ-વાક્યના વ્યંગ્યાર્થ ભાવાર્થથી સુજ્ઞ જનો સમઝી શકશે. આગળથી એવી જડજલ્પના કરવાની જરૂર શી? અને ફળ શું? આતો અદૃષ્ટ.શ્રુત અપુર્વ પત્રકારિત્વ કહેવું પડે. શાસ્ત્રી હરિબલદાસજીનું સંચાલકમાં નામ નથી, તેમનો કોઈ લેખ અદ્યાપિ માસિકમાં આવ્યો નથી. ફક્ત અમુક શાસ્ત્રીઓના લેખો આવશે એવી સૂચના તંત્રીએ આપેલી તેમાં તેમનું નામ આપેલું. એ ઉપરથી એમને પણ ગણી લઇને ત્રિગુણી વિભૂતિ ઠરાવાની અવચંડાઈ કરી છે. શું આપનું બાળચાપલ્ય? ત્રિગુણી વિભૂતિ કેને માની હશે તેતો તમારૂં ત્રિગુણવસ્ય માનસ જાણે, જો વિષ્ણુ બ્રહ્મા શિવ કહેવાનું શુધ્ધ હ્દય હોય તો ચોખ્ખુ નામ આપવામાં વાંધો શો નડયો? એ નામતો જગત્પૂજ્ય મંગળ છે. એમાં પણ કંઈપણ વ્યંગ્યાર્થ વિવક્ષિત હશે. ત્રિગુણી વિભૂતિને સમતા કહે છે એમાં કેને સત્વગુણી, કેને રજોગુણી અને કેને તમોગુણી કહેવાનો અભિપ્રાય હશે એ પણ મન જાણે. જેમ વિષ્ણુ સત્વગુણી, બ્રહ્મા રજોગુણી અને શિવ તમોગુણી એમ વિભાગથી કહેવાય છે તેમ ચોખ્ખું જણાવવું તો જોઇએ. નહિ જણાવામાં કાંઈ ગૂઢ હાર્દ હશે. ત્રિગુણી ત્રણ જણા છે તે ત્રિગુણની ચર્ચા કર્યા કરશે પણ ગુણાતીત (તુરીય આત્મા પરમાત્મા) ની ચર્ચા નહિ કરે એવો પણ ફૂટાશય હશે. અસ્તુ. જો અમને સાચા ભાવે ત્રિગુણી વિભૂતિસમા વિદ્વાન અને સમર્થ સમઝતા હો તો વિદ્વતાનું અને બીજુ પણ સામર્થ્ય સંપ્રદાયના આવશ્યક પ્રથમોપયોગી કાર્યમાં વાપર્યું છે. જેનું ત્યાગી ગૃહીને દર્શન વાચન પણ દુર્લભ હતું એવા મોટાં મોટાં મુખ્ય માન્ય પુસ્તકો સત્સંગિજીવન શિક્ષાપત્રીભાષ્ય હરિદિગ્વિજય વિગેરે સંસ્કૃત અને પ્રાકૃત પ્રબન્ધોનું શોધન ભાષાંતર લેખન પ્રકાશન ભૂમિકાઓ વિગેરે અને તેની સાથે બીજાં પણ બહું કાર્યો ઉપયોગી કર્યા છે તે તમારી અને સર્વ લોકની જાણમાં છે. તમારીપેઠે વિમુખમાન્ય વાતો વિગેરેને છપાવીને વેચી વહેંચીને બેસી રહ્યા નથી. એમાં અમ અર્થના દાસ બન્યા નથી, પરંતુ શ્રીહરિજીવનના, શ્રીકૃષ્ણસ્વરૂપના અને શ્રીહરિબળના સાચા દાસ બનીને તેમણે પ્રદર્શાવેલી સેવામાં વર્ષોથી બંધાઇ રહ્યા છીએ. આપની પેઠે જેમ કોઇ હિંદુસ્તાનના આશ્રિત મટીને પાકિસ્તાનના થાય એમ સ્વા. ના. સંપ્રદાય અને ગુરુ-પરંપરાગત મહાજનાભિમત સ્વસ્થાન તથા સ્વધર્મને છેક છોડીને, જેમાં સંપ્રદાયનું કશું સ્વત્વ તત્વ મહત્વ સ્વીકાર્ય નથી એવા અદ્વૈતવાદી સંન્યાસીએ વીશ વર્ષ પહેલાં સ્થાપેલા, કાયદેસર રજીસ્ટર બંધારણવાળા પરાધીન ટ્રસ્ટ સ્થાન રેઢા નાસિકીયા ખુણામાં ભરાઇને તેના આશ્રિત પ્રેરક દ્રષ્ટા સંચાલક બન્યા અને હવે તેને ચલાવવા માટે અનેક પ્રકારની શ્રીજી-સ્થાપિત સર્વાંગવૃત્તિદ્રોહી વિવિધ ભીક્ષા, જેવી કે ઘનશ્યામમહારાજસેવા, વિદ્યાર્થીસેવા, ગોસેવા, પાઠશાળાસેવા, સાહિત્યસેવા, સુધામાસિકસેવા, સંકટહરયજ્ઞસેવા. અતિથિ-ત્યાગિ–સંન્યાસી–સત્સંગિ–સેવા વિગેરે અનેક નામે સત્સંગભરમાં સુધા દ્વારા માગવા મંડયા છો. અને એની જ પુષ્ટિ માટે પ્રગટ પ્રતાપ પરચા આદિક અનેક ખોટાં વ્રત સત્સંગ-લગ્નમણાં પેપરમાં પોખ્યા કરો છો. આ બધાં અર્થદાસનાં અપલક્ષણો જ ઉઘાડાં કેમ

ન કહેવાય? આ બધો સંપ્રદાયાર્થ નહિ તેમ પરમાર્થ નહિ પણ સ્વાર્થ છે. સંપ્રદાય ... હોય તો પરમાર્થ કહેવાય. અંતરમાં બહુ ઉંડા ઉતરીને અત્યાર સુધી અભ્યસેલા સત્સંગાર્થને વિચારી જોશો તો સ્પષ્ટ ભેદ જણાઈ આવશે. જો કે અમારે આશ્રમ પ્રત્યે કશો દ્વેષભાવ નથી અને અદ્યાપિ જણાવ્યો પણ નથી. પરંતુ જ્યારે સંપ્રદાયનિષ્ઠને દ્વેષરોષથી ઉતારી પાડવા જાવ છો એટલે ન છુટકે ખરૂં ખુલ્લુ કહેવું પડે છે. અસ્તુ.
સત્યનું અભિમાન તો પારાવાર જણાવો છો પણ 'सत्यस्य वचनं श्रेयः सत्य-ज्ञानं तु दुष्करम॥' (ભારત) આમાં કહ્યા પ્રમાણે શ્રી હરિએ સંપ્રદાય સિધ્ધાંતે કેવું સત્ય સ્વીકાર્યું છે તેનું જ્ઞાન કેટલું છે? અને કેટલું વર્તનમાં છે? સત્યનું સ્વરૂપ સુધાને પાને બહુધા આલેખ્યું છે પણ હવે તે તદન બદલાઈ ગયું છે. વદતોવ્યાઘાત જેવું બન્યું છે. એનું અમે અત્ર વિવેચન કરવા માગતા નથી. પ્રસંગે કરતા રહીશું. અમે તો અર્થના દાસ નહિ બનીને પ્રસંગ આવતાં કહેવા યોગ્ય સત્ય કહ્યું છે અને અદ્યાપિ કહીએ છીએ અને તેનો અમલ પણ અવસરે થયો છે અને થાય છે. તે સંપ્રદાયમાં સર્વ જાણીતું છે. કોઇ અવસર કાંઈ સત્ય કહ્યું હોય તો તેને અસત્ય ઠરાવવા સ્વયં તો કોર્ટમાં પ્રવેશ કરીને કે અન્ય નામરૂપ ધરીને બીજાને ઉશ્કેરીને પણ સામા આવ્યા છો. એવા તો અનેક દાખલાઓ સુધાને પાને દર્શન દે છે. હવે તો એ બધી જુની વાત ક્યાં કરવાની છે? અત્યારે તો અસત્યને સત્ય, અધર્મને ધર્મ, અયોગ્યને યોગ્ય, અહિતને હિત, અપ્રિયને પ્રિય, કુસંગીને સત્સંગી અને વિમુખને સન્મુખ એમ વિપરીત ઠરાવવું એ તો આપને બાલરમત ગમત જેવું સહેલું અને સહજ થઈ ગયું છે. આ બધું અવળું અર્થદાસત્વ વિના બીજું કોણ કરાવે છે? એનું વિવેચન અવસરે થશે.

યુધ્ધારંભની છેલ્લી પળે યુધ્ધને પડતું મૂકીને ધર્માત્મા યુધિષ્ઠિર મહારાજા બીજા ભાઇઓએ વાર્યા છ... અને સામા કૌરવોને જોતાં છતાં તેમનો અનાદર કરીને, વિવેક ખાતર ભીષ્માદિક પાસે જઇને વિનયથી યુધ્ધની આજ્ઞા અને આશીષ માગતાં, ભીષ્મપિતા, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, શલ્ય રાજા, આ ચાર મહાજનોએ યુધ્ધની આજ્ઞા અને વિજય થવાનું વરદાન આપ્યા પછી, કૌરવ સાથે બંધાઈ રહેવાનું ખરૂં કારણ કહેતાં તેમણે 'अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित्। इति सत्यं महाराज! बद्धो-ऽस्म्यर्थेन कौरवैः॥" (ભારત ભીષ્મપર્વ અ–૪૩) આ એક શ્લોક આવૃતિથી કહ્યો છે. આ શ્લોકાર્થને અમારા ત્રણ વિષેજ અડાવાનું અટકચાળું શા માટે કરવું જોઇએ? અર્થ એ અનર્થ છે પણ એના વિના એક પણ પગલું ચાલતું નથી એ સર્વસાધારણ અનુભવાતી વાત છે. જેમાં સમાન દોષ કે સમાન પરિહાર આવતો હોય એવી બાબતમાં એકને પર્યનુયોગ ન કરવો જોઇએ. તથાપિ જાણે હું એકલોજ અર્થદાસ નથી એવા ગર્વથી અમને અર્થદાસ કહેવાનો આક્રોશ કરો છો જેથી જરા કહેવું પડે છે. જેમ ભક્ત ભીષ્માદિકે અર્થ માટે કૌરવો સાથે બંધાઇને શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના ભક્તો પાંડવાદિકો સાથે આમરણાંત લડયા હતા. તેમ તમો પણ અર્થ માટે કુસંગી વિમુખો સાથે બંધાઇને સંપ્રદાયનાં સર્વ પુજ્ય અંગો સામે આમરણાંત લડવા તૈયાર થયા નથી ને? અર્થ બુરી ચીજ છે એવો અવબોધ તમને આફ્રિકાથકી હાલમાં સકાર... ...યો છે. વળી વર્ષ ૧૧ અંક ૧૦ પેજ ૪ ઉપર કોઈ આફ્રિકાવાસી બોચાસણના ... આપ ઉપર લખેલ વિરુદ્ધ લેખ સ્વયં છાપ્યો છે. જેવો કે—"જુઓ મંડળના હૃદયનો સુર!! × " સુધાનાં લવાજમ હવે અહિ કોઇ આપે તેમ નથી. કારણ હવે અહિના સત્સંગિઓ

સ્વા. ના. પ્રકાશ વાંચતા થઈ ગયા છે ભવિષ્યમાં જો અહિંના ગ્રાહકો [illegible]મ રાખવા હોય તો સારૂ એ છે કે-સુધાએ મંડળની, સ્વા. ના. પ્રકાશની અને પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની નીંદા કે દ્રોહ કરવો નહિ, પણ જો મારૂં માનો તો પ્રશંસા કરજો, "શ્રીહરિ" તો ભાષણો છાપી પોતાના પેપરને આગળ કરે છે. આપે શા માટે સુધાને આવી રીતે આગળ કરવા ચુકવું પડે છે? આપણે તો હરહમેશાં સ્તુતિ કરીએ છીએ જે 'નીંદત નહિ કોઇ દેવકું" અને 'તુમારા હરિભક્તકો દ્રોહ કબુ ન નહિ હોય' માટે વિચાર કરશો અને હવે સુધાની નીતી પ્રશંસા માટેજ (દ્રોહ માટે નહિ) દેરે ધરશોજી. એજ અરજ" આ વિરોધમ વિમુખ ફુટાપદેશ અક્ષરશઃ સમય આવતાં રગરગમાં વ્યાપી ગયો નથીને? જો કે એ લેખમાં વિમુખો વિરુધ્ધ બહુ લખ્યુ છે પણ એનો કશો અર્થ હવે રહ્યો [illegible]. વિમુખ કુસંગનું પ્રબળપણું આપજ બહુધા વર્ણવો છો. સ્વદેશ, સ્વગુરુભાઇ સુખાનંદનું મંડળ, ઇષ્ટદેવ રાધારમણસેવા, સંપ્રદાયની આજ્ઞા-મર્યાદા, વિગેરેને તુચ્છવત્ ત્યાગ કરીને, અદ્વૈતવાદી સંન્યાસી સ્થાપિત રેહું ટ્રસ્ટ કે જે નિર્જન નિઃસ્વત્વ નિર્માલ્ય નિરુપયોગી જોખમજવાબદારીભર્યા ટ્રસ્ટમાં યુકિત પ્રયુકિતથી પેઠા અને તેનીજ પ્રવૃત્તિપરાયણ સંતાપગ્રસ્ત થઇને આખા સંપ્રદાય ઉપર તે બાહેરનો બોજો ટાટકવા આડાઅવળા અનેક અયોગ્ય છળપ્રપંચો સંપ્રદાયશત્રુ સુધા દ્વારા કર્યા કરો છો એ અર્થદાસનું અપલક્ષણ નહિ તો બીજુ શું? અમારે તો માસિક સીવાય બીજી પ્રવૃત્તિ નથી. એનો બે વર્ષનો હિસાબ વિગતવાર બહાર પાડયો છે. એમાં કયું અર્થદાન નથી. અર્થ માટે સંપ્રદાયવિમુખોના કે તત્વવિરોધીઓના લેખોને સ્થાન આપતા નથી. સંપ્રદાયનિષ્ઠ હોય એજ ગ્રાહક વાચક થઈ રહે એમ ઇચ્છીએ છીએ. આપનાં પૂર્વનાં અને અત્યારનાં પદ, વચનો અને કૃત્યોને વિચારશો તો આભ જમીન જેટલું કે તેજસ્તિમિર જેટલું મોટું અંતર જણાશે.

▷ હવે અન્ય પેરેગ્રાફનો વિમર્શ કરીએ—"અમદાવાદ દેશમાં ત્યાગીઓ સંપ્રદાયનું સંચાલન કરવા કોશીષ કરતા જણાતા નથી. જ્યારે વડતાલ દેશમાં આવી તમન્ના ત્યાગી જનોમાં જોવાય છે એ પણ એક આનંદની વાત છે. સંસાર તજી ત્યાગી થએલા તે સમાજના સેવકો જ છે, જો સમજે તો બહુ કરી શકે છે" એમ યદા તદા સુમેળ કુમેળ જોયા વિના વિવદો છો. અમારો પ્રસંગ ચાલુ છે તે મધ્યે અમદાવાદ દેશના ત્યાગીઓ માટે "સંપ્રદાયનું સંચાલન કરવા કોશીષ કરતા જણાતા નથી" એવી તીવ્ર ટકોર કરવાનું કશું કારણ નથી અપ્રકૃત છે. વડતાલવાળા કરે છે અને અમદાવાદવાળા કરતા નથી એમ કાંઈક ગોણુતા જણાવીને પાણી ચઢાવીને નાસિક જેવું નાટક કરાવાનો ઇરાદો હશે કે પછી સ્વાશ્રમ તરફ સત્સંગીઓને વાળવા હશે કે શું? તે તો તેમનું બહિર્મુખ માનસ જાણે. કેવી કોશીષ કરીએ તો સંપ્રદાયનું સંચાલન કહેવાય એ તો અવ્યક્ત છે. સંપ્રદાયના ઇષ્ટદેવ શ્રીહરિએ જે જે આજ્ઞાઓ ધોરણ અને તેમના મહાજનોએ મર્યાદા વ્યવસ્થા બાંધી છે તેના સંચાલનની કોશીષ તો સર્વ કોઈ કરે છે. માસિક નહિ કાઢતા હોય કે નાસિક જેવાં તુત-ટીખલ સત્સંગ સામે નહિ કરતા હોય એ ઉપરથી સંપ્રદાયનું સંચાલન નથી કરતા એમ કેમ કહેવાય? મંદિરમાં હિંદુધર્મની મોટી પરિષદ ભરી હતી અને તેમાં બધા આચાર્યો આવ્યા હતા અને તેમની સઘળી વ્યવસ્થા કરી હતી. એમ કરીને સંપ્રદાયનો ઉત્કર્ષ

સાધ્યો હતો. વળી હાલમાં અંત્યજોને મંદિરપ્રવેશની રાજકારણી બાબતમાં પણ અમદાવાદ દેશેજ અગ્ર ભાગ લીધો હતો અને બધી રાજ્યની ઉપાધિ સહન કરીને, કોર્ટમાં હજારો રૂપીયા ખર્ચીને કેશો લડીને આખા ભારતમાં મોટો વિજય મેળવ્યો છે. એમ સમયે સમયે જે કોશીષ કરવી પડે તે સંપ્રદાયાર્થે કરે છે. તમારા જેવું જુદા પડીને કરે તોજ સંપ્રદાયનું સંચાલન કર્યું કહેવાય એ તો આપની દિગ્ભ્રમણા છે. અમદાવાદમાં મંદિર તરફથી સંસ્કૃત પાઠશાળા ચાલે છે. તેમાં બે પંડિતો રાખ્યા છે. ઘણા વિદ્યાર્થીઓ મંદિરના તેમજ બહારના ભણે છે. પરીક્ષામાં પાસ થાય છે. છતાં આડુ અવળું સમઝાવીને કે પ્રલોભાવીને નાસિકના સંપ્રદાયબાહ્ય વાડામાં લઇ ગયા છો, તેમને તમારા જેવા સંપ્રદાયબાહ્ય ભ્રમાકીયા બનાવતા નહિ. સંગ તેવો રંગ ચઢે છે. અમદાવાદવાળા સારા છે કે વિદ્યાર્થીઓને નાશિક જવા દેછે અને તમારૂ પાઠશાળાનું ટટ્ટુ ચાલવા દેછે. આ બાબતમાં અમે બહુ કહી શકીયે તેમ છે પણ કોઈ એવો શબ્દ આવી જાય તો વળી ઉપાધી થાય એમ જાણીને વધુ કહેવા માગતા નથી. સંપ્રદાયનું સંચાલન કરવા કોશીષ કરતા જણાતા નથી" આ ટકોરનો વિશેષ જવાબ આપવો હશે તો અમદાવાદના ત્યાગીઓ તમને આપશે. વડતાલ દેશનાં ત્યાગીઓમાં સંપ્ર[illegible]નું સં[illegible] કરવાની તમન્ના આવ્યાની વાત કરીને આનંદની વાત કરો છો તે અવિચારિ[illegible] છે. તમન્નામાં તીવ્ર ભેદ છે. સંપ્રદાયસિદ્ધ હશે તો સારૂ છે. નહિ તો નરસું છે. સંસાર તજી ત્યાગી થએલાઓને સમાજ સેવામાં જોડાવાની ભલામણ કરો છો તે કોઈ રીતે ઠીક છે પણ તમારી પેઠે સંપ્રદાયાર્થને સંતજીને નહિ. બાહ્ય થઇને બહુ સમાજસેવા કરે એનો કશો અર્થ નથી. એનો એકડા વિનાનાં મીંડાં જેવું નિરર્થક છે. સંપ્રદાયમાં રહીને સંપ્રદાયમાં રહેલા સમાજની સેવા કરવાની છે. સંપ્રદાયનું સંચાલન હવે આપે કંચાલનમાં શીઘ્ર થઈ જવા માંડયું છે. વડતાલ દેશમાંથી વિદ્યાર્થીઓને નાસિકમાં લઇ જઇને તમારા અને સુધા જેવા ભભકિયાજ કરવા માગતા હશો. સંપ્રદાયના સંચાલક હવે કેવા બનાવશો તે જીવતા હોઇશું તો જોઇશું. ઘણા ત્યાં આવીને પસ્તાઇને પાછા સ્વસ્થાને આવે છે. અને અવાચ્ય વાતને વદે છે. આતો વડતાલ દેશના ત્યાગીઓની તમન્નાની વાત કરી તેથી જરા વિવેચન કર્યું છે. તમારી નવી તમન્ના પ્રમાણે તમો કયાં કરો પણ હવે બીજાને સ્વતુલ્ય તમન્નામાં વેગ લગાડતા નહિ. સંપ્રદાય શો? અને તેનું સંચાલન કેવું? અને તેની તમન્ના કેવી? અને એની કોશીષ કેવી? એ બધુ ધારાધોરણ બંધારણ પ્રમાણે તમો સમઝો તો સારૂ છે. સંપ્રદાયમાન્ય દેવ આચાર્ય સંત હરિભક્ત મંદિર શાસ્ત્રોની સેવાનેજ સાચી સારી છે એમતો તમો સુધામાં પાને પાને લખ્યું છે. અત્યારે વિભ્રમ કયાંથી પેઠો? હજી વખત જતો રહ્યો નથી. જાગ્યા ત્યાંથી સવાર.

વળી 'સંચાલક મહાશયોને છેવટમાં જરા સૂચના કે વિનંતિ કરીશું કે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને સાચા રૂપમાં સમજી તેને અમલમાં મુકાય અને "અક્કલથી કોઇ અધુરા હોતા નથી" એ ન્યાયે 'મારૂંજ સાચુ કે હુંજ સર્વજ્ઞ' એવા બુદ્ધિના વમળમાં નહિ પડતાં, ઉપાસનાની કુથલીમાં નહિ અથડાતાં ને શાસ્ત્રના ડોળા ફોડવાનો યત્ન નહિ કરતાં, અતિઆવશ્યક અને પ્રથમોપયોગી એકજ વ્યાવહારિક તંત્ર સુધારવા સંપુર્ણ યત્ન થશે તો ઘણું સારૂં છે, મુવા પછીની મુક્તિ કરતાં જીવતાં ચોરી અવેરીમાંથી મુક્તિ કરવાની પ્રથમ જરૂર છે પણ તે કેવળ પત્રથી કે બોલવાથી નથી થતી. તેમાં તો ધન અને

તનની પણ કદાચ આહુતી આપવી પડે. શ્રીજી સત્સંગના સેવકોને એવું બળ આપે એવા (યોગ્ય હોય તો) આશીર્વાદ સાથે શ્રીજીની પ્રાર્થના કરીએ. બ્ર-બાલકૃષ્ણાનંદ" આપે આ લાંબો પેરેગ્રાફ આડાગ્રવળી ઘણી ઘુંચવણીભર્યો અશક્યોત્તર ગોઠવ્યો છે. પરંતુ એનો ઉત્તર છેવટે આપેલા આશિર્વાદ બળથી અલ્પ આપી શકીશું. સંચાલકોને મહાશય પદથી સંબોધો છો એ આપની મહાશયતાને શોભતું છે! મોટાઓને નાનાઓની વિનતિ કરવાની હોય નહિ સૂચના કરે એમાં વાંધો નહિ. કરેલી સૂચના શબ્દથી જરા છે પણ અર્થથી અતિમોટી છે. આપની પ્રાર્થનાથી શ્રીજી બળ આપે અને વળી આપ આશીર્વાદ આપો એટલે દ્વિગુણ બળ થાય. કદાચ આ બળના વિશ્વાસથી સૂચના કે વિનતિ પ્રમાણે કરવા જતાં અવનતિ કે અપહતિ થાય તો અમારી કેવી દશા આવે? 'आशीर्वादसहस्रेषु रोमवृद्धिर्न जायते' આ અભિયુક્તિ આશિર્વાદમાં આશંકા લાવે છે. અંતે (યોગ્ય હોય તો) એમ કોંસમાં લખીને આશીર્વાદદાનમાં યોગ્યતાનો સવાલ લાવ્યા છો તો હવે આપને યોગ્ય અયોગ્ય જે લાગે તે પ્રમાણે બેલાશક કરો. સત્સંગના સેવકો અમારી ઉપરતો શ્રીહરિનો અને તેમના મહાજનોનો આશીર્વાદ છેજ

વિશિષ્ટદ્વૈત સિધ્ધાંતને સાચા રૂપમાં સમજી તેને અમલમાં મુકવાની સૂચના કે વિનતિ અંતે કરો છે, એમાં અમને અતિશય અજાયબી ઉપજે છે. શ્રીહરિએ પ્રાચાર્ય તરીકે પરિગ્રહેલા ઔપનિષદ તાત્વિક વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંત: કે જે શિક્ષાપત્રીમાં 'मत विशिष्टाद्वैत मे' એમ સ્વીકાર્યો છે. તેના વેદાંન્તાનુસારી અર્થો પણ વિજ્ઞાન વૃધ્ધોએ શિક્ષાપત્રીભાષ્ય આદિકમાં કર્યા છે. અને એના વિવરણ માટે પૃથક્ પ્રબન્ધો પણ વિરચ્યા છે. ચેતન અચેતન સમસ્ત વસ્તુઓ વિશેષ્ય પરમાત્માનું વિશેષણ (શરીર) થાય છે. તેણે વિશિષ્ટ (યુક્ત) એવા પરમાત્મા અદ્વૈત (એકજ) છે, એવો બીજો કોઇ નથી, એવો એનો તાત્પર્યાર્થ છે. પ્રામાણિકોએ પરિગ્રહેલા અર્થને સિધ્ધાંત કહે છે. આવા વિશિષ્ટદ્વૈત સિદ્ધાંતને સાચો નહિ સમજીને કોઈ જુદા નિરાળા વિ. સિદ્ધાંતને સમજવાનું કહેતા હો એવો તમારા વાકયોનો ભાવાર્થ નીકળે છે. સાચા રૂપમાં સમજવાનું અને તે વાણીવિલાસમાત્ર નહિ પણ તેને અમલમાં મુકવા સુધીની લાંબી વાત કરતા છો. કોઈ સાચા રૂપમાં વિશિષ્ટાદ્વૈત સમજ્યા નથી અને કોઇએ અમલમાં મુકયો નથી એવો આહંકારિક ધ્વન્યર્થ પણ આપના કથનનો નિકળે છે. કયો સિધ્ધાંત સાચા રૂપનો છે તેતો અહીં કહેતા નથી. અંતરમાં રાખીને વાત કરો છો. જો તમારો અર્થાન્તરી સિધ્ધાંત કે જે અદ્યાપિ સુધાપાને વર્ષ ૨૦ અંક ૧ માં "અમે તો સત્યાસત્યના નિર્ણય માટે એકજ ચાવી રાખી મુકી છે કે જે આચાર કે વિચાર સમાજની એકતા રાખી શકે તે સત્ય અને એકતાને ભેદી નાખે તે અસત્ય, અમારે તો સત્સંગની એકતા અખંડિત રાખવાનુંજ એક તાન છે. શ્રીજીએ છ અંગનો સત્સંગ પ્રવર્તાવેલો છે તે છએ અંગો જે સિધ્ધાંતને સ્વીકારતા હોય તે સિધ્ધાંત સત્ય ને બીજો અસત્ય. એ અંગો પણ શ્રીજીસંસ્થાપિત હોવાં જોઇએ, આપણે કલ્પી કાઢીએ તે શ્રીજીનાં સત્સંગનાં અંગ ન કહેવાય. ષડંગ સત્સંગનું મૂળ શ્રીજીમહારાજ છે. તેમાં શ્રીહરિએ નરનારાયણ અને લક્ષ્મીનારાયણ એ બે દિવ્ય વૃક્ષો ઉભા કર્યા છે ને તે પ્રત્યેકના રક્ષણાર્થે બે આચાર્યો નીમ્યા છે. ને તેની વ્યવ... બાંધી શાસ્ત્રો, સંતો, ને મંદિરો વહેંચી આપ્યાં છે, તેમાં જે રહે ને અનુસરે તેજ શ્રીજીના સત્સંગી અને બીજો તો બીજાને સત્સંગી કહેવાય. જે જીવતાં બહિર્મુખ તે મરીને પણ

બહિર્મુખજ રહે. તેનો ધણી શ્રીજી તો ન જ થાય, કારણ કે તે તો મૂળ વૃક્ષમાંથી વિખુટી શાખા પડીને વૃક્ષ થયો તેનો આશ્રયી થયો છે પણ મૂળ વૃક્ષનો આશ્રયી નથીજ." આવા શબ્દોમાં પહેલાં પ્રવર્તતો હતો, તેવી સૂચના વિનતિને તો સર્વકોઈ સ્વીકારવા તૈયાર છે હવે અત્યારે જે વિમુખ સન્મુખ, વિરોધિ અનુરોધી, કુસંગી સત્સંગી, વિગેરે સર્વેનો સંપ્રદાયમાં સંગ્રહ કરવારૂપ સિદ્ધાંતાંતર કે અપસિધ્ધાંત ઉટાંગ છે. વર્ષ ૨૭ અંક ૧ થી "શાખા પ્રશાખા વિશિષ્ટ અખિલ સત્સંગ સમાજ" એવો અર્થાન્તરનો ગોઠવ્યો છે તેને સાચો અમે સમજતા નથી. તો અમલનીતો વાતજ કયાં છે? શાખા પ્રશાખા, વિશિષ્ટ, અખિલ, આ બધા શબ્દો ગૂઢાર્થ સંસ્કૃત વાપર્યા છે. તેને સામાન્ય માણસો સમજી શકે નહિ. શાખા કોને કહેવી અને પ્રશાખા કોને કહેવી એ પણ અસ્પષ્ટાર્થ છે. સંપ્રદાયમતે તો તમારા સત્ય કથન મુજબ શ્રીહરિસ્થાપિત એક અખંડ સત્સંગ વૃક્ષ છે, તેની બે નરનારાયણ અને લક્ષ્મીનારાયણ એ બે શાખાઓ છે. અને તેને અનુસરીને જે શિખરબંધ કે હરિમંદિરો અને તેને આશ્રયે રહેતા ત્યાગી હરિભકતો વિગેરે છે તે પ્રશાખા છે, તેણે વિશિષ્ટ અખિલ સત્સંગ સમાજનું એક અદ્વૈત (ઐકય) છે. આજ અર્થ પ્રાચીન તમારા કથન મુજબ સાચો સારો સંગત છે. તે તો સર્વકોઇને શિરોમાન્ય છે. પરંતુ અત્યારે મતિવૈપરીત્યથી ઓચાસણવાળા, બાપાવાળા વિગેરે કે જે અખંડ સત્સંગ વૃક્ષથી સાવ વિખુટા પાડયા છે તેમને શાખા પ્રશાખા તરીકે સંગ્રહવા જાવ છો એ તો અત્યંત અવળો અર્થ છે અને આપની પૂર્વોક્ત સાચી સંપ્રદાય માન્યતાથી વિરુધ્ધ મોટો છે. અને સંપ્રદાયનિષ્ઠ કોઈ માનવા તૈયાર નથી. કદાચ તમારા કહેવા માને એથી વિશિષ્ટતા કદાપિ થઈ શકતી નથી. એતો વૃક્ષથકી વિખુટી પડેલી શાખાવત્ જુદાજ પડી ગયા છે, એનો કશો મેળ મૂળવૃક્ષ સાથે નથી. ષડંગદ્રોહી વિમુખોને શાખા પ્રશાખામાં સંગ્રહીને તદ્વિશિષ્ટ અખિલ સત્સંગ સમાજ કરવા જતાં કેમ શરમાતા નથી? હવે તમે અમને મનઃકલ્પિત વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંતને સમજીને અમલ કરવાની વધેલ વાત કરો છો તે કેમ બનશે? સંપ્રદાયબહિર્ભૂતોને અત્યાર સુધી મૂળ વૃક્ષમાંથી કાપીને વિખુટી પાડેલી શાખાના સિધા દૃષ્ટાંતથી ... દ્વૈતપણું (જુદા) ... અધિકાર જેટલું ભણતા હતા. હવે ક્યાંથી વિશિષ્ટા... તે સિધ્ધાંતર કે અપસિધ્ધાંત નૂતન માનતા હો તેને ... કરવા આવ્યા છો. ... ગ્રંથથી માનો અને પ્રવર્તાવો અને તેના માટેના હજારો શબ્દો કોષમાં નિષ્પન્ન નિવેશ્યા છે. વિશિષ્ટાદ્વૈત શબ્દ કે જે સંપ્રદાયિક તત્વસિધ્ધાંતસંદર્શી પૂજ્ય છે તેને આવી ઉટાંગ વિમુખ સન્મુખની અદ્વૈતતામાં શા માટે મર્દન મારવો જોઇએ. આ અવસરે એક યાદ આવે છે કે—આપે બ્રહ્માનંદસ્વામીની આયુષ્ય વધારવાનું જુનું દૃષ્ટાંત આપીને સુધાની આયુષ્ય વધારવાની વાત કરી છે. એ ઉપરથી હરિલીલામૃત કળશ, વિશ્રામ ૪૩માં વિવેચ્યા મુજબ અલ્પ અવસ્થાએ આવેલી સુધાને કોઈ વિપરીતમતિ વઢકારી રાંડે વધુ જીવન માટે આયુષ્ય આપી હશે કે જેથી સુધાની શુદ્ધબુધ્ધિમાં વિપરીત ભાવ આવી ગયો છે એમ પણ બનવા જોગ છે. એથીજ સુધાની ધારા (ઝરણું) જે સુધી સીધી સન્મુખ તરફ અદ્યાપિ વહેતી હતી તે હવે વિમુખ તરફ પણ વધુ વહેતી થાય છે. મોહિનીરૂપ ભગવાને તો સમુદ્રમંથનથી નીકળેલી સુધા વિમુખ અસુરોને અપાત્ર જાણીને નહિ પાતાં ભકત સુરોનેજ પાત્ર જાણીને અસુરોને છેતરીને પણ પાઈ હતી. અને વળી છાની રીતે દેવપંકિતમાં પેશીને

અમૃતપાન કરનારા રાહુનો શિરચ્છેદ પણ કરી નાંખ્યો હતો. તમે તો સન્મુખ વિમુખ પાત્ર કુપાત્રનો વિવેક વિચાર નહિ રાખીને સર્વના અમૃતમાં હકવાળી ઠરાવીને સર્વને એક પંકિતમાં બેસારીને પાવા માંડી છે. અવળી ગંગા વહે ... કહેવત પ્રમાણે હવે સુધાને અવળી વહેવડાવવા માંડી છે. એ શું શોભે છે? ... વાજબી છે? આવું અત્યંત અવળું સુધાનું ઝરણું વહેવરાવવા જતાં અન્યનું શરણું કે મરણું ન થઈ જાય તેની સંભાળ રાખશો. "અક્કલથી કોઇ અધુરો હોતો નથી." એ ન્યાયે 'મારૂં સાચું' કે હુંજ સર્વજ્ઞ' એવા બુધ બુધ્ધના વમળમાં નહિ પડતાં સ્વા. ના. સંસ્થાપિત વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયને અખંડિત રાખવા જરા અમીદષ્ટિ રાખતા રહેશો અને સુધાને જરા સીધી સુધી રાખતા રહેશો એવી સૂચના કે વિનતિ છે.

હવે "અક્કલમાં કોઇ અધુરો નહિં" એ આપકથિત ન્યાયેજ 'મારૂંજ સાચું' અને હુંજ સર્વજ્ઞ' એ આપકથન મુજબ આહંકારિક બુદ્ધિના વમળમાં અમો નહિ પણ આપજ પુરા પડયા છો. એના પુરાવામાં બીજાનાં વાકયો નહિ પણ આપનાંજ દંભાભિમાન પૂર્ણ 'अहं ब्रह्मास्मि' એવાં અસદ્વાકયોને પુનઃ વાંચો વિમર્શી લેશો. વર્ષ ૨૫ અંક ૨૧-૨૨ "શ્રીજીએ આજની સુધામાં પ્રગટ ભગવાનના ભક્તનો મહિમા અતિશે કેમ જણાય તે બતાવ્યું છે." અહીં હું મારો પ્રત્યક્ષ અનુભવ કહું છું. તે દંભે કરીને નથી કહેતો કે સંત્સંગમાં માન–મોટપ મેળવવા નથી કહેતો પણ જો કોઇને એ વાત સમજાય તો તે પણ અલૌકિક સુખને મેળવે એટલા માટેજ કહું છું. શ્રીજીમહારાજ તથા ગો. સ્વામી, ગુ. સ્વામી, બ્ર. સ્વામી, મુ. સ્વામી, મુ. બ્રહ્મચારી, વા. બ્રહ્મચારી, અયોધ્યા. (વૃ) મહારાજ અને બાપા તથા મારા ગુરુ ઈશાનંદજી (પ્રાચીન) તથા શાસ્ત્રી મહારાજ રઘુ. મહારાજ અને દાદો ખાચર વિગેરે ગૃહસ્થ મુકતો (પ્રાચીન) આ બધું મંડળ મારી સાથે કાયમ ફરતું હું જોઉં છું. ને અહોનિશ મારી રક્ષા કરતા ને મને આનંદ આપતા જોઉં છું. એ જોઇને મને વિચાર આવે છે કે "મારાં એવાં કયાં સાધનો છે કે સમજણ છે જેને લીધે આ બધુ પ્રભુ સાથેનું મુકતમંડળ મારી રક્ષાને માટે મારી પાછળ ફરે છે?" એના જવાબમાં એમના તરફથીજ એવો અવાજ મળે છે કે "અમે તો સત્સંગમાં નિર્ગુણભાવ રાખનારા ઉપર જેવા રાજી થઇએ છીએ તેવા ગમે તેવો ધર્મ પાળતા હોય, વૈરાગ્યવાળો હોય ને જ્ઞાની હોય પણ જો તેને સત્સંગમાં નિર્ગુણભાવ ન હોય તો તે ઉપર તેવા રાજી થતા નથી." અને એ હું પ્રત્યક્ષ અનુભવું છું માટે જ કહું છું...હું તો દિવ્ય આનંદ લેતો હોઉં ને સર્વ મુક્ત મંડળની પ્રસન્નતાની પાત્રતા અનુભવતો હોઉં તો આ એકજ સાધન (નિર્ગુણભાવ) સિવાય બીજો સમજણ કે કોઈ મોટો ગુણ મારામાં નથી. માટે જ હું સર્વને દાસભાવે, સેવકભાવે વિનતિપૂર્વક કહું છું કે ગમે તે દેશના હો, કે બાપાવાળા હો, કે બોચા-સણવાળા હો, પણ શ્રીજીની, સ્વામીની કે બાપાની પ્રસન્નતા લેવી હોય તો સત્સંગમાં દિવ્યભાવ રાખવાથી જ મળશે...મેં મારો અનુભવ લખ્યો તેમ નિર્ગુણભાવ વિના કોઇને પ્રસન્નતા મળતી હોય એમ હું માની શકતો નથી. કારણ કે સત્સંગ ઉપર દિવ્યભાવ રાખવો એમ શ્રીજીનો અને સર્વ મુકતોનો આગ્રહ મને દેખાય છે"

—બ્ર. બાલકૃષ્ણાનંદ (અપૂર્ણ)

—બ્ર. શા. બાળકૃષ્ણાનંદજી નાસિકવાળાના આનંદ માટે—

(ગતાંકથી ચાલુ)

ઉપરનાં બ્ર. બા. નાં સુધા દિવ્ય–નિર્ગુણ ભાવભર્યા 'अहं ब्रह्मास्मि' વંચક વાકયોને સુજ્ઞ સમગ્ર સત્સંગસમાજ અવધાનથી વાંચે, વિચારે અને તત્વથી તુલના કરે એવી વિનંતિ છે. પ્રથમ તો વચ૦મધ્ય ૧૩ માં શ્રીજીએ પોતાની તત્વવાતની યથાર્થતા માટે "અને આ જે મારે વાત કરી છે તે કાંઇ દંભે કરીને નથી કરી તથા માને કરીને નથી કરી તથા પોતાની મોટપ્ય વધારવા સારૂં નથી કરી. એતો એમ જાણીએ છીએ જે આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઇને સમઝાઇ જાય તો તેના જીવનું અતિરૂડું થાય તે સારૂ કરીએ છીએ. અને આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ સિધ્ધ કરી છે અને શાસ્ત્રમાં પણ મળતી આવે છે' આવા શ્રીમુખ શબ્દો ઉચ્ચાર્યાં છે, ... આખુ અનુકરણ શબ્દથી અને અર્થથી આબેહુબ મળતું સ્વલેખમાં કર્યું છે. આ રીતે પોતાની વાતની નિર્દોષતા દેખાડીને જેમ શ્રીજીએ તત્વવિચાર ઉપર આવતાં "હૃદયાકાશમાં અતિશય તેજ દેખાય છે અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે અને તે મૂર્તિને ચારેકોરે મુકતનાં મંડળ ... રાઇને બેઠાં છે, તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને અમે બોલીએ છીએ તે પણ ત્યાંજ બેઠાથકા બોલીએ છીએ અને તમે પણ સર્વે ત્યાંજ બેઠા છો એમ હું દેખું છું. પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઇ દેખાતુ નથી... જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે તે સર્વે નિર્ગુણ છે...આ જ્ઞાનનું અતિશય માહાત્મ્ય છે...અને 'જે તેજને વિષે મૂર્તિ છે તેજ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે 'અક્ષરરૂપ તેજ તેને વિષે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે' આવા તાત્વિક શ્રીમુખશબ્દો ઉચ્ચાર્યા છે એનુંજ અખિલ આચરણ શબ્દથી અને અર્થથી સમગ્રપણે મળતું સ્વલેખમાં કર્યું છે. (શ્રીહરિએ તો પોતાનું આચરણ બીજાએ નહિ કરવાની આજ્ઞા વચ–વર–૧૮માં કરી છે.) એવી બ્રહ્મસ્થિતિ થઇ હોય અને એવી વાત કરતા હોય તો ઠીક છે.

જેમ ભગવાને 'सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि। ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः॥' 'यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति' એમ ગીતામાં સમદર્શનરૂપ યોગ કહ્યો છે, જેમ 'तद्धैतत्पश्यन्नृषिर्वामदेवः प्रतिपेदे अहं मनुरभवं सूर्यश्च' આ શ્રુતિમાં બ્રહ્મદર્શી વામદેવનો તથા ભક્તવર પ્રહ્લાદજીએ 'सर्वगत्वादनन्तस्य स एवाहमहं स्थितः' આ રીતે પ્રત્યક્ષ પરમાત્મક સ્વાત્માનુભવરૂપ યોગ આદર્શ દર્શાવ્યો છે, તેમ જાણે સુખસાગર પ્રત્યક્ષ શ્રીહરિસ્વરૂપમાં જેમ નદીઓ સમુદ્રમાં અસ્ત થઈ જાય છે તેમ નામરૂપાદિકને ત્યજીને સદા સંમગ્ન નિરુત્થાન રહેતા હોય કે જાણે અનાદિ મુક્તાત્મા જેવી અખંડ અનાવરણ ઉચ્ચ બ્રહ્મસ્થિતિને પ્રત્યક્ષ અનુભવી રહ્યા હોય એવોજ દંભડોળ માનમોટપ્ય માટેનો મત્તોન્મત્તવત્ જાહેર પેપર સુધી ડરી વાળ્યો છે. આમાં પોતાની અક્કલ તથા સાચતા અને સર્વજ્ઞતા પ્રદર્શાવવામાં કાંઇ અધુરું રહે છે! આવો આદર્શ દંભ, માન અને મહિમા તો જેને પોતે બહુધા નિંદે છે એવા બહિર્મુખ

સામાવાડીયા હરીકૃષ્ણ સિવાય બીજા કોઈ સંપ્રદાયરચે ચોખ્ખો જણાવ્યો નથી. આ તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે. જો એવી ઉચ્ચ બ્રહ્મસ્થિતિ વર્તતી હોય અથવા એવો ઉપદેશ ફક્ત લોકને આપતા હોય તો ટીકાને પાત્ર નથી પરંતુ આ તો પ્રત્યક્ષ સદા અનુભવની અંતર વાત કરે છે એથી પૂર્ણ ટીકાને પાત્ર છે. 'અક્કલમાં કોઈ અધુરો નહિ' કે 'હુંજ સાચો અને હુંજ સર્વજ્ઞ' એ જે વાક્યો અક્ષરપંથી તથા અમારા પ્રતિ બહુવાર ઉચ્ચાર્યા છે એનું આદર્શ ઉદાહરણ તો ઉપરનો લેખ વાંચતાં આપજ બનો છો તે કેમ જરા જોતા નથી ?

જો સત્સંગનાં ષડંગોને પૂજ્ય સેવ્ય માનો છો તેની ઉપરતો પદેપદે જુદીજુદી રીતે અવગુણ-દ્વેષભાવ ઉઘાડો દીર્ઘ દેખાડો છો, તો આપે વર્ણવેલો નિર્ગુણ-દિવ્યભાવ ક્યા ગૂઢ સ્થાનમાં રહે છે? લક્ષણો મેળવતાં તો સઘળો અન્યથા ભાવ દેખાય છે. જેને બહિર્મુખ સામાવાડીયા હરીક સત્કારણ કહો છો તેમાં તો કોઈ "હું શ્રીજીનો સાક્ષાત્ અવતાર છું" તો કોઈ "હું મૂળ અક્ષર છું" તો કોઈ "હું અનાદિ મુક્ત અક્ષરધામમાંથી પ્રગટ થઈને આવ્યો છું" તો કોઈ "અને સત્સંગમાં દિવ્ય-નિર્ગુણ ભાવ હોવાથી શ્રીજી અને તેમના ભક્તોને પ્રત્યક્ષ જોઉછું" તો કોઈ "હું ગોપીનાથજીનો અવતાર છું કે મને ગોપીનાથજીએ આશીર્વાદ ઐશ્વર્ય આપ્યું છે" વિગેરે અનેક બાતનાં ધૂર્ત ધતીંગો અને ખળટીખળો દાંભિક કર્યાજ જાય છે તેમ તમે પણ તેવું એક નવું ધુત તોફાન બાપને નાસિકના ખુણામાં બેઠા. હવે કહેવું કોને? પ્રગટ ભગવાન અને તેમની મુક્તમંડળીનો મહિમા કહેવો એ તો ઠીક છે પણ તેને પોતામાંજ ઘટાવી બેઠા એ તો અક્કલ મારી ગઈ કે તેનું લીલામ કરી દીધું એમ કેમ ન કહેવાય? જો સ્વપ્નાનુભવની વાત કરી હોત તો કંઈક અંશે માનવા યોગ્ય થાય, પણ આપે તો પ્રત્યક્ષ અને વળી કાયમ ફરતુ દેખ્યા સુધીની દીર્ઘ વાત કરો છો એ તો અપૂર્વ અજબ અજાયબી કહેવાય. શ્રીજી અને એમના મુક્તોને સત્સંગમાં કોઈ એવું સત્પાત્રજ નહિ મળ્યું હોય કે શું? જેથી સત્સંગને છોડીને નાસિકના તીર્થ બહારના દૂર ખૂણામાં આપની પાસે આવી ભરાયા!! સુધા કુધા દાંભિક દિવ્ય-નિર્ગુણભાવમાં છેતરાયા તો નહિ હોય? શ્રીજી અને મુક્તોને અક્ષરધામનું અલૌકિક નિત્ય સુખ લેવા દેવું હતું. શા માટે પાછળ ભમાવીને લૌકિક દુરંત દુઃખના પાત્ર બનાવ્યા છે. શ્રીજી અને તેમની મુક્તમંડળી કોઈ સંપ્રદાયસ્થ દઢ અનન્ય ભક્ત હોય તેની પાછળ મમત્વની મારી ફર્યા કરે એ તો વ્યાજબી છે, પણ શાસ્ત્રી મહારાજ (મગ્ન) અને બાપો (અમજી) કે જેમને તમો બાહ્યમુખ માનીને જાહેરમાં ધોકારતા છો તેઓ શા માટે આપની પાછળ કાયમ ફર્યા કરે છે? શું તમને પોતાનો અપસિદ્ધાંત સમજાવીને ચેલા કરવાનો લાલચ છે? (જો છેવટે સફળ થઈ હે. બીજા પ્રાચીન પૂજ્યોએ પાછળ ફર્યાની મહેનત કરી પણ નિષ્ફળ ગઈ છે.) પ્રાચીન આધુનિક કોઈને પણ નહિ, ફક્ત એટલા યજ્ઞ-શાસ્ત્રીને મહારાજ શબ્દથી સંબોધો છો એમાં શું રહસ્યાર્થ હશે એ તો આપ એટલાજ અંતરમાં જાણતા હશો, ધન્ય છે આપની અક્કલની અવળાઈને!! ગુરુ અને વળી પિતૃવ્ય સ્વ. ઈશ્વરાનંદજી પાછળ ફરતા હોય તે તો કદાચ શિષ્યસ્નેહને દાખવવા કે શિષ્યનો ગુરુભાવ દેખવા માટે હોય, પરંતુ ગુરુ શિષ્ય વચ્ચે આભ જમીન જેટલો અભિપ્રાયભેદ કે વર્તનફેર થઈ ગયો જાણ્યા પછી પાછળ ફરે ખરા? લોકમાં અભિ

પ્રાયભેદ કે વર્તનફેર થતાં સંબન્ધ રહેતો નથી એ દેખીતી વાત છે. ગુરુનો અભિપ્રાય અને વર્તનને અનુસરતો આપનો અભિપ્રાય કે વર્તન રહ્યું છે? આવી વામ વાતમાં અક્ષરવાસી ગુરુ કે જે સગા કાકા પૂર્વાશ્રમમાં હતા તેમને સંડોવવા ન જોઈએ એ સાચી અને સારી વાત છે. કદાચ શહેરથી બહુ દૂર આવેલા, નિર્જન વન જેવા, અંધકારમય ખુણામાં પોતાપાછળ રાત્રીએ ભુતાવળી ભટકતી હોય અને તેને પ્રત્યક્ષ અનુભવતા હોય એમાં શ્રીજી અને એમની મુક્તમંડળીની પ્રત્યક્ષ ભાવના કરી બેઠા હોય એમપણ બનવા બહુવા સંભવ છે. સત્સંગમાં રહીને અલૌકિક સુખ મેળવવાની વાત અંતરથી સાચી અને સારી સ્વીકારતા હો તો સત્સંગમાં સેવ્ય ષડંગોને તરછોડીને કે ગૌણ કરીને જેમાં ષડંગોનું નામ નિશાન નથી, એટલુંજ નહિ પણ તેનાથી વિપરીત ભાવવાળાં બીજાં અનેક ખાતાં વાળા સ્વત્વશૂન્ય સંન્યાસીકૃત ટ્રસ્ટમાં શા માટે સ્વયં આવી ભરાયા છો? એમાં કઈ જાતનું અલૌકિક સુખ આવે છે? સુધામાં સ્વયં સૂચવ્યા મુજબ કહીએ તો કેવળ લૌકિક દુઃખનેજ પ્રત્યક્ષ અનુભવી રહ્યા છો.

△ જ્યારે ધર્માદિ સાધન સંપત્તિ વિનાજ પ્રભુ સાથેનું મુક્તમંડળ કાયમ અહોનિશ નિઃસ્વાર્થ આપની રક્ષા કરવા પાછળ ફરતું હોય અને આનંદ આપતું હોય તો આપનાં અહોભાગ્ય માનવાં પડે. પરંતુ આ બાબત બંધ બેસતી થાય છે? ગેબીના ઢોંગ જેવી નથી જણાતી? જો આ બાબત સાચી હોય તો પ્રભુ સાથેની મંડળી રક્ષા માટે કાયમ ફરતી પાસેજ જે જોઈએ તે માગી લ્યો? શું તે અશક્ત અદયાળુ છે? એમને પડયા મૂકીને બીજાં સ્વા. ના. સંઘ વિગેરે અનંત ખાતાં ખોલીને અનેક પ્રકારની પાયલા સરાફીના મુદ્દતી ગર્ભ માર્ગીનાં પેપરો શા માટે ભરો છો? આતો બાળકોને હસાવવા એક જાતની મસ્ત રમત હોય તો કાંઈ નહિ. આપનાં તાજાં સાધનો અને સમજણ તથા પૂજ્ય પૂર્વજોએ પ્રતીક્ષા કે આચરેલાં સાધનો અને સમજણમાં રાત્રિ દિવા જેટલું જબર અંતર પડી જાય છે તેનું શું? સાચો કે ખોટો, પ્રત્યક્ષ કે પરોક્ષ દિવ્ય-નિર્ગુણભાવ હોય કે નહિ એનું કાંઈ નહિ. પરંતુ સત્સંગનાં છએ અંગોવિષે અવગુણભાવ કે દ્વેષભાવને જાહેર સામાવાડીયા હોય એવો અત્યાગ્રહથી આદરી રહ્યા છે એવાં બહિર્મુખોને સત્સંગમાં નિર્ગુણ-દિવ્યભાવ રાખવાનો ઉપદેશ દાસભાવે, સેવકભાવે વિનંતિ પૂર્વક "મન તે દેહના હો કે, બાપાવાળા હો, કે બોચાસણવાળા હો, પણ શ્રીજીની સ્વામીની કે બાપાની પ્રસન્નતા લેવી હોય તો સત્સંગમાં દિવ્યભાવ રાખવાથીજ મળશે" એવો આપો છો એ સારામાં સારી સાચી વાત છે. શ્રીજીનો અને સર્વ મુક્તોનો આગ્રહ સત્સંગ ઉપર દિવ્ય-નિર્ગુણભાવ રાખવાનો આપને દેખાય છે અને દિવ્ય-નિર્ગુણભાવ વિના શ્રીજીની પ્રસન્નતા મળતી નથી એમ મનથી માનતા હો તો આચરણમાં કેમ મુકતા નથી? અને તેજતિમર જેટલું અત્યંત અંતર છે એવા સન્મુખ વિમુખને એક સૂત્રમાં પરોવવાની સુધા મહેનત શા માટે કરો છો? ચાલુ અવગુણભાવ અને દ્વિવભાવને નિર્ગુણ-દિવ્યભાવ-પણે અક્કલના ઉલ્લાસથી વર્ણવતા હો તો અમારે કાંઈ કહેવાનું નથી. આ આ લેખ નાશકમાં નક્કી ધામા નાખ્યા પછી અક્ષરપંથી તથા બાપાપંથી વિગેરે બહિર્મુખોની માન્યતાના મર્દન માટે ખાસ લખ્યો હોય એમ ચોકકસ થાય છે, કેમકે એમાં મરોડ મચકુરો આદ્યંત એમતેમ એવાજ યુક્તિપુરઃસર ગૂઢ ગોઠવ્યા છે. અમો તો અક્કલમાં અધુરા,

અસર્વજ્ઞ અને અસાચવાદી હોવાથી લેખના આડાઅવળા મરોડ મચકોડ વિચારતાં એવા
બુદ્ધિના વમળમાં ચઢી જઇએ છીએ કે આતે શું ધતીંગ ? કે ઘમંડ. અક્કલ મારી જાય છે.
કોઈ કામ કરતી નથી. હવે તો આપ જેવા અક્કલપૂર્ણ સર્વજ્ઞ સત્યવદી થકી થોડી
અક્કલ કોઈ રીતે લેવી પડશે. પૂર્વે 'સારી સાચી સમજણ' 'વણમાગી સલાહ' તો બહુ
આપી છે પણ નિર્ગુણ-દિવ્યભાવ વિના મનાતી નથી તેને માટે શું કરવું ? અસ્તુ. એક
આફ્રિકાવાસીએ આપને પાખંડી લખ્યા છે તે આવા લેખો વાંચીનેજ લખ્યા હશે એમ
જણાય છે. અમારી તો એજ વિનંતિ છે કે—અર્થ માટે કે માન મોટપ્ય માટે અનેક
પ્રકારના અનર્થો અનર્થ કરો પણ આવો ઢોંગ ન કરો. દંભ જેવો કોઈ દોષ નથી.
'सुप्रयुक्तस्य दम्भस्य ब्रह्माप्यन्तं न गच्छति' એવું નીતિ વાક્ય છે. 'दम्भस्य
द्विगुणो दण्डः' એમ રાજનીતિ પણ છે. 'सर्वमेवाभिमानः' એમ વિદુરજી અભિ-
માનને સર્વગુણહર કહે છે.

છેલ્લા પેરેગ્રાફમાં છેવટે 'મારૂંજ સાચુ કે હું જ સર્વજ્ઞ' એવી બુદ્ધિના વમળમાં
નહિ પડવાની તથા ઉપાસનાની કુથલીમાં નહિ અથડાવાની તથા શાસ્ત્રના ડોળા ફેડવાનો
યત્ન નહિ કરવાની સવિનય સૂચના કરી છે એનો અત્ય ઉત્તરાર્ધ અમે સમજી ગયા
છીએ કે એમાં એકેયમાં કાંઈ ફાવટ આવે એવી નથી અને ઉલટું પાછું પડવાનો પુરો
પ્રસંગ છે. જે ઉપાસના માટે વેદ વેદાંતાદિ શાસ્ત્રો પ્રવર્ત્યા છે તેમજ શ્રીહરિએ 'वेदाश्च
व्याससूत्राणि' એમ આઠ સચ્છાસ્ત્રોને અભીષ્ટ માન્યાં છે તેમજ સંપ્રદાયમાં મહા-
જનોએ અનેક શાસ્ત્રો રચ્યાં છે અને વ્યાસજીતો 'अथातो ब्रह्मजिज्ञासा' એમ
બ્રહ્મોપાસનનેજ પ્રથમ કહે છે તેને તમો કુથલીની કુત્સિત ઉપમા આપી અને ઉપાસનામાં
રચ્યાપચ્યા આમરણાંત સર્વકોઈ રહ્યા છે તેને અથડામણના નીચ ઉપમા આપી એ
ઉઘાડા નાસ્તિક ભાવને નિવેડનારી છે. અમને તો ના કહો છો પણ આપે તો શાસ્ત્રના
ડોળા ફેડવાનો મહાયત્ન કરીને અવતાર અવતારીનો અત્યંત વાસ્તવિક ભેદ, પ્રગટ
પરોક્ષના સમીક્ષા, અક્ષર નિરક્ષર નિર્ણય, વિગેરે ઉપાસના બાબતના મોટા કોયળાને
કોયળાજ આડા અવળા અહીંતહીં એવા ફેંક્યા છે કે અદ્યાપિ સુધાને પાને પાને
અથડાયાજ કરે છે, હજી એ મગદો કાઢીને મુમુક્ષુઓ નિર્ણયપર આવ્યા નથી. ઉપાસનાની
બહુ બહુ. કુથલીઓ અશાસ્ત્રીય વાદીપ્રતિવાદીઓને ઉભા કરીને તેના લેખોને સુધામાં
સ્થાન આપીને અનેકને એવા અથડાવી માર્યા કે છેવટે તેમણે અને બીજાએ પણ બહુ
ઉહાપોહ કરતાં બંધ કરવા પડયા હતા. હજી પણ શ્રીજીસુધા, સંતસુધા, સંપાદકીય,
વિગેરેમાં ઉપાસનાની કુથલીઓ અવતારદ્રોહી શાસ્ત્રખંડની ચાલુજ છે. પોતે અશાસ્ત્રીય
ચર્ચા કરે તે સાચી અને સારી અને બીજા શાસ્ત્રીય ચર્ચા કરે તેને કુથલી કહેવી એ
ન્યાય ન કહેવાય. મારી સામે પણ અનેક લેખો પ્રમાણશૂન્ય લખ્યા હતા અને મારે શાસ્ત્રના
ડોળા ફેડવાનો યત્ન કરીને ૧૭૮ પેજમાં જવાબ આપવો પડયો હતો એ જુની જાણીતી
વાત ઉદ્ધવ સંપ્રદાયમાં છે. 'तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ' એમ ગીતા
થાય છે. પરમાચાર્ય વ્યાસજી તો 'शास्त्रयोनित्वात्' એમ ઉપાસના શાસ્ત્રથી જ
સમજવાની કહે છે. શ્રીહરિતો બધી બાબતોને શાસ્ત્રો સાથે સરખાવીને કહે છે. એવા
શાસ્ત્રોને તમે 'ડોળા ફેડવાની' નિંદીત ઉપમા આપો છો એ બધો શાસ્ત્રને નહિ

માનનારા કે ગૌણ ગણનારા ઢુંઢીયા બંડીયાના સમાગમનો પ્રગટ પ્રતાપ સમજાય છે. આ
બાબતનો બહુ વિચાર કરીએ તો બહુ પુર વધી જાય એમ જાણીને બંધ રાખ્યું છે.

બધુ પડી મુકીને છેવટે સંપ્રદાયનું વ્યાવહારિક તંત્ર સુધારવા માટેના એકજ
સંપૂર્ણ યત્નને અતિઆવશ્યક અને પ્રથમોપયોગી કાર્ય માનીને તેની સવિનય સૂચના
આપો છો એ ઘણું સારૂં છે. પરંતુ હવે આપતો સંપ્રદાયના વ્યાવહારિક તંત્રથી
પૃથક્ પડી ગયા છો એટલે સુધરે કે કુધરે એની ચિંતા રહી નથી. એ ચિંતા તો
તંત્રમાં પડી રહેલા અમારે છે. પારકી ચિંતા કરવાનો સમય નથી. વ્યાવહારિક તંત્ર
જેને લેખિત બંધારણથી સોંપવામાં આવ્યું છે અને તેથી જેને માથે બધી જવાબદારી
અને જોખમદારી આવી છે તે ધર્મધુરંધર આચાર્યશ્રીને અને તેમના અધિકારીઓ વિગેરેને
તંત્રનો જરા જેટલી પડી નથી તો તમો અમો કે બીજા શું કરીએ. આતો હવે સંપ્રદાય
પટીને કેવળ વ્યાવહારિક તંત્રાર્થ બની ગયો છે એટલે હવે શું સુધારવું તંત્ર
આગળતો મંત્ર યંત્ર, શસ્ત્ર પણ નિરર્થક થઇ જાય છે. સુધારનારા થાકી ગયા અને
એમનો પ્રયત્ન નિષ્ફળ જાય પણ કુધારનારા થાકે તેમ નથી અને એમનો પ્રયત્ન સફળ
થાય છે, કેમકે એમને યુગનું બળ પ્રબળ છે. હવે અતિઆવશ્યક અને પ્રથમોપયોગી
સુધારો નહિ પણ કુધારો થઇ ગયો છે. હવે એની ચર્ચા કરવામાં કાંઈ માલ નથી. મુવા
પછીની મુક્તિ કરતાં સંપ્રદાયમાં પ્રવર્તેલી દ્રવ્યની ચોરી અને અવેરીની અવાચ્ય
અસત્ પ્રવૃત્તિથકી મુક્તિની જરૂરીયાત ઉપર વધુ ભાર મૂકો છો એ અત્યંત યોગ્ય છે,
કેમકે 'नाविरतो दुश्चरितात्' આ શ્રુતિ દુશ્ચરિતથકી મુક્ત થએલાને જ મુક્ત્યધિકારી
કહે છે. પરંતુ જેને મુક્તિ કરતાં ભુક્તિ જ મોટી મનાઈ હોય અને એને માટે જ
સંપૂર્ણ યત્ન થતો હોય ત્યાં મુક્તિને સ્થાન હોય ખરૂં ? જે મુવા પછી જ મહામહેનતે જ
મળનારી છે એ મુક્તિના વિશ્વાસે જીવતાં લૌકિક ભુક્તિને શા માટે જતી કરવી જોઇએ ?
એવા નાસ્તિક અભિપ્રાયો પ્રવર્તે છે ત્યાં અલૌકિક મુક્તિની વાતને કોણ પૂછે છે ? વળી
સ્વા. ના. નામ લેવાથી જ મુક્તિ મળે છે તો સાધનની શી જરૂર છે એવા પણ
અહિંસાવાદો પુષ્કળ પ્રવર્તે છે. એટલે સાધનોની અકિંચિત્કરતા આપોઆપ આવે છે.
માટે હવે એ ચર્ચાને જતી કરો. વ્યાવહારિક તંત્રની સુધારણા કેવળ પત્રથી કે બોલવાથી
થવાની નથી, એમાં તો ધન તનની કદાચ આહુતિ આપવી પડે એમ કહીને એ વાતને
આપજ ગાંઠી વાળો છો. કદાચ કોઈ પ્રાણપ્રિય ધન અને એથી અલ્પ પ્રિય તનની
આહુતી આપવા તૈયાર થાય પણ સહાયી કેણુ થાય છે ? ઉલટા અસહાયી થાય એવા
અનેક છે. છતાં 'यावद्बुद्धिबलोदयम्' એ વસુદેવના કહ્યા મુજબ યત્ન કરવો જોઇએ
એ બાબત અંગીકાર્ય છે. એમાં શ્રીજી બળ આપે અને આપ આશીર્વાદ આપો એ ઘણું
સારૂ છે. હવે આપશ્રીને સવિનય સૂચના કે– શ્રીહરિ માસિકના ઉદ્દેશનાં ફક્ત સમાચાર
સુધામાં લેવાના હતા પણ એમતેમ કશી ચર્ચા કરવાની ન હતી. છતાં આપે વર્ષ ૨૬
અંક ૧૧-૧૨ માં પ્રકૃતિ પ્રમાણે તે કરી તો અમોએ પણ પ્રકૃતિ પ્રમાણે પ્રતિઉત્તર
આપ્યો છે. તો સવળુ સમજીને માઠું ન લગાડશો. એજ.

વળી વર્ષ ૨૮ અંક ૧૮ પેજ ૧૩૮ ઉપર "આવો જય શ્રીહરિ" એવું
મથાળું બાંધીને જેનો કશોજ પ્રસંગ નથી એવું યદ્વા તદ્વા અપલપન કર્યું છે તેનો જવાબ

હવે અપાય છે. આરંભમાં 'આવો' એ શબ્દ મર્મભરી મશ્કરીને સૂચવનારો ચોખ્ખો છે. મોટા વૃદ્ધ થઇને આવી મશકરી કરવી એ ઠીક ન કહેવાય. અમોએ તંત્રી સાથેની તકરારને કારણે માસિક હાલમાં બંધ કરવાની અને બીજી વ્યવસ્થા થતાં માસિક બહાર પાડવાની અને ત્યાં સુધી ધીરજ રાખવાની સૂચના ગ્રાહકોને આપેલી, જે સુધામાંજ વર્ષ ૨૮ અંક ૧૩ પેજ ૧૦૨ ઉપર છપાએલી છે. વળી જય શ્રીહરિના અંક ૧ માંજ પેજ ત્રીજા ઉપર માસિક બંધ રહ્યાનું કારણ વિગેરે બધી બાબત જણાવી છે એટલે સઘળી વસ્તુસ્થિતિ જાણમાં હતી છતાં માસિકની હલકાઇ અને ગ્રાહકોનાં મન ઉચક કરવાના અસૂયાભર્યા અપાશયથી "વડતાલના મહાન્ શાસ્ત્રીઓના સંચાલનથી શ્રીહરિ માસિક પત્ર વડોદરાના આંધળા ખૂણામાંથી પ્રગટ થતુ હતું. તે પુરાં બે વર્ષ ન ચાલતાં અસ્ત થઇ ગયું. પણ હવે બે અક્ષર વધારીને 'પંચતત્વ પ્રધાન થયું' કહેવાય. તે હવે સારૂં ચાલશે." એવા શબ્દો લખી વાળ્યા. માસિક બંધ કરવાની વાત અમે સ્પષ્ટ લખી નથી. બીજી વ્યવસ્થા થતાં બહાર પાડવાની ચોખ્ખી વાત લખી છે. અને એ વાત બે વર્ષ પુરાં કર્યાં પછીજ બની છે. આ બધી સત્ય વસ્તુ જાણવા છતાં 'પુરાં બે વર્ષ ન ચાલતાં અસ્ત થઇ ગયું' આ ખોટા શબ્દો લખ્યા તે ઇર્ષ્યાખોરીને સૂચવનારા છે. અમને 'મહાન્' એવું વિશેષણ આપવાથી 'મોટા શાસ્ત્રીઓ સંચાલક હતા પણ બે વર્ષ પુરાં માસિક ચાલ્યું નહિ અને અધવચ અસ્ત થઇ ગયું.' એમ અમારો અપકર્ષ જણાવવાનો ઇરાદો ચોખ્ખો તરી આવે છે. વળી વડોદરાના આંધળા ખૂણામાંથી પ્રકટ થયાની અસત્ય વાત ફરીથી સંભારી છે. માસિકનું પ્રકટ સ્થાન તો લુહાણામિત્ર પ્રેસ હતો. તે ટાઇટલના પ્રથમ પેજ ઉપરજ ચોખ્ખું બે વર્ષ સુધી લખ્યું છે. પ્રકાશક તંત્રી અને પ્રકાશન સ્થાન પ્રેસ બદલાઇને બીજી જુદીજ વાત બન્યા પછી એ અસત્ય વાત પુનઃ ઉચ્ચારવાનું કશું કારણ ન હતું. છતાં ઉચ્ચારી છે તે અસૂયાસૂચક છે. એનું વિશેષ વિવેચન અપાઇ ગયું છે એટલે અહીં અધિક કહેતા નથી. 'બે અક્ષર વધારીને પંચતત્વ પ્રધાન થયું કહેવાય' આ પણ એક પ્રકારની મનોરંજની ટીકાજ છે. એમાં ઇષ્ટદેવનો ઉત્કર્ષ દ્યોતક જય શબ્દ છે, લક્ષ્મી વાચક શ્રી શબ્દ છે અને ઇષ્ટદેવ વાચક હરિ શબ્દ છે. આવા ઉત્કૃષ્ટ અર્થસૂચક 'જય શ્રીહરિ' નામ થાય છે. બે અક્ષર વધારવાથી કશું અવળું થયું નથી પણ અતિસવળું વિશેષ તાત્પર્યવાળું થયું છે. તેપણ પ્રથમ અંકના બીજા પેજ ઉપર જણાવ્યું છે. હવે એમાં ટીકા કરવા જેવું કશુંજ નથી છતાં કરી છે તેતો 'मुखमस्तीति वक्तव्य' એના જેવું નિષ્પ્રયોજન કહેવાય. 'પંચતત્વ પ્રધાન થયું' એમ કહીને કંઇક અવળું તાત્પર્ય જણાવવાનું મન હશે પણ તે અવ્યક્ત છે. પ્રધાન શબ્દ સાથે વ... છે એ ઉપરથી પૃથિવ્યાદિ પાંચ તત્વો પણ લઇ શકાય. અને સંપ્રદાયસિદ્ધાંતે સ્વીકારેલાં જીવ, ઇશ્વર; માયા, બ્રહ્મ, પરબ્રહ્મ, આ પાંચ તત્વો પ્રધાન માન્યાં છે તેપણ લઇ શકાય. અને 'तत्वमेको महायोगी हरिर्नारायण: पर:' આ વચનનું અનુસંધાન લઇએ તો પાંચમાં પણ પ્રધાન તત્વ શ્રીહરિને લેવાય. અક્ષરની વાત કરે છે તો કયા અક્ષરમાં કયા તત્વનો નિર્દેશ કરવો એ પણ અવ્યક્ત છે. પાંચ સંખ્યાની સુભગતા તો શાસ્ત્રમાં સૂચવી છે. પરંતુ આ ... ગોઠવણી હિટાંગ ઉત્કાંગડ કૂટાંગ હોઇને અકકલના ઉલ્લાસમાં ખપતી કહેવી પડે. ... પંચતત્વ પ્રધાન થવાથી સારૂં ચાલવાની આશા સેવો છો, તો તમને સ્વતંત્રને ત્રણ અક્ષર

Ramanlal Poongaldiwala File

VAGDRA

વધારીને પાંચ તત્વપ્રધાન યથાપૂર્ણ કરવામાં હવે કોઇ રોકનાર નથી. અથવા મનસોક્ત શાખા કે પ્રશાખાનો સંગ્રહ થાય એવી નવા નામની ગોઠવણી કરો તો પણ કોઇ રોકવા નથી. હવે તો બધુજ નવું થયું છે તો માસિકનું નામ પણ નવું થાય એ ઇચ્છવા યોગ્ય છે. યથ ગુણ નામ થાય તોજ શોભતું મળતું આવે. નવું નવું કરવાનો કોડ બહુ છે.

જ્યારે સામાની ટીકા ખોટી કરવા ગયા છો ત્યારે હવે આપનું પાંદડું જુઓ. ઉકેલીએ—સુધાનું નામ આરંભમાં 'સત્સંગસુધા' પંચતત્વ પ્રધાન હતું. એમા સત્સંગ શબ્દ કે જેને તમો સંપ્રદાયપર્યાય માનો છો એવા સંપ્રદાયાર્થસૂચક પ્રાણસમાન શબ્દને કાઢી નાખીને શબસમાન બે અક્ષરવાળું નામ રાખ્યું. સંપ્રદાયાર્થને સૂચવનારો એકપણ અક્ષર રાખ્યો નહિ. પંચતત્વ પ્રધાન થયું તે સારૂં ચાલશે એવી આશાને સેવો છો તો તમોએ પાંચમાંથી ત્રણ તત્વોને કાઢી નાંખવાનું દોઢડહાપણ શા માટે કર્યું ? કારણ તો ચોખ્ખું કહેતા નથી. વિશેષ વિવેચન આવી ગયું છે. હવે તમારા કરતાં અમોએ સારૂં કર્યું છે એમ સ્વયં સમજણથી સ્વીકારશો. સુધા વચ્ચે વચ્ચે કેટલીકવાર બે, ત્રણ, ચાર અને છ માસ સુધી પણ બંધ રહ્યું છે અને અનેકવાર અસ્ત દુરસ્ત પણ થયું છે. એના દાખલા સુધાને પાનેપાને આલેખ્યા છે. જેમાં બન્નેને સમાન દોષ આવતો હોય કે પરિહાર પણ સમાન આવતો હોય એવી બાબતમાં બીજાની ટીકા કરવી તે પોતાની ટીકા કરાવાનું જ કારણ સ્વોપાર્જિત કહેવાય. સારું ચાલવાની આશા દર્શાવીને એવા સહસ્ત્રશઃ અભિનંદન–આશીર્વાદ અમને આપો છો એ બ્રહ્મપ્રકૃતિને અનુગુણ છે તે અમારે અવશ્ય અંગીકાર કરવાજ જોઇએ. એમાં અમને ગેરલાભ નહિ પણ લાભજ છે.

બીજા પેરેગ્રાફમાં "સંપ્રદાયની મૂળ પ્રણાલિકાને વળગી રહી તેનુંજ સમર્થન અને રક્ષણ કરતા રહેવાની પણ જરૂરતો ખરીજ અને માટે "જય શ્રીહરિ"ના બન્ને સંચાલક શાસ્ત્રીઓ સુયોગ્ય છે" એમ જો સાચા મનથી માનતા હો તો મૂળ સંપ્રદાયના અને તેના પ્રવર્તક ભગવાન શ્રીહરિ અને તેના પ્રચારક મુક્તો અને તેમના સમાગમમાં આવેલા અમારાં પણ અહોભાગ્ય કહેવાય. આથી બીજું કાંઇ પણ જોઇએ નહિ. સુધાના સંચાલક તંત્રી શા... આપ પણ જેને ખરી જરૂરીયાત માનો છો એવી મૂળ પ્રણાલિકાને વળગી રહ... સમર્થન અને રક્ષણ કરતા રહેશો અને જેનું મૂળ નથી અને અથવા સંપ્રદાયના ...વાડીયા હરીફ છે એવી વિમુખપ્રણાલિકાને નહિ વળગી રહેતાં અને તેના સમર્થન કે રક્ષણપર નહિ રહેતાં સ્વસ્થાનમાં યથાપૂર્વ આવી જશો તો સંપ્રદાયમાં સુયોગ્ય કહેવાશો. આજ્ઞા–મર્યાદા એવું હેડીંગ મુકીને સત્સંગનાં ષડંગ કહીને તેને વળગી રહીનેજ સેવા કરવાની અને સત્સંગને અખંડ રાખવાની અને સત્સંગના નિયમ નિશ્ચય અને પક્ષ રાખવાની મૂળ પ્રણાલિકાને તો આપ પણ અદ્યાપિ ટાઇટલ પેજ ઉપરજ મુદ્રાલેખ માનીને ચાલુ ચિતર્યાજ જાવ છો. એટલે એમ કરતું ઠરાવણ મુશ્કેલ નથી. ઇષ્ટદેવ શ્રીહરિ કહે છે કે– કદાચ પાયખાનામાં માથાભર પડી ગયા તો નાહી ધોઇને શુધ્ધ થવું પણ તેમાં પડી રહેવાનો આગ્રહ ન રાખવો. અશુદ્ધિ નિવારણ માટેજ પ્રાયશ્ચિત તરીકે શૌચાદિ વિધિઓ શાસ્ત્રોએ લખ્યા છે.

ચાલુ પેરેગ્રાફના અંત્ય ભાગમાં "પરંતુ પોતાની યોગ્યતા મુજબ અને સત્સંગની સામાન્ય જનતા સમજી શકે તેવી ભાષા વાપરવા અમારી વિનંતિ છે. વિશેષ

આવતે અંકે લખીશુ"' એમ આગળ ઉપર વિશેષ કહેવાનું અવશેષ રાખીને આ લેખની ઇતિ લાવ્યા છો. આની આજ બાબત અંક ૧૯ પેજ ૧૪૬ ઉપર વિશેષ પ્રમાણમાં "અને આપની ભાષા પણ મુખ્યત: તો સમજી શકાય તેવી નીકળે છે પણ કલમમાં થઇને તો એટલી બધી સંસ્કૃત નીકળે છે કે જે સામાન્ય જનતાને વાંચવુંજ ન ગમે યા તો વાંચીને કાંઈ સમજી શકે નહિ, માટે આપ જો આ સેવા સામાન્ય જનતા માટે કરતા હો તો એવો કલમ વાપરો કે જે તમારા લખેલાં ભાષાંતરો કે અન્ય લખાણો સહેલાઇથી શ્રીહરિનાં વચનની જેમ સમજી શકાય" આ રીતે લખાણ છે. તાત્પર્ય તો એકજ છે. આમાં એક તો પોતાની યોગ્યતા મુજબની અને બીજુ સત્સંગની સામાન્ય જનતા સમજી શકે તેવી ભાષા વાપરવાની વિનંતિ કરી છે. એવીજ વિનંતિ પૂર્વે પણ કેટલીક વાર કરી હતી. તેને અમે માન્ય કરીએ છીએ. તમો પોતાની યોગ્યતાને પ્રથમ આગળ ધરો છો તો તે મુજબ અમને શાસ્ત્રીઓને એ યોગ્ય લાગે છે. શાસ્ત્રીઓની ભાષા શાસ્ત્રીયજ આવે એ સહજ છે અને તેમને માટે તે યોગ્ય છે. તેમાં પણ કાઠીવાવાડી શાસ્ત્રી હોય તો તેવા શબ્દો આવે અને ગુજરાતી હોય તો તેવા શબ્દો આવે એ પણ સહજ છે. માસિકમાં શા. કૃષ્ણનો લેખ આવે છે એ યોગ્યતા મુજબનો અને સામાન્ય જનતા સમજી શકે એવો સહેલો આવે છે. બીજા પણ લેખો એવા જ આવે છે. ફક્ત મારો એક લેખ તત્ત્વ વિષયનો આવે છે તે છે તો યોગ્યતા મુજબનો, પણ સામાન્ય જનતા બહુધા સમજી શકે તેવો હોય છે, કોઈ ગહન વિષય હોય તોજ ન સમજી શકે. શ્રીહરિ માસિકમાં તત્ત્વ, હિત અને પુરુષાર્થ આ ત્રણ બાબતનો ચાલુ લેખ ૮૪ પેજ સુધીનો આપેલો છે. એતો વિષયજ એવો ગહન અગમ્ય છે. 'मुह्यन्ति यत्सूरयः' એમ પોતે શાસ્ત્રજ કહે છે. જયશ્રીહરિમાં માયાતત્ત્વ સંબંધી લેખ શરૂ કર્યો છે તે પણ તેવો જ માયાવત્ ગહન છે. એમાં માયા, તમ:, ત્રિગુણાત્મિકા, કૃષ્ણશક્તિ ઇત્યાદિ શબ્દોના અર્થો ગહન છે. વળી એ બાબતમાં વિવાદીઓ અન્યઅન્ય અવળું કહેતા હોય એનું યુક્તિ ન્યાયથી બહુ ખંડન આવે એટલે કોઈ અંશે સામાન્ય જનતા ન સમજી શકે એવું પણ બને. કોઈ એવો કઠિન શબ્દ કારણસર મુકયો હોય છે તો તેનો નીચે કે કોંસમાં કે આગળ ઉપર અર્થ પણ મૂકેલો હોય છે. એટલે બનતે પ્રયત્ને સામાન્ય જનતા સમજી શકે એવી ભાષા હોય છે. પરંતુ વિષય જ એવો હોય એટલે ઉપાય નથી. હવે સંસ્કૃત ગ્રંથોના ભાષાંતર સંબંધમાં તમારી વિનંતિ છે તો એને માટે અધિક આ ઉત્તર સમુચિત છે. કાવ્યની ગૌરવતામાં પદલાલિત્ય, શબ્દસૌષ્ઠવ અને અર્થગૌરવ, આ ત્રણને અને અલંકારને પણ હેતુ કહે છે. તે મોટા પંડિતોના કાવ્યમાં પણ એનું અનુસંધાન આવે અને તેઓ ભાષાંતર કરે તેમાં પણ તેવું ગૌરવ આવે એ સહજ છે. તેમાં પણ જેવો વિષય હોય એવી સહેલી કે કઠણ ભાષા થાય છે. જેમકે અત્યારે કોઈ વેદ, ઉપનિષદ્, વ્યાસસૂત્ર, ગીતા આદિક ગ્રંથો ઉપર થએલાં ભાષ્યો કે ટીકાને અનુસારે ભાષા કરવા જાય તો તે કઠિનજ થાય અને તેને સામાન્ય જનતા ન સમજી શકે એ પણ સહજ છે. જુઓ શાંકરભાષ્યાદિકનાં ભાષાંતરોને. આમાં એક જ ઉદાહરણ લઇએ—યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત આ ત્રણ અધ્યાયો છે, તેમાં આચાર અને પ્રાયશ્ચિત અધ્યાયનું ભાષાન્તર કે કથા આપણે સમજી શકીએ. પણ વ્યવહારાધ્યાય કે જે

રાજપ્રકરણી છે તેનું ભાષાન્તર પણ આપણે ન સમજી શકીએ એવું છે. કારણ કે મૂળના શબ્દોનું ભાષાંતર કરવું જ પ્રથમ કઠિન છે. ટીકા મિતાક્ષરી હોઇને અર્થગંભીર છે. વળી એમાં એમ પણ છે કે જેને જે વિષયનો અભ્યાસજ હોય તે સામાન્ય પણ સમજી શકે અને જેને જે વિષયનો અભ્યાસ ન હોય અને નવોજ અંદર હોય તે ન સમજી શકે એ સહજ છે. અને એવા શબ્દો તો પ્રત્યેકની ભાષામાં કોઇના કોઈ આવી જાય છે. વળી કોઈ સ્થળે તો સંસ્કૃતમાં જે શબ્દ હોય એજ મુકે તો ઠીક થાય, નહિ તો અર્થાન્તર થઈ જાય. કોઈ એક સત્સંગિજીવનના ભાષાંતરકારે 'સર્વતોભદ્ર'નો અર્થ 'ચારે તરફ સારું' એવો કર્યો તે યોગ્ય નથી. એતો એક સાંકેતિક સંજ્ઞા છે.

વળી ગ્રંથો ઉપર ભાષ્ય કે ટીકા થઈ હોય છે, એમાં મૂળ પદો ઉપરથી ભાવાર્થ તાત્પર્યાર્થ અન્વયાર્થ વ્યંગ્યાર્થ વિગેરે કાઢયા હોય છે અને ઉપપાદન માટે ઉદાહરણો પ્રમાણો પણ પ્રદર્શાવ્યાં હોય છે. હવે જો એનું અનુસંધાન ભાષાંતરમાં ગૌરવ માટે લેવા જઇએ તો તે કઠિન થાય અને ... સહજ છે જો પદ પદનો અર્થ કરીએ અને ભાષ્ય ટીકાનો અર્થ ન લઇએ તો મહાજનોએ આપણને સમજાવવા માટેજ મહામહેનત લીધી તે નિરર્થક થઈ જાય. એટલે એનો પણ સંક્ષેપમાં સમાવેશ કરવો પડે. તમો ... અને તમારા જેવા બીજા પણ ખાંગડા દેખાદેખી વિના વિવેકે ભાષાસંબન્ધે ખોટી ટીકા ... સત્સંગીજીવનનોજ પ્રથમનોજ લઇએ. એમાં મૂળમાં સૂર્ય ... એને માટે એક શ્લોક ... અને અંધકારવાચક તમ શબ્દ અને અન્ત:, સાક્ષાત્ આદિક વાચક અંશુમાન્ શબ્દ અને અંધકારવાચક તમ શબ્દ અને અન્ત:, સાક્ષાત્ આદિક શબ્દો છે તેનું તાત્પર્ય ટીકામાં ટુંકામાં કાઢયું છે. હવે એને જો ભાષામાં લઇએ તો કઠણ થાય અને ગ્રંથ પણ વધે અને અન્વયમાં પણ કઠિનતા આવે એ અવર્જનીય છે. હવે એજ રીતે કોઈ તત્ત્વસંબન્ધી વિષય આવે ત્યારે એજ પ્રમાણે ભાષા કઠિનજ થાય. હવે જો અર્થનો અર્થ કરીને બહુ સમજાવવા જઇએ તો પુર વધી જાય, એને તો સહન ... થોડા શબ્દોમાં ઘટાવવું પડે છે. થોડા શબ્દોમાં વ્યાખ્યાન કરવાની શક્તિ ન હોય એટલે થોડા શબ્દોમાં ઘટાવવું પડે છે. કોઈ સ્થળે પદલાલિત્ય કે શબ્દસૌષ્ઠવ કે થાય એને પુત્રોત્સવતુલ્ય વ્યાકરણી માને છે. એ દોષ નહિ પણ અર્થગૌરવ કે અલંકાર આવ્યો હોય તો તે ભાષાની ભવ્યતા માટે છે. ... ટીકામાં બહુ લીધેલ ગુણજ ગણાય. વાસુદેવમાહાત્મ્યનું ભાષાંતર મારું કરેલું છે. તેમાં ... એજ રીતે સત્સંગિજીવનના માહાત્મ્યની ટીકા નહિ હોવાથી, સરલ અને ટુંકું થયું છે. ... સામાન્ય જનતા સમજી શકે એવી છે, કેમકે એમાં વિશેષાર્થનો કરી છે તે સહેલી સામાન્ય જનતા સમજી શકે એવી છે, ... ચતુર્થ પ્રકરણના ૪૪ અધ્યાય શિક્ષાપત્રીનું ભાષાંતર છે સમાવેશ નથી. સત્સંગિજીવનના ચતુર્થ પ્રકરણના ૪૪ અધ્યાય ... જનમંગળ સર્વમંગળ આદિકના તે ભાષ્યાર્થના અનુસંધાનથી લખ્યું છે તે કઠિનજ હોય. ... સપ્રમાણ કર્યું હોવાથી કઠિનજ થાય. એમ બહુ ભાષાંતરો લખ્યાં છે તે નામોનું નિર્વચન સપ્રમાણ કર્યું હોવાથી કઠિનજ થાય. એમ બહુ ... કલમમાંથી નીકળે છે ત્યારે કઠિન વિષય પરત્વે છે. મુખમાંથી નીકળે છે ત્યારે સહેલું અને કલમમાંથી નીકળે છે ત્યારે કઠિન થાય છે એ આપનું કથન અવિચારિત છે. જેવો વિષય હોય એવું થાય છે એમ મનાયતો માનો.

"શ્રીહરિનાં વચનજ જેમ" એવું ઉદાહરણ આપીને જે વચનામૃતો છે તે સામાન્ય જનતા સમજી શકે એવાં છે એમ આપનું વદવું છે, તો હવે તેનો જરા વિચાર કરીએ—વચનામૃત એ ચાર મહાસદ્ગુરુઓએ સંગ્રહેલું ગુજરાતી—ભાષારૂપ છે. તેમાં પણ કંદર્પ, સરખા, સીધપણું, હેય, વ્યાપ્ય, દર્પ, રૂપવાન્, અરૂપ આદિક ઘણા શબ્દો સંસ્કૃત

આવ્યા છે તેને સામાન્ય જનતા સમજી શકે નહિ. એમાં પણ પ્રથમ ૬૪ માં જેમાં શરીરશબ્દનો પ્રયોગ છે તે અંગમાં સળતું આવે એવું શરીરલક્ષણ વ્યાપ્યપણું અધીન-પણું અસમર્થપણું વિગેરે અને તેના નિરૂપણ માટે શ્રુતિઓ લખી છે તેને કયો સામાન્ય જન સમજે છે? તે જરા જણાવશો. વિશિષ્ટાદ્વૈતની સારી સમજણ નહિ હોવાથી એના અર્થ માટે મૂળમાંજ ઘણા ગોટાળા વાચ્યાર્થ લક્ષ્યાર્થ વિગેરે કેટલાક લખ્યા છે (અત્યારે વિવેચન કરતા નથી) કિં બહુના પ્રથમ ૧૨ માં પ્રકૃતિ પુરૂષ અને તેનાં કાર્યનાં લક્ષણ કર્યાં છે તે કઈ સામાન્ય જનતા સમજે છે? અજ્ઞાભાવને લીધેજ કોઈ બાઈએ 'ગુણસામ્ય' એ માયાનું વિશેષણ છે તેનો અર્થ 'કાળી' એવો કર્યો છે. સામ્ય શબ્દનો 'કાળા' એવો અર્થ થાય નહિ ત્રણ ગુણની સમતા એવો અર્થ છે. એટલે વિષય પરત્વે છે.

મુક્તાનંદ કાવ્ય નિષ્કુળાનંદ કાવ્ય બ્રહ્માનંદ કાવ્ય પ્રેમાનંદ કાવ્ય આદિકમાં તો સાવ અપ્રસિધ્ધ સંસ્કૃત શબ્દે જ શબ્દસૌષ્ઠવ માટે કે અલંકાર માટે ઢગલાબંધ વાપર્યા છે. હરિલીલામૃતમાંતો પદલાલિત્ય આદિક માટે ઘણા શબ્દો સંસ્કૃતજ લીધા છે. જો કે આ તો કવિતારૂપમાં હોવાથી કોઈ સ્થળે એવા શબ્દો અકામે પણ વાપરવા પડે છે. જેમ તમો અમારી વાત કરો છો તેમ અમે તમારી કરીએ તો તમોએ એક સાથે શાખા, પ્રશાખા, વિશિષ્ટ, અખિલ આદિક અનેક શબ્દો મથાળામાંજ લીધા છે. તેને સામાન્ય જનતા સમજી શકે છે? પૂછો કોઈ ગ્રાહકને કે વાચકને? વિશિષ્ટ શું? અને અખિલ શું? આના ખરા અર્થો સંસ્કૃત ભણેલા પાસે પુછવા જવું પડે એવા કઠિન છે. એવા તો બીજા અનેક છે આવા સંસ્કૃત શબ્દો વાપર્યા કે એને અમે દોષ તરીકે કહેતા નથી, અમે તો ઉલટા એમ કહેવા માગીએ છીએ કે-તમો બ્રહ્મચારી શાસ્ત્રી પદ ધારી છો તો તમારી યોગ્યતા પ્રમાણે સંસ્કૃત શબ્દો પણ વાપરવા જોઈએ. ભાષાને સાવ ગામઠી ખેડુતીયા કરી દેવી તે યોગ્યતાની બહાર છે. કોઈ ગ્રંથનું આપે ભાષાંતર કર્યું જણાતું નથી. હોત તો અમે કંઈક બદલામાં વધુ કહી શકત. સામાન્ય જનતા કોને કહેવી? એ પણ એક પ્રશ્નજ છે. ખરૂં ખુલ્લું કહીએ તો પ્રથમ યુગમાં સંસ્કૃત ભાષાજ હતી. ગુજરાતી વિગેરે ભાષા તો તેનો અપભ્રંશ છે.

આપતો વિદ્વાન શાસ્ત્રી છો તે અમને ગમે તે ભાવે કહો તે માનનીય છે, પરંતુ લોલેલોલ ન્યાયે બીજા કોઈ અવિદ્વાનો પણ એવું પ્રલયન યથેચ્છ કરી રહ્યા છે તેનું પાંદડું પ્રસંગાત કોઈક ઉકેલીયે-સુધા વર્ષ ૨૭ અંક ૧૭ પેજ ૧૦૧ ઉપર કોઈ રામભાઈ નારાયણભાઈ પટેલ "નેરોબી" હેડીંગથી લખેલા લેખમાં એક પેરેગ્રાફ તરીકે સત્સંગિજીવનની ગુજરાતી ભાષા એવી અલંકારિક છે કે સાધારણ વ્યક્તિ સમજી શકે નહિ અને મારા જેવાએ તો તેને માળીએ ચઢાવી મુકેલ છે. માટે આવાં ધાર્મિક પુસ્તકો એવાં સરલભાષામાં જેમ છે તેમજ છપાવવામાં આવે તોજ સત્સંગને આશીર્વાદ નીવડવાનાં" આટલા શબ્દો સત્સંગિજીવનના ભાષાંતર સંબન્ધે બાખ્યા છે. આના અનુસંધાનમાં કોઈ નોકરી માટે મહેમદાવાદમાં રહેલા કનુભાઈ ગાનશંકર રાવલે 'અનોખી સેવા' એવું મથાળું બાંધીને એજ વર્ષના ૧૩ અંકમાં લખેલા લેખમાં કરેલા સત્સંગિજીવનના ભાષાંતર સંબન્ધની ટીકા વિગેરેની અવળી ટીકાને સુત્ર ગણીને લેખનો આરંભ રામભાઈએ કર્યો છે. જો કે બંનેને ઉત્તર અમો એજ સમયે આપી ... પરંતુ તેમના ભલા માટે આપ્યો નથી.

પરંતુ ઉપરનો સંક્ષિપ્ત ઉત્તર એમણે પણ વાંચી લેવો. એજ શિક્ષાપત્રી સત્સંગિજીવન વિગેરે માટે સંકલ્પ મુજબ ટીકા કરી છે પણ કોઈ આ વાત સાચી જણાણી હોત તો તરતજ રોકડો જડબાતોડ જવાબ એ ભાઈને મળી જાત અને અનોખીની વાત નોખી રઈ જાત. સેવા કરવા ગયા પણ બાજી નોખી થઈ ગઈ.

અમોએ તો અક્કલના ઉલ્લાસી જાણીને ઉપેક્ષા કરી હતી પરંતુ એવી ભાષાંતર-કર્તા શાસ્ત્રીઓની અને 'ન ભૂતં ન ભવિષ્યતિ' એવા ભવ્ય ભાષાંતરની અવળી અક્ષમ્ય ખોટી ટીકા વાંચી વિચારીને, ખિન્નમન થએલા જ્ઞાતા પ્રાગજી દેવરામ ઠાકર કે જે નાશિકના તપોવન બ્રહ્મચર્યાશ્રમના મુખ્ય ટ્રસ્ટી હોઈને બ્ર. શાસ્ત્રી બાળકૃષ્ણાનંદજીને એ આશ્રમ સોંપાવનાર હોઈને અત્યારે પણ તેમાં કાર્યવાહક છે. તેમણે વર્ષ ૨૭ અંક ૧૮ માં જ લખેલા તેમના લેખના આરંભમાં "પરંતુ જે ચર્ચાપત્રો સુધામાં આવે છે તેમાં કેટલીક વખત વિવેક છોડીને લખાણ થાય છે તે મહાદુઃખની બીના છે. શ્રીજીએ આપણને સૌથી પ્રથમ વિવેક શિખવ્યો છે, માટે વિવેક સાથે સારા શબ્દોમાં ચર્ચાપત્રો લખવાથી લખનારની કીંમત વધે છે. ગુસ્સાના આવેશમાં આવી જઈ વિવેક છોડી લખવું તે બરોબર નથી" આવો વિવેક પ્રસ્તાવ કરીને, "સુધા અંક ૧૭ પાન ૯૮-૯૯માં નેરોબીથી (એજ રામભાઈએ સંપ્રદાયની બહુ બાબતોની અતિ બીભત્સ અવળી ટીકા કરી છે) જે ચર્ચાપત્ર છે તેમાં જે લખાણ છે તે જરા અતિશયોક્તિ અને ગુસ્સામાં લખાએલું જણાય છે. આવી કડવી ભાષાથી દ્વેષ વધે છે અને વિદ્વાન કે સમજદાર વ્યક્તિની કલમથી આવું લખાણ લખાય તે સત્સંગની શોભારૂપ નથી એમ હું માનું છું. એટલુ જ નહિ પણ આમ ધૂળ ઉડાડવાથી સત્સંગમાં સુધારો થાય તેપણ આશા અસ્થાને છે. તેવીજ રીતે પાનાં ૧૦૧ ઉપર સત્સંગિજીવનની ટીકા તથા વચનામૃતો માટે લખાણ ... (લેખક રામભાઈ) આ બાબતતો વિદ્વાન વર્ગની છે. સત્સંગિજીવનની ગુજરાતી ટીકા કરનારે સત્સંગમાં સાહિત્યની કેટલી સેવા કરી છે અને હજીપણ કરી રહ્યા છે તેનો આપણે ખ્યાલ કરવા જરૂર છે. કાર્ય કરનાર ઉપર ટીકા કરવી સહેલજ છે પરંતુ કાર્ય કેમ થાય છે તે કાર્ય કરનારજ જાણે છે, તેને કેટલી મુશ્કેલીઓ નડે છે તે દુરથી ખ્યાલ આવવો મુશ્કેલ છે. દરેક સંસ્કૃત ગ્રંથોની આમજ ટીકા થાય છે. પછી ધીમે ધીમે સરળ બનાવાય છે. હજીપણ સત્સંગિજીવનને સરળ ગુજરાતીમાં લખવું હોય તો પણ તેઓજ લખવાને જરૂર તૈયાર થશેજ. પરંતુ પુસ્તક છપાય તેની નકલો ખપે ત્યાંસુધી તેના ખરચને પહોંચી વળવા માટે નાણાંની મોટી રકમની જરૂર રહે છે તે કોઈ અત્યારે આપવા તૈયાર નથી. તેઓ હજુ પણ અપ્રકટ ગ્રંથોનું સંશોધન કરી છપાવવાનાજ કામમાં પડયા છે, હાથે લખવું હાથે સુધારવું અને વિદ્વાન સમાજ આગળ મુકવું. નાણાંની સગવડ કરવી. પ્રુફ તપાસવાં આવી આવી કેટલી મુશ્કેલીઓ તેને નડે છે. તે ચાર લીટીના ચર્ચાપત્રો તે પણ પોતાની રૂચિ મુજબ લખનારને ખ્યાલ આવતો નથી...હુ આપના ચર્ચાપત્રનો જવાબ લખતો નથી પણ આપ સરવેને મારો આગ્રહભરી વિનંતિ છે કે સમજ્યા વગર કે વિવેક વગર ગમે તેવું લખવું તેમાં સત્સંગી કે સત્સંગની શોભા નથી...અત્યારે ગણ્યા ગાંઠ્યા ત્યાગીઓ સત્સંગની સેવા કરી રહ્યા છે તેવા ભવિષ્યમાં મળશે

કે કેમ? તે શંકા છે. માટે તેનાથી અને તેટલું કાર્ય પ્રેમપૂર્વક કરાવી લેવું તેમાં આપણું અને સત્સંગનું હિત છે. આવી ખોટી ચરચા વધારે ન થાય તેમાંજ શોભા છે. હું તે બાબત વધારે ચરચા કરવા ઇચ્છતો નથી. અસ્તુ" આ રીતે રામભાઈની રાવણી ટીકા અને અંતર્ગત કનુભાઈની રાવણી ટીકાનો સુધર્મજ સદ્ જવાબ આપ્યો છે.

હવે આ પ્રસંગે અમારે એટલુંજ કહેવું છે કે—જ્યારે ભાષાંતરની કે મુદ્રણકાર્યની કે તેના કર્તા શાસ્ત્રીયોની જે તે પામરો—ખોટી ટીકા કરવા જાય છે ત્યારે શ્રાવકે વાચકે પણ સાંભળવા વાંચવાની યોગ્યતા પણ મેળવવી જોઈએ. એમ હોવાથીજ શ્રીહરિ 'કર્તવ્યઃ સચ્છાસ્ત્રાભ્યાસ આદરાત્' 'સ્વહિતેચ્છુભિરેતાનિ મચ્છિષ્યૈઃ સકલૈરપિ। પ્રોતવ્યાન્યથ પાઠયાનિ કથનીયાનિ ચ દ્વિજૈઃ॥ (શિક્ષાપત્રી) એમ સર્વને સચ્છાસ્ત્રાભ્યાસની આવશ્યકતા કહે છે. વિદ્યાભ્યાસ તો એક ખાસ વ્યસન તરીકે રાખવો એમ પણ કહ્યું છે. સચ્છાસ્ત્રના અભ્યાસ વિનાનાને પશુતુલ્ય કહ્યો છે. પોતાને ભણવાની જરા મહેનત કરવી નથી અને બે કે ત્રણ ચોપડી ભણ્યા એટલામાં વેદાંત સમજી જવું છે એ કેમ બને! 'ભેંસની આગળ ભાગવત' જેવી વાત છે. 'અન્ધસ્ય દીપો બધિરસ્ય ગીતં' એમ પણ છે. 'બોદ્ધારો મત્સરગ્રસ્તાઃ પ્રભવઃ સ્મયદૂષિતાઃ। અશક્તાસ્તત્પદં ગન્તું તતો નિન્દ્રાં પ્રકુર્વતે' એમ પણ કહ્યું છે. 'વિદ્વાનેવ વિજાનાતિ વિદ્વજ્જનપરિશ્રમમ્' એમ પણ છે. 'સતીના ભજો તેની સાથે સતાના પણ ભજો' એમ પણ લૌકિક કહેવત છે. સંપ્રદાયબહિર્મુખ મનાતા ગમે તેવી બીભત્સ ટીકા કરે તેથી અમને કશી ચિંતા કે ક્ષોભ નથી. કેમકે તેતો તેમની વિમુખપ્રકૃતિ મુજબનું અવળું કાર્ય કરશેજ. પરંતુ બહિર્મુખોને તેમ કરવાને કશોજ અધિકાર રહેતો નથી, એ ખરી વાત છે. 'નાસ્તિ સંગતિરસ્માકં યુષ્માકં ચ પરસ્પરમ્' એમાં દશા મુજબ માર્ગ જ તેજ અંધકાર જેટલા જુદા પડી ગયા છે.

પ્રસંગાત્ રામભાઈના ઓબ્યા ઓળખાણ માટે કિંચિત્ કહેવાનું મન થાય છે—આ ભાઈ કરમસદ નામના મોટા ગામના મૂળ વતની પણ હાલ ધંધાર્થે નૈરોબીમાં દૂર વસી રહ્યા જણાય છે. તેઓ ૫૦ વર્ષથી સ્વા. ના. સંપ્રદાય થકી રીતસર બાહ્ય થએલા બોચાસણ નિરક્ષર અક્ષરપંથના પરમોપાસક ચુનંદા ચુસ્ત ચાંદરા હોવા વર્ષોથી થયા જણાય છે. એમના નામ કે અનામ કે અન્ય નામના લાંબા લેખો આડાઅવળા અનેક જાતના હાલમાં સુધાનાં વધારે પાનાં રોકતા દેખાય છે. એમાં સંપ્રદાયનાં દેવ આચાર્ય સંતો શાસ્ત્રો વિગેરે પ્રેય પૂજ્ય માન્ય છએ અંગોની આડી અવળી બીભત્સ આસુરી ટીકાઓ કરીને રીતે માનેલા વિમુખપંથની હરીફ આમાવાડીયા સઘળી પ્રવૃત્તિનાં પુષ્કળ વખાણ કરવામાં આવે છે. આફ્રિકાના સમાચારમાં પૂ. આ. સત્સંગ મંડળે પ્રથમ કરેલા તથા બાપા-પંથીઓએ તથા કચ્છીઓએ કરેલાં મંદિરોની અને તદાશ્રિતોની જે તે અવળી રીતે અવગણના મનમાની કરીને, બોચાસણ પક્ષવાળાએ કરેલા મંદિરની અને તદાશ્રિતોની વારંવાર પ્રસંસાનાં ખોટાં ઢીંગ મારવામાં આવે છે. સુધાને સુધા કુધા કરવામાં મોટા હાથ આ ભાઈનોજ સમજાય છે. જેમાં પોતાના લગભગ લેખો લેવાય છે એવા સુધા માસિકને પણ સુધાની ઉપમા આપનારા પણ એજ છે. આ વાતમાં શંકાશીલોએ સુધામાં આવતા આ ભાઈના લંબાણ લેખો વાંચી વિચારી લેવા. સુધામાંજ નહિ, પરન્તુ બોચાસણ ગુણાતીત જ્ઞાન મંડળના વાજીંત્રસમા સ્વા. ના. પ્રકાશ માસિકમાં તેમના લેખો પ્રથમ આવતા. હાલમાં

વર્ષ ૧૬ અંક ૩ પેજ ૬૪ થી મુક્તાનંદસ્વામિકૃત "ધીર ધુરંધરા શૂરા સાચા ઘરાં" આ પ્રભાતીયાનું વિવેચન ફક્ત અક્ષરપંથાશ્રિતોને બળ શૌર્યનો વેગ વધરવાના ઈરાદેથી મુક્તાનંદ લખેલું છપાયું છે આપણ વાંચી લેવો. આટલુંજ અનુસંધાનથી વાંચશો તો અરેરાટ પાકું ચોખ્ખું ઓળખાણ થઈ જશે, જેથી સંપ્રદાયના કોઈને પાછળથી પસ્તાવાનું ન બને

આ કુલીન કહેવાતા પટેલ ભાઈ વચનામૃત, સત્સંગિજીવન, શિક્ષાપત્રી, લેખ આદિક શ્રીજીમાન્ય સર્વગ્રાહ્ય સચ્છાસ્ત્રોને અને છેવટે સુધા વિગેરે સઘળાં છાપાંને તેમજ આફ્રિકામાં નીકળતી સ્વકીય પત્રિકાને પણ જે તે એક એ મિથ્યા અપવાદ એમ તેમ ઉટાંગ આપીને તે સર્વેને સાવ હેય પદે ઉતારી પાડીને અટક્યા નથી. પરંતુ ગુ. સ્વામીના મિથ્યા નામે કે જે ધ્યેય રામ કૃષ્ણાદિ બીજા અભક્તોએ પાછળથી એમ તેમ ગોઠવી કાઢેલી વાતુ કે જે ધ્યેય રામ કૃષ્ણાદિ અવતારોના પરિદ્રોહમાં અને તેમનાં ગેય દિવ્ય ચરિત્રોના દોષદર્શનમાં પર્યવસાન પામનારી અવતારોના પરિદ્રોહમાં અને તેમનાં ગેય દિવ્ય ચરિત્રોના દોષદર્શનમાં પર્યવસાન પામનારી અને સંપ્રદાયે સમારંભથી સર્વથા અમાન્ય અગ્રાહ્ય કરેલી અને કોર્ટ ગ્રાહ્યશત્રુ લઈને આખા સંપ્રદાયે સમારંભથી સર્વથા અમાન્ય કરેલી. તે અગ્રાહ્ય વાતુનેજ વર્ષોવર્ષ છપાવીને પણ વાદીપ્રતિવાદીના પુરા પુરાવા લઈને હેય ગણેલી. તે અગ્રાહ્ય વાતુનેજ વર્ષોવર્ષ છપાવીને મફત કે પડી કીંમતે વહેંચી વેચીને તેનોજ એક બહોળો પ્રચાર સર્વત્ર કરવામાં બંડ-તાત્પર્યને લઈ જવામાં એકતાન બન્યા છે. વાંચો એ કુળવાન ભાઈનાં વૈખરી વાક્યોને—"વરસ દિવસે એકાદ સ્વામીની વાતો જેવી ચોપડી બહાર પાડે અને વિના મૂલ્યે કે પડતર કીંમતે આપવામાં આવે તો પત્રિકાઓ (આફ્રિકાની) કે છુટાં પાનનાં પેપરો (સુધાની) અને બાંધેલ માસિકો (પ્રદીપ, શ્રીહરિ, સ્વા. ના. પ્રકાશ, સ્વા. ના. દિગ્વિજય વગેરે) કચરા ટોપલીમાં ચાલ્યાં જાય. તેને બદલે આ પુસ્તકો સ્થાયી રહે અને શાસ્ત્ર તરીકે ભવિષ્યમાં ઉપયોગી થાય." ઇત્યાદિ. એવાં બીજાં તો બીભત્સ બહુતર છે પણ વિસ્તાર ભયથી લખતા નથી. આ પટેલના પટલાઈપેચ કેવા વંચક વિમુખપ્રમુખ છે તે છેવટના લેખાંકથી સર્વેને સ્પષ્ટ સમજાઈ જશે. બીજું કંઈ નહિ પણ સત્સંગિકુળ કલંકિત થાય છે એટલો ભય રાખ્યો હોત તો સારું હતું. કરમસદમાં આવા કોઈ પટેલ સત્સંગી પાક્યા છે? હવે આ મોટા ભાઈ "મારા જેવાએ તો તેને (સત્સંગિજીવનને) માળીએ ચડાવી મુકેલ છે" એમ લખે એ એમની વિમુખાનુયાયી નાત જાતને છાજતુંજ કહેવાય. 'યદા યદા મુઞ્ચતિ વાક્યબાણં તદા તદા જાતિકુલપ્રમાણં' એવી અભિયુક્તિ છે. જ્યારે ઇષ્ટદેવ શ્રીહરિએ સ્વહસ્તે સ્થાપેલા ઉપાસ્ય લક્ષ્મીનારાયણ નરનારાયણ આદિક દેવો, પૂજ્ય આચાર્યો, બોલવા ચાલવા સચ્છાસ્ત્રો, સેવ્ય સંતો અને સત્ય સત્સંગિઓ વિગેરેને તેમજ સંપ્રદાયની સઘળી કલ્યાણકારી આજ્ઞા—મર્યાદા, ધારાધોરણ અને બંધારણને કે કલ્યાણ માટે શ્રીજીએ ઉપદેશેલા સ્વ.સંપ્રદાયનાજ નિયમ, નિશ્ચય પક્ષને પણ ધકાવીને માળીએ અપુનરાવૃત્તિ ચડાવી મુક્યા તો ભાષાંતરની તો વાતજ શી? અને કીંમત શું? એતો નકામો ગણીને કહેવી? કુસંગિજીવનને સત્સંગિજીવનની જરૂર શી? અને કીંમત શું? એતો નકામો ગણીને માળીએ ચડાવી મુકેલા હેય વિમુખ ભગવાનજ ઘરમાં વસાવાને વાપરનારા છે. તેઓ સત્સંગિજીવનને માળીએ મુકે કે નેવે ચડાવે કે કચરાપેટીમાં નાખે એમાં નવાઈ શી? આ ભાષાંતર ન સમજાયું તો બીજું ભાવ સાર વિનાનું પણ ભાષાંતર સહેલું છપાએલું છે તેને લઈને વાંચવું હતું? આતો ફક્ત એમનું ખરું સ્વરૂપ બીજાઓને સ્વલ્પ ઓળખાવા પુરતું અલ્પાંશથી વિવેચન કર્યું છે. અમારે કશો પૂર્વગ્રહ નથી. સંચાલક શાસ્ત્રીઓને

અને સંપ્રદાયનાં શાસ્ત્રોને પૂર્વગ્રહથી ગમે તે અપવદીને રાજી રાજી રહે. એથી અમને ચિંતા કે શોભ નથી. આ રામભાઈ પટેલનું પટલાઇપેચ ભરેલું રામાયણ તો સુધાને પાને પાને અપરંપાર આડુંઅવળું પડયું છે એને ઉકેલીએ તો અત્યારે પાર આવે તેમ નહિ હોવાથી હાલમાં એમને રામરામ કહીને વિરામ પામીએ છીએ. સ્વસ્તિ. આ રીતે "આવે જય શ્રીહરિ" એ લેખનો જુજ જવાબ છે. અંતમાં "વિશેષ આવતે અંકે લખીશું" એમ આગળથી ચેતવણી આપીને ચિતર્યું છે તેનો જવાબ હવે આપીશું.

△ વર્ષ ૨૮ અંક ૧૯ પેજ ૧૪૬ સંપાદકીય લેખમાં "જય શ્રીહરિના સંચાલક ગુરુઓને" એવું હેડીંગ સંચાલકો માટેજ સ્પેશીયલ સંપાદીને "સુધાના ગયા અંકમાં અમે ટુંકા શબ્દોથી તો જણાવી દીધું છે પણ કાંઈક વિશેષ કહેવાનું–વિનતિ કરવાનું રહે છે, તે વડીલ તરીકે ઉપદેશ કરતો નથી કે વિરોધી તરીકે વઢતો નથી પણ માત્ર સેવક તરીકે વિનતિજ કરું છું. તે વિનતિ કરવાનો તો હક્ક સેવકને હોયજ" આ પ્રથમ પેરેગ્રાફ વિનતિનો છે. અમને સેવકોને ગુરુ તરીકે સંબોધો કે ગુરુ હોઇને સેવક તરીકે અમને વિનતિ કરો એ અતિ અયોગ્ય છે. ગુરુ તરીકે તથા વડીલ તરીકે ઉપદેશ કરો કે વિરોધી તરીકે વઢો એ સુયોગ્ય છે, ગુરુ તરીકે કે વિરોધી તરીકે વઢો તો અમને સેવકને ઉત્તર આપવાનો હક્ક તો સંબન્ધથીજ સિદ્ધ છે. ગયા અંકમાં ટુંકા શબ્દોથી જણાવી દીધેલું પણ આ અંકે વિશેષતઃ કહો છો તો એનો ઉત્તર પણ વિશેષતઃ આવે એ સહજ છે.

બીજા પેરેગ્રાફમાં "પ્રથમ માસિકનો મુખ્ય ઉદ્દેશ જણાવતાંજ "શ્રીહરિ" ની આવશ્યકતા કહેવી તે તો બરાબર છે, પણ બીજાને કોઇનું પૂંછડું વાંકું કહેવું ને કોઇનું શીંગડું વાંકું કહેવું ને કોઈની ચાંચ વાંકી કહેવી એવું તો જેમ એક આચાર્યને શિષ્યે પૂછયું કે "મહારાજ! વૈષ્ણવ સંપ્રદાયતો તમે કહ્યો પણ સ્વામિનારાયણ સંપ્રદાય કેવો!" ત્યારે કહે "પહેલો શીતળા દેવી જેવો ને બીજો તેના વાહન જેવો" એમ બધા સંપ્રદાયને દૂષણ લગાડીને પોતાના સંપ્રદાયને બીનદૂષણ કહેવો એતો તદ્દન એક દેશી મૂર્ખ કાશીની સભા જીતી આવ્યો તેના જેવું છે" આ પ્રમાણે સેવક તરીકેનો હક્ક સંપાદન કરીને ગુરુઓ માટે ત્રણ અપદષ્ટાંતો અસંગત અક્ષમ્ય બહુ દાખડે ખોળી લાવીને એકે સાથે અમને અડાવ્યાં. આ કેવો ગુરુ-વડીલભાવ? અને કેવો સેવકભાવ? નકરી નીચ મનોરંજક મશકરીયોજ છે. ગમે તે ભાવે ગુરુ–વડીલ કહે તે સેવકે સહ્ય છે. પરંતુ અવલિપ્ત, ઉત્પથ પ્રતિપન્ન અને કાર્યાકાર્યને નહિ જાણનારા ગુરુનો તો ત્યાગ કરવાનો શાસ્ત્રે કહ્યો છે એટલે હવે ગુરુભાવને છોડીને ગુરુના આશીર્વાદથી પ્રાપ્ત થએલી વિદ્યાના બળથી જ હવે તો ચોખ્ખો જવાબ આપવાનો આવ્યો. કોઇએ ઉંટને કહ્યું કે કોઇ સાથે મૈત્રી રાખો તો સારું. તેનો જવાબ (કવિત) "ઉંટ કહે આ સમામાં વાંકા અંગવાળા ભુંડા, ભુતળમાં પક્ષિઓ ને પશુઓ અપાર છે। બગલાની ડોક વાંકી પોપટની ચાંચ વાંકી, કુતરાની પુંછડીનો વાંકાજ વિસ્તાર છે॥ વારણની સુંઢ વાંકી વાઘના છે નખ વાંકા, ભેંસને તો શિર વાંકાં શીંગડાનો ભાર છે। સુણી પક શુક કહે સુણો ભલા ઉંટભાઈ, અન્યનું તો પક વાંકું આપનાં અઢાર છે॥" (કવિવર દલપતરામકૃત અલંકારાદર્શ ગ્રંથ) આ . . . દુષ્ટ દષ્ટાંત અડાવીને અમને એમ અપવદવાનો અભિપ્રાય છે કે જય શ્રીહરિનાં ઉંટની પેઠે અઢારેય

અંગો વાંકાં છે છતાં વખાણો છો અને સુધા વિગેરેનું બીજા પશુની પેઠે એકાદ અંગ વાંકું છે તેને નિંદો છો. ગુરુ શિષ્યને ઉભા કરીને વૈ. સંપ્રદાય અને સ્વા. ના. સંપ્રદાય સંબંધમાં 'યાદૃશી શીતળા દેવી તાદૃશં ખરવાહનમ્' (જેવી શીતળા દેવી ક્ષુદ્ર છે તેવું જ તેનું ખર વાહન ક્ષુદ્ર છે) આ વાક્યનો ભાવાર્થ અમને અડાવ્યો છે. કોઈ ગુરુ-શિષ્યે સંપ્રદાય સંબન્ધે આવો પ્રશ્નોત્તર કરેલો ઉપલબ્ધ નથી. ઉટાંગ ગોઠવ્યું જણાય છે. દષ્ટાંત અને દષ્ટાંતાર્થને સંગતિ નથી. સ્વસંપ્રદાયનાં વખાણ કરીને પરની નિંદા કરી હોત તો દષ્ટાંત બેસતું આવે, આચાર્યે તો સ્વસંપ્રદાયને શીતળા દેવીના દષ્ટાંતથી અપકર્ષ કહ્યો અને સ્વા. ના. સંપ્રદાયને ખરના દષ્ટાંતથી અપકર્ષ કહ્યો. એમ એણે તો બન્નેને દૂષણ આપ્યું છે. તમે તો 'બધા સંપ્રદાયને દૂષણ લગાડીને પોતાના સંપ્રદાયને બીનદૂષણ કહેવો' એવો સિદ્ધાંતાર્થ કરવા માગો છો. પ્રથમ દષ્ટાંતની સાથે બીજા દષ્ટાંતને મેળવીને તમારે તો અમને એમજ કહેવું છે કે-તમો બીજાને દૂષણ આપીને પોતાને વખાણો છો. બીજા સાથે મેળવીને ત્રીજું દષ્ટાંત અડાવ્યું છે તેથી એમ કહેવા માગો છો કે જેમ 'કોઈ મૂર્ખ માણસે કાશીની સભા જીતી તેમ તમે મૂર્ખાઇથી બીજા કોઈ મોટા સાચુ કહે તેને ખોટું કહીને જીત કરો છો. એટલે તમો મૂર્ખા છો એમ કહેવાનું અંત્ય તાત્પર્ય છે. આવાં વાંકાં અસંગત અપદષ્ટાંતો ગામઠી ગોતી લાવીને સિદ્ધાંતાર્થ એવો કહેવો છે કે "સ્વમાસિકનો મુખ્ય ઉદ્દેશ જણાવવો અને આવશ્યકતા કહેવી તે બરાબર છે પણ બીજાનો દોષ જણાવવો કે અનાવશ્યકતા કહેવી તે બરાબર નથી. અમે પણ એજ અભિપ્રાયના અચુક હતા, પણ ગુરુનાં સુધાવાકયો પૂર્વાપરના અનુસંધાનથી અંતઃપ્રવેશ કરીને વાંચ્યાં ત્યારે તો એવું ચોખ્ખું જણાયું કે આતો 'સહસ્રાન્ધદૃશઃ સ્વદુર્નયે પરદોષેક્ષણદિવ્યચક્ષુષઃ' એમાં કહ્યા મુજબ બીજા માસિકોના યથેચ્છ ખોટા ખોટા-દોષો દર્શાવીને પોતાનાને નિર્દોષ સર્વોપયોગી સર્વોપરી ઠરાવા માગે છે. 'खलः सर्षपमात्राणि परछिद्राणि पश्यति। आत्मनो मेरुमात्राणि पश्यन्नपि न पश्यति॥' આ રીતે ખળનો સ્વભાવ જાણીને એનું મનમાં દુઃખ લાવ્યા નહિ. સહન કરી ગયા. પરંતુ જેને તમો ઉઘાડે છોગે સ્વમુખે સંપ્રદાયબહિર્મુખ કુસંગી કહેતા અને તદાશ્રિત શિવાભાઈ, રામભાઈ આદિકના લેખોને વિમુખી કહીને માસિકમાં પણ લેતા ન હતા અને ઉલટું તેના માન્યતાને ખુબ ખંડન કરતા હતા એજ બંડીયા અને તેનાં પેપરોના સાથમાં અમને ગણીને સરખીજ કીંમત આંકવા લાગ્યા ત્યારે 'गुञ्जया सह तोलनम्' એમાં કહ્યા પ્રમાણે બીજુ તો કાંઈ નહિ પણ સુવર્ણને ચણોઠીથી સાથે તોળવાથી સુવર્ણને દુઃખ થાય તેમ બહુ દુઃખ થવા લાગ્યું. એનેજ પરિણામે અમારે સામાનો સત્ય દોષ અને સાચીજ અનાવશ્યકતા પ્રદર્શાવવાપૂર્વક પોતાના માસિકની નિર્દોષતા અને આવશ્યકતા સાચીજ સૂચવવી પડી છે. એમાં મિથ્યા પરદોષદર્શન કે મિથ્યા સ્વશ્લાઘાને સ્થાન નથી. અમે પરનો દોષ કે પોતાનો ગુણ કહ્યો છે એમ માનતા હો તો પણ તે આખા સંપ્રદાયના અને પોતાના પણ લાભાર્થે છે અને સંપ્રદાયને એક ખરી ચેતવણીરૂપ છે. તમે જેને સંપ્રદાય બાહ્ય કહેતા તેને અમે વાંકુ ચુંકુ કે અનુપયોગી કહ્યું છે. તમે જેને એક પક્ષનું કે એક દેશનું કહેતા હતા તેને તેમ કહ્યું છે. તમે જ્યારે સન્મુખો સાથે બહિર્મુખોને સંપ્રદાયનાં શાખા પ્રશાખામાં ગણીને સરખા દરજ્જામાં બેઠોળવા આગ્રહથી મંડયા ત્યારે તમને તેવા કહ્યા છે. જેનું જેવું વાંકુ પૂછડું

કે શીંગડું કે ચાંચ તે મુજબ કહ્યું છે. મનમાં સમજે તો એમાં અમે કશુંજ ખોટું કહ્યું નથી. આપે જનશ્રુતિનો અનુવાદ સુધરા લીધો છે તે તેવાજ રૂપનો છે છતાં અમે કાંઈ ખોટું કહ્યું હોય તો જણાવશો. અમે સ્વીકારવા સન્નદ્ધ છીએ. હુંજ સાચો અને હુંજ સર્વજ્ઞ એવું આકરું અભિમાન આપની પેઠે અમે ધરાવી બેઠા નથી. ઉપરની બાબતની સત્યતાને માટે થોડાં સુધાનાં વાક્યો જોઈએ—

જે પેજમાં આ લેખ છે એના જ અંતમાં " અવલોકન " એવું ખાસું હેડીંગ કરીને નાશિકમાં એકજ રાત્રિ પ્રસંગાત્ આવી વસેલા કવિ માવદાનજી પાસે એક દોહરો " જોયાં ગુરુકુળ આશ્રમો, છાત્રાલયો અનેક; ફ્રી શિક્ષણ ભોજન મળે, બ્રહ્મચર્યાશ્રમ એક (૧) જ્ઞાનયજ્ઞ શ્રમયજ્ઞ સહ, વર્તન વાણી વિવેક; તપોવનમાં મધ્ય છે, બ્રહ્મચર્યાશ્રમ એક. (૨) આવો કરાવીને છાપ્યો છે. આમાં ગુરુકુળ (રાજકોટ વિગેરનાં) આશ્રમો છાત્રાલયો (વઢવાણ વિગેરેનાં) વિગેરને અવગણીને એક તપોવન બ્રહ્મચર્યાશ્રમ કે જેમાં પોતાનું કશું સ્વત્વ કે તત્ત્વ કે મહત્ત્વ નથી તેનાજ ભારે વખાણ રવ્યું કરવામાં આવ્યાં છે. એમાં કેવો જ્ઞાનયજ્ઞ, શ્રમયજ્ઞ, વર્તન, વાણી, વિવેક, તપ, બ્રહ્મચર્યને આચરનારા અને ફ્રી શિક્ષણ ભોજન લેનારા કેવા કેટલા છે ? તેને જાણેમેદુ જાણે છે. હીંગોળે હીંમ દર્યો જેવી વાયડ વાત છે. આ શું પોતાની એકની પ્રશંસા માટે અને બીજા બધા સંપ્રદાયસ્થ જનો અને વડતાલ અમદાવાદ ગાદી તળે ફ્રી ચાલતી પાઠશાળા ગુરુકુળ આશ્રમો વિગેરેની અવગણના કરી ન કહેવાય ? પુછો પ્રથમ ગુરુકુળવાળા મિત્રને !

વળી વર્ષ ૨૮ અંક ૧ ના રંગિત ટાઈટલ પેજ ઉપર જ "નૂતન વર્ષાભિનંદન અથવા આશીર્વાદ" એવું હેડીંગ અડાવીને, 'વાણી મઙ્ગલરૂપિણી' આ એક મંગળ શ્લોક કે જે શિક્ષાપત્રીના પ્રથમ શ્લોકના ટીકામાં છે તેને ગુજરાતી ટૈપમાં છાપીને, (જેની વાણી, હાસ, નેત્ર, હસ્તવિલાસ, મુખ, પાદગતિ વિગેરે સર્વ અંગો મંગળ છે તે મંગળમૂર્તિ શ્રીહરિ સમસ્ત જગતનું મંગળ કરો એવા ભાવાર્થનો છે) એનું ઉટાંગ તાત્પર્ય સુધામાં સુધા ઘટાવવા માટે "જેની વાણી 'સુધા'રૂપ છે, જેના નેત્રોમાંથી 'સુધા' ઝરે છે, જેના બન્ને હાથ 'સુધા' વર્ષાવે છે, જેનું મુખ 'સુધા'કર છે, જેના ચરણની રજ 'સુધા'મય છે, જેના હૃદયમાં 'સુધા' ભરેલ છે, જેનું ઉદર 'સુધા'કુંભ છે, ને 'સદ્વિદ્યા' પ્રવર્તાવવાની આજ્ઞા કરનારા, 'સ્વા. ના. પ્રકાશ' આપનારા, 'સ્વામિનારાયણ દિગ્વિજય' કરનારા, 'સત્સંગ' અને 'સુધા'ની મૂર્તિ 'શ્રીહરિ' અખિલ સત્સંગને અખંડ રાખો, સર્વનું કલ્યાણ કરો ને સર્વના હૃદયમાં "સુધા" ભરો" આવાં રૂપક વ્યંગ્ય વાક્યો સુધાની પ્રશંસાપર્યવસાયી યુક્તિસર આલંકારિક ફેટ લખ્યાં છે, જેનો અર્થ રામભાઈ જેવી સામાન્ય જનતા સમજી શકે નહિ. જ્યારે જનોનું મંગળ વાંછવું હતું તો 'વાણી મઙ્ગલરૂપિણી' આ શતાનંદ મુનિકૃત મંગળ શ્લોકજ પ્રસાદભુત અલં હતો. એનાં કેટલાંક પદોને સ્વાર્થ પુરતાં ફેરવવાનું ડહાપણ દોઢ અને અખતર કર્યું છે. આમાં સ્વા.ના. પ્રકાશ અને સ્વા. ના. દિગ્વિજયને કરનારા અને સદ્વિદ્યા પ્રવૃત્તિની આજ્ઞા આપનારા પણ ભગવાન શ્રીહરિને ખોટી રીતે હરાવ્યા છે. એ સર્વના હૃદયમાં સુધા ભરવાનું અંત્યે તાત્પર્ય તાણી ગયા છે. 'મુવો મુવે ત્યારે નાળીયેર ઘર તરફે ઘાલે' એ કહેવત જેવું કર્યું કહેવાય.

જ્યારે સુધા સીધી હતી ત્યારે કોણ ના કહેતું હતું. પરંતુ જ્યારે એની રગરગમાં વિમુખ-વિષ ગરી ગયું ત્યારે તો જેની વાણી વિવેકિઓને "વિષ"રૂપ થાય છે, જેનાં નેત્રોમાંથી નિરીક્ષકો ઝેર ઝરતું જુવે છે, જેના બન્ને હાથ વિષને વર્ષતા વિચારકોને વિદિત થાય છે, જેનું મુખ 'વિષા'કર (વિષની ખાણ) વિલોકનારને વ્યંજીત થાય છે, જેના ચરણની રજ વિષમય ઉડતી દેવીઓને દેખાય છે, જેના હૃદયમાં વિષ છલોછલ ભરેલું પર્યાલોચકોને પ્રતીત થાય છે, જેનું ઉદર વિષકુંભ વિજ્ઞાનિઓને વિદિત થાય છે, એથીજ સદ્વિદ્યામાં અસદ્વિદ્યાનું આવાન કરનારી, સ્વા. ના. નો પ્રકાશ નહિ પણ અપ્રકાશક હોઈને દિગ્-પ્રકાશનો પ્રતિરોધ કરનારી, સ્વા. ના. નો દિગ્વિજય નહિ પણ અદિગ્વિજય હોઈને દિગ્-વિજયને રોકનારી. સત્સંગને કુસંગ કરનારી અને શ્રીહરિને તો અશ્રીહરિ કરનારી છેવટે નીવડી છે. એમ થતાં અત્યારની સુધા તો અપેય અશ્રેય અસ્પૃશ્ય અદૃશ્ય અશ્રોતવ્ય અને અમંતવ્ય થઈ ગઈ છે. સુમતિથી અંતઃપ્રવેશ કરીને પૂર્વાપરના અનુસંધાનબળથી જુવો તો સ્વયં જણાઈ આવશે. અમારે કંઈ કહેવાનું રહેશે નહિ. વાંકાં અંગની વાત કરો છો તે હશે કોઈનું એક બે, પરંતુ આપનાં તો અઢારેય અંગ વાંકાં થઈ ગયાં છે. ચોખું દર્પણ લઈને દેખો. મૂર્ખ માણસે સભા જીત્યાની વાત કરો છો તેપણ આપને વિષે ઘટતી છે, કારણ કે ઘણા સભાસદો, મિત્રો હિતસ્વીયો વિગેરે ઘણું કહે છે પણ કોઈનું માનતા નથી. વેરાનું નાકું છોડતા નથી. હજીપણ જેને વિમુખ કુસંગ છડેચોક કહેતા તે દુઃસંગલાળને છેક છોડી દેશો તો સુધા કહેવાશે. શ્રીજીના શબ્દમાં કહીએ તો જેમ દુધમાં સર્પે લાળ નાખી હોય તેને જે કોઈ પીવે તેના પ્રાણ નાશ થાય જેથી તે અપેય કહેવાય છે. જેમ સોળવલ્લા સુવર્ણમાં તાંબા રૂપાનો ભેગ ભળે ત્યારે તેના પ્રમાણે દશ કે બાર વલ્લુ થઈને અલ્પકીંમતવાળું થઈ જાય છે તેમ સુધા પણ મુધા કુધા થાયજ. માટેજ અમે સેળભેળને છોડી દેઈને અને વિષલાળને બંધ કરીને યથાપૂર્વ શુદ્ધ રહેવાની વિનંતિ કરીએ છીએ. આતો વિષમય સુધાને સર્વમાં ભરવાની છેવટે વાત વાંચ્યા એટલે આની આવી અવળી સ્થિતિ જણાવવી પડે છે.

વળી આજ વર્ષના પ્રથમ અંકમાં 'સંપાદકીય' લેખના આરંભમાં 'નૂતનવર્ષાભિનંદન અને આશીર્વાદ સંપ્રદાયનું નૂતન નાટય ભજવતાં "સુધાએ પણ સર્વને અભિનંદન અને આશીર્વાદ સંપ્રદાયનાં સર્વ સામયિકોને સાથે રાખીનેજ આપ્યા છે. બધાં પત્રો સુધાને યાદ કરે ન કરે પણ સુધા પોતાને વડીલ માને છે તે બીજાને કેમ ભુલે ? વડીલનો ધર્મ બજાવેજ" આ રીતે વિમુખ સન્મુખ સર્વ સામયિકોને એક પંક્તિમાં સાથે સંડોવીને વડીલ તરીકે સર્વને અભિનંદન આશીર્વાદ આપવાની યોગ્યતાનું અભિમાન પ્રદર્શાવીને, વળી "અમારે શું આપવું ?" એવું મથાળું બાંધી "જેમ અંતર્યામીની અને અંતર્યામી જેવા તેમના સભાસદોની પ્રેરણા થઈ છે તેમ આપું છું. હું સમજુ છું કે મને સત્સંગમાં દોઢડાહ્યો કોઈ કહે છે...મને પણ અંતર્યામી અને સભાસદો પ્રેરણા કરે એટલે મારે કહેવુંજ જોઈએ અને લખવુંજ જોઈએ" એવો દુરંત દાંભિક પ્રસ્તાવ કરીને, 'સુધાવિષે' એવું પણ પૃથક્ મથાળું કરીને "રાજકોટમાં ગુરુકુળની સ્થાપના થતાંની સાથેજ અમને આશ્રમ સુપ્રત થયો જેથી અમારે નાસિક જવું પડ્યું, સુધા ગુરુકુળને સુપ્રત થશે યાતો વર્તમાન પત્રનું રૂપ લેશે...સત્સંગમાં એક પત્ર કે સંસ્થા એક પ્રકારની સેવા કરે ત્યારે બીજાને

દેજ અને તેવાજ પ્રકારની સેવા કરી હરિફાઇ કરવાનો ઈરાદો રાખવો ન જોઇએ. રાખે તો તેમાં સેવાભાવ રહેતો નથી પણ રાગ અને આગ્રહ વધી જાય છે, એવું ન થાય તે માટેજ અમે સ્થાન અને સેવાને પૃથક્ સ્વરૂપ આપી દીધાં છે"... આ પ્રમાણે મૂખ'મોહક મિથ્યા ઉપોદ્ધાત ઘટાવીને, "આ પ્રમાણે સદ્વિદ્યા અને સુધા બન્ને સત્સંગમાં પૃથક્ પૃથક્ સેવા ઉપાડીને તથા વિદ્યાદાન માટે પણ પૃથક્ પૃથક્ કાર્ય સંભાળીને બન્ને ઘણીજ મિત્રતાથી સત્સંગની સેવા સૂર્ય ચંદ્રની માફક અનુક્રમે કરી રહ્યા છે. સાથે શ્રી હરિ પણ જુની પ્રણાલિકાને નહિ ભૂલવા માટે સત્સંગની મર્યાદાઓ રુઢિઓ અને શાસ્ત્રમાં લખેલા સિધ્ધાંતોને છણીને સમાજને સારો લાભ આપે છે. અને વ્યવહારની ખામીઓ બતાવી સુધારવા સૂચના કરે છે વિગેરે. ને બીજાં બે માસિકો પણ પોતપોતાની શાખાઓને જળ સિંચી સત્સંગની સારી સેવા કરે છે" આ રીતે સર્વના અંદર્શનમાં આવતા સૂર્ય ચંદ્રનું મોટું દૃષ્ટાંત આપીને સુધાની પરમા પ્રશંસામાં તાત્પર્ય લઇ જવાનું દોઢ ડહાપણ ઉઘાડું દાખવ્યું છે. આનું વિવેચન કરીએ તો બહુ લાંબુ થાય તેમ છે પરંતુ આ પ્રસંગે વિવિક્ષિત સિધ્ધાંતાર્થ પુરતું પર્યાલોચન કરીએ.

સદ્વિદ્યા અને સુધાને પ્રથમ નંબરે સ્થાપીને, તેને સૂર્ય ચંદ્રની અનુક્રમે મોટી ઉપમા આપીને, સૂર્યચંદ્રવત્ લોકોપયોગી મોટી કરાતી સત્સંગ સેવાને જણાવીને, સર્વોપરી પ્રશંસામાં પક્ષપાતી પરમ તાત્પર્યને લઈ ગયા છે. આ બાબત આપેલા સૂર્ય ચંદ્રના દૃષ્ટાંતથીજ સુસિધ્ધ થાય છે. સૂર્ય ચંદ્રના આગળ અલ્પ તેજવાળા તારાઓનીજ જેમ એમ બીજાં ત્રણ માસિકની કશી કીંમત કે પ્રકાશક તરીકેની ગણુતરીજ નથી એવો પણ ભાવાર્થ ચોખ્ખો નીકળે. સૂર્ય ચંદ્ર જેમ અખિલ લોકનો પ્રકાશાદિક વડે સારી સેવાને સ્વસ્વસ્થાનમાં રહીને સદા કર્યા કરે છે તેમ આ બે પેપરોજ સ્વસ્વસ્થાનમાં વિરાજીને શાખા પ્રશાખા વિશિષ્ટ અખિલ સત્સંગ સમાજની સેવાને વિદ્યાદાનાદિકે કરીને કર્યા કરે છે. બીજાં પેપરો તો પોતપોતાની શાખા પ્રશાખાની (મૂગની નાંહ) સ્વલ્પ સેવા નિરુપયોગી નાગની કરે છે એવો પણ ઈત્યર્થ સુખેથી નીકળે. વળી બે મિત્ર પેપરો તો કશી હરિફાઈ વિના ઘણીજ મિત્રતાથી સમાજોપયોગી કામને કરનારાં છે અને બીજાં બધાં તો હરિફાઈથી ઘણીજ અમિત્રતાથી કામ કરનારાં છે એવો પણ ભાવાર્થ મિત્રતા પ્રદર્શનથી નીકળે છે. આ રીતે એક પોતાની અને બીજા મિત્રની મિથ્યા શ્લાઘા અમર્યાદ સ્વમુખે કરીને, શ્રી હરિ માટે તો જુની પ્રણાલિકા, મર્યાદા, રુઢિઓ અને રુસ્થાસ્ત્રસિધ્ધાંતો કે જેનો નવા જમાનામાં કશો ઉપયોગ નથી અને જેને પોતે માનતા પણ નથી તેને છણવાની સેવા કરે છે એમ કહીને હેયપદે કાઢી નાંખવામાં આવે છે. નવી સેવા આગળ જુની સેવાની કીંમત પણ શી? અને ગણુતરી શી? એ આધુનિકોનો નિધડક દુરભિપ્રાય છે. માટેજ જુનાની ક્રાંતિ કરવા કટિબધ્ધ થયા છે. શ્રી હરિ માટે તો નહિ કશી ઉપમા કે નહિ કશું મહત્વ કે વસ્વ? જુનામાં કાઢી નાંખ્યું. જ્યારે પોતાને સૂર્ય ચંદ્રની ઉપમા આપી ત્યારે શ્રી હરિને તથા બીજાઓને તારાઓની ઉપમા આપી હોત તો પક્ષપાતને થોડું સ્થાન રહત.

જ્યારે અખિલ સત્સંગની સૂર્યચંદ્રવત્ સકળ સેવા અને વિદ્યાદાનનુ મહત્કાર્ય આ બે વાડાવાળાએજ ઉલડ ઉપાડી લેવાનો આગવો ઇજારો લઈ લીધે. ત્યારે હવે સંપ્રદાયના આચાર્ય ત્યાગી સત્સંગીઓને તો કશું કરવાનુજ ક્યાં રહ્યું? માંધાતા રાજાની પેઠે

બધુજ ક્ષેત્ર સૂર્યચંદ્રવત્ આવરી લીધું. હવે બીજા નવરા નમારમુંડા કરશે શુ? એમ પોતે બે સૂર્યચંદ્રવત્ આગળ રહીને શ્રીહરિને ત્રીજા તુચ્છ પદે વચ્ચે સ્થાપવાનું દોઢડહાપણ કરીને, 'ને બીજાં માસિકો પણ પોતપોતાની શાખાઓને જળ સિંચી સત્સંગની સેવા સારી કરે છે. એમ ટુંકામાં અનાદરથી પતાવી દીધું. એમનું સ્વા. ના. પ્રકાશ તથા સ્વા. ના. દિગ્વિજય નામ પણ લેવામાં જાણે રાહુ કેતુની છાયાથી અભડાતા હોય એમ સંકોચાયા કે શરમાયા સમજાય છે. તેમણે કરાતી સેવાને તો મૂળ સત્સંગવૃક્ષની કે તેની સાથે સંકળાઈ રહેલી બે શાખા પ્રશાખા નહિ, પણ પોતપોતાની, મૂળ વૃક્ષથકી કેદાગ્રહને લેઇ વિખુટી પાડેલી શાખાને સૂર્યચંદ જેમ આખા જગતને અપરિમિત જળથી અનાયાસથી સિંચી દે છે એમ નહિ પણ અલ્પ જળનું સિંચન મહામહેનતે જેમતેમ ઉપરથી લીલી રાખવાની સ્વકલ્પિત સત્સંગની સેવાને કરતા જણાવ્યા છે. આ તાત્પર્યાર્થ "પોતપોતાની શાખાને" આ નિર્દેશ કરેલા શબ્દ ઉપરથીજ નીકળે છે. પાછળના એને તો નહિ કશી ઉપમા કે નહિ કશું મહત્વસૂચક વિશેષણ. ઉપલેક શાખા પ્રશાખામાં ગણીને પણ દશા તો બહિર્વાસીના જેવીજ ભુંડી લાવ્યા છે. એથી એમને લેશ લાભ નથી. શાખા પ્રશાખામાં ગણવાથી એ બે ફુલાય એટલું જ. સંપ્રદાયવૃક્ષમાંથી કાપીને વિખુટી પાડેલી મૂળશાખાનું બંધબેસતું આ દૃષ્ટાંત તો અક્ષરપંથી અને બાવાપંથીઓ માટે જ ખાસ ખોળી કાઢીને અનેકવાર અડાડ્યું છે. વિવેચન ઉપર આવી ગયું છે. સૂર્યચંદ્રવત્ પોતે આગળ અને બે બાજુને પાછળ કરીને અને વચ્ચે શ્રીહરિને સંડોવીને કેવું પંચક ગોઠવ્યું છે તે બધાજ જોઇ લ્યો. કેવી અક્કલ દોડાવી દોડાવી છે! મળતા સ્વરૂપ સ્વભાવવાળા ચારેયને એક સાથે ગોઠવીને શ્રીહરિને જુદુ પાડી દીધુ હોત અથવા નામજ ન લીધુ હોત તો અમને કશીજ ચિંતા ન હતી. હવે સંપ્રદાયના અભિજ્ઞ અનુયાયિઓ સાનમાં સમજી લેશો કે—આ નાશિકીય શાસ્ત્રીજી એક દિશાએ રાજકોટ ગુરુકુળથી ઉગ્ર સૂર્યનો અને બીજી દિશાએ તપોવન બ્રહ્મચર્યાશ્રમ થકી શીતળ ચંદ્રનો ઉદય કરીને આખા સત્સંગક્ષેત્રને આવરીને સઘળી સેવા અને વિદ્યાદાનનો કન્ટ્રાટ લઈ લીધો છે તો હવે બીજા બધા આચાર્યાદિ અનુયાયિઓ નવરા કરશે શું? અને હવે પડંગોનું કાંઈ પ્રયોજન રહે છે? કેવી વડાઈ, બડાઈ અને ભંડાઈ? વડીલનો વરવો વેષ ધારીને ઉપર પ્રમાણેના પક્ષપાતથી અભિનંદન કે આશીર્વાદ અપાય એ યોગ્ય છે? આ વડીલનું સુલક્ષણ કે કુલક્ષણ? આને ખોટો ઢાંગ ઢોળ કેમ ન કહેવો? ગુરુકુળવાળા મિત્ર શાસ્ત્રીએ પણ પ. પૂજ્ય બ્રહ્મસ્વરૂપ બ્ર. શા. ને "અધ્યાત્મની પ્રતિભા વિશિષ્ટાદ્વૈતથી ઉજ્જવળ બનો, ને એ વિશિષ્ટાદ્વૈત જનહિતકારી હજો. સત્સંગ સદ્વિદ્યા ઋચુર ગુરુકુળથી વિસ્તૃત બનો" ઇત્યાદિ પદ્યબદ્ધ આપેલું નૂતન વર્ષાભિનંદન એજ અંકમાં છપાએલું છે. એમાં બીજા સામયિકોને નહિ ભેળવતાં એજ નૂતન વિશિષ્ટાદ્વૈતવાદી સમજ્યા છે એ સારું છે. આતો વડીલાઇ બતાવીને એક પંક્તિમાં બધાને બેસાડીને પંક્તિભેદ કરે છે એનું બીજાને દુઃખ થાય કે નહિ? પોતા માટે અને મિત્ર માટે 'અહો રૂપમહો સ્વરઃ' એ કહેવતે ગમે તેવાં વાયડ વંચાણ કરે અને અમને જુનું પુરાણું નિરુપયોગી કહીને વિનિંદાને કાઢી નાખે એ કેવી વડીલતા? અક્કલની અજીરણી ન કહેવાય? પોતે વિશિષ્ટ થાય છે અને બીજાને પોતાનું

વિશેષણ બનાવે છે એ કેવી જાતની અદ્વૈતદૃષ્ટિ? કંઈ સમજાતું નથી, મન મુઝાય છે.

સમગ્ર આશ્રિતોને એક સાથે સંડોવીને આશીર્વાદદાનમાં આવતી ભેદ દૃષ્ટિને ઢાંકવા માટે અંતર્યામી અને અંતર્યામી જેવા તેમના સભાસદોની પ્રેરણાને મુખ્ય અવલંબન લાવ્યા છો એ પણ એક દંભડોળનું ખુલ્લું પ્રદર્શન જ છે. કોણ અંતર્યામી અને કોણ તેના સદાસદો? એ પણ અણઉકેલ્યો એક ગોટાળોજ ગબડાવ્યો છે. અંતર્યામી જેવા સભાસદોમાં તો કેવળ સંપ્રદાયનાજ નહિ પણ આપના મત મુજબ બાહ્ય બોચાસણ પંથના અને બાપા પંથના પણ અગ્રણી હોયજ. એ સભાસદો સદ્ગુરુને સૂર્યની અને સ્વામીને ચંદ્રની અને શ્રીહરિને જુના પ્રણાલિકાને વળગી રહેનારા અને બીજા એને કરી ઉપમાજ નહિ એવા ઉઘાડા પક્ષપાત ભર્યા આશીર્વાદને આપે ખરા? આ કૃત્ય સભાસદોને શરમાવા જેવું કહેવાય કે નહિ? અને એવા ભેદદૃષ્ટિભર્યા આશીર્વાદ આપવા જાય તો અંદર અંદર મહાન મતભેદ પડે કે નહિ? અંતર્યામી કે તત્સદૃશ સભાસદોની પ્રેરણા નહિ, પણ આપનાજ અક્કલના ઉલ્લાસ કહો તો અંતર્યામી અને તેના સભાસદો ઉપર વૈષમ્ય નૈર્ઘૃણ્યનો મહાદોષ ન આવે. અંતર્યામી તો કર્માનુસારે પ્રેરણા કરનાર છે તેમણે આશ્રિતોના કર્માનુસારે પ્રેરણા કરી હશે કે સ્વેચ્છાનુસારે? એ પણ એક પ્રશ્નનો ઉત્તર કરવો પડશે. અંતર્યામીએ કંઈ પ્રેરણા કરી હશે અને આપ અન્યથા કહેતા હો તો પણ કોણ જાણે છે? પોતે કરેલો દોષ અંતર્યામી અને તત્સદૃશ સભાસદો ઉપર ચઢાવો તો નાસ્તિકકર્મ કહેવાય. ખરું કહીએ તો 'યોऽन्तर्यामितया स्थितः' એમ અંતર્યામી તો પરમાત્માને જ કહેવાય. સર્વની અંદર આત્માપણે રહીને સર્વને નિયમન કરે એને અંતર્યામી કહે છે. એના જેવો બીજો કોઈ પણ અંતર્યામી થઈ શકે નહિ એ શાસ્ત્રસિદ્ધ બાબત છે. એકલાં અંતર્યામીને લેવાના હતા.. બીજાને લીધા છે તે ભારે ભૂલ છે, કેમકે એમાં મોટો વિવાદ છે. જો કે આશીર્વાદમાં કશો દાખલો નથી અને એથી સામાને કશો લાભ પણ નથી. પરંતુ જ્યારે સર્વેશ્વર સર્વાન્તર્યામી સુધીની સર્વોપરી પ્રેરણા ન છુટકાની લાવ્યા અને વડીલપણાનો આભિમાનિક ડોળ લાવ્યા ત્યારે એમાં આપે જણાવ્યા મુજબનો પક્ષપાત ન થવો જોઈએ એટલું અમારે સ્પષ્ટ કહેવું છે. જ્યારે સુધાને કોઈ પત્ર યાદ કરતું નથી તો તમારે બીજાને યાદ નજ કરવાં જોઈએ. વડીલપણાનું અભિમાન તો નિરર્થક અને અનર્થક નીવડે છે એમ આપ સર્વજ્ઞની જાણમાં કેમ નથી આવતું! એક સદ્વિદ્યા સંભારે છે તો તેને સંભારો અને વડીલપણાનો મોહ મૂકી દો. રાજકોટમાં ગુરુકુળની અને નાસિકમાં આશ્રમ સુપ્રતની એક સાથે વાત લાવ્યા છો એ પણ બનાવટી છે. છેવટે સુધાયો આપીને ગુરુકુળને સોંપવાની પણ વાત લાવ્યા છે. સુધાને વર્તમાનપત્ર બનાવવાની વાત તો ૧૩ મા વર્ષથી કરતા હતા તે ૨૭ માં સિદ્ધ કરી. જેમ મંછાકાકા બહુ વર્ષ વિચારીને શિમડામાં ભરાયા હતા તેમ ભરાયા છે એમ લોકો કહે છે. બે મિત્રો વચ્ચે હરિફાઈ કરવાના ઈરાદાની ના કહો છો પણ આરંભ સત્રમાં જ થઈ હતી. ગુરુકુળવાળાને એ આશ્રમ લેવાની ચેરવી હતી અને એને માટે નાસિક પણ એક બેવાર જઈ આવ્યા હતા. પણ આપે ઉતાવળ કરીને ટ્રસ્ટીઓએ જેમ કહ્યું તેમ લખી આપીને આપે લઈ લીધો છે. તમો જેને વેવલા કહો છો એવા સેવકોની સેળભેળ હોવાથી ઉપરથી મિત્રતા બતાવવા વિના છુટકો નથી. હરિફાઈ તો કાર્યથી અનુમાતી ચાલુ છે. રાગ—અમહ રાખવાની ના કહો છો તે પણ ચાલુ જ છે.

શ્રા. શા. બાળકૃષ્ણાનંદજી નાસિકવાળાના આનંદ માટે—

(ગતાંકથી ચાલુ)

એકે સુધા સુપ્રતની વાત મિત્રને કરેલી પણ નહિ સોંપવાથી મિત્રે સામી સદ્વિદ્યા ખડી કરી અને સુધાનું સ્થાનજ રાજકોટ રાખ્યું. એકે મોટાં મંદિરોની માફક ગૌશાળા કરી તો બીજાએ પણ કરી. એકે શિખરબંધ મંદિરોની પેઠે ઉટાંગ ઉત્સવો ગોઠવ્યા તો બીજાએ એજ રીતે ગોઠવ્યા. એકે વાર્ષિક ગાઢ ઉજવવાનો આડંબર કર્યો તો બીજાએ કર્યો. એકે મહામંદિરોની માફક આશ્રમમાં યજ્ઞ, ઉત્થાપન, પારાયણાદિ વ્રત ગોઠવ્યું તો બીજાએ પણ એમજ કરવા માંડયું. એકે મુદ્રણાલય ખોલ્યું તો બીજાએ મોટારૂપમાં ખોલ્યું. એકે ગુણાતીતાનંદસ્વામીની વાતુ અમાન્ય હેવ જણાવી તો બીજાએ પણ છપાવવાની શરૂઆત કરી. એકે સંસ્કૃત પાઠશાળા કે જે શિક્ષાપત્રી વચન મુજબ આચાર્યશ્રીના અધિકારવાળી છે તે સ્થાપી તો બીજા મિત્રે પણ સ્થાપી. તેમાં વિદ્યાર્થી ત્યાગીઓને નહિ રાખવાની વાત સુધાના સૂત્રધારે વર્ષ ૨૩ અંક ૪ "મારો અભિપ્રાય" એવું ખાસ હેડીંગ લગાવીને ગુરુકુળ સ્થાપનના પ્રથમ પ્રેરક પણ પોતેજ બનીને, એ અંગેની અનેક વાડી વાતોને વિલપીને, "વળી થોડું બીજુ પણ કહેવાની જરૂર છે કે—આ સ્થાનમાં વિદ્યાર્થીઓ સાથે ત્યાગીઓના સહવાસ તો શું? પરંતુ સંચાર સરખો પણ ન હોવો જોઈએ, જે ત્યાગિઓને વિદ્યાર્થી તરીકે રાખવા હોય તેઓ પણ મંદિરના વાતાવરણથી હજી રંગાઇ ગયા ન હોય તેવા નવા ત્યાગિઓનેજ રાખવા કારણકે આપણે હૃદયમાં બળતાં પણ કહેવું પડે છે કે આપણા ત્યાગીઓમાં ઘણો વર્ગ ખાવુ, ખાડા ને ખાટલાં, મોજ શોખ પદાર્થ સંગ્રહીને આળસનાજ ઉપાસકો હોય છે......માટે મંદિરની હવા જેના હૃદયમાં અસર ન થઇ હોય તેવાજ રાખવા જોઇએ. શ્રીજીને ગમતી વસ્તુ (બ્રહ્મચર્ય)નો આપણે ગુરુકુળના વિદ્યાર્થીઓમાં ન રેડી શકીએ તો પ્રયાસ બધો વ્યર્થ છે, માટે સંસ્થાની મીલકતની વ્યવહાર શુદ્ધિ અને વિદ્યાર્થીઓની આચારવિચાર શુદ્ધિ ઉપર પણ સંસ્થાના સંચાલકોનું હું ખાસ ધ્યાન ખેંચુ છું" આવા સુંદર સ્પષ્ટ શબ્દોમાં સહેતુક સદ્વિદ્યાના સૂત્રધારને કહેલી, પણ તેને તુચ્છ રીતે અવગણીને બન્ને મિત્રોએ રાગ આગ્રહથી દેખાદેખી હરિફાઈમાં ઉતરીને નાના વિદ્યાર્થી ત્યાગીઓને ખાસ રાખ્યા. એટલેથી અચકાયા ખચકાયા કે શરમાયા નથી પરંતુ 'સ્વા. ના. સં. પાઠશાળા' એવું હેડીંગ અડાવીને 'શ્રી તપોવન બ્રહ્મચર્ય આશ્રમ નાસિક' એવું ઠેકાણું પણ ઠમકારીને, "આ પાઠશાળામાં અભ્યાસ કરવા સ્વા. ના. ના આશ્રિત કોઇપણ ત્યાગી આવી શકે છે. તેને સંસ્કૃત ગુજરાતી હીંદી વિગેરે તથા ધર્મિક પુસ્તકોનો અભ્યાસ કરાવાય છે," આ રીતે ચાલુ જાહેરાત પણ અપાય છે. સંપ્રદાયથી અલગ ભ્રષ્ટ ધૂર્ત નષ્ટ ટ્રસ્ટ બન્ને સ્થાનમાં રહેતા સંચાલક વ્યવસ્થાપક જુનાગઢી શાસ્ત્રીઓ, પુરાણીઓ, સેવકો, વિદ્યાર્થીઓ વિગેરે ત્યાગીઓ મંદિરના વાતાવરણથી નહિ રંગાએલા, હૃદયમાં મંદિરની હવાના નહિ અસરવાળા, ખાવું ખાડો ખાટલો અને મોજ શોખ પદાર્થના સંગ્રહથી આળસના નહિ ઉપાસકો બનેલા અને શ્રીજીને ગમતી વસ્તુ રેડી શકાય એવા નવા સ્વાભિપ્રાય મુજબના શુધ્ધ છે?

અને ગૃહસ્થ વિદ્યાર્થીઓ સાથે ત્યાગિવિદ્યાર્થીઓ રહે છે કે નહિ? અને તેમના આચાર વિચારની શુદ્ધિ ઉપર સંસ્થાના સંચાલકો ખાસ ધ્યાન ખેંચે છે કે કેમ? અને ગૃહસ્થ વિદ્યાર્થીઓ સાથે ત્યાગીઓનો સહવાસ તો શું? પણ સંચાર સરખો પણ નહિ રાખવાનો બળતે હૃદયે અભિપ્રાય આપ્યો છે તેનું નામ નિશાન સરખું પણ કંઈ છે કે કેમ? જે સંસર્ગ દોષને બળતે હૃદયે બરેલો છે તે બન્ને સ્થાનોમાં બને છે કે નહિ? વડનગરના વૃધ્ધ સ્વામીના બે નાના ચેલાને મંદિરના વાતાવરણથી નાહ ટેવાએલા અને મંદિરની હવાના હૃદયમાં નહિ અસરવાળા જાણીને તપ અને બ્રહ્મચર્ય સાથે વિદ્યાભ્યાસ માટે આગ્રહથી આશ્રમમાં રાખેલા તેમની સ્થિતિ કેવી રઢંગી થઈ? ઘેર જતા રહ્યા જાણ્યા છે. બળતે હૃદયે ત્યાગિ વિદ્યાર્થીઓનો સંચાર સરખો પણ નિષેધ કરનારા વર્ણીએ આશ્રમમાં રખેલા નામના વિદ્યાર્થીઓ માટે કાઢેલી પાઠશાળાને મુંબઈનો સ્વા. ના. સંઘ શું જોઈને મદદ આપતો હશે? વિદ્યાદાનના મહિમાથી આપતો હોય તો સંપ્રદાય તરફથી વર્ષોથી ચાલતી પાઠશાળાને મદદ કરે તો શું ખોટું છે? મંદિરના વાતાવરણથી ટેવાઈ ગએલા અને હૃદયમાં મંદિરની હવાના અસરવાળા ઘણા ત્યાગી વિદ્યાર્થીઓ પ્રથમથી વિદ્વાનો પોતે વિગેરે થયા છે. અને સંપ્રદાયના કાર્યને કયો જાંય છે. તેમની ઉપર અને મંદિર ઉપર ગર્વ ગુપ્ત દોષનું આરોપણ આવે છે કે નહિ? મંદિરના વાતાવરણમાં અને તેની હવામાં રહ્યા વિના કોઈપણ આશ્રિતને છુટકો છે ખરો? સમસ્ત ત્યાગીઓની હલકાઈ અને પોતાની સરસાઈ માટે લખેલો આ પરોપદેશે પાંડિત્ય જેવો ફોગટ ફજેતારૂપ અપવાદી લેખ ત્યાગીઓએ ખાસ વાંચવા વિચારવા જેવો છે. જે બાબત કરવી નથી અને થાય તેવી પણ નથી તેને જાહેરમાં જણાવવાની જરૂર શી? એના વિના શું નતું ચાલતું? જ્યારે ત્યાગી વિદ્યાર્થીઓ ન હતા ત્યારે હૃદય બળતું હતું તો હવે તેમને રાખીને તો વધુ હૃદય બળતું હોવું જોઈએને? બળતા હૃદયવાળાને સુખ શાંતિ ક્યાંથી હોય? મંદિરના વાતાવરણમાં અને એની હવામાં એવો કયો મહાન્ હોય છે? કે તેનો સંચાર સરખો પણ ના પાડે છે. હવે આપના અભિપ્રાયની શી દશા? અસ્તુ

એક પાઠશાળા, ગોશાળા, સાહિત્યસેવા વિદ્યાર્થીભોજન, સંકટહર યજ્ઞ આદિકનાં અનેક ખાતાં ખાતરીયાં ખોલીને, શ્રીજીના દેશવિભાગ લેખને પણ દેશવટો દઈને. સત્સંગભરમાં દેવ આચાર્ય ત્યાગી વિગેરે સંપ્રદાયનાં શ્રીજીસ્થાપિત વ્યવસ્થિત સર્વ અંગોની વૃત્તિમાં વિઘ્ન કરનારાં ઉધરાણાં ઉઘડમાખ્યાં આદર્યાં તો બીજાએ "આવો સહકાર ઘેર-બેઠાં આપી શકાય" તે માટે 'ગુરુકુળ વિદ્યાદાનની પેટી' આપને ત્યાં હાજર છે (ન હોય તો કૃપા કરી તુર્ત મંગાવો) આપની પુણ્ય કમાઈનો થોડો થોડો ભાગ નિત્યનિયમની પેઠે કંઈક નાખો, ટીપે ટીપે સરોવર ભરાય તેમ ગુરુકુળની ચાલુ અને ભવિષ્યની યોજનાઓ પરિપૂર્ણ થશે. આપને ત્યાં આવતા વિવાહ, વેશવાળ, વિગેરે શુભ પ્રસંગોમાં તથા બેસતું વર્ષ, સંક્રાતિ, રામનવમી, જન્માષ્ટમી તથા આપના કુટુંબના જન્મદિન વગેરે ઉત્સવના પવિત્ર દિવસે આ ગુરુકુળની પેટીને ખાસ યાદ કરશો' આવા શબ્દોમાં વિદ્યાદાનની પેટીઓ ઘેર ઘેર–દુકાને દુકાને ઘુસાડીને તેમાં કંઈપણ રકમ નાખવાનો નિત્યનિયમ (વર્તમાન) રાખવા સુધીની અને તેને હમેશાં સ્મરણ રાખવા સુધીની કાયમી જાહેરાતો સત્સંગિમાત્ર માટે આપી છે.

અને તેને માટે એક ટાઈટલ પેજ માસિકમાં કાયમ રોકવામાં આવે છે. બીજી અનેક જાતની વાર્ષિકી પંચવાર્ષિકી વિગેરે યોજનાઓની જાહેરાત પણ બન્ને તરફથી સામસામી ચાલુ જ છે. વડતાલ તથા અમદાવાદમાં સ્વા.ના.સંપ્રદાય તરફથી સંસ્કૃત પાઠશાળાઓ વર્ષોથી ચાલે છે કે જેમાં પોતે ભણ્યા છે તેને પણ તુચ્છ કે હેય ગણીને તેને તોડી પાડવા તેની સામે તો હરીફી હરિફાઈ બન્નેએ સૂર્યચંદ્રવત્ સર્વ ઉપર શુધ્ધ પ્રકાશ પાડવા કરી છે. સંપ્રદાયની મૂળ આજ્ઞા મર્યાદા અને ધારાધોરણની સૂક્ષ્મદ્રષ્ટિએ દેખીએ તો એ બન્નેનું આખુંજ સ્વરૂપ બોચાસણવાળા વિગેરેની પેઠે સંપ્રદાય સામેની હરિફાઈમાંજ પરિણામ પામનારૂં ચોખ્ખું છે. એમાં સંપ્રદાયના ધારાધોરણ મુજબનું શું સ્વત્વ તત્વ અને મહત્વ છે? ઉપર જણાવેલી વામ હરિફાઈને બળ કે વેગ આપવા અને સત્સંગ સમાજમાં નિર્દોષતા જણાવવા માટે એકે બન્ને આચાર્યશ્રીની આજ્ઞા અડાવા માંડી તો બીજાએ અનુજ્ઞા અડાવા માંડી છે. અંધારાનો અવધિ છે? જો આચાર્યશ્રીઓ અનન્ય હશે તો આ અંધારાને વેળાસર ઉલેચશે. 'एकस्य कर्म संवीक्ष्य करोत्यन्योऽपि गर्हितम्' એ લોલેલોલ ન્યાયે ગતાનુગતિ ચાલે છે. પરમાર્થનો કોણ વિચાર કરે છે? આ રીતે અનેક હરિફાઈ તો અંદર અંદર કે સંપ્રદાય સામે ચાલુ જ છે. આ બધુ રાગ આગ્રહ રાખ્યા વિના બને ખરૂં? જ્યાં આવી હરિફાઈ હોય ત્યાં રાગ આગ્રહને અવશ્ય સ્થાન હોયજ. અને રાગ આગ્રહથી થતા કાર્યને સેવા નજ કહેવાય એ તો આપનો મુદ્રાલેખ છે. આતો સઘળી પોતાની વામ પ્રવૃત્તિમાં રાગ આગ્રહ અને હરિફાઈના બીલકુલ અભાવની વાત લાવ્યા એ ઉપરથી અધિક કહેવાઈ ગયું છે અને લાંબુ થઈ ગયું છે. કોઈને કંઈપણ કહેવાની ઈચ્છા ન હોય તથાપિ પ્રસંગો એવા આડાઅવળા અટપટા અડાવે છે કે જેથી બીજાને પણ કહેવાની ફરજ પડે છે. માટે સ્વરૂપ સમઝીને ક્ષમા કરવી.

△ હવે વર્ણિજી! શ્રીહરિને વાંકું ચુંકુ જુઠું જુનું એકલીયું અનુપયોગી આગ્રહી વિગેરે અપશબ્દોથી મનને રાજી કરવા જે જલ્પવું હોય તે જાતે ગુરુભાવે જલ્પો એનું અમને દુઃખ કે શોક નથી. પરંતુ પાંચ પેપરોમાં સુધાને અને મિત્ર સદ્વિદ્યાને મોખરે આગળ અલગ રાખીને અને બે માસિકો કે જેને વર્ષ ૧૭ અંક ૮ "હાલ સત્સંગમાં બે પત્ર (સુધા અને ઉધ્ધવ સંપ્રદાય) ચાલે છે તેમાં બન્ને મિત્ર કહેવાય ને? અને બે (સ્વા. ના. પ્રકાશ અને સ્વા. ના. દિગ્વિજય) સત્સંગ બહારનાં છે." વળી વર્ષ ૧૧ અંક ૮ ના આરંભ પેજ ઉપર જ પૂર્વ આફ્રિકાના રીપોર્ટ વખતે 'આ વખતનો રીપોર્ટ મંડળના સંચાલકોએ સત્સંગનાં ત્રણ પત્રો (સુધા ઉદ્ધવસંપ્રદાય સ્વામિનારાયણ) નીકળે છે તેમાંથી કોઈ મારફત નહિ વહેંચતાં સત્સંગ વિરુદ્ધ સિદ્ધાંતના વાજીંત્રરૂપ પત્ર (સ્વા. ના. પ્રકાશ) મારફત વહેંચવામાં આવેલ છે" વળી વર્ષ ૧૧ અંક ૧૦ "ફક્ત શાસ્ત્રીજી યજ્ઞપુરુષદાસજીનો ફોટો મુકયો અને તેમના વાજીંત્રરૂપ પત્રનો સાથ લીધો એથી આ મંડળ સત્સંગ વિમુખ સંસ્થાના અનુયાયિઓનું છે એમ સ્પષ્ટ થયું છે" આ પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ પ્રત્યે આક્રોશથી ત્રણ પત્રોને સત્સંગનાં ગણીને, સ્વા. ના. પ્રકાશને તો સત્સંગ વિરુધ્ધ સિધ્ધાંતના અને સત્સંગે વિમુખ કરેલા શાસ્ત્રીના અને તેણે સંપ્રદાય થકી જુદી ચલાવેલી બંડ સંસ્થાના

વાજીંત્રરૂપ ઉઘાડા શબ્દોમાં સ્વમુખે ભણતા હતા તે બાહ્ય વિમુખપત્રની સાથે શ્રીહરિને જોડી દઈને એની અળખામણી અરખામણીમાં સેળભેળ સંડાવો છો. એજ મોટું દુઃખ હાલે છે. એથીજ અકળાઈને સાચો ઘોખ્ખો કરવાની ફરજ પડે છે. જેમ દુધ અને પાણીને કે સુધા અને વિષને સેળભેળ કરવામાં આવે તેમ સારા નરસાને એક પાડમાં ગણવા એનું જ નામ ભંડાળ કહેવાય. જો તમો બોચાસણવાળા વિમુખોના લેખોને સુધામાં લઈને સેળભેળ (વિમુખ સન્મુખની) કરવાની રોકડી નાજ પરખાવતા હતા અને વળી જેઓ સુધાને તથા સુધાના તંત્રીને તથા આપ સંચાલક શાસ્ત્રીજીને પણ અનેક પ્રકારે વિનિંદતા હતા તેમના જ લેખોને તેના તેજ તમો તેજ સુધામાં સુગાવત સ્યો એટલે ભંડોળિયું કે અભાકિયું થાય કે નહિ? આ બાબતની ખરી ખાત્રી માટે વાંચો નૈરોબીથી અ.વેલા શિવાભાઈ નારાયણભાઈ કે જે રામભાઈના મોટા ભાઈ થાય છે તેમનાં અસદ વાદનો ઉપરનાં આપનાં સદ્વાક્યોને—

વર્ષ ૧૧ અંક ૧૨ પેજ ૨૫ ઉપર ખુલ્લો પત્ર. પ. ભ. શિવાભાઈ પટેલ નૈરોબી. "આપનો નોટપેડ પત્ર તા. ૧૮–૩–૩૯ નો તંત્રી ઉપર લખેલ મળ્યો છે. એ પત્રનો ખુલ્લો જવાબ આપના સવાલ મુજબ આપું છું જેથી આપને દીલગીરી જરૂર દૂર થશે. આપનો પત્ર અમે "સુધા"માં ન છાપીએ એથી આપને દીલગીરી થાય એ સ્વભાવિક છે, પરંતુ ભાઈશ્રી! આ "સુધાપત્ર" ખાસ "સ્વામિનારાયણ સંપ્રદાય" સત્સંગનું છે. એટલે સંપ્રદાય બહારની વાત ન લે એમાં કાંઈ દ્વેષબુધ્ધિ કહેવાય નહિ. ને એકજ સંપ્રદાય તરફતો દ્રષ્ટિ રહે જ અને સત્સંગ અમે બે આચાર્યો અને તેની સાથે સબન્ધ ધરાવતા દેવ મંદિર સાધુ શાસ્ત્ર સત્સંગિઓનેજ માનીએ છીએ. ને તેમાંથી છુટા પડેલાને વિમુખ માનીએ છીએ અને અમારો હાળ સદાકાળ ઉપર કહેલા સત્સંગ તરફજ રહેવાનો ને રહે એમ અમે શ્રીજી પાસે માગીએ છીએ. સુધાના ગ્રાહકો વધારી અમારે જડમુડી મેળવવાનો આગ્રહ નથી, પણ દુધ અને પાણીની પેઠે સેળભેળ થએલ સત્સંગ જેવા દેખાતા કુસંગ થકી સત્સંગિઓને બચાવવા અને સાચો સત્સંગ દોરી બતાવવો એજ નીતિથી અમે સુધા ચલાવીએ છીએ... સત્સંગ બહાર નિકળેલાની જેને પ્રતીતિ આવી તેનાતો જીવનો નાશ થશે તે પાછા સત્સંગને પામી શકશેજ નહિ... આ સત્સંગતો શ્રીજી મહારાજનું સ્વરૂપ છે ને આચાર્ય, ત્યાગી, સત્સંગી, દેવ, શાસ્ત્ર અને મંદિરો એ જ શ્રીજીની મૂર્તિનાં અંગ છે." ઈત્યાદ બહુ છે. આખો લેખ અમને મળ્યો હોત તો બહુ મઝા આવત. (આ લેખ બોચાસણવાળા વિગેરે સર્વેએ ખાસ વાંચવા વિમર્શવા જેવો છે)

વળી વર્ષ ૧૪ અંક ૬ એક પત્ર (લે. શિવાભાઈ ના. પટેલ નૈરોબી તા. ૧૯–૨–૪૧) "આ પત્ર બહુધા સત્સંગના સિધ્ધાંતથી વિરૂધ્ધ અને અશાસ્ત્રીય લખાણવાળો તથા કપોળ કલ્પિત ખોટા પક્ષની પ્રશંસા કરનારો હોવાથી તે પત્ર અમો સુધામાં લઈ શકતા નથી. સુધામાં સંપ્રદાયને અનુસરતા અને વચનામૃત વગેરે શાસ્ત્રોને તથા સદ્ગુરુઓના વચનને અનુસરતાજ લેખો લઈ શકાય છે" ઈત્યાદિ અનેક જાણતા છો. વળી વર્ષ ૧૮ અંક ૫ પ. ભ ભાઈ મણીધર પી. અમીન નૈરોબી "આપનો

લેખ 'સુધા'ના ધ્યેયથી વિરૂદ્ધ અને અક્ષરપંથવાળાને લગતો હોવાથી તેમના પત્રમાં આપવા લાયક છે" ...વર્ષ ૨૮ અંક ૬ "કુસંગી થકી રક્ષા માટે ભગવાનની પ્રાર્થના" એવું મથાળું બાંધ... ચાર પ્રકારના બહારના કુસંગીનું વિવેચન કરીને, જેમ એ સત્સંગ બહારના કુસંગી કહ્યા તેમ સત્સંગમાં પણ હાલમાં એવાજ કુસંગી છે. તે થકી ભગવાન પાસે રક્ષા માગવી. તે કુસંગી પણ ચાર પ્રકારના છે. (૧) પરોક્ષવાદી, (૨) વિષય વિલાસી, (૩) બાપાપંથી અને (૪) અક્ષરપંથી...અને જો બાપાપંથીનો સંગ થાય તો બીજાને વિષે ભગવાનપણું મનાવીને તથા ભગવાનની સેવાને બદલે ભગવાનની મૂર્તિમાં લીન થવારૂપ અદ્વૈતપણું સમજાવીને શુદ્ધ ઉપાસના થકી ભ્રષ્ટ કરે ને સત્સંગમાં ક્લેશ કરાવીને સત્સંગમાંથી પણ ભ્રષ્ટ કરે અને જો અક્ષરપંથીનો સંગ થાય તો 'સ્વામિનારાયણ' નામના બે વિભાગ કરી 'શ્રીજી સ્વામી' 'અક્ષર પુરુષોત્તમ' એવા તેના ખોટા અર્થ સમજાવી ચાર ચરણની યુગલ ઉપાસનામાં જોડને શ્રીજી મહારાજનો દ્રોહ કરાવે ને શુધ્ધ સર્વોપરી બે ચરણની ઉપાસનામાંથી ભ્રષ્ટ કરે" વિગેરે.

વળી વર્ષ ૨૧ અંક ૧૧–૧૨ તંત્રીસ્થાનેથી "અમારા પૂર્વ તંત્રીશ્રી ભાઈજી વકીલે સુધાના પુસ્તક ૨૧ ના અંક ૭ માં તંત્રીલેખ લખી સંપ્રદાયની અપૂર્વ સેવા કરી છે પરંતુ તે સ્પષ્ટ વક્તાના સ્પષ્ટ લખાણથી સંપ્રદાયના ધોરણ અને સંપ્રદાયની શ્રીજી સ્થાપિત મર્યાદાથી વંચિત રહેલો...વર્ગ (બોચાસણવાળો) રડી ઉઠયો છે અને સમજાતું નથી કે આવો રાગ દ્વેષ શા માટે જોઈએ? નૈરોબી (આફ્રિકા) થી પટેલ રામભાઈએ અમારા પર એક પત્ર લખેલો અને તે 'ખુલ્લાપત્ર' તરીકે 'સત્સંગ-સમાચાર' કે જે અમદાવાદથી કેશવલાલ નાગરદાસ કારભારીના તંત્રીપદે નીકળતું હતું તેના બીજા વર્ષના છઠ્ઠા અંકમાં પ્રસિધ્ધ પણ કરવામાં આવ્યો છે. એટલું જ નહિ પણ તા. ૧૫–૮–૪૮ ના રોજ "સુધા"ના વ્યવસ્થાપક ઉપર પણ એક ઉદ્દેશપત્ર તેજ લેખક મહાશયે પાઠવ્યો, બન્ને પત્રો રાગદ્વેષપૂર્ણ છે" આ પ્રમાણે તંત્રીશ્રી પ્રસ્તાવ કરીને, 'ખુલ્લો પત્ર' લખવાની ધૃષ્ટતા કરનાર રામભાઈ ના. પટેલ જ્યારે જણાવે છે કે શાસ્ત્રી મહારાજે (પણ) તમારા લખવા મુજબ આંગળીને વેઢે ગણાય તેટલાં મંદિરો બાંધ્યાં, માની લ્યો, પણ હું (રામભાઈ) તંત્રી, સત્સંગ અને આચાર્યશ્રીઓને પુછું છું કે તે બંધાવેલામાંનું એકપણ મંદિર શાસ્ત્રીજીએ બંધાવેલા મંદિરને તોલે આવે તેવું છે ખરું?" આ રીતે ભલે બોચાસણીયાએ આંગળાને વેઢે ગણાય તેટલાં થોડાં મંદિર બાંધ્યાં પણ તેની જોટે શ્રીજી અને આચાર્યોએ અત્યાર સુધી બંધાવેલાં અનેક મંદિરો પૈકી એક પણ આવતું નથી એમ શિશુપાલી રીતે સંપ્રદાયનાં સઘળાં મંદિરોને ઉતારી પાડીને બાહ્ય બોચાસણીયાને ખુબ ખુબ વખાણીને,

શિક્ષાપત્રી કથન મુજબ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવાના અધિકારવાળા આચાર્યોના સબંધમાં "મહારાજે પોતાની ગાદી ઉપર જ્ઞાનાચાર્ય નીમ્યા છે અને તેમને મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર આપ્યો છે પણ તેવા જ્ઞાનાચાર્યો અત્યારના આચાર્યો છે? હોય તો સત્સંગની વૃધ્ધિ કેટલી થઈ?" આ રીતે ધર્મવંશી આચાર્ય પદને મૂળથી જ અવગણીને, પ્રતિષ્ઠા અધિકાર તો જે જ્ઞાનાચાર્ય ત્યાગી કે ગૃહસ્થ હોય એનો ઠરાવીને તેવા જ્ઞાનાચાર્ય અત્યારના આચાર્યો નથી પણ બોચાસણીયા સાધુઓ છે

કુાવાથી તેમના
મ ટે ભગવાનની
ત્ત કરીને, જેમ
કુસંગી છે. તે
પરોક્ષવાદી, (૨)
તે બાપાપથીતો
અહલે ભગવાનની
કરે ને સત્સંગમાં
સંગ થાય તો
ત્તમ' એવા તેના
મહારાજનો દ્રોહ

શ્રી બાપુજી વકીલે
ર્ણ સેવા કરી છે
સંપ્રદાયની શ્રીજી
ઉડયો છે મને
આફ્રિકા) થા પટેલ
તરીકે 'સત્સંગ-
પદે નીકળતું હતું
એટલુંજ નહિ પણ
ક ઉપદેશપત્ર તેજ
ત્રીશ્રી પ્રસ્તાવ કરીને,
જણાવે છે કે શાસ્ત્રી
ય તેટલાં મંદિરો
ને આચાર્યશ્રીઓને
બંધાવેલા મંદિરને
આંગળીને વેઢે ગણાય
યીઓ અત્યાર સુધી
પાલી રીતે સંપ્રદાયનાં
વખાણુંને,

કારવાળા આચાર્યોના
યા છે અને તેમને
નાચાર્યો અત્યારના
તે ધર્મવંશી આચાર્ય
ત્યાગી કે ગૃહસ્થ હોય
ઓચાસણીયા શાસ્ત્રી છે

એમ પણ ઉટાંગ ઠરાવીને એમને જ મૂર્તિ પ્રતિષ્ઠાનો અધિકાર છે અને એમણે સ્થાપેલી મૂર્તિઓ પૂજ્ય છે એમ પણ ઉધડ ઉભાંગ જણાવીને,

"સંપ્રદાયના રાજીપાથી શું વળવાનું હતું ? મહારાજનો રાજીપો છે તે બસ છે" આ રીતે સંપ્રદાય થકી શ્રીજી મહારાજને પણ વિમુખ પોતાની પેઠે સાવ જુદા ગણીને સંપ્રદાયના રાજીપાની કશી જરૂર નથી એવી પણ જાલ્મતા જણાવી છે.

ઉપરનાં અને બીજાં પણ કેટલાંક રામભાઇના દ્વેષપૂર્ણ પત્રનાં વૈખરી વાકયોનો સારો ચોખ્ખો જડબાતોડ જવાબ પણ તંત્રી કેશવલાલભાઇ વકીલે આપ્યા પછી છેવટે "આ લેખકે સુધાના વ્યવસ્થાપકને તો "જ્યારે દલીલ ખુટે ત્યારે ગાલીદાન કરે" તે ન્યાયે ગાલીપ્રદાનજ કરવાનું તેમના તા. ૧૫-૮-૪૮ના પત્રમાં શરૂ કરી દીધું છે. 'સુધા'ને 'કુધા' કહી, નિષ્કામ ભાવે સુધાની સેવા કરનારા સુધાના વ્યવસ્થાપક શાસ્ત્રી બાલકૃષ્ણાનંદજીને બ્રહ્મચારીના ધર્મો તથા ધર્મામૃતમાં કહેલા ત્યાગીઓના ધર્મોનું સ્મરણ કરાવી××× વચનામૃતનો મોઘમ ઉપદેશ પ્રવાહ વહેતો મુકી દીધો છે ! ! ! આવી વણમાગી સલાહ આપનારાની ક્યાં ખોટ છે ? ...કેવળ રાગદ્વેષથી દોરાઇ જઇ ક્રોધના હાથારૂપે મિથ્યાપવાદ મુકવા સુધી પણ અચકાય નહિ" વિગેરે. આ રીતે સુધાના વ્યવસ્થાપકને દલીલ ખૂટે ત્યારે ગાલીદાન કરવાનો અપવાદ આપનારા અને સુધાને ખાસ કુધા કહેનારા અને સુધાના વ્યવસ્થાપક વર્ણી બાલકૃષ્ણાનંદજી માટે તો બૃહદ્ ધર્મ અને ધર્મામૃતના ધર્મોનું સ્મરણ કરાવી આપનારા ભાઇ રામના બે ગાલીદાન પત્રનો યથોચિત જવાબ રોષભર્યા આક્રોશથી અપાયો છે.

અંતે પૃથક્ પેરેગ્રાફથી "ઉપર મુજબ સત્સંગના અજ્ઞાનથી ભરેલો પત્ર શિવાભાઇ ના. (બન્ને ભાઇઓ થાય છે) પટેલનો નાઇરોબીથી આવેલ છે તેમાં પણ પોતે અથવા પોતાનાઓ ભાકુતી હોવાને કારણે સત્સંગમાં સેવા કરનારાઓને પણ ભાકુતીજ દેખે છે પણ તેમને તો આ દેશનું જ્ઞાન કયાંથી હોય ? કોઇ ભાકુતીએ દેશમાંથી લખી વાળ્યું હોય તેમજ તે બાપડા લખે ને ? પણ પોતાના ગુરુની વખાણ કરવા માટે પોતાના ભગવાનની કે તેના ભકતોની નિંદા કરવી એ તો ભગવાનની ને પોતાના ગુરુની કુસેવાજ છે 'પ્રકાશક સુધા'. આ રીતે વિરુદ્ધ લખાણ છે વળી વર્ષ ૧૨ અંક-૧૨ "શિવાભાઇ ના. પટેલ નૈરોબી—"તમોએ લખેલ "કુસંગી અને વિમુખની સમઝણ" સંપ્રદાયના મંતવ્યોથી વિરુધ્ધ છે. તે શબ્દોનું ખરૂં સ્પષ્ટીકરણ "સુધા" તા. ૧-૩-૪૦ના અંકમાં આવી ગએલ છે. (શુકલ લક્ષ્મીનારાયણ પ્રસાદ નાથજીભાઇએ કરેલું છે)

હવે સુધાના સ્વતંત્ર તંત્રી શાસ્ત્રીજી ! ઉપરનાં સુધાના સ્વકીયતંત્રીનાં તથા આપશ્રીનાં અને તેની સામેનાં ઓચાસણીવાળા રામભાઇ તથા શિવાભાઇનાં વામ અશિવ વાકયોને શાંતહૃદયે ઠંડે મગજે દુરાગ્રહને દૂર કરીને સૂક્ષ્મ બુધ્ધિથી પૂર્વાપરના અનુસંધાનથી વાંચીને વિમર્શ કરશો તો સુધાને કે તેના તંત્રીને જે કાંઇ અમે વાંકુચુકું કહ્યું છે તે સઘળું સાચુંજ સાબીત થશે. જે પત્રને રોષમર્યા આક્રોશથી સત્સંગ વિરુદ્ધ સિદ્ધાંતનું તથા સત્સંગે વિમુખ કહેલા શાસ્ત્રીયજ્ઞપુરુષદાસનું તથ. તેણે સંપ્રદાય સામે થઇને હરિફાઇથી ચલવેલી સત્તુ સંસ્થાનું વાજીંત્રરૂપ અને સત્સંગ બહારનું સ્વમુખે ગોખતા હતા અને વળી જે ચુસ્ત

ઓચાસણીયા રામભાઇ શિવાભાઇ વિગેરેના વામ અશિવ લેખોને સંપ્રદાયબાહ્ય, વિમુખ, સત્સંગ જેવા ઉપરથી દેખાઇ છે પણ અંતઃ કુસંગ ભરેલા, સત્સંગના સિદ્ધાંતથી વિરુદ્ધ, અશાસ્ત્રીય, કપોળકલ્પિત ખોટા પક્ષની પ્રસંશા કરનારા, સુધાની નીતિ અને ધ્યેયથી વિરુધ્ધ હોઇને સુધામાં નહિજ આપતાં વિમુખ સ્વા ના. પ્રકાશમાંજ આપવા યોગ્ય, સંપ્રદાયના ધોરણ અને સંપ્રદાયની શ્રીજી સ્થાપિત મર્યાદાથી વંચિત રહેલા, રાગદ્વેષપૂર્ણ, સત્સંગનાં મંદિરો, આચાર્યો અને ત્યાગીઓ વિગેરે અંગોને નિંદીને ઉતારી પાડનારા, કિં બહુના સુધાને કુધા કહેનારા અને તેના બહુ વર્ષ તંત્રીપદે રહેલા વકીલને અનેક પ્રકારે ઉઘાડા નિંદનારા અને આપ તંત્રીશ્રીને પણ ધર્મામૃત તથા વર્ણિધર્મોને સામા અડાવીને અસહ્ય અપવાદ આપનારા, જ્ઞાનાચાર્ય બનીને વણમાગી સલાહ અને વચનામૃતના ઉપદેશને વહેતો મૂકનારા, વિગેરે અનેક પ્રકારે નિંદતા હતા અને તેના લેખક રામભાઇ તથા શિવાભાઇ વિગેરે સામે સુધામાં બીલકુલ સ્થાન નહિ આપવાની સકારણ લાંબી ચિત્રચર્ચા કરનારા સર્વજ્ઞ સત્યવાદી નિડર આપશ્રીજ જ્યારે જે કાર્ય ઓચાસણીયાનું વાજીંત્ર કરતું હતું એજ કાર્યને સુધા કરે અને વાજીંત્રને વગાડનારા વામભાઇ વિગેરેના સર્વથા વિરુધ્ધ લેખોને સુધામાં પર્યાપ્ત સ્થાન પ્રથમજ આપો અને એને માટે સુધાની પૂર્વની શુધ્ધ નીતિ અને ધ્યેયને પણ ફેરવીને ઓચાસણીયા વિમુખો સાથે નવીન નીતિ અને ધ્યેયને જાહેરમાં જેમ તેમ જલ્પો તો પછી સુધાને કે તેના તંત્રીને તેમનાં પદ વચનો અને કૃત્યોને અનુસારે વિચક્ષણ કોઇ ઓચાસણીયું બંડીયું વિમુખીયું તો કોઇ બંડોળીયું ભભાકીયું કે સેળભેળીયું ખીચડીયું કહે તો ખોટો ધોખ્ખો કરવા જેવું જરાપણ રહ્યું નથી. જેવું લોકો જોશે કે જાણશે તેવું કહેશે ? અને ખુદ સુધાને કે તંત્રીને ઓચાસણપંથના પ્રચારક શાસ્ત્રી યજ્ઞના વાજીંત્રરુપ કે સંપ્રદાય વિરુધ્ધ સિધ્ધાંતના પ્રચારક કહેશે તો પણ તે હવે સહનજ કરવું પડશે. અન્ય ઉપાય નથી. કેટલાંની સાથે દાંતીયાં કરશો ? જેને તેને ટચકાં મારવાનું કે બચકાં ભરવાનું હવે રહેવાદ્યો. હવે તો 'શેષં કોપેન પૂરયેત' એમજ કરવાનું રહ્યું. સુધાના તંત્રી માટે કહેલા રામભાઇના શબ્દોમાં કહીએ તો 'જ્યારે દલીલ ખુટી જાય ત્યારે ગાલીપ્રદાન કરે' એમ કરીનેજ હવે પરાંણે પુરુ કરવાનું શિરે આવ્યું છે.

રામભાઇ સામે સુધાના તંત્રીએ લખેલા સ્પષ્ટ શબ્દો સમાશ્રિતોને બહુ ઉપયોગના છે—"દુધ અને પાણીની પેઠે સેલભેળ થએલ સત્સંગ જેવા (ઉપરથી) દેખાતા કુસંગ થકી સત્સંગીઓને બચાવવા અને સાચો સત્સંગ દોરી બતાવવો એજ છે અને એજ નીતિથી અમે સુધા ચલાવીએ છીએ" આ જે સુધાની સીધી સુધી સાચી નીતિ (ઉદ્દેશ) જણાવો છો એજ નીતિ શ્રીહરિએ પણ આરંભથી અખત્યાર કરી છે. જ્યારે એકજ સંપ્રદાય તરફ દષ્ટિ રાખવાનું અને સત્સંગ તરફજ ઢાળ સદાકાળ રહેવાનું બિરુદ ગ્રહણ કર્યું છે તો પછી જેને સત્સંગથી છુટા પડેલા કુસંગી વિમુખો કહો છો તેના તરફ દષ્ટિ અને ઢાળ કયા કારણે વળી ઢળી જાય છે ? તેના કારણનો ધીરા રહીને તપાસ કરશો. સુધાના ગ્રાહકો વધારીને જડમુડી મેળવવાનું કારણ તો નાજ કહોછો. જે સુધાપત્રને સ્વામિનારાયણ સંપ્રદાયનું (સત્સંગનું) કહો છો પણ હવે તો જેને સ્વમુખે આજ લેખમાં વિમુખ કુસંગી કહોછો તેનુંજ થઇ જાય છે તેની કાંઇ ખરી ખબર રહે છે ? 'સત્સંગ

સમજે કે સંપૂર્ણ સોળ કળાવાળો તો એક પરમેશ્વરજ છે' એ પણ કથન શાસ્ત્ર પ્રમાણે યથાર્થ છે. આપ તો નિર્ગુણ દિવ્યભાવને પામીને પરમેશ્વર સદશોની પંક્તિમાં પરાણે પેઠા છો એટલે પોતાને સંપૂર્ણ સોળ કળાવાળા દેખો કે માનો એ પણ સહજ છે. અને એના બળથી બીજાઓને કળાશૂન્ય દેખો માનો એ પણ સહજ છે. 'માણસમાત્રમાં કાંઈક ખામી હોય' એ કથન પણ ઠીક છે. પરંતુ સમિત્ર આપતો પોતાને ખામી વગરના સૂર્ય ચંદ્રવત્ માની બેઠા છો. અને બીજાની અલ્પપણ ખામીને ખોળી ખોળીને ફજેતીને ફાળકે ચઢાવો છો. 'આચાર્યો પણ કોઈ પોતાના મતને સોળકળાનો કહી શકતા નથી' એ કથન યોગ્ય નથી. સર્વ કોઈ આચાર્યો પોતાના મતને સોળકળાવાળો જ માને છે. જો ન માનતા હોય તો પોતાના મતનો કશો અર્થ જ ન રહે. બીજાના મતને ન્યાયયુક્તિથી ખંડત કરીને સ્વમતને સ્થાપે છે. સ્વમતના સ્થાપનમાં પરમતનું ખંડન પ્રથમ જ કરવું પડે છે. છેવટે આપના મંતવ્ય મુજબ સ્વમતે તો સોળકળાવાળો માને જ છે. આપે પણ એવું બહુ કહ્યું છે અને કર્યું છે તે વિચારી જોશો. 'ડાહ્યા પુરુષે પોતાના કાર્યની ઉપયોગિતા બતાવવી, પણ ઉંટીયાની માફક બીજાના એકએક વાંકા અંગનો નિર્દેશ ન કરવો જોઈએ' એ પણ તટસ્થ દષ્ટિએ ઠીક છે. પરંતુ જ્યારે આપે દંઢકાશાનો ડોળ કરીને પોતાની સર્વાંગસંપૂર્ણતા અને બીજાના 'ચોર કોટવાળને દંડે' એ કહેવત ઉંટીયાની માફક વાંકા અંગોનો અપવાદી નિર્દેશ ઉઘાડા કરવા લાગ્યા ત્યારે બીજાએ પણ સાચાં વાંકાં અંગોનો નિર્દેશ કરવા માંડ્યો. ઉપરના વિવરણમાં વાંકા અંગોની સાબીતી સારી રીતે કરી છે તે વાંચી વિચારી જોશો. આ પેરેગ્રાફમાં પ્રથમ અનેક મનમાન્યાં દષ્ટાંતો યદાતદા ગોઠવીને છેવટે અમારે માટે સિદ્ધાંતાર્થ ઘડાવાની અવળચંડાઈ કરી તેને અમે સંપૂર્ણ સમજ્યા છીએ. એનો બહુધા ઉત્તર સવિસ્તર અપાઈ ગયો છે.

વળી વળીને કહી કહીને તમારે અમને એમ અપવદવું છે કે-"કાર્યની ઉપયોગિતા કહેવી પણ ઉંટીયાની પેઠે બીજાનાં એક એક અંગનો નિર્દેશ કરવો ન જોઈએ." અમે શિષ્યો તો એ મતના થઈએ પણ ગુરુજી એ મતના ક્યારે થયા? અને થાય છે? સુધાનાં પાનાં ફેરવીએ છીએ તો પોતાની પારાવાર પ્રશંસા અને બીજા જેનાં તેનાં ઉંટીયાની માફક એક એક વાંકાં અંગનો નિર્દેશ સાક્ષાત્ કે અર્થાત્ કરેલો જ ચોખ્ખો નીકળે છે. વાંચો આપનાં જ વદનવચનોને—

વર્ષ ૧૬ અંક ૧ "કેવળ પ્રશંસાર્થે જ નહિ પણ યથાર્થપણે કહેવું પડે છે કે હાલમાં સત્સંગમાં ઘણાં સામાયિક પત્રો (શ્રીહરિ ઉદ્ધવસંપ્રદાય, સ્વામિનારાયણ વિગેરે) પ્રગટ થાય છે પણ સત્સંગનાં સર્વ અંગો તરફ દયા અને પ્રેમ રાખી નિર્દંભ અને નિડરપણે સુધારક તથા વ્યક્તિના પક્ષપાત સિવાય કેવળ શ્રીજીની શાસ્ત્રાનુસારે શુદ્ધ સર્વોપરી ઉપાસના સમઝાવનાર તથા શ્રીજીની નાની મોટી સર્વ આજ્ઞાઓ પાળવા ઉપર સચોટ ભારપૂર્વક ઉપદેશ કરનાર "સુધા" જેવું બીજું કોઈ નથી. આવા પ્રશસ્તિપત્રો ઘણા અમારી ઉપર આવે છે." આ વ્યવસ્થિત વાક્યોને અંતઃપ્રવેશ કરીને વાંચીએ તો એવો જ ભાવાર્થ ચોખ્ખો નીકળે છે. પ્રથમ સત્સંગના સમગ્ર સામયિકોનો સંનિર્દેશ કરીને, બીજાઓમાં સત્સંગનાં સર્વ અંગો તરફ દયા અને પ્રેમ રાખતાં નથી, નિર્દંભ અને નિડરપણે સુધારક થતાં નથી. વ્યક્તિના તરફ પક્ષપાત

સિવાય કેવળ શ્રીજીની શાસ્ત્રાનુસારે શુદ્ધ સર્વોપરી ઉપાસના સમજાવનારાં નથી, શ્રીજીની નાની મોટી સર્વ આજ્ઞાઓ પાળવા ઉપર સચોટ ભારપુર્વક ઉપદેશ કરનારાં નથી, વિગેરે દોષોનું દર્શન કરાવીને પોતામાં સઘળા ગુણોને દર્શાવે છે. તે પણ કેવળ પ્રશંસાર્થે નહિ પણ યથાર્થપણે કરે છે. પોતાને એકનેજ વખાણે છે તે યથાર્થપણે છે કે અયથાર્થપણે? તેની સુજ્ઞ સત્સંગ સમાજે તુલના કરવી ઘટે છે. સુધાનાં પાનાં એમ તેમ ઉથામતાં તો સત્સંગનાં સમગ્ર અંગો તરફ નિર્દય અને નિષ્પ્રેમ થઈને ખોટી રીતે નિંદક બન્યા છે. સુધારકનો સુધા સ્વાંગ ધરીને દંભનાતો સ્તંભ બનીને વિમુખો થકી પણ ડરીને કુધારક બની ગયા છે. અને વિમુખ-કુસંગીઓના પક્ષપાતમાં પુરા પડીને શ્રીજીની શાસ્ત્રાનુસારી શુદ્ધ સર્વોપરી ઉપાસના થકી પોતે પતિત થઈને સત્સંગસમાજને પતિત કરવાના વેવલા વેતરણમાં પડ્યા છે. અને શ્રીજીની નાની મોટી સર્વ આજ્ઞાઓ થકી ભ્રષ્ટ થઈને બીજાઓને ભ્રષ્ટ બનાવાના સચોટ ભારપૂર્વક ઉપદેશક બન્યા છે. વિપરીત ભાવનો કંઈ અવધિ છે?

વર્ષ ૨૬ અંક ૭ સંપાદકીય સ્વલેખમાં—નરકના કારભૂત કામ લોભાદિ દોષોનો દુર્ગુણ પ્રસ્તાવ કરીને "સત્સંગ સમાજ પ્રત્યે જાહેર અપીલ કરું છું કે જ્યાં સુધી સુધાની નીતિ સત્સંગ પ્રત્યે સમાન હોય ત્યાં સુધી તેની સેવા તન, મન, ધનથી કરવાની દરેકની ફરજ છે. હાલમાં તો આ એકજ સર્વદેશીય પત્ર સત્સંગ માટેના સમાચાર જાણવા અને વહેતા મુકવા માટે છે. બીજાં માસિકો ચાલે છે તે વાડાવાળી બેસી ગયાં છે. પોતાના ગુણ ગાય ને પક્ષોની સેવાઓ થાય તેવુંજ વલણ અનુભવાય છે અને તેટલાજ પુરતાં તેને ચલાવતા હોય છે. દેશ પરદેશ કે સત્સંગના અવનવા પ્રસંગોથી જનતાને વંચિત રાખે છે તેવાં માસિકો કરતાં જેમાં સર્વદેશીય સમાચર આપવામાં આવતા હોય તેમાં તેવા લેખ લખી સેવા કરવી તે પણ એક સત્સંગની સેવાનું અંગજ કહેવાય. આશા છે કે સત્સંગ સુધાના કાર્યને આગળ ધપાવશે. "આ રીતે આફ્રિકાના ગમે તે કોઈ નનામા રામભાઈ કે વાઘભાઈ કે ગ્રામ્યભાઈના વિમુખ શબ્દોનો અનુવાદ કરીને પણ પોતાનું પત્ર કે જેની નીતિને કેટલાક વડીલ બંધુ સત્સંગીના અનુવાદિત શબ્દોમાં કહીએ તો પૈસાની લાલચુ અને દુધમાં તથા દહીંમાં હાથ રાખનારી વિમુખી છે તેનાં ખુબ વખાણ કરીને બીજાં જે શ્રીહરિ સાહિત્ય વિગેરે કે જે સંપ્રદાય તરફજ ખાસ વલણ રાખનારાં વિમુખવિરોધી છે તેને સત્સંગ પ્રત્યે અસમાન નીતિવાળાં, એક પક્ષીય, જુદાવાડાવાળાં, વિગેરે અપશબ્દોથી નિંદે છે. સંપ્રદાય સન્મુખ રહેલાંને એક પક્ષીય વાડાવાળાં અસમાનનીતિવાળાં અને વિમુખ થએલાંને સર્વપક્ષીય નીતિવાળાં, વાડાવગરનાં વિવદે છે આ કેવી અવળાઈ? અવળચંડાઈ? ચોર કોટવાળને દંડે એ કહેવત જેવું છે. ઉંટીઆની પેઠે બીજાનાં વાંકાં અંગને સ્વયં અપવદે છે કે નહિ?

વર્ષ ૧૩ અંક ૫ "સુધાની પ્રગતિ" એવું હેડીંગ ટીપીને સુધાને બહુધા વખાણતાં "સુધા" ગ્રામ્ય સમાચાર કહેનારું છાપું નથી પરંતુ "સત્સંગનું જીવન છે, જેવું તેનું નામ છે તેવા જ તેમાં ગુણ છે" એમ ફકત પોતાને વખાણીને બીજાને નિંદતા નથી. એટલું સારું છે, નામ પ્રમાણે ગુણો હવે રહ્યા છે? કે ગયા છે? ગ્રામ્ય સમાચારનું હવે છાપું નથી થતું? સુધાની પ્રગતિ કે અવગતિ થાય છે? સત્સંગજીવન કે કુસંગ જીવન થાય છે? શું થાયું થાય છે એ અંતરમાં અવલોકશો. નામ પ્રમાણે

ગુણની વાત કરો છો તો હવે ગુણ પ્રમાણે નામની વાત કરો તો 'મુખા કુખા કે 'વિમુખ વાજીંત્ર' એવું નામ બંધબેસતું થાય

વળી "સત્સંગની શુધ્ધિ, વૃધ્ધિ અને સંસ્કૃતિને પોષતું એક સુધારક પત્ર" એવું હેડીંગ અંદરના પુઠા ઉપર બહુ વર્ષ રાખીને પોતાને મુખે મુખા રખાણુ કર્યાં છે. 'એક માત્ર' શબ્દ ઉપરથી બીજાં કોઈ પત્ર સત્સંગની શુધ્ધિ વૃદ્ધિ સંસ્કૃતિને પોષનારાં નથી એમ જણાવવાનો દુરાશય તરી આવે છે. સત્સંગની શુધ્ધિ, વૃધ્ધિ અને સંસ્કૃતિને બદલે બંડાખોરા બનીને અશુધ્ધિ અવૃધ્ધિ અને અસંસ્કૃતિને પોષણ આપીને એકમાત્ર કુધારક બની ગયું છે. એ પરાક્ દષ્ટિને અંતર દષ્ટિથી દેખશો. એવાં સ્વશ્લાઘાનાં અને પરનિંદાનાં વચનો પારાવાર છે પણ વિસ્તાર ભયથી સંગ્રહ્યાં નથી.

૪ પેરેગ્રાફમાં "અને વળી હમણાં જ અમારી ઉપર એક જાણીતા પરમ ભગવદીના લખેલા ને નામ વગરના એક હરિભકતને ઉપદેશ કરવા પત્ર એ આવ્યા છે તેમાં તે બાઇ ઉપદેશ કરતાં "ગધેડા ! કૂતરા ! સમજ" આવી ભાષા વાપરે છે, શાસ્ત્રમાં ઉપદેશ આપનારા તાત ! વત્સ ! સૌમ્ય એવા શબ્દ વાપરે છે ત્યારે આપણે કરવો છે ઉપદેશ ને દેવી છે ગાળો એ તો આપણે સામી ગાળો જ ખાવી પડે ને ઉપદેશ અવો અર્થ થાય, માટે આપને મારી વિનતિ કે જો આપશ્રીઓ. આપશ્રીઓનું જ્ઞાન અને આપશ્રીઓનું કાર્ય વરિષ્ઠ છે એમ માનતા હો તો રાજપુત્રની જેમ ગધેડા જેવાને પણ વરિષ્ઠ શબ્દથી નવાજવાનું રાખો" આ રીતે પોતા ઉપર કોઇ સ્વજાણીતા પરમ ભગવદી પણ નામ જાહેરમાં નહિ આપવા લાયક ઉપદેષ્ટાએ કોઇ નામ વગરના હરિભક્તને ઉદ્દેશીને લખેલા એ પત્રોના બીભત્સ શબ્દોનો સ્વમુખે અનુવાદ કરીને પણ અમને એમ કહેવા માગો છો કે તમો તેવી જ બીભત્સ ગાળોભરી ભાષા વાપરો છો તે સારી વાપરો. આ પેરેગ્રાફતો નનામા લેખો કે જેને પોતે આત્મા વિનાના શબસમાન કહે છે તેના પણ અપશબ્દોને અનુવદીને ખાસ અમારે માટે જ ગોઠવી કાઢયો છે. પરમ ભગવદીને જાણીતા કહીને અને તેની ગાળોને પણ નિર્દેશીને નામ આપતા નથી અને જેને ઉપદેશ આપે છે તેનું પણ નામ જાણવા છતાં આપતા નથી એ કેવી અજાયબી ! નનામા લેખલેખકોની કશી કીંમત નથી તથાપિ કોઇ આલંબન ઉભું કરીને સામાને અડાવી દીધું. શાસ્ત્રમાં તો તત્વોપદેશ હોવાથી ગુરુજી શિષ્યને તાત ! વત્સ ! સૌમ્ય! ઇત્યાદિ પ્રેમપ્રદર્શક શબ્દોથી સંબોધે છે અને પ્રસંગે ગુરુજી શિષ્યને 'स्तब्धोऽस्युत तमादेशमप्राक्ष्यः' आजहारेमाः शूद्र' એમ પણ સ્તબ્ધ અને શૂદ્ર શબ્દથી પણ સંબોધે છે એ બધું યોગ્ય છે. માસિકમાં તો બહુધા સામસામા ચર્ચાપત્રો આવે. તેમાં સામો માણસ જેવી ભાષા વાપરે તેવી બીજો પણ વાપરે. વાણીયો જેમ કોયળામાં ઘાલીને પાંચશેરીને મારે તે બીજાને ખબર ન પડે પણ વાગી હોય તેજ જાણે. તેમ તમારા જેવા તાત કહીને પણ ઘાત કરે અને વત્સ ! કહીને બીભત્સ કહે અને સૌમ્ય ! કહીને પણ અસૌમ્ય વદે ! અને વિનંતિ કરીને પણ અવનતિ કરે એવું અમને 'मनस्यन्यद्वचस्यन्यत् कार्ये चान्यद्दुरात्मनाम्' એમાં કહ્યા મુજબનું કૌટિલ્ય કે વંચના આવડતી નથી. કરવી છે વિનતિ અને દેવી છે ગાળો એતો વિચિત્ર વિરુધ્ધ કહેવાય. 'કરવો છે ઉપદેશ અને દેવી છે ગાળો' એ બાબત તો આપના હમણાંના જ લેખમાં વાકયેવાકયે તાજી છે. જુની વાત કરીએ તો આપે સુધા વર્ષ ૧૫ અંક ૧૦માં

"વણમાગી સલાહ" આ મથાળાથી લખેલા લેખમાં ગડતાલના અમો વિગેરે બધા વિદ્વાનોને ઉદ્દેશીને 'સુગ્રહીવાનર' આદિક અનેક વિજાતિ દુષ્ટ દષ્ટાંતો દઇને પાગલ આશીશ દુહાગ્રહી ઉપાસનાહીન અજ્ઞાની યોગ્યતાહીન આદિક ઘણા બીભત્સ શબ્દોથી પ્રહાર કરવામાં બાકી રાખી નથી. એવા તો બીજા 'તત્ત્વ વિચાર' "સાચી અને સારી સમજણ" વિગેરે લેખોમાં ખાસ વિદ્વાનોનેજ ગાલીદાન બંને મનમાન્યાં આપ્યાં છે. એક જણ કોઇને ગાળો દે તો સામાની પણ ગાળો ખાવી પડે એ કથન બરાબર આપનું અભ્યસ્ત સંજ્ઞન જાણીતું છે. ઉપદેશ તો 'समर्थो गृहमञ्जनं' એવા હોય તે ન ગ્રહણ કરે. અથવા જરૂર હોય તે ગ્રહણ કરે. એનો ઉપયોગ કર્ય પાત્રે નહિ આપે સન્મુખ વિમુખ સર્વને ઉપદેશો આપવામાં બાકી રાખી નથી પણ તે બધો વ્યર્થજ નિવડયા છે. "આપનું જ્ઞાન અને કાર્ય વરિષ્ઠ માનતા હોતો રાજપુત્રની પેઠે ગધેડા જેવાને પણ વરિષ્ઠ શબ્દથી નવાજવાનું રાખો" એ વિનંતિને અમો માન્ય કરીએ છીએ. પરંતુ જેવા ગુણ હોય તેને તેવા શબ્દથી નવાજવાનો વિવેક તો હોવો જોઇએ. એ વિવેક ભગવતના સ્કંદકમ કોષ્ટકે 'जीवा ह्यजीवानां' તો હોવો જોઇએ. એ વિવેક ભગવતના સ્કંધકમ કાળજીએ 'जीवा ह्यजीवानां' ઇત્યાદિ શ્લોકથી જણાવ્યો છે. અને શ્રીહરિએ તો समदृष्ट्या न कार्यश्च यथार्हार्चा-व्यतिक्रमः' આ શિક્ષાપત્રી વચનથી સ્પષ્ટ સમજાવ્યો છે આપનું જ્ઞાન અને કાર્ય તો હવે તદ્દન વિપરીત ખાંયું બાંડીયું ખુંધીયું થઇ ગયું છે એટલે વરિષ્ઠ શબ્દથી કોણ હવે 'शुनिचैवश्वपाकेच' નવાજશે ? એનો વિચાર વળાસર એકાંતે કરશો. આપની તો હવે 'शुनिचैवश्वपाकेच' એમ અભેદ દષ્ટિ થઇ ગઇ છે. એટલે વિમુખ ગધેડા જેવાને પણ વરિષ્ઠ શબ્દથી નવાજે અને સન્મુખ વરિષ્ટ જેવાને પણ કનિષ્ઠ શબ્દથી નવાજે એ અનુગુણ છે. આપને હવે તો ગધેડા જેવાનોજ કયાં રહ્યો ? આપ તો હવે રાજપુત્રના આવેશવાળા બન્યા એટલે ગધેડા જેવાને પણ વરિષ્ઠ શબ્દથી નવાજો એ ઠીક છે. એવો રાજપુત્ર તો વિવેકવિહીનજ કહેવાય. 'यादृग्गुण': આ શ્રીહરિવચનનું અનુસંધાન રાખો. આપ તો રાજપુત્રવત્ વિમુખોને શાખા પ્રશાખામાં બળાત જોડીને પણ વરિષ્ટ શબ્દથી નવાજો છો પણ તેઓ તમને કનિષ્ટ શબ્દોથીજ નવાજે છે. માટે હવે જવાદો એમનું નામ. આ રીતે ૩-૪ પેરેગ્રાફનો પ્રતિઉત્તર છે. વે પછીના પેરેગ્રાફનો ઉત્તરતો પહેલોજ મળતો પ્રસંગ હોવાથી આપાઇ ગયો છે. હવે છેલ્લા પેરેગ્રાફનો પ્રખર પ્રત્યુત્તર આપીએ.

"બીજું આપે પુંઠા ઉપર 'ઉધ્ધવ સંપ્રદાયનું મુખપત્ર લખ્યું છે" ને અંદર સ્વામિનારાયણ સંપ્રદાયનું મુખપત્ર લખ્યું છે." અહીં ઉધ્ધવ સંપ્રદાયને તમે સંકુચિત રાખી શકશો પણ સ્વામિનારાયણ સંપ્રદાયને સંકુચિત નહિ રાખી શકો. તેમાં તો અનુકૂલ અને પ્રતિકૂળ, શાખા અને પ્રશાખા સર્વનો સમાવેશ થશે." બ્ર. બાળકૃષ્ણાનંદ. આ રીતે વર્ષ ૨૮ અંક ૧૯ ઉપરના પ્રતિકૂળ લેખનો અંત લાવ્યા છે. એનો હવે નિરાંતે વિચાર કરીએ,

આ પેરેગ્રાફમાં જે વાત કરી છે તેનો કશો જ પ્રસંગ નથી તથાપિ કરી છે તે તો માસિકની મનમાની ખોટી ટીકા માટે અને નૂતન બંડાર્થ ઉટાંગ ફટાંગ જણાવવા માટે જણાય છે, જેથી પ્રથમ ઉ. સં. અને સ્વા. ના. સં. શબ્દના ખરા અર્થનો પ્રમાણ વિમર્શ કરી લઇએ. 'स्यात्पारंपर्यमाम्नायः संप्रदायो गुरुक्रमः' આ

કોષ વાક્યને અનુસારે ગુરુપરંપરાગત મંત્રાદિ સદુપદેશને સંપ્રદાય કહે છે. આ પદમાં સં, પ્ર અને દાય એ ત્રણ અવયવો છે. दा ધાતુને ભાવાર્થમાં ઘઞ પ્રત્યય લગાવીને, યુક્ આગમ કરતાં દાય શબ્દની સિદ્ધિ થાય, એની આગળ સં અને પ્ર આ બે ઉપસર્ગો યોજતાં સંપ્રદાય શબ્દની નિષ્પત્તિ થાય છે. 'દાય' શબ્દનો 'દાન', 'સં' ઉપસર્ગનો 'સમ્યક્' અને 'પ્ર' ઉપસર્ગનો 'પ્રકર્ષ' એવો અર્થ છે. ગુરુપરંપરા પ્રાપ્ત હોવાથી સમ્યક્ અને સર્વ દાનોની અપેક્ષાએ અતિ ઉત્કૃષ્ટ હોવાથી પ્રકર્ષવાળું જે ભગવન્મંત્રાદિકનું દાન શિષ્યોને અપાય એ સંપ્રદાય શબ્દનો અર્થ અન્વર્થ છે. આ વ્યુત્પત્તિસિદ્ધ અર્થના અનુસંધાનથી 'मन्त्रादीनां श्रीहरेर्यत् गुरुशिष्यक्रमागतम्। सम्यक् प्रकर्षवद्दानं सम्प्रदायः स उच्यते" એવી નિરુક્તિ પ્રવર્તી છે. આ પ્રક્રિયા આધુનિક નહિ પણ સનાતની વૈદિકી છે. ઉપનિષદોમાં પ્રથમ કે અંતમાં જ્ઞાનદાતા ગુરુની વંશાવલી કહેલી 'स ब्रह्मविद्यां सर्वविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय प्राह... अथर्वा तां पुरोवाचाङ्गिरे' 'स आचार्यवंशो ज्ञेयो भवत्यचार्याणामसावसाविल्याभगवतः' આ રીતે બહુધા પ્રસિદ્ધ છે. આ અર્થનું અનુસંધાન ભગવાને ગીતામાં 'इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्। विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत्॥ एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः' આ રીતે મેળવ્યું છે. આજ પુરાતન પ્રક્રિયાનું અનુસંધાન રાખીને 'संप्रदायानुरोधेन पौर्वापर्यानुसारतः' 'प्रणम्य शिरसाऽऽचार्यान् तदादिष्टेन वर्त्मना। ब्रह्मसूत्रपदान्तःस्थः वेदान्तार्थः प्रकाश्यते' આ રીતે શ્રી શંકરાચાર્ય શ્રી રામાનુજાચાર્ય આદિકે ગુરુપરંપરાને પ્રણામ કરીને વેદાંતાર્થનો પ્રકાશ કરવાનો કહ્યો છે, આમાં તેઓએ વિદ્યાસંપ્રદાયને પ્રવર્તાવનારી પરંપરાના સંબન્ધને પ્રથમ જ લે છે. એથી જ આ 'રામાનુજ સંપ્રદાય' 'આ વલ્લભ સંપ્રદાય' આ રીતે સંપ્રદાય શબ્દથી વ્યવહાર સર્વ જનોમાં સુપ્રસિદ્ધ પ્રવર્તે છે. આ યોગરૂઢ શબ્દ છે. દાય શબ્દથી કહેલું જે ભગવન્મંત્રાદિકનું દાન તેનું સં ઉપસર્ગથી સૂચવેલું જે સમીચીનપણું તે તો પરબ્રહ્મ ભગવાન શ્રીનારાયણની આજ્ઞાથી તેમના પરમ ભક્તો કે જે મુમુક્ષુ જીવો ઉપર નિઃસ્વાર્થ નિરવધિ દયાના નિધિઓ હતા તે બ્રહ્મા લક્ષ્મી વિશ્વક્સેન સનકાદિ નારદ આદિકે અનાદિ સિદ્ધ વેદાદિ સચ્છાસ્ત્રો થકી સમુદ્ધરીને પ્રવર્તાવેલું, ઉત્તરોત્તર તેમની શિષ્યપરંપરાએ પ્રાપ્ત થવાપણું એજ છે. આ રીતે સંક્ષેપમાં સંપ્રદાય શબ્દનો અર્થ છે. એવી વસ્તુસ્થિતિ હોવાથી આપણા મતમાં પણ 'संप्रदायानुसारतः' 'सांप्रदायिकैः' ઈત્યાદિ વ્યવહાર થયો છે.

ઉપર મુજબ નિરુક્ત સંપ્રદાયનું ઉદ્ધવપણું આ એકજ કારિકામાં 'कृष्णाल्लब्धप्रबोधो जगदुपकृतये तन्निदेशानुसारात् श्रीरामानन्दरूपः पुनरपि धरणावुद्धवः प्रादुरासीत्। स श्रीकृष्णश्च भूयः प्रकटितसहजानन्ददिव्यस्वरूपस्तं मेने स्वं गुरुं यत् तदर्यमिति मतो ह्यौद्धवः सम्प्रदायः॥' આ રીતે સંગ્રહ્યું છે. (અર્થ એવો છે કે– ભગવાન શ્રીકૃષ્ણ થકી અંતર્ધાન અવસરે જેમને તત્વજ્ઞાન મળ્યું છે એવા ઉદ્ધવજી સમગ્ર જગતના ઉપકારાર્થે તેમની આજ્ઞાને અનુસારે ફરીથી પણ પૃથ્વી ઉપર શ્રીરામાનંદરૂપે પ્રકટ થયા. તે શ્રીકૃષ્ણ ભગવાન પણ ફરીથી પૃથ્વી ઉપર શ્રીસહજાનંદ દિવ્ય સ્વરૂપે

પ્રકટ થયા. પુનઃ પ્રકટ થએલા તેમણે ઉદ્ધવના અવતારભૂત શ્રીરામાનંદ સ્વામીને પોતાના ગુરુ તરીકે માન્યા. આ હેતુથી તે આ સંપ્રદાય ઔદ્ધવ–ઉદ્ધવ પ્રવર્તિત હોવાથી ઉદ્ધવ નામથી મનાયો.)

આ અર્થ કેવળ કપોળકલ્પિત નહિ પણ સંપ્રદાયના પ્રવર્તક ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી હરિ અને તેમના હૃદ્ગત અભિપ્રાયને જાણનારા મહાસંતોએ પ્રબન્ધો દ્વારા પ્રકાશમાં પ્રથમજ ઉદ્ઘોષીને મુક્યો છે. વચનામૃત વડતાલ ૧૮ માં "એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીતિ જાણી જોઈએ તથા બીજી ગુરુપરંપરા જાણી જોઈએ–તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદસ્વામીરૂપે હતા ને તે રામાનંદસ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા, માટે રામાનંદસ્વામીના ગુરુ રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ એવી રીતે ગુરુપરંપરા જાણવી અને અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીતિ જાણવી" આ રીતે ઉદ્ધવસંપ્રદાયાર્થ કે જે વૈષ્ણવી દીક્ષાના સ્વીકારરૂપ છે તેને જણાવવા પૂર્વક દીક્ષા કે જે મહામંત્રાદિ ગર્ભિત હોઈને વૈષ્ણવી–ઉપાસ્ય ઈષ્ટદેવ વિષ્ણુના સંબંધથી સર્વોત્કૃષ્ટ છે તેનું મુમુક્ષુ શિષ્યોને જે દાન અપાય છે તેનું સમ્યક્પણું જે ગુરુપરંપરા પ્રાપ્ત થવારૂપ છે તેને પણ જણાવીને સંપ્રદાય શબ્દનો પૂર્વોક્ત અખિલ અર્થ સૂચવી દીધો છે. એક ગુરુના કથનથી પરંપરા નહિ કહેવાતી હોવાથી 'આના ગુરુ આ, આ ગુરુના ગુરુ આ' એમ કહેવાથીજ ગુરુપરંપરા કહી શકાય છે. તો 'મારા ગુરુ રામાનંદ સ્વામી અને તેમના ગુરુ રામાનુજાચાર્ય' એમ જણાવીને પરંપરા શબ્દાર્થ પણ સૂચવી દીધો. વળી રામાનંદ સ્વામીને ઉદ્ધવાવતાર કહીને તેમને ગુરુપણે સ્વીકારવાથી તેમના નામથી 'ઉદ્ધવ સંપ્રદાય' એવી સંપ્રદાય પ્રવૃત્તિ પણ જણાવી દીધી, પાછળથી ધર્મકુળ સ્થાપનની રીતિ સમજવાની કહી છે એ ઉપરથી પોતે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને મહદ્દીક્ષા આપીને તેમને વિષે સ્વશિષ્યોની ગુરુના સ્થાપન કરી દીક્ષાનું પણ જણાવ્યું. એમ પૂર્વોત્તર વૈષ્ણવી દીક્ષાદાતા ગુરુપરંપરા જણાવવા દ્વારા ઉદ્ધવ સંપ્રદાય શબ્દાર્થ સંક્ષેપમાં જણાવી દીધો છે.

સત્સંગિજીવન પ્રકરણ ૨ અ. ૩૭ કે જે ઉદ્ધવ સંપ્રદાય પ્રકાશન નામથી નિર્દેશ્યો છે તેમાં શિવરામ વિપ્રે શ્રીહરિ પ્રત્યે સભામાં 'कः ? संप्रदायस्तव के ? विष्णुदीक्षाप्रदो गुरुः' (તમારો સંપ્રદાય કયો ? અને વિષ્ણુ દીક્ષાના દાતા ગુરુ કોણ ?) એવો પ્રશ્ન પુછતાં, પોતાનો રામાનંદસ્વામી સાથે સંબંધ કેવી રીતે થયો ? રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર શી રીતે ? તેમને રામાનુજાચાર્ય સાથે દીક્ષાસંબન્ધ ક્યાંથી ? સંપ્રદાયનું ઉદ્ધવ નામ કેવી રીતે ? ઈત્યાદિ બાબતોનું સવિસ્તર વર્ણન આપ્યું છે. રામાનંદ સ્વામીનું જન્માદિ ચરિત્ર વર્ણવીને, 'स गुरुर्मम विप्रेन्द्र ! साक्षादुद्धव एव हि। कृष्णादप्यणुरन्यूनः कृष्णभक्तिप्रवर्तकः॥ तदाश्रितानथोवाच तत्र सर्वांश्च वैष्णवान्। एष नः सद्गुरुः साक्षादुद्धवोऽस्ति स्वयं किल॥ अतो नः सम्प्रदायोऽयं सर्ववैष्णवसम्मतः। औद्धवाख्यांऽस्त्विति श्रुत्वा तथोचुस्तेऽखिला अपि॥ स गुरुर्मयि विन्यस्य निजधर्मधुरं प्रभुः। तिरोदधे तत्प्रतापान्मया सेव्यतेऽधुना॥ उक्तस्ते सम्प्रदायोऽथ' આ રીતે ઉદ્ધવ સંપ્રદાયાર્થ સમજાવ્યો છે.

શ્લોકાર્થ એવો છે કે—હે વિપ્ર ! તે આ રામાનંદસ્વામી અમારા ગુરુ છે, તે પોતે સાક્ષાત્ ઉદ્ધવજીનોજ અવતાર હોઇને કૃષ્ણભક્તિને પ્રવર્તાવનાર છે, 'નોદ્ધવોઽણ્વપિ મન્ન્યૂન.' એમ શ્રીકૃષ્ણે ભાગવતમાં કહેલું હોવાથી શ્રીકૃષ્ણથકી અણુંમાત્ર પણ ન્યૂન નથી એમ અમે માનીએ છીએ. આ રીતે દીક્ષાપ્રદાતા ગુરુ કોણ ? આ પ્રશ્નનો ઉત્તર આપ્યો. હવે 'તમારો સંપ્રદાય કયો ?' આ પ્રશ્નનો ઉત્તર આપુ છુ—આવા મહાનુભાવ સદ્ગુરુ શ્રીરામાનંસ્વામી થકી ભાગવતી દીક્ષા લીધા પછી મેં તેમના સમસ્ત સમાશ્રિત વૈષ્ણવોને કહ્યું કે—આપણા આ સદ્ગુરુ સાક્ષાત્ સ્વયં ઉદ્ધવજીજ છે, તો આપણો આ સંપ્રદાય સર્વવૈષ્ણવસંમત 'ઔદ્ધવસંપ્રદાય" એવી સાર્થક સંજ્ઞાથી પ્રખ્યાતિને પામે તો સારૂં. હે વિપ્ર ! આવું મારૂં યુક્ત વચન સાંભળીને સર્વ વૈષ્ણવોએ તથાસ્તુ (બહુ સારૂં) એમ કહ્યું. આવા મહાસમર્થ સદ્ગુરુ શ્રીરામાનંદ સ્વામી તે આ પોતાનાં ધર્મધુર મારે વિષે આરોપણ કરીને અંતર્ધાન થઇ ગયા છે. હાલમાં આ ધર્મધુર તેમની આજ્ઞાને અનુસારે એમના પ્રતાપથી યથાશક્તિ હું વહન કરી રહ્યો છું. અમારો આ સંપ્રદાય તે પૂર્વાચાર્યપરંપરા પ્રાપ્ત હોઇને શ્રીકૃષ્ણના કૃપાતિશયથી ઉત્કર્ષને પામ્યો છે હે વિપ્ર ! જીજ્ઞાસુ તમને આ રીતે અમારો સંપ્રદાય કહ્યો.) આ રીતે સ્વયં ભગવાનેજ પોતાઃ ઉપાખ્યાનથી ઉદ્ધવ સંપ્રદાય શબ્દાર્થ સવિસ્તર સહેતુક કહ્યો છે. પૂર્વોક્ત કથાનો વિસ્તાર સ. પ્ર. ૧ અ. ૧૨ થી ૧૬ સુધીના ચાર અધ્યાયો થકી જીજ્ઞાસુએ જાણી લેવો.

ઉક્ત અર્થના અનુસંધાનથીજ જનમંગળસ્તોત્રમાં ઉધ્ધવ સંપ્રદાયાર્થને સૂચવનારૂ 'ઉધ્ધવાધ્વપ્રવર્તક': એવું મંગળ અન્વર્થ નામ પણ છે. સર્વ મંગળસ્તોત્રમાં પણ 'ઔદ્ધવાધ્વપ્રવર્તક' 'કૃશોધ્ધવાધ્વસપોષ્ટા' 'ઉદ્ધવસ્વામિસંપ્રદાય પ્રકાશક':ઇત્યાદિ નામો પ્રવર્ત્યો છે. હરિદિગ્વિજય ગ્રંથના અધ્યાયની ઇતિમાં શ્રીમદુધ્ધવસંપ્રદાયાચાર્ય. કવર એવું શ્રીહરિને વિશેષણ આપ્યું છે. આ ગ્રંથમાં આ અર્થનું અતિવિસ્તારથી સપ્રમાણ વર્ણન છે. ભક્તચિંતામણિમાં—'कहे कृष्ण उध्धव छो तमे रे, इयां शापे आव्या तमे अमे रे। माटे काढो संप्रदाय नथी रे, आजथकी कहु छुं उद्धवी रे' 'उध्धव ते रामानन्दरूप, श्री.कृष्ण ते श्रीहरिरूप' શ્રીકૃષ્ણે ઔધ્ધવસંપ્રદાય પ્રવર્તાવવાની આજ્ઞા રામાનંદસ્વામીને આપી છે. ઉપર પ્રમાણે સંપ્રદાયના ઉધ્ધવપણાને નિરૂપનારો ઉપોદ્ઘાત સુદૃઢ છે.

ઉપરના સાંપ્રદાયિક પ્રબન્ધોની સપ્રમાણ સુકથાઓ વાંચતાં વિચારતાં તાત્પર્યાર્થ અબાધિત અવિવાદી નીકળે છે કે—શ્રી કૃષ્ણ ભગવાને સ્વધામ પધારવાના સમયે એકાંતિક ભક્ત ઉધ્ધવજીને પોતાના સ્વરૂપ સ્વભાવાદિકનું વિજ્ઞાન આપીને, તેની પ્રવૃત્તિ કરવા પૂજ્ય આચાર્યપદ આપીને, બદરિકાશ્રમમાં મોકલ્યા. ત્યાં રહેલા ઉધ્ધવજી દુર્વાસાનો શાપ થવાથી પૃથ્વી ઉપર પ્રકટ થઇ, શ્રી રામાનંદ નામથી વિખ્યાત થયા, તેમને શ્રી રામાનુજાચાર્યે વૈષ્ણવી મહાદીક્ષા આપીને સંપ્રદાયની પ્રવૃત્તિ માટે આચાર્યપદ આપ્યું. શ્રી રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદસ્વામીને ભાગવતી મહાદીક્ષા આપીને તેની બહુધા પ્રવૃત્તિ કરવા આચાર્યપદ આપ્યું. શ્રી સહજાનંદસ્વામીએ પોતાના ધર્મવંશમાં અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને વાસુદેવી મહાદીક્ષા આપીને આચાર્યપદ આપ્યું. આ રીતે એક તો પૂર્વોત્તર ગુરૂપરંપરા અને બીજું તે પરંપરાએ પ્રાપ્ત થતો ભગવન્મંત્રાદિકનો અને

શા. બાળકૃષ્ણાનંદજી નાસિકવાળાના આનંદ માટે-

(ગતાંકથી ચાલુ)

તદુપયોગી ભક્તિ ધર્મ—જ્ઞાનાદિકનો ઉપદેશ આ એજ વસ્તુ પ્રતિપાદનમાં આવે છે. ગુરુઓની પરંપરા તો પૂર્વપૂર્વથી ચાલુ હોય છે. તેમાં જે કોઇ વ્યક્તિ મહાસમર્થ થાય તેના નામથી તેની પ્રવૃત્તિ વિશેષતઃ થાય, જેમકે પૂર્વ ગુરુક્રમાગત સંપ્રદાયમાં 'રામાનુજ સંપ્રદાય' એવી બહુધા પ્રસિદ્ધિ ચાલે છે. તેમજ આમાં પણ 'ઉદ્ધવસંપ્રદાય' 'સ્વામિનારાયણ સંપ્રદાય' એવી દ્વૈધા પ્રસિદ્ધિ સપ્રમાણ ચાલે છે. સંપ્રદાય તો અનાદિસિદ્ધ હોવાથી તેની પરંપરા ઠેઠ પરમાત્મા લક્ષ્મીનારાયણ પર્યંત પહોંચે છે. સમસ્ત આચાર્યોએ પરમાત્મા નારાયણનેજ આદિ અનાદિ ગુરુ તરીકે સ્વીકાર્યા છે. તેવાં પ્રમાણો શાસ્ત્રીય બહુધા છે.

ઉપરના [illegible]સમાં ઉદ્ધવજી કહ્યા તે કોણ હતા ? તો એમનું આખુ ઓળખાણ ભાગવતાદિપ્રબન્ધસિદ્ધ આ મુજબનું ઉત્કૃષ્ટ છે. પૂર્વ ભવમાં અષ્ટ વસુઓ પૈકી એક વસુ હતા. બીજા ભવમાં ઉદ્ધવજી નામે પ્રસિદ્ધ થયા હતા. એમના પિતાનું નામ ઉપગુ હતું. શ્રીકૃષ્ણે અંતર્ધાન અવસરે સમીપે આવેલા તેમને એકલાને બ્રહ્મશાપમાંથી મુક્ત કરીને આચાર્યપદ આપીને બદરિકાશ્રમમાં મોકલ્યા હતા. ત્યાં દુર્વાસાનો શાપ થતાં રામાનંદ રૂપથી પુનઃ પ્રકટ્યા હતા. જે ઉદ્ધવાવતારભૂત રામાનંદસ્વામિને આ સંપ્રદાયના ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીસહજાનંદ સ્વામીએ પોતાના ગુરુ તરીકે ભરસભામાં સંભાવીને 'ઉદ્ધવ સંપ્રદાય' એવી તેમના નામથી પ્રખ્યાતિ કરી છે. જે ઉદ્ધવજી શ્રીકૃષ્ણના ખાસ મંત્રી અને મિત્ર હોઇને શ્રીકૃષ્ણ તથા ગોપીઓ વચ્ચેના રહસ્ય સંદેશામાં ભાગવતાદિક વિષે પ્રસિદ્ધિ પામેલા હોઇને આ સંપ્રદાયમાં પણ તેના વિવરણરૂપ ઉદ્ધવગીતા સ્નેહગીતા આદિક ગ્રંથો મહામુનિઓએ ગુંથ્યા છે. જે ઉદ્ધવજીને શ્રીમુખે વચનામૃતાદિ પ્રબંધોમાં નિર્દોષ અનન્ય ભક્તવર્યતરીકેની પ્રશંસા પારાવાર કરી છે એજ સમજવા.

આ ઉપરથી વડતાલ વચનામૃત ૧૮ ની અબજી બાપાના મિથ્યા નામે યદ્વા તદ્વા જોડેલી કાઢેલી રહસ્યાર્થ-પ્રદીપિકા નામની સહસાર્થ ટીકામાં "ઉત્ કહેતાં ઉત્કૃષ્ટ અને ધવ કહેતાં સ્વામી તે ઉદ્ધવ કહેવાય, તેનો સંપ્રદાય એટલે ઉત્કૃષ્ટ સ્વામી એવા જે સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન તેમનો સંપ્રદાય તે ઉદ્ધવસંપ્રદાય કહેવાય" આવો અર્થ કર્યો છે તે અસંબદ્ધ અનન્વિત ઉટાંગ હોઇને આખા ઉદ્ધવસંપ્રદાયાર્થને સત્યાનાશ વાળનારો વિમુખ છે. વિશેષના જીજ્ઞાસુએ ઉ. સં. માસિકમાં આરંભથી ચાલુ આવેલા ઉદ્ધવસંપ્રદાય શબ્દાર્થ સંબંધી આખો લેખ વાંચી લેવો. એમાં બધી બાબતોનું સવિસ્તર વર્ણન છે.

હવે ઉક્ત ઉદ્ધવસંપ્રદાયાર્થની સુદૃઢતા માટે આપશ્રીની અવશિષ્ટ નવી જુની વાતો વિચારીએ—વર્ષ ૨૬ અંક ૭ પેજ ૧૦૪ ઉપર 'સંપાદકીય' એવા સ્વસંપાદિત હેડીંગ નીચે શાખાપ્રશાખા વિશિષ્ટ અખિલ સંત્સંગસમાજના જાણે પ્રમુખ નિમાયા હોય એવા અભિનિવેશથી અને સંપ્રદાયાર્થનું ખંડન અને બંડાર્થનું મંડન કરવાના દુરુદ્દેશથી નવરે અવસરે લખાએલા લપોડશંખ લેખમાં "વર્તમાન કાળે સત્સંગમાં...માયાએ લોભ, કામ અને રસાસ્વાદ એ ત્રણેયનાં દ્વાર આચાર્ય, ત્યાગી અને પ્રેમલા સત્સંગિઓ માટે ખુલ્લાં મૂકી દીધાં છે. જેને પરિણામે તુંડે તુંડે પક્ષ, સ્વચ્છંદતા અને અનાચાર

બુદ્ધિમાં પ્રવેશ કરી જીવાત્માને ભ્રષ્ટ કરે છે. હિંદુસ્થાનમાં ધર્મના **વાડાઓ** ઘણા છે પણ તેમાંએ શાખાપ્રશાખાના **વાડાઓ** બાંધી બેઠા છે. તે બીજા સંપ્રદાયમાં હોય અને હશે પરંતુ તેનું આપણને દુઃખ થોડું હોય, કારણ કે 'જેટલું દૂર તેટલું દુઃખ પણ દૂર' પણ જ્યારે આપણાજ એક **દોઢસો વર્ષથી સ્થપાએલા 'ઉદ્ધવસંપ્રદાય'માં** શાખાપ્રશાખાઓ મસ્તકે મસ્તકે ભિન્ન પડે, વિચારો આચારો અને પ્રાર્થનાઓમાં પણ ભેદ પડે". ઇત્યાદિ વિવિધ વિમુખ વિલપન પ્રસંગ 'ઉદ્ધવસંપ્રદાય' શબ્દનો પ્રયોગ બે વર્ષ પહેલાં જ કર્યો છે.

(આ નિંદાપૂર્ણ અપવાદી લેખમાં 'માયાએ લોભ કામ ક્રોધાદિ દોષનાં દ્વારો આચાર્યો ત્યાગી અને પ્રેમલા હરિભક્તો માટે ખુલ્લાં મુકી દીધાનું' અપવદો છો' તો તમારાં તે દ્વાર બંધ કરી દીધાં છે એની શી ખાત્રી ? બધાં દ્વાર દ્વિગુણ ખુલ્લાં મુકી દીધાનું પ્રત્યક્ષ જોવાય છે. જેને પરિણામે **'तुण्डे तुण्डे मतिर्भिन्ना'** એ ન્યાયે બીજાઓ માટે પક્ષ, સ્વચ્છંદતા અને અનાચારનો પ્રવેશ બુદ્ધિમાં થઇ ગયાનો અપવાદો છો તો તમારામાં તેનો પ્રવેશ શું નથી થયો ? વિવેકથી જોનારને તો સર્વ કરતાં ડબલ દેખાય છે. સ્વા. ના. સંપ્રદાયને પણ **વાડો** કહીને વગોવો છો તો તે વાડામાં તમો છો કે નહિ ? 'વાડામાંથી પાડુ એક છુટું થઇને નાઠું છેક' એ કવિત પ્રમાણે આપતો એ વાડામાંથી છુટા થઇને છેક દૂર નાસિકના નવા ટ્રસ્ટ ભ્રષ્ટ કષ્ટ વાડામાં ગરી ગયા. એટલે હવે સ્વવાડાનું દુઃખ તો ક્યાંથી રહે ? બીજા તો સંપ્રદાયવાડામાં પડ્યા રહ્યા છે પણ તમોએ તો નવો વાડો તે પણ અદ્વૈતી સંન્યાસીનો શોધી કાઢીને તેમાં પ્રવેશ કરી ગયા છો તેનો શો જવાબ સંપ્રદાયનિષ્ઠોને આપ[illegible] ? એકજ સંપ્રદાયમાં વાડાઓનો ભેદ તેમજ મસ્તકે મસ્તકે મતિભેદ અને આચારો વિચારો તથા પ્રાર્થનામાં અત્યંત ભેદ પાડનારા જે વિમુખવર્ગો છે તેમને તો સંપ્રદાયમાં શાખાપ્રશાખા તરીકે સમાવેશ કરવા મથો છો એ વૈચિત્ર્ય વૈચિત્યભર્યું છે તેને જરા વિચાર [illegible] એકલા આપ તો હવે નરકનાં ત્રણ કામ, ક્રોધ, લોભ દ્વારોને બંધ કરીને માયાથી મુક્ત થઇ ગયા અને શાખાપ્રશાખા વિશિષ્ટ સંપ્રદાય વાડા થકી પણ બહુ દૂર થઇ ગયા અને માયાકૃત પક્ષ સ્વચ્છંદતા અને અનાચારથી નિવૃત્ત થઇ ગયા અને વાડાસિદ્ધ ભિન્ન ભિન્ન વિચારો, આચારો અને પ્રાર્થનાથકી પણ છૂટી ગયા એ નાશિકીય આશ્રમ માટે બહુ સારૂં છે ! ! ! જેઓ સંપ્રદાયનો પણ પક્ષ છોડીને તમારૂં પોષણ કરે છે તે હરિભક્તોને પણ નરકનાં ત્રણ ખુલ્લાં દ્વારવાળા પ્રેમલા કહીને નિંદો છો એ તો ખાય તેનું ખોદે એવું મહાસાહસ કહેવાય. તુંડે તુંડે પક્ષ, સ્વચ્છંદતા અને અનાચારનો બુદ્ધિમાં પ્રવેશ તો કર્માનુગુણ સાહજીક છે પણ આપના એકજ તુંડમાં કે મસ્તકમાં પક્ષ, સ્વચ્છંદતા અને અનાચારના બુદ્ધિમાં પ્રવેશ થઇ ગયો છે તેનું શું ? અત્યારે વિમુખ પક્ષમાં પડવાથી સ્વચ્છંદતા અને અનાચાર તો અનવધિ પ્રવેશ કરી ગયો છે તે કેમ દેખતા નથી ; બીજાની વાત કરો છો પણ આપના પક્ષ આચારો અને વિચારો તો વિમુખવત્ થઇ ગયા છે તેને પાછા વળીને જોશો તો જીવાત્મા ભ્રષ્ટ થતો અટકશે. અસ્તુ)

વળી વર્ષ ૧૭ અંક ૬ "તેમાં બગડ્યું કોણ ?" એવું હેડીંગ ટાંકીને "શ્રી **રામાનંદ**સ્વામીએ પુરુષોત્તમની આજ્ઞાએ કરી પૃથ્વી ઉપર **જન્મ** લીધો ને શ્રીકૃ[illegible]નારાયણે **આપેલ જ્ઞાન** પ્રવર્તાવ્યું ને તે પ્રવાહ ચાલુ રાખવા પોતાના જ નામથી "[illegible]દ્ધવ **સંપ્રદાય**" સ્થાપ્યો. શ્રીજીએ પધારીને એ સંપ્રદાયને સુધારી વધારીને સત્સંગ નામ આપ્યું". આ

રીતે ઉદ્ધવસંપ્રદાય અને સત્સંગની કંઇક જુદાઇની વાત કરો છો. વળી વર્ષ ૧૯ અંક ૧ શા. હરિજી. સામેના સન્નિપાતી લેખમાં "આપે સ્વામિનારાયણનો આશ્રય કર્યો હોય સત્સંગ-**ઉદ્ધવસંપ્રદાયનું** રહસ્ય જાણ્યું હોય" આ રીતે **સત્સંગ અને ઉ. સં.** ને એકાર્થ પર્યાયવાચી વદો છો. વળી વર્ષ ૧૯ અંક ૨ માં શા. હરિજી. સામે લખેલ સ્વલેખમાં "આ સત્સંગ—ઉદ્ધવસંપ્રદાય શ્રીસ્વામિનારાયણનો છે. નથી **શ્રીકૃષ્ણચંદ્રનો** કે નથી શ્રીરામનો" આ રીતે સત્સંગના પર્યાય તરીકે ઉદ્ધવસંપ્રદાયને કહીને પણ 'સ્વા.ના.નો છે પણ શ્રીકૃષ્ણનો નથી' એમ કંઇક અવળું પણ અપલપો છો. વળી સુધાના સ્વાનુયાયી તંત્રીએ પણ વર્ષ ૧૮ અંક ૧૧ "ઉ. સં. અને સ્વા.ના. પંથ" એવું હેડીંગ બાંધીને શ્રીરામાનંદસ્વામીએ **સ્થાપન** કરેલા—ચલાવેલા ઉદ્ધવ સંપ્રદાયને શ્રીસ્વામિનારાયણે ફેલાવ્યો વધાર્યો—**પ્રવર્તાવ્યો તેથી તે "ઉદ્ધવાખ્યપ્રવર્તક" કહેવાયા". આ રીતે ઉ. સં. અને સ્વા. ના.** પંથને એકમેક તરીકે કહે છે. વળી વર્ષ ૧૯ અંક ૫ **"સાચો સત્સંગી"** એવું મથાળું બાંધીને "આપણા આ ઉદ્ધવસંપ્રદાય શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં રહેલાં છ અંગોનો સમુદાય તે **સત્સંગ કહેવાય છે"** એમ કહીને **ઉ. સં., સ્વા. ના.સં. અને સત્સંગ** એ ત્રણેયની એકાર્થતાને કહે છે.

△ ઉપરનાં આડાંતેડાં વિચિત્ર વિભ્રમ વાક્યોનો વિચાર કરતાં 'ઉ. સં. જુદો અને સ્વા. ના. સં. જુદો' એમ ચોખ્ખું કહી શકતા નથી. સત્સંગ અને ઉ. સં.ને પર્યાય તરીકે એકમેક કહો છો. રામાનંદસ્વામીને શ્રીકૃષ્ણનારાયણે આપેલું જ્ઞાન પ્રવર્તાવ્યું અને તેનો પ્રવાહ ચાલુ રાખવા પોતાના જ નામથી ઉ. સં. પ્રવર્તાવ્યો' એમ પણ વિવેચનથી વદો છો. એટલે રામાનંદસ્વામી એ ઉદ્ધવજીનો અવતાર હતા અને એથીજ ઉ. સં. નામ રાખ્યું એમ પણ સ્વીકારો છો. 'આ સત્સંગ—ઉદ્ધવસંપ્રદાય સ્વા. ના.નો છે એમ પણ સ્વીકારો છો. સુધારા વધારા કરીને શ્રીજીએ **સત્સંગ** નામ આપ્યું એમ ભલે ક્ષણભર માનો એ ઉપરથી ઉ. સં. અર્થ જે ઉપર જણાવ્યો છે તે જતો કર્યો નથી પણ એનો એજ લેખિત રાખ્યો છે. 'શ્રીકૃષ્ણનો નથી' એ જે અપલાપ છે તે નકરો ભંડાર્થ, ખંડાર્થ, બાપાપંથગંધી છે. 'શ્રીકૃષ્ણનારાયણે આપેલું જ્ઞાન ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ પ્રવર્તાવ્યું' એમ કહ્યા ઉપરથીજ ઉ. સં. આપોઆપ શ્રીકૃષ્ણનો થઇ જ જાય છે. પરંપરાગત જ્ઞાનને જ સંપ્રદાય કહે છે. જ્ઞાનદાતા શ્રીકૃષ્ણ એ ગુરુ છે અને ઉદ્ધવજી એ શિષ્ય છે. **"कहे कृष्ण उद्धव छो तमेरे [illegible] संप्रदाय नवी रे, आजथकी कहु [illegible] उद्धवी रे".** 'उद्धव ते रामानन्दरूप, श्रीकृष्ण ते आ श्रीहरिस्वरूप' એમ ભક્તચિંતામણિ ગ્રંથ આ સં[illegible] શ્રીકૃષ્ણનો, રામાનંદસ્વામીનો અને સહજાનંદસ્વામીનો કહે છે. શ્રીકૃષ્ણને એક તરફથી ઉદ્ધવજીને ઔદ્ધવ સંપ્રદાય કાઢવાની આજ્ઞા આપનારા અને જ્ઞાનદાતા ગુરુ કહેવા અને બીજી તરફથી તેનો સંપ્રદાય નથી એમ જલ્પવું એ તો પરસ્પર વિરુદ્ધ અતિવિચિત્ર છે. તમારા જેવા કૃષ્ણદ્રોહી તો 'શ્રીકૃષ્ણનો નથી' એમ ઉઘાડ કરીને એમનું સ્વત્વ કે મહત્ત્વ કાઢી નાખવા મથે છે પણ જેનો સંપ્રદાય કહો છો તે સ્વામિનારાયણે તો શ્રીકૃષ્ણને સ્વયં સંપ્રદાયના ઉપાસ્ય ઇષ્ટદેવ તરીકે સ્વીકારીને તેમનીજ વિવિધ નામવાળી રાધાકૃષ્ણાદિ મૂર્તિઓ મધ્ય મંદિરે સ્થાપી છે અને તેમનેજ તેતે મંદિરના વહીવટમાં માલીક તરીકે માન્યા છે. તો હવે 'શ્રીકૃષ્ણનો નથી' એ વિમુખ પ્રલાપ કશા

કામનો નથી. ઉલટું શત્રુત્વ દાખવનારો છે. 'રામાનંદસ્વામિને ભગવાન પુરુષોત્તમે પૃથ્વી ઉપર જન્મ લેવાની આજ્ઞા કરી, શ્રીકૃષ્ણ નારાયણે રામાનંદસ્વામિને જ્ઞાન આપ્યું, તેનો પ્રવાહ ચાલુ રાખવા રામાનંદે સ્વનામથી ઉ. સં. સ્થાપ્યો, શ્રીજીએ પધારીને તેમાં સુધારા વધારા કરીને સત્સંગ નામ આપ્યું.' આવી વિચિત્ર વચન વ્યક્તિના વિમર્શ વિશેષતઃ કરતાં કંઈક વિચિત્ર વિમુખાર્થ જણાવવાની ઝંખના પણ અવ્યક્ત રાખી સમઝાય છે—સ્પષ્ટ કહી શકયા નથી. 'આ સત્સંગ—ઉદ્ધવસંપ્રદાય સ્વા.ના.નો છે, શ્રીકૃષ્ણનો નથી. એમાં શ્રીજીએ સુધારાવધારા કરીને સત્સંગ નામ આપ્યું.' આ વિચિત્ર વચન વ્યક્તિથી સત્સંગ અને ઉ. સં. વચ્ચે અને શ્રીકૃષ્ણ શ્રીહરિ વચ્ચે કંઈક મનમાન્યો તત્ત્વભેદ જણાવવાની અપવૃત્તિ છે પણ સ્ફુટ કહી શકતા નથી. ગોળગોળ રાખે છે. શાસ્ત્રીય ઉદ્ધવસંપ્રદાયાર્થ ઉપર આવે છે અને ક્ષણમાં ફરી જાય છે. 'ક્ષણં ચિત્ત' એમાં કહ્યા મુજબ આખી જીંદગી ગુજારી જણાય છે. 'રામાનંદે ઉ. સં. સ્થાપ્યો અને શ્રીહરિએ સ[illegible] સ્થા[illegible] એવી વિભેદથી વિમુખાર્થ જણાવવાની વૃત્તિ હોય તો તે પણ અસંબદ્ધ અપ્રામાણિક [illegible] છે. સચ્છબ્દથી એક પરંબ્રહ્મ, બીજા તેમના આશ્રિત સંતો, ત્રીજો તે બન્નેએ કહેલો સદ્ધર્મ અને ચોથું તે ત્રણેયનું જેમાં વર્ણન છે એવું સચ્છાસ્ત્ર, આ ચાર બાબતો કહેવા ઇચ્છી છે. તેનો જે સંગ તેને સત્સંગ કહે છે. આવા અર્થવાળો જે સત્સંગ શ્રીહરિએ કહ્યો છે તેનો મહિમા શ્રીકૃષ્ણે ઉદ્ધવજી પ્રત્યે જ 'ન રોધ[illegible]માં યોગ...સત્સંગેન હિ દ્દવ...' ઇત્યાદિ શ્લોકોથી સારો કહ્યો છે. એનો અનુવાદ વચ.અંત્ય ૨ માં શ્રીમુખે કર્યો છે. આવા સત્સંગના ઉપદેષ્ટા પ્રવર્તક શ્રીકૃષ્ણજ સ્વયં ભગવાન છે, તો 'આ સત્સંગ—ઉદ્ધવસંપ્રદાય શ્રીકૃષ્ણનો નથી' એમ જલ્પવું એતો સ્વવાગ્ વિરુદ્ધ અને સંપ્રદાયનાં સમગ્ર શાસ્ત્રો વિરુદ્ધ હોય જ છે. ગમે તેવું કુટણું, ચુંથણું વંઠેલ વિમુખ વાડામાં પ્રવેશીને કરો પરંતુ અમારે એ કહેવું છે કે—'ઉદ્ધવસંપ્રદાયને સંકુચિત રાખી શકશો પણ સ્વા. ના. સં.ને સંકુચિત નહિ રાખી શકો, તેમાં તો અનુકૂળ પ્રતિકૂળ, શાખા અને પ્રશાખા સર્વનો સમાવેશ થશે' આ જે વિભેદથી પ્રલાપ કર્યો છે તે મત્તોન્મત્તવત્ થયેલો સાવ ખોટો છે. 'ઉ. સં. સ્વા. ના.નો છે' આ વાક્ય જ અમારા કથનને અતિઅનુકૂળ છે. 'શ્રીકૃષ્ણનો નથી' એ કથન તો કપોલકલ્પિત છે. તેનું વિવેચન ઉ. સં. વર્ષ ૮ અંક ૩-૪ માં ૧૨૧-૧૨૨ પેજ ઉપર આપની અવળાઇના જવાબ પ્રસંગે કર્યું છે. સંકુચિત અને સમાવેશ શબ્દનો શો અર્થ કહેવા માગો છો તે તો જણાવતા નથી. એનું કંઈક વિવેચન કર્યું હોત તો સન્મુખ વિમુખ સામાન્ય જનતા સમજી શકત. માનો ન માનો, ઉંચા નીચા થાવ કે આઘા પાછા થાવ, પણ જ્યાં સંપ્રદાયના આખા ખુલ્લા ઉપોદ્ઘાતનું પ્રમાણ છે અને વળી સ્વપ્રમાણ છે તેને માન્યા વિના છુટકો જ નથી. જેને સ્વમુખે બંડીયા વિમુખ કુસંગી ઉઘાડે છોગે અનેકવાર કહેતા તેને સ્વા. ના. સંપ્રદાયની શાખા પ્રશાખામાં ઘુસાડવાની આવી લમણાઝીક, માથાકુટ, કડાકુટ વારંવાર જે તે વાતમાં નિષ્ફળ ક્લેશબહુલ સદાવૈરાનુબંધી શા માટે કર્યા કરો છો ? તમને તેઓ શું સારુ ભાથું પરલોકનું બંધાવનારા છે ? વિમુખના પક્ષની પણ હદ વાળી દીધી છે. છે કંઈ વિચાર, વિવેક કે વિજ્ઞાન? **વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ** આ અભિયુક્તિનો અભ્યાસ તો આપે બહુ કર્યો કરાવ્યો છે તેને યાદ રાખો. વિવેકની વાતો તો બહુ કરી છે અને કર્યા જાવ છો પણ તે પરાર્થે છે પણ સ્વાર્થે નથી.

△ ઉપર પ્રમાણે 'ઉદ્ધવસંપ્રદાય' શબ્દનો સમ્યક્ પ્રકટ અર્થ છે. અને જે પૂંઠા ઉપર 'ઉ. સં. મુખપત્ર' અને અંદર 'સ્વા. ના. સં. મુખપત્ર' લખ્યું છે તે બન્ને વચ્ચે ઉપરોક્ત મૂળમૂર્તિ ભાવનો અભિન્ન એકમેક સંબન્ધ સમજીને લખ્યું છે. સ્વા. ના. સં. નું મૂળ ઉ. સં. હોવાથી પ્રથમ ઉ. સં. અને પછી સ્વા. ના. સં. એવો ઉચ્ચ અભિપ્રાય એમાં રહ્યો છે. રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી વચ્ચે ગુરુ-શિષ્ય ભાવ શ્રીમુખે વર્ણવ્યો છે એ એમાં ગૂઢ રહસ્ય સમાએલું છે. ભુલથી એમ કદાચ લખ્યું હશે એવી સમજણને સેવતા હો તો એ ભારે ભુલ થાય છે. આ સંપ્રદાયનું અસાધારણ 'ઔદ્ધવ' એવું નામ સંપ્રદાયના અધિષ્ઠાતા ઇષ્ટદેવ શ્રીહરિએ અને તેમના મહાનુભાવ સમસ્ત વૈષ્ણવોએ મહાસભામાં રામાનંદ સ્વામીના ચૌદમાને શુભ દિવસે નક્કી પાકે પાયે કર્યું છે તેમાં અન્યથા કે ગૌણ કહેવાનો બંડખોર કોઇને અધિકાર નથી. 'ઉ. સં. ને સંકુચિત રાખી શકશો પણ સ્વા. ના. સં. ને સંકુચિત નહિ રાખી શકો. તેમાં તો અનુકૂળ-પ્રતિકૂળ, શાખાપ્રશાખા સર્વનો સમાવેશ છે' આ જે આપની વામ વચનવ્યક્તિ છે તે જાણે 'ઉ. સં. જુદો અને સ્વા. ના. સં. જુદો' એવા ઇત્યર્થને સૂચવે છે. (આવો સહસાર્થ પૂર્વે બાપાપંથીઓએ રહસ્યાર્થ તરીકે જણાવ્યો હતો. તેનોજ ગંધ આપે સુંઘ્યો હોય એમ જણાય છે. તેનું ખંડન ઉ. સં. માસિકમાં થઇ ગયું છે જેથી અહીં વિશેષ વિચાર કરતા નથી.) સ્વા. ના. સં. નું બંધારણ ધારાધોરણ અને આજ્ઞા-મર્યાદા વિગેરે સઘળા સંપ્રદાયાર્થ ઇષ્ટદેવ ભગવાન શ્રીહરિ અને તેમના મહાત્મા અનુયાયિઓએ લેખિત નિશ્ચિત પાકે પાયે કરેલો હોવાથી એમાં અનુકૂળ અનુયાયિઓનોજ સમાવેશ થશે પણ દ્રોહી પ્રતિકૂળોનો અને આપે માનેલી વિમુખ શાખાપ્રશાખાનો બિલકુલ સમાવેશ થઇ શકશે નહિ. પુછી આવો પ્રતિકૂળ થએલા અને મૂળ થકી વિખુટા પડેલા વાલબાઇ, હરબાઇ, રઘુનાથદાસ, પ્રકાશપુરી, લોટીયામંડળ, હરિશંકર, બોચાસણવાળા, મણિનગરવાળા વિગેરે વિમુખોને. તેમનો કુત્રાપિ કિંચિત પણ સમાવેશ છે ? ક્યાં રહે છે ? ક્યાં ખાય છે ? ક્યાં પિવે છે ? ક્યાં સુવે છે ? શ્રીજીના પ્રસાદભૂત દેવાદિકનાં દર્શન પણ દુર્લભ વર્તે છે. અહિર્વાસી જેવી દુર્દશા દેખીતી છે. પુરાવા ઉપરથી કોર્ટે પણ સ્વા. ના. મંદિરોમાં નહિ પેસવાનો, નહિ રહેવાનો, નહિ ઉપદેશ કરવાનો મનાઇ હુકમ કર્યો છે. આવી દુઃસ્થિતિમાં તમો તેમનો સમાવેશ ક્યાં કરશો ? એવું કાંઈ લવ-ભાન છે ? તે પોતેજ 'અમે બન્ને ગાદીવાળા સંપ્રદાયના નથી, બહાર છીએ' એમ કોર્ટ સુધી સોત્સાહ કબૂલાત લેખિત આપે છે તો પછી તમારે તેમના સમાવેશની પ્રપંચ પંચાત કરવાનું કશું કારણ નથી. આપે પણ કાપીને વિખુટી પાડેલી શાખાના તથા '**સ્થાનભ્રષ્ટા ન શોભન્તે દન્તાઃ કેશા નરા નખાઃ**', આમાં કહ્યા મુજબ સ્થાનભ્રષ્ટ થએલા દંત કેશ અને નખના ચોખ્ખા અપદૃષ્ટાંતથી એવું સમર્થન તો પૂર્વે સેંકડો વાર સુધામાં કર્યું છે. છેદીને પૃથક્ પાડેલી ડાળીઓ તો સુકાઇને નષ્ટ ભ્રષ્ટ થઇ જાય છે, એવું મૂળ વૃક્ષ સાથે સંધાણ શક્ય નથી, શાખા પ્રશાખા હોય તો મૂળ વૃક્ષ સાથે વળગી રહેલી હોય, વિખુટી પડેલી ન હોય એમ પણ આપ પાછા ઉપપાદન કરો છો. આપનું કથન પરસ્પર વિરુદ્ધ વિકત્થન કરે છે. એક તરફથી પ્રતિકૂળ અને વિખુટી પાડેલી શાખા પ્રશાખા કે સ્થાન ભ્રષ્ટ દંત કેશ નખની ઉપમા આપો અને બીજી તરફથી તેનો સ્વા. ના. સં. માં સમાવેશ કહો એતો અતિશય અજાયબી હાસ્યાસ્પદી કહેવાય. આ જોતાં સ્વા. ના. સં. માં પ્રતિકૂળોને કે આપે વિપરીત બુદ્ધિએ પરિગ્રહેલી વિમુખ શાખા

પ્રશાખ
છે. ઉ
મરજી
રીતે
આપનું
સંપ્રદા
એતો
ગીતાય
કહે છે
સંપ્રદા
અનુકૂળ
પાણીન
છે કાંઇ
નાસ્ત્ય

અંગે
અમિત્ર,
ભુલીને
ચોખ્ખુ
દર્શાવ
તેમને
હવે ગ
જીવનપ
૨૦ અં
ર્ણામક
ટીપાયું
કોઈ પ્ર
આશ્રિત
વિમુખ
કાંઈ જ
નથી. એ

△ અ
ટીકા કર
સુધાને
નિંદા છો
થાય છે.

ઉપર
ઉપપ્રાપ્ત
નું મૂળ
હાય એમાં
વર્ણવ્યાં
ભાને સેવતા
નામ સંપ્ર-
મહાસભામાં
થા કે બીજુ
પણ સ્વા.
શાખા સર્વેના
સ્વા. ના. સં.
સ્વાર્થ તરીકે
ખંડન ઉ. સં.
નું બંધારણ
અને તેમના
અનુયાયીઓનાજ
મેલકુલ સમાવેશ
આર્ય, હરખાર્ય,
ગરવાળા વિગેરે
? ક્યાં પિવે છે ?
સી જેવી દુર્દશા
, નહિ રહેવાનો,
તો સમાવેશ ક્યાં
સંપ્રદાયના નથી,
ી તમારે તેમના
વિખુટી પાડેલી
આમાં કશા
એવું સમર્થન તો
સુકાઇને નષ્ટ ભ્રષ્ટ
ખા હોય તો મૂળ
પાછા ઉપપાદન
કથી પ્રતિકૂળ અને
આયો અને બીજી
હાસ્યાસ્પદી કહેવાય.
રહેલી વિમુખ શાખા

પ્રશાખાનો સમાવેશ ન હોય એ ન્યાયસિદ્ધ અને આપના વચનસિદ્ધ અને વિમુખ વચનસિદ્ધ પણ છે. ઉ. સં. તો શ્રીકૃષ્ણાદિ બહુ પૂર્વ પરંપરાથી ભાગવતાદિદ્વારા પ્રવર્તતો હોવાથી એમાં તો મરજી મુજબ પ્રતિકૂળ કે વિમુખ શાખા પ્રશાખાનો સમાવેશ કદાચ કરવો હોય તો કોઈ રીતે શક્ય છે, કેમકે એનું ક્ષેત્ર વિશાળ છે. ઘણા મતપંથો એમાંથી નીકળ્યા છે. એટલે આપનું જે ભેદથી કથન છે તે અત્યંત અવળું સાબિત થાય તેમ છે. આપ જે સ્વા. ના. સંપ્રદાયમાં અનુકૂળવત્ પ્રતિકૂળ અને વિમુખ શાખા પ્રશાખાનો સમાવેશ કરવા માગો છો એતો વિપરીત બુદ્ધિનું ખુલ્લુ પ્રદર્શન છે. સંપ્રદાય સિદ્ધાંતે ઉપાસ્ય ઇષ્ટદેવપણે સ્વીકારેલા ગીતાચાર્ય શ્રીકૃષ્ણતો અનુકૂળોને ઊર્ધ્વ ગતિ અને પ્રતિકૂળ વિમુખોને તો અધોગતિ આપવાનું કહે છે તેનું શું સમાધાન કરશો? શ્રીહરિ પણ એમજ બહુધા કહે છે તેની શી ગતિ કરશો? સંપ્રદાયમાં કે અન્યત્ર સર્વત્ર પણ આર્ય અનાર્ય, આસ્તિક નાસ્તિક, સન્મુખ વિમુખ, અનુકૂળ પ્રતિકૂળ વિગેરે વિભેદો માનવામાં આવે છે તેની પણ શી ગતિ કરશો? દૂધમાં પાણીની પેઠે સત્સંગ કુસંગની સેળભેળ (ભંડોળ) કરવાની તો તમો ચોખ્ખી ના કહો છો. છે કાંઈ બોલ્યામાં હા કે ઢંગ ઢાળ? '...ર્ત્યોષધમસ્તિ શાસ્ત્રવિહિતં મૂર્ખસ્ય નાસ્ત્યૌષધમ્' એવું એક કવિ કથન છે તેને યાદમાં રાખો.

કદાચ આપની 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' એવી પ્રત્યક્ અભેદ દૃષ્ટિ કે સંપ્રદાયનાં સર્વ અંગો પ્રત્યે દિવ્ય–નિર્ગુણભાવ દાંભિક થઈ ગયો હશે કે જેથી અનુકૂળ પ્રતિકૂળ, મિત્ર અમિત્ર, આર્ય અનાર્ય, સન્મુખ વિમુખ, બ્રાહ્મણ શ્વાન ચાંડાળ આદિક બધા પરાક્ ભેદોને ભુલીને પાકા 'अहं ब्रह्मास्मि' થઈ પડ્યા કહેવા પડે, કાંતો અક્કલનો ઉલ્લાસ કે અક્કલનું ચોખ્ખું ખુલ્લુ દેવાળવું કાઢ્યું કહેવું પડે. અમારા કે માસિકના પ્રસંગમાં આ બાબતની કશીજ જરૂર ન હતી. આતો જે કોઈ રીતે પ્રતિકૂળ વિમુખોને શાખા પ્રશાખામાં ઘૂસાડીને તેમને પ્રોત્સાહન કે પ્રોત્તેજન આપવાની અર્થદાસવશાત્ આદત પડી ગઈ જણાય છે, તે હવે ગમે તેવો સ્નેહી મિત્ર હિતસ્વી કહે તો પણ [illegible] નાડાની પેઠે પકડી રાખી છે તે જીવનપર્યંત છોડવાના નથી. આ સંબન્ધનો ગોવિંદરામ કૃત દોહોતો બોચાસણીયા માટે વર્ષ ૨૦ અંક ૧ માં આપે આપ્યો છે પણ સ્વ.અનુષ્ઠાનમાં લેતા નથી. 'प्रकृतस्व्यवहारविहारिणस्त्विह सुखं विचरन्ति महाधियः' આ જે યોગવાસિષ્ઠનું વાક્ય પુંઠા ઉપર બહુ વર્ષ ટીપાયું છે એનો અર્થ તો અન્ય છે પણ આપ પોતાને ફાવતી ઉટાંગ બાબતમાં લઇને જે કોઈ પ્રકૃતમાં પ્રતિ[illegible] કે અનુકૂ[illegible] વિમુખ કે સન્મુખ, કુસંગી કે સત્સંગી, નાસ્તિક કે આસ્તિક પ્રાપ્ત થાય તેની સાથે ફાવતા વ્યવહારના વિહારી અર્થદાસવશાત્ થઇને સુખેથી વિમુખવાડામાં વિહરતા વાંછતા હો તો તેમ યાવદાયુષ કર્યા કરો [illegible]માં અમારું કે સત્સંગનું કાંઈ જવાનું નથી. પરંતુ આ વસ્તુ સંપ્રદાયનિષ્ઠ પ્રતિષ્ઠિત પ્રામાણિક માટે બીલકુલ સારૂ નથી એટલું અંત્ય અવસ્થાએ સમજો તો સારૂં છે. સુજ્ઞેષુ કિં બહુના.

આપજીએ જ્યારે ગુરુ થઇને વિના પ્રસંગે વિના પ્રયોજને 'જય શ્રીહરિ' ની ખોટી ટીકા કરી ત્યારે અમો શિષ્યોને સુધાની ટીકા કરવાનો હક પ્રાપ્ત થાય છે. તમો જ્યારે સુધાને મુખપત્ર આદિક નામથી નવાજો છો અને જય શ્રીહરિના મુખપત્રને પુંઠા નામથી નિંદો છો. તો હવે અમને પણ સુધા માટે પુંઠા નામથી વ્યવહરવાનો પ્રકૃત હક પ્રાપ્ત થાય છે. એમ થતાં ભાષા મળતી આવશે.

પ્રથમારંભમાં માસિકનું નામ "સત્સંગસુધા" અને "ઉદ્ધવસંપ્રદાયની સેવાર્થે હરિનવમીએ પ્રગટ થતું માસિક" અને 'निजात्मानं' આ શિક્ષાપત્રીશ્લોક અને સંયુક્ત તંત્રીઓ કેશવલાલ [illegible] તથા પ્રેમી મુસાફર કામદાર તથા સહતંત્રી સાકરલાલ શાસ્ત્રી અને પ્રકાશન સ્થળ બોટાદ એમ પુંઠા ઉપર લખાયું. 'नामकन्नाम दुर्लभः' આ સાહિત્ય અનુસાર [illegible]એ યોજનાતો ગુરુગુણગરિષ્ઠ કરી. વર્ણિજી ! જે સત્સંગ શબ્દને ઉદ્ધવસંપ્રદાયના પર્યાય તરીકે વાપરે છે અને વળી 'રામાનંદસ્વામીએ ઉદ્ધવસંપ્રદાય પ્રવર્તાવ્યો અને શ્રીહરિએ તેમાં સુધારા વધારા કરીને સત્સંગ નામ આપ્યું' એમ કંઈક મનસ્વી વિશેષે કરીને સત્સંગ નામની વરિષ્ઠતાને વદે છે. આ સંપ્રદાયના સિદ્ધાંત મુજબ અને વર્ણિજીના અભિપ્રાય મુજબ બન્ને પૂજ્ય શબ્દો પુંઠા ઉપર [illegible]લા પ્રયોજ્યા છે. એટલે અમે જે પુંઠા ઉપર 'ઉ. સં. નું મુખપત્ર' એમ લખ્યું તે સર્વથા મળતું થાય છે. એટલે વર્ણિજીને કશી ટીકા કરવાનું રહેતું નથી. 'निजात्मानं' આ શ્લોક લખીને બ્રહ્મરૂપ થઇને શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો મુખ્ય ઉદ્દેશ જણાવ્યો છે તે પણ સૈદ્ધાન્તિક સમીચીન છે. એમ ગોઠવણી તો સર્વથા ઠીક થઈ.

વર્ષ ૨ માં 'ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિને પોષતું સચિત્ર માસિક' એવું પુંઠા ઉપર આવ્યું. 'ઉદ્ધવસંપ્રદાયની સેવાર્થે' આ જે શ્રીહરિમાન્ય મુખ્ય મુદ્દાનો શબ્દ હતો તે કાઢી નાંખવાનું આપ ડહાપણ બંડીયું થયું. મુકાતાં ચિત્રો બંધ થતાં 'સુંદર માસિક' એમ પુંઠા ઉપર આવ્યું અને બોટાદ મટીને પ્રકાશન સ્થળ રાજકોટ આવ્યું. ત્રીજા કે ચોથા વર્ષમાં (અમારી પાસે એ [illegible] અંકો ન હોવાથી નક્કી કહી શકતા નથી.) સત્સંગ શબ્દ કે જેને વર્ણિજી મુખ્ય સૈદ્ધાન્તિક વરિષ્ઠ પ્રાણસમાન માને છે તેને કાઢી નાંખીને કેવળ "સુધા" નામ કે જેમાં સંપ્રદાયાર્થનું કશુંજ સૂચન કે ગૌરવ નથી એવું બે અક્ષરનું શૂન્ય નામ રહ્યું. એમ બન્ને [illegible] સંપ્રદાયમાન્ય સૈદ્ધાન્તિક ગરિષ્ઠ હતા તેને કાઢી નાખવાનું અખતર ડહાપણ સૂઝ્યું. આ રીતે સ્થાન ઢંગ ઢાળ અને ઠામનું કાંઈ ઠેકાણું રહ્યું નહિ. ક્યા વિચારોથી એમ અવળું કર્યું હશે તે તો તેઓ એકલાજ બંડપ્રસંગી જાણે.

વર્ષ ૯ માં 'ધર્મ જ્ઞાન' ઇત્યાદિ પુંઠા ઉપર સૈદ્ધાંતિક સુંદર લખાતું હતું તેને કાઢી નાંખીને 'સત્સંગની શુદ્ધિ વૃદ્ધિ અને સંસ્કૃતિને અર્થે પ્રગટ થતું સુધારક પત્ર' એમ વ્યવહારપર [illegible] જવાનો સુધારો સુધારકંમન્યોએ કર્યો. એજ વર્ષમાં વળી 'પોષતું એકમાત્ર' એટલા શબ્દનો સુધારો 'એવાં અન્ય માસિકો નથી' એમ જણાવવા માટે કર્યો. વર્ષ ૧૧ અંક ૨ થી પ્રથમ પુંઠા ઉપર 'प्रकृतस्व्यवहारविहारिणस्त्विह सुखं विचरन्ति महाधियः' આ એક વાક્ય યોગવાસિષ્ઠનું નૂતન અપ્રમાણિક અભિપ્રાય જણાવવા દાખલ કર્યું અને તેનો અર્થ પણ મનઃકલ્પિત સામાન્ય જનતાને સમજાવવા માટે લખ્યો. અને '[illegible]' આ એક શ્લોક સત્સંગનાં ૭ અંગોને સૂચવનારો અને તેની સેવાના [illegible] સ્વયં બનાવેલો ગોઠવ્યો. અંદરના પુંઠા ઉપર 'શુદ્ધિ વૃદ્ધિ' એમ જે ચાલુ હતું [illegible] દાખલ કર્યું. એમ અહીંથી નવું ટીખળ ઉભલ કર્યું. વર્ષ ૧૪ અંક ૭–૮ થી પ્રથમના [illegible] ભાણજી મૂળજી વકીલ આવ્યા. વળી વર્ષ ૧૪ અંક ૧૦ ના અંદરના [illegible] "શ્રીસ્વામિનારાયણ મંદિરની કાર્યવાહક કમીટીની સહાનુભૂતિથી" એટલા શબ્દનો વધારો થયો તે ફક્ત બેજ અંક ચાલીને ૧૨ થી બંધ થયો. નવું નાટક બંધ કરવાનું [illegible] જણાવ્યું નથી. પરસ્પર અણબનાવટ કે મંદિરને ભારે પડતું હોવું જોઇએ.

વર્ષ ૧૫ ના ૧ અંકથી અંદરના ભાગમાં '**તૃપ્ત વાક્સુધારસૈઃ**' આ '**ધર્મ મઘર્મ**' આ શ્લોકનો અર્ધો ભાગ વાક્સુધારસથી તૃપ્તિ પામવાના ઉદ્દેશથી દાખલ કર્યો. માસિકના સુધા નામ ઉપર તાન ગયું પણ એતો શ્રીજીનાં વચનામૃતો માટે છે. તમારા જેવાનાં વિષસંપૃક્ત અપવાક્યો માટે નથી. વર્ષ ૧૫ અંક ૧૧ થી અંદર ભાગમાં 'સત્સંગની શુદ્ધિ' વાળું મથાળું કાંઢી નાખીને 'સત્સંગમાં શ્રીજીની શુદ્ધ ઉપાસના અને આજ્ઞાનો ઉપદેશ કરતું એકજ સર્વપક્ષીય પત્ર' એવું હેડીંગ કંઇક બંડાર્થબોધક અને સ્વપ્રશંસા-સૂચક અને અન્યનો અપકર્ષસૂચક દાખલ કર્યું. 'શુદ્ધ, એકજ, સર્વપક્ષીય' આં શબ્દો આ અર્થના બોધક છે. આ રીતે ૧૬–૧૭ વર્ષ ચાલતાં ૧૭ ના અંક ૧૦ થી '**પ્રકૃત-સંવ્યવહાર**' આ જે હેડીંગ ચાલું હતું તે બંધ કર્યું. વર્ષ ૧૮ થી 'સર્વપક્ષી' સ્થાને 'સત્યપક્ષી' એવો કંઇક વિશેષાર્થ જણાવવા સુધારો કર્યો. સર્વપક્ષી મટાડીને સત્યપક્ષી ઠરાવ્યું.

વળી વર્ષ ૨[illegible] માથી અંદરના પુંઠા ઉપર વચ્ચે "સુધા" નામ રાખીને એક બાજુ **આજ્ઞા મર્યાદા** એવું પ્રથમ લખીને 'પડંગ સત્સંગમાં રહીને જ સેવા કરવી, સત્સંગને અખંડ રાખવો' એવું અને બીજી બાજુ '**ઉપાસના ભક્તિ** એક શ્રીજીમૂર્તિનું જ ધ્યાન અને એક સ્વામિનારાયણ નામનુંજ ભજન કરવું' એવું લખાણ લખીને નૂતન આડંબર વધારામાં કર્યો છે. પ્રથમ પુંઠુ અને અંદરના પુંઠા વચ્ચે બે પેજ બીજા વિષયના દાખલ કરવાનું પણ નૂતન ટીખળ કર્યું છે. વર્ષ ૨૧ અંક ૮ થી વળી બીજા તંત્રી સુમનલાલ પ્ર. શુક્લને દાખલ ક્યાં છે. આ પહેલાંના તંત્રી સાત વર્ષ રહ્યા. વર્ષ ૨૫ અંક ૨–૩ થી પોતે મિથ્યા કારણ દર્શાવીને નાસિકના બ્ર. શા. બાળકૃષ્ણાનંદજી તંત્રી સીધા થયા. સાથે આદ્યતંત્રીનું નામ અડાવ્યું છે તે અનુપયુક્ત છે. ૨૬ વર્ષ પુરાં કરીને અંત્ય અંકે આપેલી જાહેરાત મુજબ ૨૭ થી પત્રાત્મક કર્યું અને પ્રથમ પુંઠા ઉપર પહેલુંજ 'શાખા પ્રશાખા વિશિષ્ટ અખિલ સત્સંગ સમાજનું પત્ર' એવું હેય હેડીંગનું ડીંગ મારીને બધા બંડોના તંત્રી અને વિમુખોના પ્રમુખ પ્રચારક બન્યા. એમ થતાં ચારે બાજુથી અત્યંત અણગમો થતાં પ્રખર પ્રહારો થવા લાગ્યા. ૨૮ માં એજ મુજબ ચાલ્યું અને ૨૯ માં પણ એજ મુજબ ચાલે છે. આ સુધાના ઢંગ ઢાળ અને ઠામું ઠેકાણા વિનાનું વિવરણ છે. ઉંટીયાની પેઠે અઢારેય વાંકાં અંગો પોતાનાં છે છતાં શું મોઢું લઇને સર્વાંગપૂર્ણ જયશ્રીહરિના સિદ્ધાંતસૂચક મુખ પત્રની વક્રતા કહેવા કટિબદ્ધ થયા છે. એ અવળચંડાઇ અનેરી અનોખી છે. જયશ્રીહરિના મુખપત્રની ટીકા કરવાથી અમારે એનું ટીપ્પણ સટીક કરવું પડ્યું છે તે દોષને સ્થાન નથી. એવી પોતાની ટીકાઓ કરવાજ આવાં અડપલાં અટકચાળાં યથા તથા જે તે બાબતમાં કર્યા કરે છે. બોલતાને જેતે રીતે બંધ કરી દેવાની આદત પડી છે તે હવે પ્રાણાંતે પરાસ્ત થશે એવી સર્વ કોઇની માન્યતા છે. અસ્તુ. ભેંસનાં શીંગડાં ભેંસને ભારે પડશે બીજાને શું ?

વૃદ્ધવયે આવા સાવ વિપરીત ભાવનાં કારણો અનેક અર્થદાસત્વાદિ હશે, પરંતુ નાસિક કે જેમાં તત્ત્વ મહત્ત્વનું તો મીંડુંજ છે એવા સ્વત્વહીન સ્વરહિત સાધનશૂન્ય પણ અલ્પ અધિકાર ઉપલેક નામનો મહામહેનતે મળ્યો એ પણ એક કારણ અનુમાય છે. વર્ષ ૧૬ અંક ૧ "**અધિકાર અને સહકાર**" આવા શીર્ષકથી સ્વયં લખેલા લેખમાં–"**પ્રભુની માયાની** બલિહારી છે તેમ માણસોની **મૂર્ખાઇની** પણ બલિહારી છે. સકામ કે નિષ્કામ

હરકોઇ ભાવથી કોઇપણ કાર્યનો જ્યારે માણસને અધિકાર મળે છે ત્યારે તેના રાગ રંગ ઢંગ બદલી જાય છે. તેને અધિકારનો ઉન્માદ ([illegible]) જરૂર ચઢી જાય છે ને પોતાપણાનું, ધર્મનું ભાન ભુલાવી દે છે. તે અ[illegible] ભલે રાજા હો કે મહારાજા (આચાર્ય) હો, મહંત હો કે કોઠારી હો, કમીટીનો પ્રમુખ હો કે સેક્રેટરી અથવા મેમ્બર હો, અને ત્યાગી હો કે ગૃહસ્થ હો, પણ તેના પ્રથમના વિચારો આચારો કે ભાવનાઓ અધિકાર આવ્યા પછી કાળક્રમે જરૂર બદલી જાય છે. એની એ રહેણી કે કહેણી રહેતી નથીજ" આ પ્રકારના આપડહાપણભર્યાં શબ્દો છે તે આબેહુબ બંધબેસતા ઠીક આવે છે. આમાં પ્રભુની માયાની બલિહારીનું ઉદાહરણ લઇને માણસોની મૂર્ખાઇની બલિહારીને જણાવો છો તો તેનો પ્રવેશ આપમાં નથી થયો ને? સકામ હરકોઇ કાર્યના અધિકારમાં દોષ હોય છે પણ નિષ્કામમાં નથી એમ જાણીને સંન્યાસી ટ્રસ્ટ આશ્રમના કાર્યમાં જોડાયાની વાત કરો છો. હવે જ્યારે આપ નિષ્કામ હરકોઇ કાર્યના અધિકારમાં પણ બંધાદિ દોષને કહો છો તો તેવા દોષોનો પ્રવેશ આપમાં નથી થયો ને? સકામ કે નિષ્કામ હરકોઇ કાર્યનો અધિકાર મળતાં પ્રથમના રાગ રંગ–ઢંગ બદલાઇ જવાનો અને પોતાપણાનું, ધર્મનું ભાન ભુલાઇ જવાનો અને એનો કેફ જરૂર ચઢી જવાનો અને નાનામોટા વિગેરે દોષોના ઉદ્‌ભવને એકસાથે કહોછો તો તેનો ઉદ્‌ભવ આપમાં નથી થયોને? તમામ અધિકારીઓને એકજ પંક્તિમાં ગણીને, તેમાં કોઇને પણ બાકી નહિ રાખીને તમામમાં અધિકાર મળતાં પ્રથમના વિચારો, આચારો, ભાવનાઓ કાળક્રમે અવશ્ય બદલાઇ જવાનો અને રહેણી કહેણીનું પણ કાંઇ ઠેકાણું નહિ રહેવાનો મહાદોષ આરોપો છો તો તેનો આવેશ આપમાં આવ્યો નથીને? નાસિકના સત્યાનાશક અલ્પ અધિકારમાં આવ્યા પછી પ્રથમના રાગ, રંગ ઢાળ, વિચારો, આચારો, ભાવનાઓ, રહેણી કહેણી વિગેરે બધુજ બદલાઇ ગયું છે એમ બહુધા સત્સંગ સમાજ કહેવા મંડ્યો છે અને કાલક્રમે કહેશે. કેટલાંને દાંતીયાં કરશો કે ટાંચીયાં મારશો કે ડોળા કાઢશો. જ્યારે અલ્પ ક્ષુલ્લક અધિકાર મળતાં બધુંજ સ્વભાવો બદલાઇ ગયા છે, તો જો આપે ગણ્યા પૈકી કોઇ એક અધિકાર મળ્યો હોત તો '**કાં ચેષ્ટાં ન કુરુતે**' એના જેવું જરૂર બનત. અધિકારનો મોહ કે લોભ નથી એમ સ્વયં માનતા હો પણ એ વાતને ઉકેલવામાં કાંઇ માલ નથી. માટે એને મનથી નિઃશેષ છોડી દઇને પ્રથમના રાગ રંગ ઢંગ આચાર વિચાર ભાવના અને રહેણી કહેણીમાં આવી જાવ એવી આપના અને આખા સત્સંગના ભલા માટેની અમારી વણમાગી સલાહ અને ચેતવણી સાચી અને સારી છે. આપશ્રીએ તો પ્રથમ બોરીયાવી–કંજરી વડતાલ જુનાગઢ ગોંડલ રાજકોટ બોટાદ વગેરે બહુ સ્થળે એવો વેષ કાઢ્યો છે અને છોડ્યો છે. તો આ નાશિકીયો નવો વેષ કાઢી નાખવામાં લજ્જાદિ આવરણ નહિ આવે. '**उदरनिमित्त बहुकृतवेषाः**' એમ એક મહાજન આપણા માટે કહે છે. જે ભાડે રાખેલું ઘર છે તે સરકાર ગમે તેવા આકરા કુટિલ કરાળ કાયદાઓ કરીને રક્ષણ આપતી હોય અને ભાડુત પણ માલિક સામે બધી જાતની ભુંભા[illegible] કરતો હોય તો પણ છેવટે જ્યારે ત્યારે ઘર ખાલી કરી આપવું પડે છે એવી કહેવત [illegible] તે ખોટી પડતી નથી. તેમ નાસિકીય ટ્રસ્ટ આશ્રમની એવીજ સ્થિતિ પૂર્વેથી ચાલ[illegible] આવે છે. તો સવેળા ચેતો તો સારૂ છે. જે આશ્રમમાં મોહ પામીને લોભાઇ બંધાઇ ગ[illegible] છો તેતો પ્રથમ વડતાલ ગાદીને સોંપવા માટે પ્રાગજીભાઇએ શા. હરિજી. કોઠારી હતા ત[illegible]

પત્ર લખ્યો હતો. તેની સ્થિતિ સંન્યાસીકૃત ટ્રસ્ટની પરતંત્ર કલેશમય અને સંપ્રદાયને અનુપયોગી ભારરૂપ જાણીને સ્વીકારવાની ના લખેલી. તે પછી તમો વિગેરેનું તાન તેની ઉપર તુટયું છે. એવાં ભ્રષ્ટ રેઢાળ ટ્રસ્ટ તો દુનીયામાં હજારો છે. તે સંપ્રદાયનિષ્ઠ ત્યાગીને કશા કામનાં નથી. સંપ્રદાયનું શ્રીજીકૃત બંધારણ અને ધારાધોરણની દૃષ્ટિએ દેખાએ તો એવું ટ્રષ્ટ કોઇપણ ત્યાગી રાખી શકે નહિ અને તેને માટેનાં ઉઘરાણાં સંપ્રદાયમાં કરી શકે નહિ. પોલમપોલ ચાલે છે. અને તેને તમારા શબ્દમાં વેવલા પ્રેમલા ભભાકીયા કહેવાતા સત્સંગીઓ પોષે છે ત્યાં સુધી ઠીક જણાય છે. કહેવાનું ઘણું સારૂં હોઠે આવે છે પણ વિસ્તાર ભયથી વિરામ પામીએ છીએ. આ રીતે અંતિમ પેરેગ્રાફનો પ્રતિ ઉત્તર સવિસ્તર આપના આનંદ અને જય માટે અપાયો છે. "આનંદની વાત છે !!!" 'આવો જય શ્રીહરિ' આ મથાળાના બન્ને લેખોનો જવાબ ઉપર પ્રમાણે જાણજો. હવે ત્રીજા અલ્પ લેખનો અનલ્પ જવાબ આપીએ.

૬ વળી વર્ષ ૨૮ અંક ૨૩ પેજ ૧૮૦ ના બીજા કોલમના છેક છેડે "આ કેવું આશ્ચર્ય ?" એવું લોકોને આશ્ચર્ય ઉપજાવવાના ઇરાદાવાળું મોહક મથાળું મથાળીને, "સત્સંગમાં એક સુપ્રસિદ્ધ પરમ ભગવદીય નાથજીભાઇ જેવાના અક્ષરવાસ માટે સત્સંગની અને અન્ય પણ જાહેર પેપરોએ ઉલ્લેખ કર્યો. ત્યારે "જય શ્રીહરિ"માં તે માટે એક શબ્દ સરખો પણ ન મળે એ કેવું આશ્ચર્ય ? કોઇનો અક્ષરવાસ નથી લેવાતો એમ તો નથીજ. ગઢપુરવાસી શેઠ મોહન મોતીનો બહુ વિસ્તારથી લેવાયો હતો. પણ માની શકાય છે કે સ્વનિર્ણિત ઉદ્ધવસંપ્રદાયાન્તર્ગત સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ વસ્તુ નહિ આવતી હોય." આવા અતિવિચિત્ર આડાતેડા અર્થશૂન્ય શબ્દસંદર્ભવાળો વામ લેખ લખ્યો છે. આટલો અલ્પ પદવાળો પણ લેખ ૧૮૦ પેજમાં અંતે આરંભ કરીને તેમાં પૂર્ણ નહિ કરતાં વચ્ચેના બીજા બે પેજમાં પણ અનુસંધાન નહિ લેતાં ૧૮૩ માં છેક છેડે લઇ ગયા છે. આ સુધાના સીધા તંત્રીની યોજનાનું પ્રથમાશ્ચર્ય કેવું છે ? તે સર્વેએ સમજવું. જેનો કશો પ્રસંગજ નથી અને લેશ પ્રયોજન કે લાભ નથી એવી નકામી ચર્ચા કરવા ચોગાનમાં ચગડોળે ચઢવું એ આશ્ચર્યવર્ય કેમ ન કહેવાય ? પારકી પ્રપંચપૂર્ણ પંચાતનું પ્રયોજન શું ? નાથજીભાઇના શિષ્યોને રાજી કરવા અને ઉશ્કેરીને અમારે વિષે અણગમો ઉપજાવવાની બદદાનત ભરેલો આ ચોખ્ખો લેખ લબાડ છે. એની સમીક્ષા શાખા પ્રશાખા [illegible] શિષ્ટ અખિલ સત્સંગસમાજ સૂક્ષ્મ બુદ્ધિથી કરે. નાથજીભાઇનો અક્ષરવાસ ન લીધાની ચર્ચા કરવી હોય તો તેમના અનન્ય ચેલાઓ કરે. નહિ કશામાં તમો વિના પ્રસંગે વિના પ્રયોજને એવી ચર્ચા ચોગાનમાં કરો એ પણ એક આશ્ચર્ય તો ખરૂંજ. અક્ષરવાસ ન લીધાનું આશ્ચર્ય આપને જેમ થાય છે તેમ સમાચાર ન લીધાની ચર્ચા જાહેરપત્રમાં કરો એ અમને અત્યાશ્ચર્ય લાગે છે. એવી ખોટી ટીકા કરીને તમો શો કાંદો કાઢવાના છો. અમારે કોઇને વાંકું સુકું ભલું ભુંડું કશુંજ કહેવાની ઇચ્છા ન હોય તથાપિ એવાં આડાંઅવળાં અટકચાળાં કે અડપલાં છેક છોકરીમાં કર્યા કરો છો જેથી કંઇક જવાબરૂપે કહેવાની ફરજ પડે છે. પ્રભુની માયાના ઉદાહરણથી માણસની મૂર્ખાઇની બલિહારીને આપ કહો છો તે બરોબર બંધબેસતી છે.

હવે જ્યારે આપેજ એ ગુહ્ય પાનું ઉકેલ્યું છે તો આપનેજ આશ્ચર્ય ઉપજાવવા ખરી હકીકત હેય પણ કહેવી પડશે. નાથજીભાઇના શિષ્યોએ અક્ષરવાસના સમાચાર અમને કે

તંત્રીને બીજા ભાવે નહિ પણ જય શ્રીહરિના સંચાલક કે તંત્રી ભાવે પણ આપવા જોઇતા હતા પણ બીલકુલ આપ્યા નથી. કાળોતરીનાં કાર્ડ તો બે હજાર છપાયાં હતાં અને મોકલાયાં હતા એમ સાંભળવામાં આવેલું. તેમાંથી એક કાર્ડ સરખો પણ અમારી ઉપર લખવાનો વિવેક કર્યો નથી. અમે તો ગામડે હતા, બહુ દિવસે અવસાન સમાચાર કોઇથકી જાણ્યા હતા. જેમ આપની ઉપર નાથજીભાઇના ફોટા સાથે એમની હોરકીર્દીનાં પેપરો લખી મોકલ્યાં તેમ અમારી ઉપર અલ્પ પણ લખી મોકલ્યું નથી. તમારે ત્યાં તો પેજના ભુલભાવે રોકડા મુકાવ્યા પછીજ લાંબા લેખો લેવાની સુધામાં સીધી જાહેરાતો છે. એવું અમારા માસિકમાં કશું નથી. પટ્ટ શિષ્યોએ કંઇક લખી મોકલ્યું હોત અને અમોએ ન લીધું હોત તો તમારા જેવા પાખંડીનો અપવાદ સહેવો પડત. અમે જાતે કંઇ ડહાપણ કરીએ અને તે તેમના શિષ્યોને ન ફાવતું આવે તો વધારાની ઉપાધિમાં પડીએ એમ જાણીને આપ ડહાપણ પણ કર્યું નથી. નાથજીભાઇના જન્મસ્થાન ઉમરેઠના હરિભક્તોએ શોકસભા ભરીને લખી મોકલેલો ઠરાવ કંઇપણ ફેરફાર કર્યા વિના આખોજ જય શ્રીહરિના અંક ૪ માં લીધો છે. એમાં એક શબ્દ નહિ પણ અનેક સારા શબ્દનો ઉલ્લેખ છે. એટલે તમે "તેને માટે એક શબ્દ સરખો પણ ન મળે" એ જે અપવાદ આપ્યો છે તે હડહડતો સાવ ખોટો હોઇને નાથજીભાઇની અનસ્ય મંડળીને ઉશ્કેરવાના બદ ઇરાદાવાળો ખાસ છે. વડતાલ મંદિર કમીટી કે જે આખા ત્યાગી ગૃહી સત્સંગ સમાજની પ્રતિનિધિ મનાય છે તેમાં એક સંચાલક શાસ્ત્રી સભ્ય છે તેમની હાજરીમાં નાથજીભાઇના અક્ષરવાસનો અનુશોક અને તેમના ખરા ગુણગાનનો ઠરાવ સર્વાનુમતે થયો છે અને તે તેમના ચિરંજીવીઓ ઉપર મોકલી પણ આપ્યો છે. પણ તે છાપવામાં આવ્યો જણાતો નથી. કારણ તો તેઓ કે [illegible] બનેલા તમો જાણો. સુધામાં ફુલસ્કેપના સાત આઠ પેજો લાંગટ છાપ્યા છે [illegible] તમોએ તો એક પણ શબ્દ સરખો પાડ્યો જણાતો નથી. ભાષા કહી આપે છે. [illegible] જ્ઞાતા પટ્ટ શિષ્યે લખેલો ખરેખર છે. "પરમ ભગવન્નિષ્ઠ અનાદિ મહામુક્ત" [illegible] શીર્ષકથી લખાએલા લાંબા લેખના લેખકનું નામ તો તમારા દફતરમાં આવ્યું હશે પણ તમોએ છાપ્યું નથી એ કેવું આશ્ચર્ય ? એમાં શું ગુપ્ત રાખવા જેવું ગુહ્ય ભયંકર હતું. નામ ઠામ લીધા વિના કોઇનો લેખ લેવો નહિ એવો તમારો તો મુદ્રાલેખ સંભળાય છે. આટલા બધા પેજો સારા ગ્લેજ કાગળ ઉપર છાપ્યા છે તે શું વિના વિત્તે છાપ્યા છે ? છેવટે કાંઈ નહિ તો ગ્રાહકો દ્વારા લવાજમરૂપમાં લીધા હશે. તમો તો રોકડીયા બ્રહ્મજાત છો તે કોઇનો દોકડો પણ છોડો ખરા ? શ્રીહરિના તો કોઇકજ ગ્રાહક હશે. કોઇને ત્યાં તો બે વર્ષ અંકો ગયા પણ માગ્યા છતાં લવાજમ મળ્યું નથી એ કેવું આશ્ચર્ય ? અક્ષરવાસ માટે સત્સંગનાં અને અન્ય પેપરોએ ઉલ્લેખ કર્યો હશે તે પણ તેમના શિષ્યોએ લખી મોકલવા ઉપરથી કર્યો હશે. એવો ઉલ્લેખ એક શબ્દ સરખો પણ અમારા માસિક માટે કર્યો નથી એ કેવું આશ્ચર્ય ?

જય શ્રીહરિમાં કોઇએ કોઇનો અક્ષરવાસ લખી મોકલ્યો હોય તો લેવાય છે અને તેમાં સુધારો વધારો અને સંક્ષેપ પણ કરાય છે. 'ગઢપુરવાસી શેઠ મોહન મોતીનો બહુ વિસ્તારથી લેવાયો હતો' એમ એમને ઉદાહરણ તરીકે મુકીને [illegible]જીભાઇ જેવાનો અક્ષરવાસ કેમ ન લીધો ?' એવો આક્ષેપ પ્રક્ષેપ કરો છો એ પણ [illegible] અન્વયબીઅર્થવાળું આશ્ચર્યજ છે.

બીજા ઘણાંના અક્ષરવાસો લીધા હશે તેમાંથી બીજા કોઈનું પણ નામ હોઠે નહિ આવતાં ગઢડાના મોહન મોતીનું નામ અડાવ્યું અને વળી 'બહુ વિસ્તારથી લેવાયો હતો' એમ પણ ઉઘડ લખ્યું એ ઉપરથી એમને માટે કે અમારે માટે કંઈક અણગમો જણાવવાની વૃત્તિ હોય એમ ભાસે છે. આ બાબતની લવરી કરવાની તમારે કશી જરૂર ન હતી. ખરી હકીકત તો એ છે કે—એ ગઢડાના શેઠનો અક્ષરવાસ શ્રીહરિમાં મૂકવા માટે કોઈએ લખી મોકલ્યો નથી અને છપાયો પણ નથી. મૂળં નાસ્તિ કુતઃ શાખા. છપાયો યાદમાં હોય તો વર્ષ અંક પેજ જાહેરમાં જણાવશો. "શ્રીહરિમાં વિસ્તારથી લેવાયો છે" એતો તમને ખાલી ખોટી ભ્રમણા સન્નિપાતી કે ભૂતાવેશી થઈ હશે. અંન કોઈ મિત્ર માસિકમાં વિસ્તારથી લેવાયો હશે તેની ભ્રાંતિ શ્રીહરિમાં પેઠી હશે. અમને તો સર્વ આશ્ચર્ય કરતાં અનવચ્છિરાતિશય લાગે છે. જાલ્મની પેઠે જેમ આવ્યું તેમ જલ્પ્યાજ જાવ છો.

▷ "પણ માની શકાય છે કે સ્વનિર્ણિત ઉદ્ધવ સંપ્રદાયાન્તગર્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ વસ્તુ આવતી ન હોય". આ જે વસ્તુનું વિનિવેશન છે તે અપ્રકૃત અનુપયુક્ત અર્થશૂન્ય હોઇને અત્યાશ્ચર્યાપાદક છે. 'સ્વા. ના. સં. એ ઉ. સં. ની અંતર્ગત છે એ સંચાલકોનો નિર્ણય છે. સુધાના તંત્રીનો તો સ્વા. ના. સં.એ ઉ. સં.ની અંતર્ગત નથી પૃથક્ છે' એવો નિર્ણય છે. એવા ભેદભાવને સૂચવનારી તમારી એ વચનવ્યક્તિ છે. 'સ્વનિર્ણિત' એ શબ્દ ઉપરથી એવું તાત્પર્ય નીકળે છે. 'અંતર્ગત નથી પણ પૃથક્ છે' એ અપમાન્યતા તો બંડીયા ખંડીયાની અશાસ્ત્રીય ઉટાંગ છે. પ્રસંગ કરવાથી તેમની વાસના તમારામાં વાસિત થઈ ગઈ હશે જેથી એવું વિભેદથી વિલપન કરો છો. વળી 'સ્વનિર્ણિત' એ ઉપરથી એવો પણ અપાશય નીકળે છે કે—'સ્વા. ના. સં. એ ઉ. સં.ની અંતર્ગત છે' એ અભિપ્રાય તમારો છે પણ શ્રીજીનો નથી' શ્રીજીના શ્રીમુખ શબ્દો જોતાં એ અભિપ્રાય શ્રીજીનો અને તદનન્ય મુક્તોનો ખાસ નિર્ણિત છે એ જણાવવા માટેજ આ લેખમાં એનું વિવરણ સવિસ્તર કરવું પડ્યું છે. નાથજીભાઈ અને તેમના જ્ઞાતા અગ્રણી શિષ્યો તો બન્નેની અભિન્નતાર્થતાને માને છે. તમો તેમને તમારા તંતમાં ભેળવવા મથતા હશો પણ તે બને તેમ નથી. તેમના પ્રવચનમાં '**कहे कृष्ण उद्धव छो तमे रे, इयां आपे आव्या अमे तमे रे। माटे काढो सम्प्रदाय नवीरे, आजथकी कहुं छुं उद्धवीरे ॥**' '**उद्धव ते रामानन्द-रूप, श्रीकृष्ण ते आ श्रीहरिस्वरूप**' આ ભ. ચિ. ની કડીઓ જે તે પ્રસંગે બહુધા વપરાઈ છે. એટલે એમને તો સ્વનિર્ણિત ઉ. સં. ની અંતર્ગત સ્વા. ના. સં. માં સુખેથી માની શકાય છે. આપે જે પ્રતિકૂળ અને વિમુખોને પણ શાખા–પ્રશાખામાં ગણીને સ્વા. ના. સં. માં સમાવેશ કરવાનો નવો ઉઠાવ કર્યો છે તેવા ભંડોળમાં તો તેઓને ભેળવી શકાશે નહિ. વિમુખ સન્મુખની ઉઘાડે છોગે સેળભેળ કરવા માગતા ભભાકીયા માસિકમાં તેમનો અક્ષરવાસ લેવાયો છે એ ખરી રીતે વિચારીએ તો સંપ્રદાય નિષ્ઠિતોને આશ્ચર્યકારક લાગે છે. સુધામાં તો હવે વિમુખોનાજ સંપ્રદાયખોદણીયા લેખો અને અક્ષરવાસો લેવાય છે એમાં નાથજીભાઇનો અક્ષરવાસ લીધો છે એ શુભ શોભાસ્પદ નથી. નાથજીભાઇનો સવિસ્તર અક્ષરવાસ લીધાથી તમો તો જાણે એક ઓચાસણીયા મંડળવત્ એક મંડળ આપણા તંત્રમાં આવી ગયું હોય એમ ફુલાતા મલકાતા હશો પણ તમારા ભભાકીયા સ્વરૂપને આનખશિખા તેમના અનુયાયિઓ પુરેપુરૂં પ્રથમથી જ સમજી ગયેલા છે. (અપૂર્ણ)

પ્ર. શા. બાળકૃષ્ણાનંદજી નાસિકવાળાના આનંદ માટે-

(ગતાંકથી ચાલુ)

જેથી ભજે તેવા ભોળા નથી. નાથજીભાઈને "સત્સંગમાં એક સુપ્રસિદ્ધ અને પરમ ભગવદીય" લખો છો તેતો સાચી દાનતથી નહિ પણ તેમના એકાંતિક આશ્રિતોને પોતા તરફ વાળવા માટે ઉપલેક પાખંડ છે. ખુદ નાથજીભાઈ અને તેમના પટ્ટ લેખક શિષ્યો માટે સુધામાં અનામ કે સનામ કે અન્ય નામથી ઘણી કઠોર, કુત્સિત, તુચ્છ ટીકાઓ સીધી કે આડકતરી સુધા કુધા કરી છે અને અનેક બાબતમાં તેમની વિરુદ્ધના લેખોને સુધામાં સંપૂર્ણ સ્થાન આપીને પણ એવાં અનેક કુભંડો કર્યાં છે. તેને તેમના સચેત શિષ્યો ભૂલી ગયા નહિ હોય. તમે તો બીજે વિમુખ ચાળે ચઢી ગયા હોવાથી ભુલી ગયા હશો પણ અમને તો એની અંગી યાદ છે. પાનાબાર રહી છે, પણ તમારા તથા તેમના ગૌરવ રક્ષણ માટે અમે ઉલ્લેખ કરતા નથી. કોઇને પણ કંઈ પણ આડું અવળુ કહ્યા વિના કદાપિ રહ્યા નથી. અસ્તુ.

હવે જ્યારે આપેજ ડખાઈ ગએલો પોપડો ઉખેળ્યો છે તો સાચેસાચું સંપ્રદાયના હિત માટે સત્ય કહેવું પડશે—જય શ્રીહરિમાં અક્ષરવાસ નહિ લખી મોકલવાના કારણભૂત જે કંઈક વૈમનસ્ય રહસ્ય હશે તેના એક કારણભૂત આપજ મૂર્તિમાન નાશિકીય શાસ્ત્રીજી પ્રત્યક્ષ છો; વચનામૃતનું સર્વોપયોગી પુસ્તક દશબાર રૂપીયે પણ મળતું ન હતું. આવી અલભ્ય સ્થિતિ જાણીને કો. શા. હ. એ આચાર્યશ્રીની આજ્ઞા લઇને છપાવવાનું શરૂ કરતાં શીઘ્રતાથી ભૂમિકા વિગેરે અનેક ભવ્ય વિષયોવાળું એ પુસ્તક તૈયાર થયું. તેને વેચવા વહેંચવાની વ્યવસ્થા થઈ ગઈ, પ્રેસનાં નાણાં પણ ચુકાઈ ગયાં, એમ એ અંગેનું સર્વ કાર્ય નિર્વિઘ્ન પતી ગયા પછી ઘણે માસે વિદિતતત્ત્વ છતાં ભાવિએ ભુલાવતાં, બાઝવાનું બીજુ બીજ જાણે ન મળ્યું હોય એમ ભવ્ય ભૂમિકા કે જે વચનામૃતના વિભૂષણભૂત વિસ્તૃત સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાનપૂર્ણ અપૂર્વ લખાએલી હતી તેનું મિથ્યા મિષ લઇને મુખ્ય કોઠારીપદના મોહ લોભના વેગે ચઢેલા ક્ષણચિત્ત વર્ણી કોઠારીએ ભોળા દેશિક સ્થાનમાં વિરુદ્ધ પ્રચંડ ચળવળ પ્રચ્છન્ન કરી. પરિણામે સંપ્રદાયના કોઈપણ અગ્રણી વિદ્વાન ત્યાગી કે હરિભક્ત કે કારભારીને પણ નહિ પૂછતાં એક આજ્ઞાપત્ર શા. હરિજી. ઉપર ખુલાસા માટે સહસા તા. ૧૧–૮–૫૨ ના દિને લખાઈ મોકલ્યો. જ્યારે ખુલાસો માગ્યો છે ત્યારે તેની વાટ જોવાની હતી. ત્યાં સુધી તે પત્ર કોઈ આપવો જોઇએ નહિ, બહાર પણ પાડવો ન જોઇએ. તથાપિ ઉગ્ર ઉતાવળીયા કોઠારીએ આચાર્યશ્રીને પણ પૂછ્યા વિના એક નકલ ઉતરાવીને વેગથી અમદાવાદના આચાર્યસ્થાને જાતે ઝટ પહોંચાડી આવ્યા. ભોળા એ આચાર્યશ્રીએ વાંચીને કે એમને એમ કોઈ ખટપટી નટખટી કારભારીને વાંચવા આપતાં તેનો ગેરલાભ આખો જ લઇને તેમની જાણ બહાર એ પત્રની નકલ ઉતારી લઇને, વધુમાં તેની આગળ પાછળ જાણે ઉપોદ્ઘાત અને ઉપસંહાર કરતા હોય એમ પોતાનું મનફાવતું, બળવંત પીઠિકારૂપનું, છતુ માર્યા જેવું, વિમુખપોષક લખાણ લખીને તે પત્ર અમદાવાદના મહંત કે કમીટી કે બીજા કોઇ ત્યાગી ગૃહી અગ્રેસરને જાણ બહાર વડતાલના સમાચાર તરીકે સુધા ઉપર સત્વર મોકલી દીધો. સુધાના તંત્રી બનેલા વર્ણીએ ખાનગી સૂચના મુજબ એકદમ વર્ષ ૨૫ અંક ૨૧–૨૨ માં પેજ ૨૪૧ ઉપર છાપી માર્યો. આ સંબંધની સઘળી વસ્તુસ્થિતિના પુરા જાણકાર પણ

સાહસિકો જા
ગયું હોય એ
વાઈ ગયા. જે

આ ઉ
સંપ્રદાય ખળ
વાતાવરણના
૨૨–૧૦–૫૨
ગ્રાહકો ઉપર
એથી છાપો
પાછળના વિ
ખુલાસા વિ
વાંચ્યાનેજ વિ
કલહૈકપ્રિય કે
લાંબો કોટિ
વિતથ ચર્ચાસ્
મસલત મુજ
વર્ષ ૨૬ અં
કશુંજ ઓળ
લખેલા. આ
તેમાં પણ કો
મત્સરગ્રસ્ત સ
સ્વલ્પ સૂચન
સાથે મળ્યા.
દેવાની ભલા
ખુની છે? તેની
તરીકે બીજે
પત્ર હતો. અ
ઉપર તા. ૨
સદિઘામાં
ત્યારે કંઈક
સાંજના આ
વામાં આના
આપીશ નહિ
અમારી પાસે
સ્વરચાર્ય પાસે
ી વણિક

માનંદ માટે-

ને પરમ ભગવદીય"
પોતા તરફ વાળવા
શિષ્યો માટે સુધામાં
ા સીધી કે આડકતરી
સંપૂર્ણ સ્થાન આપીને
યા નાદ હોય. તમે તો
એની ખરી યાદ છઈ
ે ઉલ્લેખ કરવા નથી
મસ્તુ.

સાચેસાચું સંપ્રદાયના
ે મોકલવાના કારણભૂત
ાન નાસિકીયા શાસ્ત્રીજી
ન હતું. આવી અલભ્ય
નું શરૂ કરતાં શીઘ્રતાથી
ચવા વહેંચવાની વ્યવસ્થા
નિર્વિઘ્ન પતી ગયા પછી
બીજ જાણે ન મળ્યું
સાંપ્રદાયિક તત્વજ્ઞાનપૂર્ણ
મોહ લોભના વેગે ચઢેલા
ંડ ચળવળ પ્રચ્છન્ન કરી
કારભારીને પણ નહિ પૂછતાં
૧-૯-પર ના દિને લખાવી
ત્યાં સુધી તે પત્ર કોઈ
ઉગ્ર ઉતાવળીયા કોઠારી
અમદાવાદના આચાર્ય સ્થાન
એમને એમ કોઈ ખટપ
લઈને તેમની જાણ બ
ઉપોદ્ઘાત અને ઉપસં
છઠુ માર્યા જેવું, વિમુખપો
કોઈ ત્યાગી ગૃહી અગ્રેસ
ોકલી દીધો. સુધાના
૨૫ અંક ૨૧-૨
પુરો જાણકાર પણ

સાહસિકો જાણે શા. હરિજી.ને પાછા કે હલકા પાડવાનું અપૂર્વ અચ્છેદ્ય બ્રહ્માસ્ત્ર હાથ આવી ગયું હોય એમ આનંદાવેશમાં આવી જઈને આ સહસા કામમાં સઘળાજ સત્વર પતંગવત્ સડોવાઈ ગયા. જેથી **'सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम्'** એમ છેવટે બન્યું.

આ ઉપરથી બન્ને પૂજ્ય ગાદીસ્થાનોમાં ઉગ્ર ઉહાપોહ જાહેરમાં જાગ્યો. આખો સંપ્રદાય ખળભળ્યો. એમાં કેટલીક એમ તેમ લખાપડી પણ ચાલી. છેવટે બધાજ વ્યગ્ર વાતાવરણના વિવરણરૂપની એક પત્રિકા ડેમી ૧૬ પેજમાં શા. હરિજી. તરફથી તા. ૨૨-૧૦-પર ના દિનની છપાઈને બહાર પડી. આ પત્રિકા સુધાના વધારા તરીકે પણ ગ્રાહકો ઉપર રવાના કરવાની વ્યવસ્થા સુધાધારીએ કરેલી અને વહેંચવામાં પણ આવેલી. એથી ઉહાપોહનો અવધિ રહ્યો નહિ. પત્રિકામાં આજ્ઞાપત્રના અને તેની સાથેના આગળ પાછળના વિમુખ લખાણના અને બીજીપણ બધીજ વચ-મધ્ય ૯ વિગેરે બાબતના ખરા ખુલાસા વિગતવાર સશાસ્ત્ર કરવામાં આવ્યા છે. આ પોલપ્રકાશક અપૂર્વ પત્રિકાને વાંચીનેજ વિશેષતઃ વ્યગ્ર વ્યથિત હૃદયવાળા, અમદાવાદ સ્થાનમાં બધાય વિષમભાવના સર્જક, કલહૈકપ્રિય કપટમૂર્તિએ રોષાવેશમાં આવીને પડદાબીબીના પ્રચ્છન્ન પાપરૂપમાં રહીને એક લાંબો કૌટિલ્યપૂર્ણ લેખ શા. હરિજી. ની આખી જીંદગીની ચકાસણીરૂપનો વિચિત્ર વિતથ ચર્ચાસ્પદ સહસા સુધા ઉપર સ્વહસ્તાક્ષરથી લખી મોકલ્યો. તે લેખ ખાનગી મસલત મુજબ સુધાના તોફાનેકતાન સ્વતંત્ર તંત્રીએ આનંદાવેશમાં આવીને વગર વિચારે વર્ષ ૨૬ અંક ૨ પેજ ૩૦ થી ૩૩ સુધીમાં છાપ્યો. આમાં લેખકનું નામ, ઠામાદિકનું કશુંજ ઓળખાણ નહિ આપીને અંતમાં "લી. **એક સત્સંગી**" એવા વંચક શબ્દો લખેલા. આ પહેલાં જે આગળપાછળના અનપેક્ષિત લખાણ સાથેનો આજ્ઞાપત્ર છાપેલો તેમાં પણ કોઈનું નામ, ઠામાદિ હતું નહિ. આવો ભયંકર લેખ લખનારો કઈ જાત ભાતનો મત્સરગ્રસ્ત સત્સંગી નામનો કુસંગી છે તેની શોધખોળમાં પડતાં, કોઈ હિતેચ્છુ સંતના સ્વલ્પ સૂચનથી રાજકોટ ગુરુકુળ પહોચ્યો. તેના ઉત્પાદક શાસ્ત્રીશ્રી અને તંત્રીશ્રી સદ્ભાગ્યે સાથે મળ્યા. તેમને પ્રસંગાત્ પુછતાં તેમણે સદ્વિદ્યામાં છાપવા મોકલેલું મેટર અને એક છાપી દેવાની ભલામણની ચીઠી જુદી વાંચવા આપી. હસ્તાક્ષરનો પૂર્ણ પરિચય હોવાથી લેખક કોણ ખુની છે? તેની ખાત્રી થઈ. આ લેખ આગળ પાછળના મનમાન્યા મધ્ય ૯ ના ક્ષેપક શબ્દોના વિરોધ તરીકે બીજો આજ્ઞાપત્ર આચાર્ય પાસે કઢાવવાના દુરાશયવાળો મિથ્યાજ લખાણ સાથેનો આજ્ઞાપત્ર હતો. આતો સુધામાં પ્રથમજ છપાઈ ગયેલો હોવાથી એની નકલની જરૂર ન હતી. એની ઉપર તા. ૨૪-૯-પર હતી તેની ફક્ત નોંધ લીધેલી. આ લેખ છાપવાનો અતિ આગ્રહ છતાં સદ્વિદ્યામાં છાપવા નહિ. જેથી તેઓ છાપે ચઢતાં બચી ગયા. હું પુસ્તકના કામે મુંબઈ આવેલો ત્યારે કંઈક ગણહારો મળતા સુધામાં આવેલા લેખની ખાત્રી કરવા આપના નાસિક આશ્રમે સાંજના આવ્યો. આપશ્રી ભાવથી મળ્યા, બેઠા, વાતચિત બધી થઈ. લેખકનું નામ આપવામાં આનાકાની કરી. છેવટે ચોખ્ખું કહ્યું કે મેં વચન આપ્યું છે તેથી સાક્ષાત્ નામ આપીશ નહિ. પછી આપોઆપ ઓળખાણ પડી જાય એવાં ઉપલક્ષણો-તમારા મિત્ર છે, અમારી પાસે આવ જાય છે, રહસ્યની વાતો પણ અમદાવાદી કરી જાય છે, અમદાવાદના સ્વરચાર્ય પાસે પણ રહસ્ય કારભાર કરે છે. નાથજીભાઈના પ્રમુખ લેખક શિષ્ય છે. ઉમરેઠના વણિક વકીલ છે, તમે પણ તેમને ઓળખો છો વિગેરે અનેક કહેલાં. એ ઉપરથી

અને ગુરુકુળના અનુસંધાનથી ખાત્રી થઈ હતી. છતાં મને સંતોષ ન થયો. પછી આપે પ્રેસ જોઈ આવવાનું કહ્યું, હું એક વિદ્યાર્થી સાથે પ્રેસ જોવા ગયો, ફાઈલ ન જોઈ જાય એને માટે એક માણસ પાછળ મોકલ્યો હતો. હું તો પ્રેસ જોઈને કંપોઝીટર પાસે ગયો, ત્યાં તો તે દૈવયોગે લેખોની ફાઈલને એમતેમ સપ્રયોજન ફેરવતો હતો. મારી તેની ઉપર દૃષ્ટિ પડતાં હાથમાં ફાઈલ લઈને અંદર જોતાં સુધામાં મુદ્રિત થએલા લેખનું મેટર મળ્યું. મોટા મોટા હસ્તાક્ષરના અને પૃથક્ પૃથક્ પેરેગ્રાફનો ચિર પરિચય હોવાથી લેખકની ખરી ઓળખાણ અસંશય થઈ ગઈ. આ રીતે સત્યવાદીનો દંભડોળ કરનારા આપે ફક્ત સત્ય નામ ન આપ્યું પણ આપપ્રદર્શિત ઉપલક્ષણોથી અને લેખકના સાક્ષાત્ હસ્તાક્ષરથી મને લેખકના નામ, ઠામ, જાત ભાત આદિકનું પાકું ઓળખાણ નાસિકથી અંતરમાં પડી ગયું. એમ થતાં મને બીજા ઉપર વહેમ હતો તે નિવૃત્ત નિઃશેષ થયો. અને સંપૂર્ણ સંતોષ થયો. (આ પ્રસંગથી નાશિકની દારિદ્રયદશા દેખીને અને સાંભળીને અને અનેક ઉપાધિ જોઈ અને રહસ્ય હકિકત પણ જાણીને અપશોષ પણ અત્યધિક થયો. અને એમ પણ થયું કે આમાં શું ? સ્વત્વ તત્વ મહત્વ જોઈને સંપ્રદાયસ્થ વર્ણી શાસ્ત્રી ભરાયા હશે.)

△ આ લેખ લેખકની ખરી વાત મેં ખુદ નાથજીભાઈને ઉમરેઠ જઈને મંદિરમાં ખાનગી કરેલી. તેમણે શિષ્યને ઠપકો આપવાની પણ વાત કરેલી. તે પછી એક અવસરે વકીલ ઈશ્વરલાલભાઈને ઘેર જઈને વાત કરેલી, તેમણે પણ આશ્ચર્ય પામીને 'એવું હશે તો ઉપાલંભ આપીશ' એમ કહેલું. પરંપરાએ અને બીજીપણ રીતે આ આશ્ચર્યરૂપ અનુપયોગી રહસ્ય વાત જાણતાં, વડતાલ ગાદીના પરમ આશ્રિત થઈને વચનામૃતની સંખ્યા સંબંધમાં આવી [illegible] ખટપટ અઘટિત આચાર્ય સ્થાનમાં કરનારા નામાંકિત ભાઈ ઉપર ઘણા સ્વકીય, [illegible] અનુયાયિઓને અતિ અણગમો અને સાશ્ચર્ય મનઃદુઃખ થયું હતું. એને [illegible] વડતાલગાદીને માન્ય [illegible]ામૃતની સંખ્યા સંબંધમાં અને વચનામૃતની [illegible] તત્વજ્ઞાનપૂર્ણ ભવ્ય ભૂમિકાના સંબન્ધમાં કપટી કુટિલોએ ઉપાડેલા [illegible] અઘટિત અનુપયોગી ઉગ્ર ઉહાપોહમાં સંપ્રદાયના અગ્રેસર ત્યાગી હરિભક્તોએ [illegible] સત્કાર એ સંબન્ધી લખાણમાં સહીયો કરી આપવા સુધીનો આપ્યો અને ક્રમે ક્રમે [illegible] પણ આ ખટપટને ખોટી સ્વમાદી માન્યતાથી વિરૂદ્ધની અનુપયોગી અઘટિત [illegible] ભૂમિકા સાથેનાં વચનામૃત પુસ્તકો વેચવાની અને જે જે મંદિરેથી વર્ણી [illegible] પાછાં મંગાવેલાં તે તે મંદિરે પુનઃ પાછાં મોકલી દેવાની સત્વર મંજુરી આપી દીધી. [illegible] પ્રમાણે વ્યવસ્થા પણ તુરત થઈ ગઈ. અને કોઈએ રકમ ધર્માર્થે આપવાથી એની કીંમત પણ ઘટાડી. એમ થતાં મારે કશી પંચાત કરવાની રહી નહિ. વિફરેલો મામલો યથાપૂર્વ સ્થિતિમાં આવી ગયો વચ્ચેની ખટપટીયા પ્રપંચપુતળાઓ ખોટા ભુંડા પડયા. અને મિત્ર [illegible] થઈને પણ કાળજાં કેવાં કાલુષ્ય ભરેલાં કાતીલ કપટી રાખે છે તેની ખરી ખાત્રી થઈ. પરિણામે એ સંબન્ધ છેક છુટી ગયો. આ એક ઇતિહાસ અપૂર્વ જાણવા જેવો [illegible] છે. તેનો આખો ચિતાર "**સંપ્રદાયના સુજ્ઞ અનુયાયિઓની જાણ માટે**" [illegible] હેડીંગથી પત્રિકારૂપમાં જાહેર કર્યો હતો. આ રીતના વિતથ વૈમનસ્યમાં પણ એ [illegible] આપ વર્ણીજી પણ શાસ્ત્રજ્ઞ છો; એ જણાવવા માટે આટલો ઉદ્ધત ઉપોદ્[illegible] [illegible] કરવો પડયો છે. આ કેવું ગહનગતિ આશ્ચર્ય ? અને કેવું ખુની કાવત્રુ ? છે કાંઈ [illegible]

એવો ચમત્કારી બનાવ એ પૂર્વે પણ એક વખત બન્યો હતો. અમદાવાદમાં રહેતા પુરાણી લક્ષ્મીપ્રસાદદાજીએ તત્વજ્ઞાન સંબન્ધે વિરુદ્ધ એક લેખ સ્વા. ના. દિગ્[illegible] માસિકના વર્ષ ૧ અંક ૧૦માં લખેલો. તેનો જોઈતો જવાબ સપ્રમાણ શા. હરિબળદાસજીએ ઉ. સં. માસિકના વર્ષ ૫ અંક ૩-૪ માં આપેલો. એ પછી વળી એ પુરાણીના નામથી "વડતાલના શાસ્ત્રી હરિબળદાસજીને પડકાર" એવા હેડીંગથી લખાએલો લેખ સુધા વર્ષ ૧૭ અંક ૧ માં ૫ થી ૧૨ પેજ સુધીમાં આવેલો. આમાં એવી આડાઅવળી અપ્રકૃત અસંબદ્ધ બગલાડોળ કે પાડાડોળ પાગવાર કરેલી કે જેની એ બિચારા એકલીયા અનાધાર પુરાણીને કશી જ જરૂર ન હતી અને પ્રસંગ પણ ન હતો અને એવી લેખનશક્તિ પણ એમની ન હતી. એ લેખ ખરેખર તેમનો લખેલો નજ હતો. બીજાએ પડદાબીબીના સ્વાંગમાં રહીને લખેલો હતો. એમને તો વૃથા હોળીનું નાળીયેર કરેલા. એ લેખનો લાંબો જવાબ તત્વજ્ઞાનપૂર્ણ એ શાસ્ત્રીએ ઉ. સં. માસિકના વર્ષ ૫ અંક ૧૧-૧૨થી "પડકારનો પડઘો" એવા શીર્ષકથી ૭૪ પેજમાં ચાલુ આપેલો. એ પછી એ પુરાણી અને પડદાબીબી પ્રશાંત થઈ ગયા. આ અને બીજી પણ અમદાવાદી અવાચ્ય ઉપાધિને લીધે તે પુરાણી મુંઝાઈ જઈને એકલા ડડુસરના મંદિરમાં જઈ રહેલા. એક વખત હું મહુધા ગએલો. પાસે આવેલા ડડુસર ગામે દર્શન માટે ગએલો. ત્યારે તે પુરાણીએ બધી પુરાણી વાત કરી કે એ લેખ અમુકે લખી આપેલો, એમ નામવાર સત્ય વાત કરી. કાંઈ ઉપાધી થશે તો રક્ષા કરીશું એવી પણ આશા આપીને મારૂં નામ પરાંણે આપેલું અને સુધામાં છપાવાની પ્રેરણા પણ એ મોટાભાઈએ કરેલી એ પુરાણી તત્વજ્ઞાનમાં બાપાપંથમાં ભળ્યા હતા પણ પાછળથી શુદ્ધ શાસ્ત્રીય તત્તજ્ઞાન થતાં પાછા વળી ગયા હતા આ ખટપટ પણ સર્વેએ સમઝી રાખવા જેવી 'કિમાશ્ચર્યમતઃ પર' એવી ખરી ખુની છે. પડદાબીબી તો સંતાઈ ગઈ અને પડદો બનેલા બિચારા પુરાણી ઉપર પસ્તાળ પડી. આ કેવું આત્મીયઘાતી કારસ્તાન ?

આવા પ્રપંચ પ્રસંગે કંઈક વિષમ કહીએ તો અસ્થાને નહિ ગણાય. અમદાવાદ ગાદીના આચાર્યશ્રી કે ત્યાગી હરિભક્તો એવી વચનામૃતના સંખ્યા સંબન્ધની પંચાત પ્રસિદ્ધ કે પ્રચ્છન્ન કરે એ યોગ્ય છે, કેમકે એ એમની માન્યતા વિરુદ્ધની વાત હતી. વડતાલ ગાદીના અનન્ય આશ્રિત અને સમગ્ર વસ્તુસ્થિતિના પાકા જાણભેદુ અને વળી મારી આગળ "વચનામૃતની સાચી સંખ્યા ૨૬૨ જ અમદાવાદની તમામ જુની લેખી પ્રતોમાં છે, એમાં બ્રહ્માનંદ સ્વામીનું નામ નથી, વધારાના વિષયો નથી, ધોળકામાં એક પ્રત જુની બ્ર. કરુણાનંદજીએ મંદિરમાં મુકેલી છે, અમે એની ઇન્વન્ટરી કરવા જતાં એની અંદર જોતાં ૨૬૨ વચનામૃતો વડતાલની પ્રતો પ્રમાણે છે." એવી રહસ્ય વાતને પણ કરનારા અને એમજ અમુક માનનારા મનાવનારા એજ ભાઈ અમદાવાદના આચાર્યસ્થાનમાં તેમને ઉપરથી સારૂ મનાવીને કારભારની કામનાથી કે બીજા કોઈ માનાદિ તુચ્છ કારણથી બધીજ અવળી ખટપટ અટાપટી બધાને અથડાવી મારનારી અનેકવિધ કરે એ કેવું આશ્ચર્ય ? અને કેવું તેમનું છળકપટભર્યું કુટિલ કાળજું ? પરમ ભગવદીયનો બહાર દંભડોળ દેખાડે છે અને અંતરમાં કેવાં વિરોધી તત્વો સમૂળ સંગ્રહ્યાં છે એ બીના આચાર્યાદિ સર્વેએ જાણવા જેવી છે. તેમાં પણ શુક્લ વાયજીભાઈના સકળ શિષ્યો ખાસ જાણે તો વધુ સારૂ છે. તેમના પ્રમગ્ર શિષ્યો તથા વડતાલના આચાર્યશ્રી તથા મુખ્ય કોઠારી વિદ્વાન્ વર્ણી વિગેરે વચલા

ખટપટીયા ૨૬૨ સંખ્યાનેજ માને છે અને ભૂમિકાને વખાણે છે અને બીજાને અવબોધે છે છતાં દ્વેષોદ્વેષથી એવી અવળી ચળવળ પ્રચંડ પ્રાખંડી કરી બેઠા એ આશ્ચર્યવર્ય કેમ ન કહેવાય ? આ બધી અઘટિત અનુપયોગી ખટપટ મારે માટેજ હતી એમ મારે કેમ ન માનવું ? જો કે એ વૃથા વિરોધી લેખનો જવાબ જડબાતોડ ઝાઝો જાહેરમાં આશ્ચર્યકારક એ અવસરેજ પ્રકૃતિ પ્રમાણે આપત પણ તેમાં સંડોવાએલા સર્વેનું ગૌરવ રાખવા અને કાર્યસિદ્ધિ થયા પછી વધુ વિક્ષેપ ન કરવા માટે અદ્યાપિ આપ્યો નથી. કદાચિત્ સ્મૃતિ આવતાં મન તો ચંચળ થાય છે પણ કબજે રાખ્યું છે.

બન્ને પૂજ્ય આચાર્યસ્થાનોમાં વચનામૃતની સંખ્યા અને ભૂમિકાના સંબન્ધમાં ઉહાપોહ ઉદ્ધત ચાલ્યો, પણ વિશિષ્ટ સભા ભરીને કશો નિર્ણય લાવ્યા નહિ. પત્રિકાનો કોઈએ કશો જવાબ પણ આપ્યો નહિ. એમને એમ અંધધંધ ધુંધવાતું કેટલાક માસ ચાલ્યા કર્યું. છેવટે અમદાવાદના દેશિકના મોકલવાથી સ. શા. ગોપાળચરણદાસજી તથા કો. ભક્તિપ્રિયદાસજી વિગેરે વડતાલ આવેલા. આચાર્યશ્રી, મુખ્ય [illegible] રામસંગ ભક્ત તથા કારભારીને મળેલા છેવટે શા. હરિજી. ન મળેલા. વાર્તાચિતને અંતે તકરાર પતાવા પૂરતા એવા નિર્ણય ઉપર આવ્યા કે પોતપોતાને ગાદીસ્થાને માન્યતા મુજબની સંખ્યાવાળાં વચનામૃતો છાપે અને સ્વદેશમાં પ્રચાર કરે. એ બાબતમાં કોઈએ વિરુદ્ધ ચર્ચા પ્રસિદ્ધમાં ન કરવી. આવું સમાધાન પ્રસન્ન પડેલું. એમ એ વિગ્રહ પતી ગયો હતો. પરંતુ વળી હાલમાં અમદાવાદ ગાદી તરફથી નવીન આવૃત્તિ ૨૦૧૧ માં છપાઈ છે તેમાં પ્રથમની આવૃત્તિમાં જે વડતાલ ગાદીમાન્ય ૨૬૨ ના સંબન્ધમાં વિરુદ્ધ ચર્ચા કરી હતી અને જે મિથ્યા અપવાદી શબ્દોને લીધે ઉગ્ર ઉહાપોહ ભૂમિકામાં ઉદ્ભાવ્યો હતો એનાએજ તકરારી શબ્દો 'શ્રીજીમહારાજનાં વચનામૃતોની સંખ્યાવિષે કાંઈક ઉલ્લેખ કરવાની જરૂર જણાય છે. વચનામૃતોના સંગ્રહકર્તાની તથા વચનામૃતોની સંખ્યાના સંબન્ધમાં કાંઈક મતભેદ ચાલે છે. સંગ્રહકર્તા સદ્ગુરુઓમાં બ્રહ્માનંદસ્વામીનું નામ ઘણી જુની પ્રતોમાં છે છતાં તેમનું નામ વડતાલ દેશની છાપેલી પ્રતોમાંથી નિકળી ગયેલું જણાય છે. તેવી રીતે જેતલપુરનાં પાંચ વચનામૃત, અમદાવાદનાં પાંચ તથા અશ્લાલીનું ૧ મળી ૧૧ વચનામૃતો પણ જુની પ્રતોમાં હોવા છતાં તે દેશમાં છપાએલી પ્રતોમાંથી નિકળી જવા પામ્યાં છે. જેવીરીતે કેટલાંક છાપેલી પ્રતોમાંથી નીકળી ગએલો જણાઈ લકિ મૂળ વચનામૃતોમાંથી કેટલોક ભાગ કેટલીક છાપેલી પ્રતોમાંથી નીકળી ગયાં હોય એ બનવા જોગ છે." આ રીતના આવે છે. તેજ પ્રમાણે આ વચનામૃતો નીકળી ગયાં હોય એ બનવા જોગ છે. (વડતાલની લેખી, છાપેલી કોઈપણ પ્રતમાં ૧૧ પેજ ૫૫ ઉપર યથાપૂર્વ રાખ્યા છે. વધારાના વિષયો નથી. છતાં કાઢી નાખવાનો વધારાનાં વચનામૃતો અને બ્ર. મુનિનું નામ અને વધારાના વિષયો નથી છતાં કાઢી નાખવાનો હડહડતો જુઠો અપવાદ આચાર્ય આદિક મોટાઓન અપાયો છે એજ અપશોષની વાત છે એની એ વિવેચન ભૂમિકામાં ભવ્ય છે.) એમ કરીને સમાધાનને સમાધિસ્થાને પહોચાડ્યું છે. એનું એજ કુટણું—ચુંથણું રહી તકરાર કાયમી રહી છે. મહેનત વિતથ થઈ ગઈ છે. જેથી 'ચૂય ચૂય દય થય' સમાધાનવાળા જુદા હતા અને છપાવનારા જુદા હતા. આચાર્યશ્રીતો અપ્રવક્તા દર્યા છે. એવું અવળું બનવા જોગ છે.

આ કથા પ્રસંગે આ વાત આગળથી એટલા માટે જણાવી છે કે કદાચ ફરીથી બાબતની કંઈક ચર્ચા ચોગાનમાં થાય તો તેમાં આ પડદાબીબી ભાઈ અવળો ભાગ ન લે

અને એવી પંચા
કારભારી વિગેરે
છે. સુધાને પણ
વિવેચનમાં એનું
બાકી રાખ્યું ન
અસંખ્યાત છે.

આ પ્રસંગે
સુધાદ્વારા જાહેર
વર્ષ ૨૬ અંક
ભરસભામાં કમી
લાલ રાઈજીભા
થએલા ધર્મવિ
વિજય આપણુ
હરજીવનદાસજી
અઘટિત શબ્
આનંદપ્રસાદજી
અને જ્યાં જ
આજ્ઞાપત્ર
પયોગી અને
ખોટા છે એમ
આજ્ઞાપત્રનો
ઉભય દેશના
છે એને પ્રકા
પણ ઉપરના

વળી
બન્ને ધર્માચા
મણીલાલ ભા
ભાષણ કરત
વિષે તથા
શાસ્ત્રી હરિ
છપાવવાની
દેશના દેશના
મળ્યું છે
કરી છે. એ
જેથી

ને અવબોધે છે છતાં
કેમ ન કહેવાય ? આ
નવું ? જો કે એ વૃથા
એ અવસરેજ પ્રકૃતિ
કાર્યસિદ્ધિ થયા પછી
વતાં મન તો ચંચળ

ભૂમિકાના સંબન્ધમાં
નહિ. પત્રિકાનો કોઈએ
માસ ચાલ્યા કર્યું. છેવટે
ભક્તિપ્રિયદાસજી વિગેરે
કારભારીને મળેલા છેવટે
। નિર્ણય ઉપર આવ્યા
તો છાપે અને સ્વદેશમાં
આવું સમાધાન પ્રસન્ન
અમદાવાદ ગાદી તરફથી
જે વડતાલ ગાદીમાન્ય
અપવાદી શબ્દોને લીધે
શબ્દો 'શ્રીજીમહારાજનાં
જરૂર જણાય છે.
માં કાંઈક મતભેદ ચાલે
પ્રતોમાં છે છતાં તેમનું
છે. તેવી રીતે જેતલપુરનાં
.૨ વચનામૃતો પણ જુની
પામ્યાં છે. જેવીરીતે કેટ-
ાંથી નીકળી ગએલો જણાઈ
ાનવા જોગ છે." આ રીતના
પેલી કોઈપણ પ્રતમાં ૨૨
ા નથી. છતાં કાઢી નાખવાનો
એજ અપશોષની વાત છે.
યાને પહોચાડયું છે. એની એજ
ુ એજ કુટણું—ચુંથણું રહ્યું
। 'ચૂથ ચૂથ દય થય'
છે.

ણાવી છે કે કદાચ ફરીથી
બા ભાઈ અવળો ભાગ ન :

અને એવી પંચાતમાં વકીલાત અને વણિકૃતા ન વાપરે. વડતાલના આચાર્યશ્રી, કોઠારી, કારભારી વિગેરે સર્વે વસ્તુતત્વને સમજી ગયા હોવાથી વિરૂદ્ધ ભાગ લેશે નહિ એ ચોક્કસ છે. સુધાને પણ ૨૬૨ સંખ્યા પરંપરાગત સંમાન્ય છે અને તેણીએ ૨૬૨ જ છાપ્યાં છે અને વિવેચનમાં એનુંજ પ્રમાણ લે છે છતાં સુધા કુધા વિગ્રહ વેર વૈમનસ્ય કરાવામાં કાંઈ બાકી રાખ્યું નથી. એવી જૂની ખટપટો પડદાબીબીતો સુધાને પાને પાને અટવાતી અસંખ્યાત છે. કુટિલ કપટ ખટપટમાં છે કાંઈ બાકી ?

આ પ્રસંગે વિના સમજે ગતાનુગતિન્યાયે વચનામૃતની ઉક્ત પંચાતમાં બીજાપણ ચળવળીયા સુધાદ્વારા જાહેરમાં સળવળ્યા છે તેમને પણ કંઈક કહીએ તો અસ્થાને નહિ ગણાય. સુધા વર્ષ ૨૬ અંક ૧ પેજ ૬૮ ઉપર અમદાવાદના આચાર્યશ્રીના જન્મમહોત્સવ પ્રસંગે મળેલી ભરસભામાં કમીટીના સભ્ય મણીલાલભાઈ ભાળજા, નર્મદાશંકર વિગેરેનાં ભાષણોને અંતે માણેકલાલ રાઈજીભાઈએ આચાર્યશ્રીનાં યશસ્વી કાર્યોને વર્ણવતાં હરિજન મંદિર પ્રવેશ દાવામાં થએલા ધર્મવિજયને અપૂર્વ વર્ણવીને તેથી પણ મોટા વિજય તરીકે " અને તેથી પણ મોટો વિજય આપણા અમદાવાદ દેશનાં ૨૭૩ વચનામૃત ઉપર આક્ષેપ કરનાર સ. ગુ. શાસ્ત્રી હરજીવનદાસજીએ નવાં છપાવેલ વચનામૃતની ભૂમિકામાં જે કેટલાક **નિરૂપયોગી** અને **અઘટિત** શબ્દો લખેલા તેમાં સુધારો કરી **ફરી** છપાવવાની વડતાલના ધ. ધુ. આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજે આજ્ઞા કરી અને તેમની પાસે તે બાબતના ખુલાસો માગ્યો. અને જ્યાં જ્યાં તેમની મારફત વચનામૃત મોકલાવ્યાં હોય ત્યાંથી પાછાં મંગાવી લેવાનું **આજ્ઞાપત્ર** બહાર પાડ્યું એ છે" આવા ઉઘાડ ઉચ્ચાર્યાં છે. ભૂમિકામાં ક્યા શબ્દો નિરુપયોગી અને અઘટિત છે તે તો કોઈ સભ્ય સાધી શક્યા નથી. ભૂમિકામાં કરેલો આક્ષેપ ખોટો છે એમ પણ સાબિત કરી શક્યા નથી. માગ્યા મુજબનો ખુલાસો ખરો આપ્યો હતો. આજ્ઞાપત્રનો શો પરિણામ આવ્યો તેતો દિવા જેવો દિવ્ય અનાજ્ઞાપત્ર જેવો છે. સંપ્રદાયના ઉભય દેશના તત્વજ્ઞો ભૂમિકાને ઇચ્છે છે અને પ્રશંસે છે. એવા પ્રશંસાપત્રો ઘણા આવ્યા છે એને પ્રકાશમાં મુકીને પ્રશંસા કરવા માગતા નથી. આ સમાચાર પણ માણેકલાલે નહિ પણ ઉપરનાજ પ્રપંચપ્રતિમાએ લખી મોકલ્યા જણાય છે.

વળી વર્ષ ૨૬ અંક ૩ પેજ ૪૫ ઉપર વિક્રમ નૂતન વર્ષના મંગળ દિને અમદાવાદમાં બન્ને ધર્માચાર્યોના સમેલન પ્રસંગની પ્રવર પરિષદમાં પરસ્પર પ્રશંસાપર્ય વસાથી પ્રવચનો વકીલ મણીલાલ ભાળજા વિગેરેનાં પ્રવર્તતાં અંતે માણેકલાલ રાયજીએ રાબેતા મુજબ પુરજોશમાં ભાષણ કરતાં "વડતાલથી આપે **આજ્ઞાપત્ર** બહાર પાડી વચનામૃતની ૨૭૩ ની સંખ્યા વિષે તથા તેની તથ્યતા વિષે જે અઘટિત શબ્દો અને તે નિરુપયોગી શબ્દો સ. ગુ. શાસ્ત્રી હરિજીવનદાસજીએ વચનામૃતની ભૂમિકામાં છપાવેલા તેમાં સુધારો કરી ફરી **છપાવવાની** આજ્ઞા કરી તેમની પાસે જે **ખુલાસો** માગ્યો છે તેથી આ શ્રીનરનારાયણ દેવના દેશના સમગ્ર સંત હરિભક્તોની **ઘવાએલી લાગણી** તથા **પ્રતિષ્ઠાને આશ્વાસન** મળ્યું છે અને તેવા નિડર પગલાથી આપે અખિલ સંપ્રદાયની **અણમોલી સેવા** કરી છે. એટલુંજ ... પણ બન્ને દેશ વચ્ચે ઉત્પન્ન થનારૂં **વૈમનસ્ય** આપે દુર કર્યું ... જેથી આ દેશના ... સંત હરિભક્તો તરફથી આપને કોટિશઃ ધન્યવાદ અમે આપીએ છીએ." આ મુજબના અનેક અનુપયોગી અઘટિત શબ્દો ઉચ્ચાર્યાં છે. આ સભામાં

વડતાલના ધ. ધુ. આચાર્યશ્રી, મુખ્ય કોઠારી વર્ણી પુ. પ્રભુતાનંદજી, કોઠારી ખુશાલ ભક્ત પુ. બ્ર. વૈરાગ્યાનંદજી, પુ. દેવકૃષ્ણદાસજી, તથા અન્ય પાર્ષદો તથા રહસ્ય મંત્રી જશભાઈ મકનદાસ વિગેરેની હાજરી હતી. એ સર્વે મહેમાનોને ઉપરના શબ્દો ઉપયોગી ઘટિત લાગ્યા હશે ? આવા મંગળ પ્રસંગે મહાસભામાં એવી વિરૂદ્ધ ચર્ચા કરવી તે યોગ્ય છે ? ભૂમિકાના શબ્દો અનુપયોગી અને અઘટિત છે એવું કોઈપણ સભ્યે સમર્થન સભામાં કરી બતાવ્યું છે ? માગ્યો ખુલાસો ૧૬ પેજની પત્રિકાથી આપ્યો નથી જાણ્યો ? ૧૯૯૩ ની અમદાવાદી આવૃત્તિમાં વડતાલ ગાદીમાન્ય ૨૬૨ વિરૂદ્ધ અનુપયોગી અઘટિત શબ્દો પાન ૩૫ ઉપર "વચનામૃતની સંખ્યા" એવું હેડીંગ કરીને લખ્યા છે તેથી વડતાલવાળા આચાર્યશ્રી ત્યાગી હરિભક્તોની લાગણી અને પ્રતિષ્ઠા શું નહિ ઘવાઈ હોય ? એને માટે અમદાવાદવાળાએ અલ્પ પણ આશ્વાસન ઉપલક પણ આપ્યુંછે ? નિડર પગલાથી અખિલ સંપ્ર.ની શી સેવા અણમોલી થઈ છે ? એથી બન્ને દેશ વચ્ચે ઉપજેલું વૈમનસ્ય હવે દૂર થઈ ગયું છે ? અમદાવાદ દેશના સંત હરિભક્તો તરફથી અપાએલા કોટિશઃ ધન્યવાદને કંઈ સ્થાન કે ફળ છે ? ભૂમિકામાં છપાવેલા શબ્દોમાં સુધારો કરીને ફરી છપાવવાની આજ્ઞાનો કેવો પરિપાક શૂન્ય અંતે આવ્યો ? આ ભાષણ સર્વેને એકલા એલાડી હલાડી લડાવી મારનાર પ્રભુતાનંદજીના પ્રભુતાનંદ માટેતો નથી ને ? અસ્તુ. ગમે તેમ થયું અને અજાણથી થાય માણેકલાલભાઈ દરબારમાં મળ્યા છે અને મનઃસમાધાન ઠીક થયું છે એટલે બાલ મિત્ર એમને હવે વધારે કહેવું નથી. સુધામાં ગોઠવણીબંધ ભાષણ લખી મોકલનાર તો પોતે નહિ પણ બીજા કોઈ પ્રપંચ પારાવાર પડદાબીબી-અસ્મદીય પ્રાચીનમિત્ર હોવા જોઈએ આમાં અમને અને બીજાને પણ અત્યાશ્ચર્ય સાથે અપશોષ એ થાય છે કે વડતાલ ગાદીને માન્ય સત્ય વસ્તુ થકી વિરૂદ્ધ વાતને વડતાલવાળા બધાજ સભ્યો કાન દઈને સાંભળીજ રહ્યા પણ એક પણ સભ્ય એક પણ શબ્દ સત્ય બોલી શક્યા નહિ ? રહસ્ય મંત્રીને તો બન્ને બાજુનો રહસ્ય જસજ લેવાનો દાવ એટલે એમનાથી તો કશું નજ બોલાય. ભોગીલાલભાઈ બાપાલાલભાઈ અમુ... ભાઈ વિગેરે ભક્તવરો વડતાલ ગાદીના આશ્રિત સભામાં હાજર હશે પણ તેઓ અમદાવાદના રેણાક થયા એટલે મનઃદુખી છતાં બોલાય નહિ ? પાર્ષદોનો વિષય નથી. સંપ્રદાયમાં આચાર્યશ્રી અગ્રવક્તા ઠરાવ્યા છે. નૂતન વર્ષના અભિનંદનમાં આવા અભિનિંદનને સ્થાન ન હોવું જોઈએ. સઘળાજ અસ્થાનેમાં સ્થાનેને ગોતવાનું હોય નહિ બાળકોના જેવી રમત ગમત ... સારી પ્રભુતાનંદી આનંદપ્રસાદી જસારપદી થઈ. પ્રેક્ષકો પ્રેક્ષણનો લાભ અભૂતપૂર્વ મળ્યો એ સારામાં સાર છે. અસ્તુ.

વળી વર્ષ ૨૬ અંક ૬ પેજ ૯૬ ઉપર 'નૈરાબી' એવું હેડીંગ લગાવીને લોલેલોલ અપન્યાયે ખાસ વચનામૃતો માટેજ "સુધાપત્રમાં આ. મ. શ્રી આ. પ્ર. મ.ની આજ્ઞાપત્રિકા છાપવામાં આવી છે તેમાં જણાવ્યું છે કે અમદાવાદ દેશના ત્યાગી હરિભક્તોની લાગણી દુખાઈ છે. તો મારૂં આ.શ્રીને પુછવું છે કે વડતાલના ત્યાગી હરિભક્તોની લાગણી દુઃખાઈ નહિ હોવાથી તે તેમને માટે **માન્ય હશે** ? અત્રે તે દેશના સાધુઓનું એક મંડળ આ દેશમાં આવેલ, તેમણે આ વચનામૃતોનો બહોળો ફેલાવો કરી મુકયો તેને આચાર્ય મહારાજ કેમ કરશે ? આ વચ. અત્રે બહાર પડ્યા પછી સત્સંગમાં અગ્નિ પ્રદીપ્ત થયો છે. સ્થાનિક વર્તમાનપત્રોમાં આ આ. પ.ને સ્થાન મળ્યું હોવાથી બહારની દુનીયાનું આ સત્સંગ

સંપ્રદાય તરફ કેવું વલણ રહે? આ પુસ્તક વ્યક્તિગત કોઈની પાસે રહી જશે તો અને રહી જવાનાંજ, તેની અસર સો વરસ પછી કેવી થશે? ભવિષ્યની પ્રજાને આ. પ. નો ખ્યાલ પણ ક્યાંથી આવવાનો? એટલે જે વચનામૃતો વ્યક્તિગત રહી જશે તેનો ઉપયોગ કોઇને કોઈ છેત્ર કરવા સંભવ રહે છે. અને તેમ થતાં તેનું **અકલ્યાણ** થઇ જશે તેની જવાબદારી કોની? માટે હવે પછી જ્યારે જ્યારે જે કોઈ વચ. નવાં છપાવે તેમણે દરેક ભવિષ્યની આવૃત્તિમાં અને દરેક પુસ્તકના પહેલા પૃષ્ઠ ઉપર **આ. આ. પ. પણ** છપાવી **ચોપડીમાં બંધાવવી જોઇએ** કે જેથી કોઇને **ભુલાવામાં** પડવા કે અવળે રસ્તે ચડી જવા સંભવ ન રહે. વચનામૃતના શબ્દોમાં જે જે ફેરફારો આ નવાં વચ. માં કરવામાં આવ્યા હોય તેતે જગ્યાએ તેની ટીકા છપાવવી...તેમાં નવું સંશોધન શું કરવાનું છે. અત્રે તો કચ્છ, ગુજરાત, અમદાવાદ, વડતાલ, બોચાસણ, બાપા અને મહાસભાવાળા દરેક આ નવા વચ. ની ભૂમિકા અને સ્વમુખની વાણીમાં ફેરફાર કરવામાં આવેલો હોવાથી સત્સંગમાં **રોષની લાગણી** ફેલાઈ છે ને વડતાલના સંતોએ વચનામૃતની ભૂમિકા પ્રમાણે નોજ **ઉપદેશ** આપવો શરૂ કરતાં તેમના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઇ" વિગેરે. આ રીતે હૃદયની બૂંડીયા બળતરા કુંડીથી બહુ બહાર કાઢી છે. આ ભાઈ તદ્દન અજાણ્યા જ જણાય છે. વચનામૃતમાં ક્યા શબ્દોનો ફેરફાર કર્યો છે અને ભૂમિકામાં શો વાંધો છે તે તો એ અદ્યાપિ કહી શકતો નથી. લોલેલોલ કહેવતે બરલ્યા જાય છે. વડતાલથી આફ્રિકા ગએલ મંડળ પ્રત્યે પણ રોષ દ્વેષ ઉતાર્યો છે. વચનામૃતની સો કોપીઓ નૈરોબીના મુખ્ય જુના મંદિરના પ્રમુખે મંગાવાથી પહેલીજ મોકલી આપી હતી. તેનાં નાણાં ચુકતે વડતાલ આવી ગયાં હતાં. આ ઉપરાંત મુંબાઇથી તેમજ વડતાલ ભુજ વિગેરે મંદિરોથી આફ્રિકાવાસીઓ હર્ષભર લઈ ગયા છે. એ દેશમાં એનો બહોળો ફેલાવો થઈ ગયો છે. ગણી બતાવેલા બધા જ સન્મુખ-વિમુખ પંથવાળા પ્રદર્શથી લઈ ગયા છે. વ્યક્તિગત રહી જવાની તો ભારે ચિંતા વ્યગ્ર કરી છે. ભવિષ્યમાં નવી આવૃત્તિ નીકળે તેને માટે પણ ભલામણ બૂંડીયા બહુજ કરી છે પણ માને છે કોણ? વડતાલના સંતોએ ભૂમિકા મુજબ ઉપદેશ આપવો શરૂ કરી દીધો અને સર્વેએ સત્ય ભાવે સ્વીકારી લીધો. હવે તો પ્રથમ પ્રમાણભૂત થઈ ગઈ. હજી તો બહુ સત્સંગીઓ પૃથક્ ભૂમિકાને વાંછે છે. કોઈ પુંનઃ છપાવે પણ ખરા. હવે બળતરા કરવાથી કાંઈ વળે તેમ નથી. આ ભાઇએ નામ આપ્યું નથી પણ તે બોચાસણવાળા રામભાઈ જેવા વામભાઈજ હોવા જોઇએ. પડદાબીબીના સંગ્રાહક સુધાના સૂત્રધારે જાણીનેજ નામ આપ્યું નથી અને કરેલી ખોટી ટીકાને સુધામાં સ્થાન આપ્યું છે. થવાનું થઈ ગયું છે. હવે તો ભૂમિકાને વાંચી વિચારીને યથાર્થતઃ તત્વવિત્ થાય તો બધી ઉપાધિ મટી જાય. બોચાસણવાળાએ સસ્તા સાહિત્ય મારફત વચનામૃતો છપાવ્યાં છે તે પણ ૨૬૨ જ છપાવ્યાં છે ને એજ સિદ્ધાંત એમના ગુરુએ સ્વીકાર્યો છે તો પછી આવી અવળી ચળવળ શિષ્યોને કરવાનું કશું પ્રયોજન નથી. કોઈનું અકલ્યાણ થવાનું નથી. ઉલટું આત્યંતિક થશે. તત્વ સમજ્યા વિના ઉતાવળથી ધમપછાડા તો બહુ કર્યા છે પણ બધા એળે ગયા છે. જે યોગ્ય થવાનું હતું તે થઈ ગયું છે. હવે ચુપ બેસી રહો. સુધાને હજી કે ફોગટ ફદે ચડશો તો પસ્તાવાનો પ્રખર પ્રસંગ આવશે. આ ખુની ખોટી ખટપટનો પરિણામ એ આવ્યો કે વડતાલ ગાદીથકી ચાલું થતું આવતું સાહિત્ય પ્રકાશન ખાતું બંધ થઈ ગયું. હવે સત્સંગીઓ પુસ્તકો માટે ફાંફાં મારી કરે અને માગ્યું મૂલ્ય આપીને સંપાદે. આ બધોજ દોષ ઉપરના ખટપટીયાને શિરે છે.

સુધાના તંત્રી શાસ્ત્રી હોવાથી પોતે તત્વ જાણવા–આચરવા છતા પણ અવળું બોલ્યા વિના રહે એ ઇતિહાસમાંજ નથી. વર્ષ ૨૬ અંક ૭ માં પેજ ૧૦૪ ઉપરના સંપાદકીય લેખમાંજ—"વચનામૃત માટે પણ ૨૬૨ કે ૨૭૨ માટે બન્ને પક્ષો સહીયો કરાવી એક સાચાં ને બીજાં ખોટાં કરવા મથે છે એ પણ અયોગ્ય છે. શ્રીજીએ ગામેગામ વચનામૃત કહ્યાં છે તેમાંથી મોટાએ જે તારવી કાઢી આપ્યાં તે યોગ્યજ છે પરંતુ કોઈ વધારે માને તેમાં પાપનો નથીજ. ને તે પણ શ્રીજીનાંજ વચનો છે. આમ સમજી આવડો મોટો ઉહા-પોહ તજી દેવો જોઇએ એવી અમારી વિનંતિ છે." એમ જાતે જરા જલ્પ્યા છે. પોતાને શું માન્ય છે? તે ખરી રીતે બંધાઇને કહેતા નથી. પોતે રાજકોટમાં ગુજરાતી ટાઇપોગ્રાફી બન્ને પક્ષના સત્સંગીઓની રોકડી દશ આદિક રકમમાંથી છપાવવાનો વિચાર કરતાં અમદાવાદવાળા માટે વધારાનાં ૧૧ છાપીને જુદાં પુસ્તકો આપવાનો અપૂર્વ ઠરાવ સુધા વર્ષ ૨૩ અંક ૧૦ 'વચનામૃતનું પુસ્તક છાપવાની શરૂઆત કરી છે પરંતુ દીલગીરીની વાત છે કે સત્સંગમાં ઘણાક પક્ષ અને દરેક પક્ષનું જુદું સાહિત્ય! મુખ્ય બે દેશભેદથી એ પ્રકારે વચનામૃત અમારે છાપવું પડશે એમ સત્સંગની ઇચ્છા જણાય છે." આવા શબ્દોમાં જણાવેલો પણ પાછળથી માંડીવાળીને વડતાલની આવૃત્તિ પ્રમાણે ૨૬૨ જ છાપ્યાં અને કોઇને આપ્યાં ન આપ્યાં એમ પણ અવળું કર્યું. એમ કરીને તેમજ સંગ્રહકર્તા પાંચને જણાવનાર એક ચિત્ર વિચિત્ર મુકીને પણ હુંડાના શ્લોકોમાં તો "ચાર સદ્‌ગુરુઓએ મળીને વચનામૃતો લખ્યાં" એમ લખીને અમદાવાદવાળાને છેવટે છેક છેતર્યા છે. આવડો મોટો ઉહાપોહ ઉશૃંખલ પોતે કરે કરાવે એનું કાંઈ નહિ. પણ બીજાના સાચા ઉહાપોહને પણ અયોગ્ય કહે એ યોગ્ય નહિ. જો તમારી અપમાન્યતા મુજબ માનીએ તો પછી સંખ્યા કોઇએ નક્કીજ કરી નથી એવો અર્થ આવે. અને તે વિરુધ્ધ વાતને વચનામૃતને નામેજ જે તે ચઢાવી મારે. અસ્તુ. આપે ૨૬૨ માન્ય કરીને તેનો પ્રચાર વિચાર અદ્યાપિ કર્યો છે. એટલે અમારે વધારે કહેવાની જરૂર નથી. દેશભેદના પક્ષની વાત કરે છે પણ પોતે ક્યા પક્ષમાં છે તે તો ચોખ્ખું કહેતા નથી એ કેવું આશ્ચર્ય? બન્ને દેશના અને વિમુખોના પણ પક્ષપાતી થવા માગે છે. એમ કરવા જતાં 'અતો ભ્રષ્ટસ્તતો ભ્રષ્ટઃ' એવી ત્રિશંકુઅવસ્થા આવે. અવળું બોલવાની આદત પડી છે તે ટળે તેમ નથી. તમે ગુરુ થઇને વિનતિ કરો છો તેમ અમે શિષ્ય થઇને પણ કરીએ છીએ કે પોતે માનેલું, અદ્યાપિ આચરેલું સત્ય છોડીને અવળે રસ્તે ન ચઢી જાવ. હવે થવાનું થઈ ગયું છે માટે ચિરાભ્યાસ્ત સત્ય સ્વસ્થાનમાં શીઘ્ર આવી જાવ. એનાં એજ વચનામૃત અને એની એજ ભૂમિકાને વાંચો–વિચારો. અંતે એજ છે.

'બન્ને પક્ષો સહીયો કરાવે છે' એવી વાત ઉઘાડ અડાવી છે. તેમાં અમદાવાદના કેટલાક ત્યાગી હરિભક્તોએ બ્ર. કો. ની પ્રભુત પ્રેરણાથી સહીયો મનઃદુઃખની કરીને પાછળથી સમૈયામાં વડતાલ મોકલેલી. કાર્તિકી સમૈયામાં તેનો પ્રચાર કોઠારીએ કરતાં વડતાલ ગાદી માટે અઘટિત અનુપયોગી જણાયાથી અગ્રેસર ત્યાગીઓએ વિરોધ કરતાં તે કાગળ સંતાડી દીધો હતો. વડતાલવાળા અગ્રેસર ત્યાગીઓએ કરી હતી. એટલે પ્રસિધ્ધિમાં પણ ખરું તત્વ સમજી જવાથી તેની જરૂરજ પડી નથી. તમારા જેવા કોઈ અનિશ્ચિત સિદ્ધાંતવાળા કલહેકપ્રિય પ્રસંગ લાવશે તો પ્રકાશમાં મુકી નથી. નૈરોબીના કોઈ હરિભક્તના કહ્યા મુજબ દુધમાં અને પાણીમાં હાથ રાખનાર આવશે.

સેળભેળીયા અદુકદ
હશે તે અસત્ય થ
વચનામૃત કહ્યાં છે
વ્યક્તિથી આપનો
બીજાને ખોટે રસ્
પરમ ભગવદીય'
તેમને તમારૂ કથ
આવે છે તે જ
કરી. તમારાંજ
સન્મુખ વિમુખ
કરવી પડે છે. મ
હવે "સુધ
વિમુખ રહેવાનો
થઈ શકે નહિ.
અંત્ય અપલાપ
સુધાની શુદ્ધ ની
સર્વતોવિમુખો મ
પરબ્રહ્મ એ કોઇ
સર્વતોમુખ કહી
કરવા તૈયાર થય
છે. એના
ત્યારે ગાલીપ્રદાન
પુરૂ કરવાનું રહ

સુધા સત્
વિભાગને પણ
સત્સંગે વિમુખ
સુધામાં બોલ્યા
વિમુખો કે તેવ
વિમુખો અને ત
સુધાને પાને પ
શુભ શોભાસ્પદ
વિમુખ વાજીંત્ર
એ બાબત નિ
ક્રિયા અને
મંડળીયા
થકી વિમુ

સેળભેળીયા અડુકદડુકીયા સિધ્ધાંતશૂન્ય તમારા જેવાએ સહી ન કરી હોય તેથી જે સત્ય હશે તે અસત્ય થશે નહિ. સાચે દેવળે ઘંટ વાગશે એવી કહેવત છે. 'શ્રીજીએ ગામેગામ વચનામૃત કર્યાં છે તેમાંથી મોટાએ જે તારવી કાઢી આપ્યાં તે યોગ્ય છે" આ વચન-વ્યક્તિથી આપનો આંતર અભિપ્રાય તો ૨૬૨ નોજ વ્યકત થાય છે. અર્થદાસત્વવશાત બીજાને ખોટે રસ્તે છેતરો છો. એવી કુટિલતા ન કરવી જોઇએ. જેને 'સત્સંગમાં સુપ્રસિદ્ધ પરમ ભગવદીય' કહો છો તે અને તેમના શિષ્યો ૨૬૨ જ નેજ સત્ય માને છે તેમને તમારૂ કથન તથ્ય મનાશે? જેમ આવે તેમ ભરડ્યા કરો છો તેનો શો પરિણામ આવે છે તે જરા જુવો તો ખરા? ઉપર મુજબ બધી સાચી હકીકત પ્રસકતાપ્રસકત કરી તમારાંજ બધાં તુત-તોફાનો અને ખલ-ટીખળો અને અટપટાં અટકચાળાં છે તે સન્મુખ વિમુખ અખિલને આડાં આવે છે અને તેને ઉચામી નાખવાની મુધા મહેનત કરવી પડે છે. માટે હવે એવું ન કરો એવી વિનમ્ર વિનતિ છે. હવે બાકીની બાબત કહીએ.

હવે "સુધા સત્સંગના બધા વિભાગને સન્મુખ રહે છે ત્યારે જય શ્રીહરિએ બધાથી વિમુખ રહેવાનો નિર્ણન કર્યો હોય તેમ જણાય છે. બ્રહ્મ અને પરબ્રહ્મ એ કોઇથી વિમુખ થઈ શકે નહિ. એતો સર્વવ્યાપક અને સર્વતો મુખજ છે. બ્ર. બાળકૃષ્ણાનંદ" આ જે અંત્ય અપલાપ અપ્રકૃત અસંબદ્ધ અનુપયુકત વેદાંતતત્ત્વમાં અંતઃ પ્રવેશ કરીને પણ અને સુધાની શુદ્ધ નીતિ રીતિ ભાતિને પણ ભુલી જઇને કર્યો છે તેનો પ્રતિઉત્તર ઉત્તમ આપીએ- 'બ્રહ્મ અને સર્વતોવિમુખો માટે કેવી મુધા મહેનત લે છે એ એક જાણવા જેવી બાબત પરબ્રહ્મ એ કોઇથી વિમુખ થઈ શકે નહિ' એ વાકય ઉપરથી નિર્ગલિત થાય છે. સુત્રાત સર્વતોમુખ કહીને સર્વ વિમુખોમાં વ્યાપક કહી એટલે જય શ્રીહરિને પણ સર્વતોવિમુખ કરવા તૈયાર થયા છો. આતો 'ચોર કોટવાળને દંડે' એ કહેવત જેવું કે 'ઉલટા બાધ અડાવતા દે' એના જેવું (કુભંડ) કહેવાય. હવે તો **शोष कोपेन पूरयेत्**' એ જેવું કે 'દલીલ ખુટે ત્યારે ગાલીપ્રદાન કરે' એ રામભાઇએ તમારે માટે ખાસ જોડી કાઢેલી કહેવત જેવું કરીને પુરૂ કરવાનું રહ્યું. કશું પ્રમાણ કે યુકિત તો મળેજ નહિ.

સુધા સત્સંગમાન્ય સ્વમાન્ય વિશુદ્ધ વિભાગને સન્મુખ ન રહેતાં વિમુખમાન્ય અશુદ્ધ વિભાગને પણ સન્મુખ રહે છે એ એના ખરા વિમુખ ભાવને સાબીત કરી આપે છે. સમગ્ર સત્સંગે વિમુખ કરેલા વિભાગને સન્મુખ રહેનારો પણ વિમુખજ કહેવાય એમ તો આપ બહુધા સુધામાં બોલ્યા છો. એટલે સત્સંગે વિમુખ કરેલા અને તેવા વિભાગને સન્મુખ રહેનારા સંગી વિમુખો કે તેવાં માસિકોથકી જય શ્રીહરિએ વિમુખ રહેવાનો નિર્ણય કર્યો છે તે બરોબર છે. વિમુખો અને તત્સંગીઓ થકી પણ વિમુખ રહેવાની જાહેરાતો તો પડદાબીબી બન્યા વિના સુધાને પાને પાને પ્રત્યક્ષ દર્શન દે છે. એટલે જય શ્રીહરિ એમ રહે એ સ્વમાન્યતા મુજબ શુભ શોભાસ્પદ છે. સુધાએજ બે પત્રો (સ્વા. ના. પ્રકાશ તથા સ્વા ના. દિગ્વિજય) ને વિમુખ વાજીંત્ર બાહ્ય ઠરાવ્યાં છે એટલે એનાથી તો સુધા તથા જય શ્રીહરિ વિમુખ છે એ બાબત નિર્વિવાદ છે. હવે તમે જેને સંપ્રદાયનાં કહેતા હતા એની સ્થિતિ પણ સંપ્રદાયની ક્રિયા અને ધારાધોરણ અને મર્યાદાને મુકીને બાહ્ય વિમુખ જેવી સેળભેળીયા કે ભભાકિયા ખંડોળીયા થઈ જાય અને ખંડાર્થના મંડન અને સંપ્રદાયાર્થ. ખંડનપર થઇ જાય ત્યારે થકી વિમુખ રહેવાનો નિર્ણય જય શ્રીહરિએ અકામેપણ કરવોજ પડે. એમાંજ એની

શુભ શોભા સંપ્રદાયસિદ્ધપણું છે. એટલે બ્રહ્મજાતિ સભ્ય આપે જે નિર્ણય કરી અ.પો એ સર્વથા યોગ્ય હોઇને જય શ્રીહરિ હર્ષસર સ્વીકારી લે છે. એથી એને જરા પણ દુઃખ લાગ્યું નથી. આપ જેવું છે તેવુંજ સ્વમુખે કહો છો એ ખુબ ખુશી થવા જેવું છે. કોઈ પ્રસિદ્ધ વિમુખ તો કોઇ પ્રચ્છન્ન વિમુખ તો કોઈ તત્સંગી વિમુખોથકી વિમુખ રહેવાનો જે નિર્ણય કર્યો છે તે અમારી દ્રષ્ટિએ અને આપની પ્રાચીન દ્રષ્ટિએ અને સુધાની નીતિ રીતિ ભાતિએ બરોબર શુદ્ધ છે સુધાએ જે વિમુખ વિભાગને પણ સન્મુખ રહેવાનો નિર્ણય કર્યો છે તે તો નવીન નીતિ ઉદ્દેશવાળો બંડાર્થ ખંડાર્થ હોઇને સુતરાં હેય છે. જય શ્રીહરિએ જે બધા વિમુખ વિભાગથકી વિરૂદ્ધ રહેવાનો નિર્ણય કર્યો છે તે તો આપની પૂર્વની નીતિ અને ઉદ્ ને અનુસરીને હોવાથી સર્વેએ સંગ્રાહ્ય સમીચીન પ્રાચીન સંપ્રદાયસિદ્ધ છે. સુધા જ્યારે સત્સંગના બધા વિભાગને સન્મુખ રહે છે તો એકલા જય શ્રીહરિ થકી વિમુખ રહેવાનો કેમ નિર્ણય કરે છે? શું એ વિભાગમાં જય શ્રીહરિ નથી આવતું? વિભાગ તો ગુણદોષને આભારી છે એ આપ ક્યાં નથી જાણતા?

આ અશુધ્ધ વિમુખપ્રસંગમાં વેદાંતવેદ્ય બ્રહ્મ અને પરબ્રહ્મ અને તે બન્નેની સર્વ-વ્યાપકતા અને સર્વતોમુખતાને ઉટાંગ અડાવાની કંઈપણ જરૂર ન હતી. એમને શુધ્ધને તો સાવ ન્યારાજ રાખવાના હતા. પરંબ્રહ્મ તો એક જ વસ્તુ સર્વોપરી ધ્યેય હોવાથી એની ચર્ચાને સ્થાન નથી. બ્રહ્મ શબ્દથી તો પ્રકૃતિ, શુધ્ધ જીવાત્મા મુક્ત, ધામ આદિક અનેક વસ્તુઓ નિર્દેશેલી હોવાથી વિવાદાસ્પદ છે. ગમે તે વિવક્ષિત હોય પરંતુ ઉ. સં. સિધ્ધાંતે બ્રહ્મ અને પરબ્રહ્મનો સ્વરૂપ સ્વભાવાદિ સર્વ પ્રકારથી અત્યંત ભેદ ચોખ્ખો માન્યો છે. એની એકતા અદ્વૈત મતવત્ માની શકાય તેમ નથી. પરંબ્રહ્મની સર્વવ્યાપકતા અને સર્વતોમુખતા સ્વરૂપતઃ સ્વીકારી છે, કેમકે તે '**महान्तं विभुमात्मानं**' '**महतो महीयान**' આ શ્રુતિમાં કહ્યા મુજબ તે અનંત વિભુ પદાર્થ છે. પરબ્રહ્મ થકી બીજો કોઈપણ સ્વરૂપથી વિભુ નથી. બ્રહ્મ શબ્દથી ગમે તેને લ્યો પણ તે પરબ્રહ્મથી પૃથક્ અવર હોવાથી એની સ્વરૂપાદિ સર્વ પ્રકારથી પરિચ્છિન્નતા સ્વીકારવી પડે છે. એટલે પરબ્રહ્મની વ્યાપકતા અને સર્વતોમુખતાની અપેક્ષાએ બ્રહ્મની વ્યાપકતા અને સર્વતો-મુખતામાં ગૌણતા સ્વીકારવી પડે એટલે અમુક ધર્મથી કહેવી પડે. આ વસ્તુના જ્ઞાતા આપ શાસ્ત્રીજી થઇને બન્નેને સમાન ભાવમાં મુકો છો તે નકરો બંડ વિમુખાર્થ બોચાસણીયા હેય છે. તેઓ અમુક સામાન્ય સાધુ વ્યક્તિમાં સ્વયં બ્રહ્મ ભાવને ઉટાંગ ગોઠવીને બન્નેની સહોપાસના માટે વિમુખ થઇને પણ મુધા મહેનત તનતોડ કરી રહ્યા છે. જેનું તમોએ સહસ્રધા ખંડન સુધાને પાને કર્યું છે. તેના અંતે સચિવ સારથી બન્યા જણાવ છો. અથવા અદ્વૈતી સંન્યાસી સ્થાપિત ટ્રસ્ટ આશ્રમના અલ્પ અધિકારદોષથી એવો અદ્વૈતી નવો સંસ્કાર વાસિત થયો હોય તો તમો જાણો. હાલમાં આપશ્રી ગુણાતીત જ્ઞાનમંડળના તીવ્ર તંત્રી બન્યા છો એટલે બ્રહ્મ શબ્દથી તદ્વાદી વિમુખોને રાજી કરવા એમને જ કહેવાની અંતર ઇચ્છા હોય એ સહજ છે. એ વાદ તો કલ્પિત ઉટાંગ હોઈને હેય છે એવો ચોખ્ખો નિર્ણય થઈ ગયો છે. અહીં તેના વિવેચનની નથી. બ્રહ્મ પરબ્રહ્મને સરખા કહેનારાને દુષ્ટ મતવાળા અતિપાપી દર્શનાયોગ્ય મિ. લાયા ૬૩ માં કહ્યા છે.

બ્રહ્મ અને પરંબ્રહ્મ એ કોઈથી વિમુખ થઈ શકે નહિ, કેમકે તેઓ જે કોઈ ન્યૂનાધિક રીતિએ સર્વવ્યાપક સર્વતોમુખ છે. જે સર્વવ્યાપક સર્વતોમુખ હોય તેને કોના થકી વ્યતિરિક્ત કહેવાય? તે તો સદા સર્વમાં રહ્યા હોય. એટલે એ આપનું કથન બરોબર છે. પરંતુ બ્રહ્મ અને પરબ્રહ્મ થકી વિમુખ રહેનારા તો કોટિશઃ નાસ્તિકો છે. તેમાં પણ પરંબ્રહ્મને પડ્યા મુકીને કે ગૌણ ગણીને કે અનપેક્ષિત માનીને મનમાન્યા બ્રહ્મને (અક્ષર કે મુક્ત)ને અધિક કથનારા ભજનારા પણ સહસ્રશઃ વિમુખો બેચાસણવાળા બાપાવાળા જેવા હોય. '**पराङ्मुखा ये गोविन्दे**' '**विमुखा ये त्वधोक्षजे**' એવાં વચન પણ છે. આ તો પરંબ્રહ્મ થકી અને સંપ્રદાય થકી સર્વતઃવિમુખ કહેવાય. ભલે સુધા સર્વને સન્મુખ રહે કે વિમુખ રહે એનું કાંઈ નહિ પણ વિમુખ સન્મુખનો ભંડોળ કરીને ભભાકિયું તો થયું છે. વારંવાર **અવળું** બોલીને શી ખાટ કાઢવાના છો?

કેને સર્વતો વિમુખ કે સર્વતઃ સન્મુખ કહેવાય? અને કેને સત્સંગી કે કુસંગી કહેવાય? અને કેને પ્રતિકૂળ કે અનુકૂળ કહેવાય? અને કેને મૂળવૃક્ષની શાખા પ્રશાખા કે વિખુટી પાડેલી શાખા કહેવાય? અને કેને સ્થાનભ્રષ્ટ દંત કેશ નખની ઉપમા અપાય? અને કેનો સંગ કરવો ન કરવો? એ બધા વિભાગ તો આપેજ સુધાને પાને પાને ચોખ્ખોચમ વિસ્તારથી વર્ણવ્યો છે. એનું હવે દિગ્‌દર્શન સકલ સમાજને કરાવીએ—સુધા વર્ષ ૧૮ અંક ૧ મા અમદાવાદના સોની (બાપાપંથી) દશરથલાલના ચર્ચાપત્રના જવાબરૂપે તે વખતના તંત્રીએ "અમો તો જેવા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ તેવાજ કડીવાળા શાસ્ત્રી મુક્તિજીવનદાસજી વિગેરેને અને જેવા શા. યજ્ઞ.ના શિષ્યો સાધુ અને હરિભક્તો તેવાજ આમના પણ સાધુઓ અને તેમને માનનારા હરિભક્તો તથા તેમની સાથે સહકાર ધરાવતી કહેવાતી સત્સંગ મહારાજાને માનીએ છીએ એમાં અમારે અંગત રાગ દ્વેષ જેવું કાંઈ પણ છેજ નહિ પરંતુ અમારો એકજ **અચળ સિધ્ધાંત છે કે—શ્રીજીએ બાંધેલી બે ગાદી અને તેની સાથે સંકળાએલા ત્યાગીઓ તથા ગૃહસ્થો તથા શાસ્રો તથા મંદિરો તેમનેજ અમે સત્સંગ કહીએ છીએ ને તેમાં રહેલાનેજ સત્સંગી કહીએ છીએ** બાકીના બધા સ્વા. ના. ના **સત્સંગથી વિમુખ છે એમ માનીએ છીએ. પછી તે સ્વા. ના. ને ભજતા હોય કે ન હોય.** આ અમારી ટુંકી દષ્ટિ કેટલાકને લાગશે પણ અમે એવોજ અમારો સિદ્ધાંત બાંધેલો છે તે અચળ છે માટે **સર્વ પ્રત્યે સરખી વૃત્તિ રાખી વિમુખની પંક્તિમાં "સુધા" ઉતરી શકે તેમ નથી**...સત્સંગમાં જુદા જુદા પક્ષો પાડવાનું પાપ કરવું તે કરતાં એક શ્રીજીનો પક્ષ રાખવો એમાંજ કલ્યાણ છે. વધારે સમઝણ આવતા અંકમાં આપીશું" આવા ચોખ્ખા શબ્દો લખીને અચળ સિધ્ધાંત જણાવ્યો છે.

આ પછી બીજા અંકમાં તંત્રીજીના વતી વધારે સમઝણ "સારી અને સાચી સમજણ" એવા મથાળાથી આપશ્રીએ આત્યંતિક આપી છે—"અબજીબાપાને તેમના કેટલાક શિષ્યો શ્રીજીનો **અવતાર** માને છે ને કેટલાક **અનાદિ મુક્ત** માને છે. તેમાં શ્રીજીના અવતાર કહેવા એ **અતિ સાહસ છે**...' હવે તો આચાર્ય બગડી ગયા છે ને સાધુઓ પણ સર્વે બગડી ગયા છે ફક્ત **અમારા પક્ષના છે તેજ પવિત્ર છે**' આવી **દોષવાળી, ક્લેશ કરાવનારી અને જીવનું બગાડનારી છે**...એજ

પ્રમાણે જુઓ અક્ષર પુરુષોત્તમવાળાઓ તેમને પોતાનો સંપ્રદાય ચલવવો હોય તો હાલના સમયમાં હીન્દુસ્તાન રેઢું ક્ષેત્ર છે તે સહુ કોઈ મનમાન્યા પંથો ચલાવી શકે છે, પણ **સત્સંગમાં બીજાઓને તિરસ્કારવા કે તેમની સાથે કલેશ કરવા એ સારૂં નહિ**... સ્વામિનારાયણ શબ્દનો વિભાગ કરીને તેમાં અક્ષરપુરુષોત્તમ અર્થ બેસારે છે એતો દરેક રીતે વિરુદ્ધ છે ને શ્રીજીનો તથા સ્વામીનો પણ **દ્રોહ** કરનારૂંજ આચરણ છે. એટલુંજ નહિ પણ એ 'અક્ષર પુરુષોત્તમ' શબ્દ 'સ્વામિનારાયણ' શબ્દનો તદ્દન વિનાશક છે પણ કોઈ રીતે હેતુ નથી. જેમ હિંદુસ્તાનનો વિનાશક પાકીસ્તાન શબ્દ છે તેજ પ્રમાણેજ છે એમાં કોઈપણ **સંશય** નથી...અક્ષરવાળાને પણ શ્રીજીનો કે સ્વામીનો રાજીપો મેળવવાની જરૂર નથી. પણ પોતાની પૂજ્યતા **મત** અને **રાગ** પોષવાની જરૂર દેખાય છે આ બધા **દુરાગ્રહ** કહેવાય એમાં **સત્યતા** અને **શુધ્ધિ** હોતી નથી... અમારા સિધ્ધાંત પ્રમાણે મુ. સ્વામી કે ગો. સ્વામી જેવા હોય પણ જો સત્સંગની મર્યાદામાંથી બહાર પડે તો અમે તેને સ્વા. ના.ના **સાધુ** પણ ન માનીએ...અને શ્રીજીની પ્રતિમાઓ પણ જો સત્સંગની રીતમાં ન હોય ને બહાર હોય તો તેને શ્રીજીની પ્રતિમા તરીકે ન માનીએ તો બીજાની વાત જ ક્યાં રહી? **દાંત, કેશ કે નખ શરીર સાથે વળગ્યા હોય ત્યાં સુધીજ તેઓ શુદ્ધ છે પણ જ્યારે શરીરથી જુદા પડ્યા ત્યારે ગમે તેવા વહાલા હોય તો પણ ત્યાજ્ય છે ને અપવિત્ર છે** શ્રીજી પણ શિક્ષાપત્રીમાં એમજ કહે છે. (શિ. ૬૨)...હવે ઉપરની બાબત ધ્યાનમાં લેતાં "વિમુખ" શબ્દની વ્યાખ્યા પણ સ્પષ્ટ થઇ આવે છે કે "**જે જેનાથી વિરુદ્ધ તે વિમુખ**" અથવા "**જે જેનો દ્રોહી તે વિમુખ**" આવો અર્થ મળે છે. એથી જે જેનાથી જુદા રહે પણ જો તે તેનાથી વિરુધ્ધ ન હોય કે દ્રોહ કરતા ન હોય તો તેનાથી વિમુખ ન કહેવાય. આપણા સત્સંગમાંથી પ્રથમથીજ નિકળતા આવે છે, જેણે ગાદી સાથે વિરોધ કર્યો છે તે ગાદીના દ્રોહી થયા છે ને 'વિમુખ' ઠર્યા છે. એવા ત્યાગીઓ કે આચાર્ય થયા હોય તેની સાથે બીજા ત્યાગીઓ કે આચાર્યો **પંક્તિ વ્યવહાર** રાખતા નથી. એવો વ્યવહાર ગૃહસ્થોમાં હોતો નથી. કારણ કે તેઓતો **આશ્રિત છે માટે** જેના તેઓ આશ્રિત થાય તેના તેઓ સત્સંગી ગણાય ને બીજાની **અપેક્ષાએ વિમુખના સત્સંગી** ગણાય એટલે ગૃહસ્થો પોતાના ગુરુઓ સાથેજ ગણાતા હોવાથી **પૃથક્ વિમુખ કરવાની જરૂર પડતી નથી. એ પ્રમાણે તેમની સાથે સંબંધવાળાં મંદિરો અને પુસ્તકો વિગેરે સમજી લેવાં**......અક્ષરપંથીઓ શ્રીજીની ઉપાસના જે **અદ્વૈત** છે તેને અક્ષર પુરુષોતમ કહી યુગલ ઉપાસના પ્રવર્તાવે ને તે માટે સત્સંગના **ભાગલા** પાડે તે ઠીક નહિ. ત્યારે બાપાપંથીઓ બાપાની **છબીઓ** મંદિરમાં પધરાવવા લાખોની મીલકત કોર્ટે ચડે ને સાચા સાધુઓ સત્સંગીઓને જેલમાં નંખાવે, આચાર્ય સામે **બંડ** જગાવે ને મહાસભાને નામે સત્સંગમાં **બંડખોરીનો** જ ધંધો કરે તે ઠીક નહિ. કોઇ ત્યાગીનો આચાર્ય **બહિષ્કાર** કરે તો તેને કે આચાર્યને સમજાવી સત્સંગમાં પાછા લેવા પણ તેને અવળું પ્રોત્સાહન આપવું નહિ. કદાચ આચાર્ય ન માને તો, ને નિકળનાર પવિત્ર માણસ હોય તો તેને દેહનિર્વાહ માટે સગવડ કરી આપવી પણ **તે સાધુ બનાવે ને જગ્યા બાંધે તો જગ્યાઓના માલિક બને આવા અવળા આશ્રય આપવા ન જોઇએ. એથી**

ા હાલના
છે, પણ
ર નહિ...
રે છે એતો
ાચરણ છે.
બ્દનો તદ્દન
સ્તાન શબ્દ
શ્રીજીનો કે
ગ પોષવાની
તી નથી...
ં સત્સંગની
અને શ્રીજીની
જીની પ્રતિમા
શરીર સાથે
જુદા પડ્યા
ે શ્રીજી પણ
"વિમુખ"
તે વિમુખ"
જેનાથી જુદા
થી વિમુખ ન
સાથે વિરોધ
ા કે આચાર્ય
રાખતા નથી.
જેવા તેઓ
ના સત્સંગી
મુખ કરવાની
અને પુસ્તકો
છે તેને અક્ષર
પાડે તે ઠીક
ા મીલકત કોર્ટે
ંડ જગાવે ને
કોઇ ત્યાગીનો
લેવા પણ તેને
ર પવિત્ર માણસ
ને જગ્યા બાંધે
ા જોઇએ. એથી

આશ્રય આપનાર અને લેનાર સર્વેનું ભુંડુ થાય છે ને સત્સંગના ભાગલા પડી જાય છે. તાત્પર્ય કે **ગમે તેવી મુશ્કેલી સહી લેવી પણ સત્સંગના ભાગલા ન પાડવા...** હાલમાં એક સત્સંગીના ગામમાં ચાર પ્રકારના (૧) **દેવના (૨) કુંજવિહારીના (૩) બાપાપંથી ને (૪) અક્ષરપંથી સ્વા. ના.ના સાધુઓ ફરવા આવે છે, શું આ સત્સંગનો ફજેતો નથી ?** એક સ્વા ના.નીજ મર્યાદા મુજબ સહુ વર્તતા હોય તો સત્સંગની કેવી એકતા રહે ને શોભે પણ ખરૂં કહીએ છીએ કે મોટા મોટા હોય પણ **દેહાભિમાન માટે જ સત્સંગના ભાગલા પાડે છે** તે સત્સંગીઓએ સમજવું જોઇએ ને તેમાં મદદ ન આપવી જોઇએ" ઇત્યાદિ બહુ બાબતો છે. (આ લેખ બધાંજ બાઇઓએ ખાસ વાંચવા વિચારવા જેવો છે. આમાં વિમુખ સન્મુખની વ્યાખ્યા અને વિભાગ ચોખ્ખોચમ ચર્ચવામાં આવ્યો છે.

વર્ષ ૧૭ અંક ૮ "કેટલાક સત્સંગની મર્યાદામાંથી સ્વતંત્રપણે છુટા રહીને સત્સંગની **વૃધ્ધિ** કહે છે ને આવી વૃદ્ધિ પામેલ **સત્સંગનાં અંગો** કહે છે. પરંતુ જે અંગ હોય તે તો મર્યાદામાં હોય, વિકાર વગરનું હોય ને **અંગી** જે સત્સંગ તેને **પોષણકર્તા** હોય પણ તેને **વિખી નાખનાર** ન હોય. જે મર્યાદામાં નથી તે અંગી જે સત્સંગ તેને પોષણ આપનારૂં ક્યાંથીજ થઇ શકે ? તેતો **વિકાર** કહેવાય **ને એવા વિકૃત અંગનું તો** તત્કાળ **ઓપરેશન થવું જ ઘટે,** જેથી બીજાં અંગો વિકૃત થતાં બચે. સત્સંગની મર્યાદા તોડીને સ્વતંત્રપણે વર્તવું એ સત્સંગની **સેવા નથી** ને તેમાં શ્રીજીનો **રાજીપો** કે આત્માનું કલ્યાણ નથી...શ્રીજીમહારાજે કહો કે મોટાઓએ કહો, આપણને સત્સંગમાં **દેશમર્યાદા વેષમર્યાદા** અને **આચારમર્યાદા** બાંધી આપી છે તેમાંથી એક પણ મર્યાદાનો **લોપ** કરીએ, બદલાવીને **સ્વતંત્ર** રહીએ તો શ્રીજીનો **રાજીપો** મળવાનો નથીજ. જેઓ દેશમર્યાદાથી દૂર પડી સત્સંગને **છિન્નભિન્ન** કરશે તેઓ તો ક્યારેય પણ પ્રભુના **પદને** પામવાના જ નથી. તીર્થમાં વારંવાર સ્નાન કરનારો પાપી પવિત્ર **થાશે** પણ તીર્થ બહાર સ્નાન કરનારો પવિત્ર પણ પવિત્ર નહિ જ રહે...સત્સંગ બહારતો ગમે તેવા શુદ્ધ હોય તોએ શા કામના ? શ્રીજી કહે છે "શું તેમને સત્સંગમાં મોટેરા કરશું ?" ગમે **તેવો સારો હોય** પણ **સત્સંગ બહાર ગએલા કે રહેલાથી સત્સંગનું શ્રેય થવાનુંજ નહિ"** ઇત્યાદિ. (આમાં વિમુખોએ સત્સંગનું અંગ નથી. એમનું તો તત્કાળ ઓપરેશન કરવું જોઇએ એમ ખુલ્લુ કહે છે.)

વર્ષ ૧૯ અંક ૫ "સાચો સત્સંગી" એવું હેડીંગ કરીને "સ્વા. ના. સં.માં રહેલાં ૭ અંગોનો સમુદાય તે "સત્સંગ" કહેવાય છે ને તેમાં રહેલા આચાર્યો ત્યાગીઓ અને ગૃહીઓ પોતાને "સત્સંગી" માને છે અને તે બરોબર છે...શ્રીહરિએ આ સંપ્રદાયમાં ૭ અંગ સ્થાપન કરી તેને "સત્સંગ" કહીને તે સત્સંગનેજ પોતાનું **સ્વરૂપ** કહેલ છે, જેમાં દેવ, આચાર્ય, શાસ્ત્ર, મંદિરો, ત્યાગીઓ અને સત્સંગીઓ એ અનુક્રમે મસ્તક, નાસિકા, નેત્ર તથા મુખ, હૃદય, ઉદર અને હાથ તથા પગ એ અંગો કહેલાં છે આપણે આવા કોઇ એક અંગરૂપ થઇને ભગવાનરૂપ સત્સંગમાં હોઇએ એવું જો આપણને યથાર્થ જ્ઞાન થાય તો આપણને **ભગવાનના સ્વરૂપનો, ભગવાનના ભક્તોનો, ભગવાનની આજ્ઞારૂપ ધર્મનો ને ભગવાનની વાણીરૂપ શાસ્ત્રનો નિત્ય સંબન્ધ રહે** (જેવો અંગોને તથા

અંગીને હોય તેવો) તેથી આપણે તેઓમાંના કોઇનો અવગુણ જોઇને વિખુટા થવા કે વિદ્વેષ કરવા વિચાર પણ નજ કરી શકીએ ને તેવા થયા તેજ સાચા સત્સંગી કહેવાય" (આ લેખ અંતિમમાં ભરેલો સર્વેએ સમજવા જેવો છે) (આમાં સત્સંગ શબ્દનો ખરો અર્થ કહીને તે થકી ભ્રષ્ટ થએલાઓનો સંગ ન રાખવો એમ કહે છે.)

સુધા વર્ષ ૧૭ અંક ૬ "તેમાં બગડયું કોણ !" એવું હેડીંગ કરીને "આપણો આ "સત્સંગ" પણ એવોજ છે. જેમાં રહેવા શ્રીજીએ આતુરતા બતાવી અને કહ્યું કે "જન્મ લેવાનું કાંઇપણ નિમિત્ત કાઢીને આ સત્સંગના મધ્યમાં જન્મ લેવો છે" વળી **આ સંપ્રદાય** માર્ગ–પ્રવાહ શ્રીજીએ પોતેજ ચલાવેલો છે. ધર્મકુળ એનું મૂળ છે. ને આચાર્ય, ત્યાગી, સત્સંગી, દેવ, શાસ્ત્ર, અને મંદિરો એ ૭ અંગોનો પરસ્પર ગુંથાએલો **સમુદાય છે. આ** સંપ્રદાયમાં રહેનાર આત્મહિતનું સાધન થોડું કરશે તો પણ તેને શ્રીજી અપનાવી લેશે. જ્યારે સમૂહમાંથી છુટો પડી અનેક ઘણું કરશે તો પણ તેનું બચવું–શ્રીજીના સમીપને પામવું–શ્રીજીની પ્રસન્નતા મેળવવી મુશ્કેલ છે. લોઢું અગ્નિમાં પડયું પડયું જ અગ્નિના ગુણ મેળવી શકે છે. સત્સંગ શ્રીજીનું સ્વરૂપ છે તેમાં પડેલો કોઇપણ વખત શ્રીજીના ગુણ મેળવી શકશે...સર્વને રૂચે તેમ સમજાવીનેજ કરવું પણ જુદા પડીને નહિ...પણ સર્વેના અવગુણ લઇને આત્માને **આસુરી** બનાવ્યો હશે તેને શ્રીજી પણ નહિ સુધારી શકે એ અવશ્ય સમજવાનું છે...સત્સંગમાંથી જેઓ **બહાર** પડયા છે ને પડે છે તેઓમાંથી કોણ **સમજણથી** આત્માના હિતને માટે બહાર પડયા છે ? પોતપોતાનાં **હૃદય** તપાસી જોશે તો અવશ્ય જણાશે કે કોઇપણ પ્રકારના **અભિમાનથીજ** બહાર પડ્યા છીએ ને હજુ પણ તેનેજ પોષિએ છીએ... **માટે આપણે જ બગડ્યા છીએ પણ સત્સંગ નથી બગડ્યો...**બહાર નીકળાણ હોય તો પણ સત્સંગનો તો ગુણ જ લેવો. પણ અવગુણ તો લેવો જ નહિ ને સામાવાડીયા થવું નહિ..."આમાં તો છે જ નહિ. ને જે એવા છે તે તો બહાર જ નીકળી ગયા છે" એમ માનવું એ તો નરી **બાલીશતા** જ છે. બહાર નિકળવાથી શ્રીજીએ પ્રવર્તાવેલાં દેશાદિક આઠેય સાધનોનો યોગ પણ રહેતો જ નથી." ઇત્યાદિ. (આ લેખ બહાર નીકળી ગએલા ઓચાસણીયા બાપસીયા વિગેરે બધાએ અવશ્ય વાંચવા જેવો છે.)

વર્ષ ૧૭ અંક ૧૧ "પક્ષ અને પક્ષપાત" એવું હેડીંગ લગાવીને "આ પત્રનો જવાબ એકલા એ ભાઇને જ નહિ પણ સર્વ સત્સંગીઓને ઉપયોગી હોવાથી ખાસ તંત્રીસ્થાનેથી જ લખવા જરૂર પડી છે. અમદાવાદથી એક ભાઇએ સુધાના વ્યવસ્થાપક ઉપર વિવેક, પ્રેમ અને ઉપદેશવાળા ઠીકઠીક લાંબો પત્ર લખ્યો છે તેમાં પોતે પોતાનો મત દર્શાવે છે, જે મત વચનામૃતમાં શ્રીજી મહારાજે વખોડી કાઢ્યો છે તે એ ભાઇના ખ્યાલમાં નહિ હોય...**પણ વિમુખનો પક્ષ કોઇએ રાખ્યો નથી અને જે વિમુખનો પક્ષ રાખતા હશે તે આ જન્મે અથવા બીજે જન્મે જરૂર વિમુખ થશે...**"આ સંસારમાં કેટલાક પવનસરખા જીવ હોય તે એમ કહે છે જે ગંગાજીનું પાણી ને બીજું પાણી એ બેય સરખાં જણાય છે" વિગેરે એમ દુષ્ટ મતવાળા જે જીવ છે તે કહે છે" માટે મોટા પુરુષે શાસ્ત્રમાં કહેલા વિધિ નિષેધ સત્ય છે જેમ હુંડી લખી આપે છે તેમ મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે તેનું જ કલ્યાણ થાય છે ને મોટા પુરુષના વચનનો જેને વિશ્વાસ નથી તેને **નાસ્તિક** જાણવો ન **મહાપાપિ** જાણવો ને તેને **ચંડાળ** જાણીને એને

કોઈ પ્રકારે સંગ રાખવો નહિ વચ. ગ. મ. ૬...વળી શ્રીજીમહારાજે એવા સાધુઓને સરખા કહે તેને પણ **વિમુખ** કહેલ છે. એવાં કારણોથી આપણે **વિમુખનો પક્ષ** રાખવો **ન જોઈએ.** જેથી આપણે **વિમુખ** ન થઈએ **યવન** સરખા ન થઈએ **દુષ્ટમતવાળા** ન થઈએ, **નાસ્તિક** ન થઈએ, **મહાપાપિષ્ટ** ન થઈએ ને **ચંડાળ** જેવા ન થઈએ...તમે કહો છો "સ્વા. ના. નો **મહિમા** કહેતા હોય ને ધર્માદિક સંબન્ધી **લખાણો** આપતા હોય" એ સાધુ પણ જો તેઓ સત્સંગની મર્યાદામાં હોય તોજ તેના મુખની કથા, વાર્તા, લખાણ વિગેરે વાંચી સાંભળી શકાય. ને જે મર્યાદા બહાર ગયા હોય તો તેનું વાંચવા સાંભળવાથી ઉપરનાં શ્રીજીએ કહેલાં બધાં વિશેષણો **આપણને લાગુ પડે.** જેઓ મર્યાદા બહાર નિકળેલા હોય તેઓ સ્વા. ના. નો ગમે તેવો **મહિમા** કહેતા હોય તોપણ તેના **પ્રસંગથી આપણે આ જન્મે** કે બીજે જન્મે જરૂર તેના જેવા **મર્યાદા બહાર** થઈએ... મર્યાદામાં રહેલા ત્યાગીઓ તથા તેમને મા...રા હરિભક્તોનો જે પક્ષ રાખવો તે મહારાજે **"નિયમ નિશ્ચય અને પક્ષ"** એ પ્રમાણે મોક્ષના સાધનમાં ગણ્યો છે. પણ જેઓ સત્સંગ બહાર નીકળેલા હોય તેવાઓનો જે પક્ષ તેતો **પક્ષપાત** કહેલો છે...શ્રીમુખે કહે છે કે-"પક્ષપાતે કરીને આ જીવનું જેવું ભૂંડું થાય છે તેવું બીજા કોઈ પાપે કરીને થતું નથી" ઇત્યાદિ. (આ લેખ સુધાના તંત્રી વર્ણીજીએ ખાસ વાંચવા વિમર્શવા જેવો છે, જેથી વિમુખનો પક્ષ અને પક્ષપાત કરવાનું મોંઢી વાળવાનું ભાન આવે) (આમાં વિમુખનો પક્ષ નહિ રાખવાનો મુદ્દો લાવ્યા છે)

આ ઉપરાંત ઉપરોકત જેવા જ ઘણા લેખો બોચાસણ બંડ વિરુદ્ધ સુધામાં આવ્યા છે. વર્ષ ૧૦ અંક ૮ પેજ ૫ ઉપર "સુધા શ્રીજીની આજ્ઞામાં રહેનાર સત્સંગીમાત્રનો સાથી રહેશે **પણ વિમુખ કે કુસંગીને સાથ નહિ આપે"** એમ વિમુખને સાથ નહિ આપવાની પ્રતિજ્ઞા લીધી છે. (હવે કેમનું કરે છે) વર્ષ ૧૧ અંક ૧ અમદાવાદમાં મળેલી પરિષદની ચર્ચાને પ્રસંગે વર્ણીએ સારો લેખ બંડ વિરુદ્ધ લખ્યો છે. અને સ્વા. ના. નામમાં ભેદ નહિ કરવા વિષે બહુ સારી ચર્ચા કરી છે. વર્ષ ૧૧ અંક ૧૦ "શ્રીજીના સત્સંગી બંધુઓ સાવચેત'!" એવા હેડીંગથી બોચાસણીયા વિમુખો વિષે ચોખ્ખી ચર્ચા કરી છે. વર્ષ ૧૧ અંક ૧૨ "ખુલ્લો પત્ર" એવા મથાળાથી બોચાસણીયા વિરુદ્ધ લેખ ખાસ વાંચવા લાયક છે. વર્ષ ૧૨ અંક ૩ 'મોંબાસામાં' બોચાસણીયાએ ખોટો સમાધીનો ઢોંગ કરીને ચોટીમાં સંઘરેલા સાકરના ગાંગડા અને હારમાં બાંધી રાખેલી ચંદનની ગોટીઓ કાઢ્યાના ઢોંગની ચર્ચા કરી છે. વર્ષ ૧૩ અંક ૩ "સમાધીનો ઢોંગ ઉઘાડો પડ્યો" એ શિર્ષકથી બોચાસણીયા જે સમાધી કે પરચાના ઢોંગ કરે છે તેનું ઉદ્દઘાટન સપ્રમાણ કર્યું છે. એવાજ ઢોંગનું એક ચિત્ર ગોંડળમાં સમાધીમાં હલવાઈની દુકાનની છાપવાળા પેંડા કાઢવાનું વર્ષ ૧૩ અંક ૪ માં છાપ્યું છે. વર્ષ ૧૩ અંક ૫ પેજ ૨૯ ઉપર "શું એવી આજ્ઞા થશે?" એવું હેડીંગ કરીને સંપ્રદાયના આશ્રિત ત્યાગી ગૃહીઓએ વિમુખ કરેલાનો સંસર્ગ નહિ રાખવાની અને તેમના સ્થાનોમાં નહિ જવાની બન્ને આચાર્યોની સહ આજ્ઞાપત્રિકા કાઢવાની ઇચ્છા જણાવી છે વર્ષ ૧૩ અંક ૫ 'બોચાસણીયાના ચમત્કારો' વિષે વિરુદ્ધ ચિત્ર ચર્ચા કરી છે. ૧૩-૭ માં "બોચાસણખંડ સમાચાર સાર" આવા મથાળાથી

બોચાસણવાળા ઉપર કરેલા બોરસદ કોર્ટ કેસના સઘળા વિમુખ સમાચારો પાંચ પેજમાં લીધા છે. ૧૪-૧-૩ માં તથા ૯ માં "અક્ષર પુરુષોત્તમ મીમાંસા" એવા મથાળાથી અક્ષર પુરુષોત્તમની ઉપાસના સાવ ખોટી દગવ છે. ૧૪-૯ માં "કપોલ કલ્પિત વાતનો ...સો" આ મથાળાથી બોચાસણીયા અક્ષરી ઉપાસનાનું ખંડન કર્યું છે. વળી "ચર્ચાપત્રના જવાબ એ મથાળાથી બોચાસણીયા વિઃધ્વંસ ચર્ચા કરી છે. ૧૪-૧૨ "ચર્ચાપત્રનો જવાબ એવું હેડીંગ ટાંપીને નૈરોબીમાં રહેતા કરમસદના પા. રામભાઈના પત્રના જવાબ ... ખોટા અર્થનું ખં બોચાસણીયા માન્યતાનું ખંડન કરતાં સ્વા૦ ના૦ નામના ક... બોચાસણીયા માન્યતાનું ખંડન કરતાં સ્વા૦ ના૦ નામના ... "જાહેર ચેતવણી" એવા શિર્ષકથી બોચાસણવાળ કર્યું છે. વર્ષ ૧૬ અંક ૧૨ માં "જાહેર ચેતવણી" ... ખબર આપી છે. વર્ષ ૧૮ અંક વિમુખ તરીકે જાહેર કરીને તે થકી ચેતતા રહેવાની ખબર આપી છે. વર્ષ ૧૮ અંક "વદતો વ્યાઘાત" આ મથાળાથી વિમુખોના પરસ્પર વિરુદ્ધ વાદોનું વિવરણ કર્યું વર્ષ ૧૯ અંક ૨ "સાધુઓ તો સાધુવેષમાંજ શોભે અને સ્થાનભ્રષ્ટ ન થાય" હેડીંગથી બોચાસણ બંડ મંદિરોમાં ગુ. સ્વામી ગો. સ્વામી આદિક સાધુની અધ્યેય મૂર્તિ પધરાવીને શ્રીહરિ કે શ્રીકૃષ્ણાદિકની મૂર્તિઓની પેઠે જરીયાની વસ્ત્રો મુગટ કટક આદિક રાજવેષ ધરાવે છે તેની વિરુદ્ધ તીવ્ર ટીકા કરી છે. ૧૯-૧૨ "એકતાનો અવસ એવાં મથાળાથી બોચાસણવાળા બાપાવાળાં વિગેરે બાબો માટે કંઇ કટાક્ષ ગંભીર કર્યા ૨૦-૧ "અફ્ક્ષરના ઉલ્લાસ" આ મથાળાથી બોચાસણીયા બાબા વિરુદ્ધ લખાએલો સર્વેએ વાંચવા જેવો છે. વર્ષ ૨૧ અંક ૧૦ "ઇષ્ટદેવનો દ્રોહ અને વિમુખતા !!!" ૧૧ "શ્રીજીનો દ્રોહ અને ચોખ્ખી વિમુખતા !!!" વર્ષ ૨૨ અંક ૨ "ઇષ્ટદેવનો દ્રોહ વિમુખતા" આવા મથાળાથી વર્ણીએજ બોચાસણ વિમુખપંથ માટે લેખો લખ્યા છે. એમણેજ અવસ્ય વાચનીય છે. ઇત્યાદિ અનેક લેખો વિમુખ વિરુદ્ધના વર્ણીજીએ તથા તંત્રીએ અને બીજાઓએ લખ્યા છે. પ્રસંગે પ્રસંગે ટુંકાં ટચકાં અને વક્ર ડંક અને છેડેથી અડપલાં કે અટક્યાળાં અનેક કરવામાં કસર રાખી નથી. એમની આગળ અમારા જેવ કશો હિસાબજ નથી. બોરસદ તાલુકા કોર્ટમાં કલ્પિત અક્ષરનિષ્ઠ બોચાસણવાળા ઉપર મ ફ્રિસ્ટ કેસમાં વાદીએ તેમના વિરુદ્ધનું જેટલું સાહિત્ય સંપાદ્યું હતું તેના કરતાં પણ સુધાના દ્વિગુણ ત્રિગુણ સંપાદ્યું છે. સુધાને પુરાવામાં મૂક્યું ન હતું પણ સાથોસાથ સઘળી સુધાકરે આપી હતી. આ બાબત નૈરોબીના એક ભાઈએ વર્ષ ૨૮ અંક ૩ માં " નીતિમાં એવો એકેય દિવસ ભાગ્યેજ જતો કે જ્યારે બોચાસણની ઉપાસના વિર ન લખ્યું હોય". એવા ચોખ્ખા શબ્દો લખ્યા છે. એનો અનુવાદ પણ જાતે સંપાદકીય છે. એટલે વિરુદ્ધતાનો દોષ અમને એકલાને આપી શકાય તેમ નથી. ગુરુભક્તિમાંથી મોટી મોટી બાબતો લીધી હશે, પણ સુધાકરે તો ઝીણી ઝીણી બધી ખનીખનીને સમૂળ શોધી કાઢીને જાહેરમાં સવિવેચન જણાવી છે. હવે જો પ્રસં તો સુધાને સીધી સુધી રીતે આગળ ચડાવીશું.

હવે "સુધા સત્સંગના બધા વિભાગને સન્મુખ રહે છે. અને જય શ્રી વિમુખ રહે છે." એ જો આપ વિપ્ર પંડિત પ્રશસ્તિએ વિભાગથી વિનિર્ણય તમારે અમારે સર્વેને સ્વીકાર્ય સુસંગત રહેશે. "બ્રહ્મવાકય ન ચલતિ" એવી વળી "શ્રીહરિ પણ જુની પ્રણાલિકાને નહિ ભુલવા માટે સત્સંગની મર્યાદાઓ શાસ્ત્રમાં લખેલા સિદ્ધાંતોને છણીને સમાજને સારો લાભ આપે છે." આ

અનુસારે ચ
જવાબ છે.
આ ત્રણેય
સર્વેને આ
અનામ કે
અવશેષ રહે
લેખ
આપ પણ
ચાલુજ છે.
વિના રહે
છે સંચાલ
'સંચાલકો
ત્રિગુણી
એમ નામા
ચર્ચાના જ
વ્યવહાર ક
આપને તો
તથા ૪ મ
થાવ એમ
નારા લી.

ઉપ
બ્રહ્મચારી
કહેતું પડ
બીજા કો
વિપરીત
જેવું વર્ત
ત્યારે તેને
ખાસ ઉદ્દે
તત્વ છે?
વર્ણન ક
વિષમ ક
વિજ્ઞાન ક
થોડીક સ
પણ એવે

ાગે પાંચ પેજોમાં
ા મથાળાથી અક્ષર
ાતેિ ાસો" આ
ચર્ચાપત્રના જવાબ"
ચર્ચાપત્રનો જવાબ"
પત્રના જવાબ રૂ
ંમારા અર્થનું ખં
કથી ઓચાસણવાળા
વર્ષ ૧૮ અંક
દોનું વિવરણ કર્યું
નષ્ટ ન થાય" એ
પ્રભુની અજ્ઞેય મૂર્તિ
વસ્ત્રો મુગટ કટક
"એકતાનો અવસ
કટાક્ષ ગંભીર કર્યા
વિરુદ્ધ દર્શાવેલો
તે વિમુખતા !!!"
૨ "ઇષ્ટદેવનો દ્રોહ
લેખો લખ્યા છે.
દના વર્ણીજીએ તથ.
વક્ર ડંક અને છેવટથી
પાગળ અમારા જેવા
યાસણવાળા ઉપર મ
ા કરતાં પણ સુધાના
સાથોસાથ સઘળી
૨૮ અંક ૩ માં "
ભુની ઉપાસના વિરુદ્ધ
અનુવાદ પણ જાતે
ા શકાય તેમ નથી.
ઝીણી ઝીણી બધીજ
છે. હવે જો પ્રસં

છે. અને જય શ્રીહ
ભાગથી વિનિર્ણય
ન ચલતિ' એવી
સંગની મર્યાદાઓ
ા આવે છે." આ

અનુસારે અમારે માટે એજ બરોબર છે. આ રીતે "આ કેવું આશ્ચર્ય ?" એ ત્રીજા લેખનો જવાબ છે. આ પ્રકારે "આનંદની વાત છે ! ! !" "આવો જય શ્રીહરિ" "આ કેવું આશ્ચર્ય" આ ત્રણેય લેખના જવાબો આપશ્રી અને આપના પક્ષપાતી સન્મુખ, વિમુખ, અર્ધદગ્ધ સર્વેને **આનંદ, જય અને આશ્ચર્ય માટે થાઓ.** હવે પાછળથી પ્રકીર્ણ પ્રકરણ અનામ કે સનામ કે અન્ય નામ કે અન્યથા નામથી ચલાવ્યું છે તેનો જવાબ આપવાનો અવશેષ રહે છે તે અવકાશે અપાશે.

લેખકના નામની તીવ્ર તાલાવેલી અને ઉતાવળ શા માટે? લેખક તરફિનું નામ તો આપ પણ લેખને અંત્યેજ આપો છો. અમે પણ એ પ્રમાણે વિચાર રાખેલો. લેખ તો અપૂર્ણ ચાલુજ છે. આપ ઉતાવળીયા થઈ ગયા, ધીરજ ધારી શક્યા નહિ, લેખક સ્વનામ આપ્યા વિના રહે નહિ એમ પણ જાણો છો. આપશ્રી જે ચર્ચા કરો છો તે સંચાલકોને સમુદ્દેશીને છે. સંચાલકોનાં નામો પણ શ્રીહરિના પ્રથમ પેજ ઉપર અમેજ આપ્યાં છે. આપ પણ 'સંચાલકો જ તંત્રી રહ્યા હોત' 'જય શ્રીહરિના સંચાલક ગુરુઓને' 'સંચાલકો જગતની ત્રિગુણી વિભૂતિસમા વિદ્વાન અને સમર્થ છે' 'તે શ્રીહરિજીવનના, શ્રીકૃષ્ણસ્વરૂપના દાસ' એમ નામાભિધાનને આપજ કરો છો. એટલે નામનો નિર્દેશ તો આપે જ બહુધા કર્યો છે. ચર્ચાના જવાબમાં 'અમોએ' 'અમને' 'અમારે' એવા શબ્દો લખીને સ્વકીય નામથી વ્યવહાર કર્યો છે. જવાબ આપનાર એથી ત્રીજો નથી. એટલે નામને તો જાણો છો. પરંતુ આપને તો એ પૈકી એકનેજ કહેવા છે. તેનું નામાભિધાન આપેજ વર્ષ ૨૯ અંક ૨ માં તથા ૪ માં એવાર ચોખ્ખું કહી દીધું, એટલે કરવું શું? હવે વિપ્રર્ષિની વાણી વૃથા ન થાવ એમ જાણીને એમજ અંગીકાર કર્યું છે. આપને આનંદ, જય અને આશ્ચર્ય ઉપજાવનારા **લી. ભવદીય શાસ્ત્રી હરિજીવનદાસ.** વડતાલ.

સમગ્ર સુજ્ઞ સત્સંગિ સમાજને વિનંતિ—

ઉપરના લેખમાં અમારે કંઈપણ વિષમ કહેવાની ઇચ્છા ન હોય તથાપિ નાસિકીયા બ્રહ્મચારી બા. એવા પ્રસંગો અટપટા આડાઅવળા જાણીજોઈને લાવી મુકે છે કે જેથી કંઈક કહેવું પડ્યું છે તે ક્ષમા કરશો. આમાં પ્રસંગાનુપ્રસંગાત્ ઓચાસણવાળા કે બાપાવાળા કે બીજા કોઈને કંઈક કહેવું પડ્યું છે તે તો વર્ણીજીને અંત્ય અવસ્થાએ અકાંડ ઉપજેલી વિપરીત બુદ્ધિના પ્રદર્શન માટે છે. પણ ખાસ ઉદ્દેશથી નથી. એક વ્યકિત સંપ્રદાય બાહ્ય જેવું વર્તન કરે અને એવો પ્રચાર કરે અને સંપ્રદાયનિષ્ઠ સર્વને દબાવ્યા, દબડાવ્યા કરે ત્યારે તેને કંઈક સત્ય હિત કહેવું જોઈએ એ દૃષ્ટિએ સર્વ સુજનોના વતી અમે કહ્યું છે પણ ખાસ ઉદ્દેશથી નહિ. જો કે આમાં બહુવિધ ચર્ચા છે પરંતુ આ સંપ્રદાયનું શું સૈદ્ધાન્તિક તત્વ છે? અને ધારા ધોરણ બંધારણ અને મર્યાદા શી છે? તેનું પણ પ્રસંગાત્ પૂર્ણ વર્ણન કર્યું છે, એથીજ લેખ લાંબો થયો છે તે ક્ષમાને યોગ્ય છે. પૂજ્ય વર્ણીજીને જે વિષમ કહ્યું છે તે પણ ખાસ ઇરાદાપૂર્વકનું નથી પરંતુ તેમને ઉપજેલી વિપરીત મતિનું વિજ્ઞાન કરાવીને પાછા વાળીને પ્રથમવત્ સંપ્રદાયનિષ્ઠ થઈ રહે એવા શુભાશયથી છે. થોડીક સૂચના આરંભમાં જ આપી છે, તો ગ્રાહકોએ ધીરજ રાખવી. માસિકનો ઉદ્દેશ પણ એવોજ જણાવ્યો છે. શિવં ભવતુ.

—[*]—

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

ઔદ્ધવ સંપ્રદાયના સમસ્ત સત્ય સમાશ્રિતોએ સદા જપનીય કીર્તનીય "સ્વામિનારાયણ" મહા નામ મંત્રનો "સમુત્કર્ષ" અને તેનો શાસ્ત્રાનુસારી શુદ્ધ "અર્થ" અને તેથી વિરુદ્ધ કરાતા અશુદ્ધ બંડાર્થનું "ખંડન" અને તે મંગળ નામનો વિરુદ્ધ અર્થ કરનારા લેભાગુ હરકોઈને ભુલ્યે પણ "જય સ્વામિનારાયણ" કહેવામાં કે બોલવામાં ઇષ્ટદેવ શ્રીહરિનો "મહાદ્રોહ"–

આ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામિપ્રવર્તિત સંપ્રદાયના ઉપાસ્ય ઇષ્ટદેવ ભગવાન શ્રીહરિનું અસાધારણ મંગળ નામ '**સ્વામિનારાયણ**' છે. આ મુખ્ય નામથી તેમની ભક્તિ ઉપાસના સંપ્રદાયમાં મુખ્ય પ્રવર્તે છે. દીક્ષિત અખિલ અનુયાયિઓને અહર્નિશ જપવા ભજવા માટે આજ **ષડક્ષર નામ મંત્રનો** દીક્ષાદાતા આચાર્યે ઉપદેશ આપવો એમ પણ સ. પ્ર. ૪ અ. ૪૬ શ્લો. ૩૦ માં '**गुणाक्षरं ततो मन्त्रं जप्तुं सर्वत्र सर्वथा**' આવા શબ્દમાં વિધાન છે. (ગુણ શબ્દ ષટ્ સંખ્યામાં લીધો છે) આ શુભ સર્વોપરી નામનો પ્રયોગ સર્વ સચ્છાસ્ત્રોમાં તથા વ્યવહારમાં પણ વિશેષતઃ પ્રવર્તે છે. મુખ્ય ગ્રંથ સત્સંગિજીવન પ્ર. ૧ અ. ૧ શ્લો. ૧૨ '**स एष साक्षाद्भगवान् स्वामिनारायणाख्यया । प्रसिद्धोऽस्ति**' (તે આ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન સ્વામિનારાયણ નામથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયા છે) સ. પ્ર. ૨ અ. ૨૪ શ્લો. ૪૬ '**सैष नारायणमुनिः सहजानन्दनामकः । स्वामिनारायणाख्यश्च स्वाम्याख्यश्च विराजते**' (તે અમારા ગુરુશ્રી નારાયણમુનિ, સહજાનંદ, **સ્વામિનારાયણ** અને **સ્વામી** નામથી વિરાજે છે) સ પ્ર. ૫ અ. ૬૯ શ્લો. ૧૭ '**हरिकृष्णो घनश्यामो नीलकण्ठश्च स स्मृतः । स्वामी च सहजानन्दः स्वामिनारायणस्तथा**' (ભગવાન શ્રીહરિનાં હરિકૃષ્ણ ઘનશ્યામ નીલકંઠ સ્વામી સહજાનંદ સ્વામિનારાયણ આદિક અનેક શુભ નામો છે) આ રીતે આ ગ્રંથમાં અનેક પ્રયોગો છે. વચ. ગઢડા પ્ર. ૫૬ માં 'ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને '**સ્વામિનારાયણ**' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપથકી છુટીને બ્રહ્મમોહોલનેવિષે નિવાસ કરે' એવો મહિમા વર્ણવવાપૂર્વક તથા લોયા ૧૮ માં 'શ્રીજીમહારાજ સર્વે હરિભક્તને '**જય સ્વામિનારાયણ**' કહીને હસતાથકા પોતાને ઉતારે પધાર્યા" એમ સ્વામિનારાયણ સંજ્ઞાનો પ્રયોગ છે. અષ્ટોત્તરશતનામાત્મક જનમંગળ સ્તોત્રમાં શ્લો ૧૨ નામ ૪૯ '**स्वामिनारायणः स्वामी**' આ રીતે છે. સહસ્રનામાત્મક સર્વમંગલસ્તોત્રમાં શ્લો. ૭૩ નામ ૩૯૪ '**स्वामिनारायणो**' આ રીતે છે. શિક્ષાપત્રી શ્લો. ૧૦૮ ની શતાનંદમુનિકૃત ટીકામાં અંતે '**यः साक्षाद्भगवान्...श्रीस्वामिनारायणः**' (સાક્ષાત્ ભગવાન્ ક્ષરાક્ષરપર શ્રીકૃષ્ણ ભગવાન્ સ્વામિનારાયણ નામથી પ્રકટ થયા) આ રીતે આ દિવ્ય નામ સંપ્રદાયમાં સઘળાં સંસ્કૃત પ્રાકૃત શાસ્ત્રોમાં તેના અદ્‌ભુત મહિમાનુવાદ સાથે વર્તે છે. આ સંપ્રદાયમાં કલ્યાણકારી આ નામથી જપ ભજનની પ્રવૃત્તિ રામાનંદસ્વામીના ચોદમાના શુભ દિનથી કરી છે એમ સ. પ્ર. ૨ અ. ૬ શ્લો. ૪૬ ઉપરથી તથા હરિલીલામૃતગ્રંથના કળશ ૫ વિશ્રામ ૩ ની '**जे स्वामिनारायण नाम लेशे**' ઇત્યાદિ ૪૫ થી ૫૭ સુધીની ચોપાઈઓ ઉપરથી નિશ્ચિત થાય છે. એટલે સં. ૧૮૫૮ ના માગશર શુદી ૧૩ એ રામાનંદસ્વામી સ્વધામ

પધાર્યા અને તેમના ચૌદમાને દિવસે શ્રીહરિએ સમસ્ત અનુયાયીઓની સભા ભરી તેમાં આ [illegible] દિવ્ય નામથી ભજન કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

આ લે પ્રખ્યાત પૂજ્ય નામમાં **સ્વામી** અને **નારાયણ** એ બે શબ્દોનો અપૂર્વ સન્નિવેશ છે. આ શબ્દો પ્રાચીન શાસ્ત્રોમાં બહુધા જુદા જુદા આવે છે તેને સાથે જોડવાથી 'સ્વામિનારાયણ' કે 'નારાયણસ્વામી' એવું એક નામ એકજ વ્યક્તિનું વાચક સુખેથી થઈ શકે છે. જેમ હરિ અને કૃષ્ણ એ બન્ને નામો સાથે જોડવાથી 'હરિકૃષ્ણ' કે 'કૃષ્ણહરિ' એવું બીજું નામ થાય છે. જેમ હરિ અને નારાયણ આ બે નામને સાથે મૂકવાથી હરિનારાયણ નામ કહેવાય છે. તેમજ કૃષ્ણનારાયણ, વાસુદેવનારાયણ આદિક નામો આવે છે તેમ. એ ઉપરથી એ નામ શબ્દકોષથી કે વૃધ્ધવ્યવહારથી બહારનું કે અન્ય બ્રહ્માંડમાંથી કે અન્ય ભાષામાંથી નવીનજ કલ્પી શોધી કાઢ્યું છે એમ નહિ પરંતુ પ્રાચીન શાસ્ત્રોમાં પણ એ નામ ઉપલબ્ધ થાય છે.

આ સંપ્રદાયની ગુરુપરંપરામાં પ્રાચાર્ય તરીકે શ્રીહરિએ સ્વીકારેલા શ્રીરામાનુજાચાર્યે રચેલા શરણાગતિગદ્યના ભાષ્યમાં **'श्रीमन्नारायण स्वामिन्' इत्यादौ मन्त्रान्तरे च तत् द्रष्टव्यम्'** આવું વાક્ય લખીને **નારાયણ** અને **સ્વામી** શબ્દના સહ સબન્ધવાળો મંત્ર હોવાનું પણ જણાવ્યું છે. આ મંત્ર **'श्रीमन्नारायणः स्वामी दासस्त्वमसि तस्य वै"** (ભારદ્વાજસંહિતાના પરિશિષ્ટ ભાગનો અ. ૨ શ્લો. ૪૦) એજ હોવો જોઈએ.

આ શબ્દો ડિત્થ કપિત્થ (ઘુંબડ્ડ કોઠું) ની પેઠે નરર્થક સંજ્ઞામાત્ર નહિ પણ અર્થવાળા હોવાથી એના અર્થો પણ અન્વર્થ તે તે સ્થળે પ્રાચીનોએ કરેલા મળી આવે છે, યામુનમુનિકૃત સ્તોત્રરત્નના ૧૦ શ્લોકમાંના 'સ્વામિન્' શબ્દનો તેના ભાષ્યમાં–**'पतिं विश्वस्यात्मेश्वरं' 'करणाधिपाधिपः' 'प्रधानक्षेत्रज्ञपतिः' 'पतिं पतीनां' 'एष भूतपतिरेष भूतपालः'** ઇત્યાદિ શ્રુતિઓ લખીને 'સમસ્ત જગતના પતિરૂપ' અન્વર્થ અર્થ સાંપ્રદાયિક કર્યો છે. પતિ ઈશ્વર અધિપતિ નિયામક નાથ સ્વામી આદિક શબ્દો એવાજ અર્થમાં બહુધા લેવાય છે. **'नारायण! त्वयि न मृष्यति वैदिकः कः'** આ સ્તોત્રરત્નના ૧૧ શ્લોકના ભાષ્યમાં તથા **'परंब्रह्म पुरुषोत्तमो नारायणः'** આ ગીતાભાષ્યના ઉપોદ્ઘાત વાક્યની ટીકામાં **નારાયણ** શબ્દનો અર્થ સપ્રમાણ કર્યો છે. વિષ્ણુનામસહસ્રસ્તોત્રમાં આવેલા **નારાયણ** નામનો તાત્વિક અર્થ તેના પરાશરભટ્ટાર્યકૃત ભાષ્યમાં **'नारायणाय विद्महे' 'नारायणः परं ब्रह्म' 'एको ह वै नारायण आसीत्' 'अथ दिव्यो देव एको नारायणः'** ઇત્યાદિ શ્રુતિઓ લખીને, "જેનો ક્ષય નથી તે **નર** કહેવાય, એટલે સ્વરૂપ સ્વભાવથી જે નિત્ય વસ્તુઓ ચેતન અચેતન તે **નર** કહેવાય, તેના જે સમૂહો તે **નાર** કહેવાય, તે નાર **અયન**–આશ્રય જેમને છે, એટલે નારનો વ્યાપકપણે આશ્રય કરી રહેલા અથવા તે નારના **અયન**-આશ્રય, એટલે તેના અંતરાત્માપણે આધારભૂત તે **નારાયણ** કહેવાય, અર્થાત્ 'ચિદચિદાત્મક સર્વ વિશ્વમાં અંદર બહાર આત્માપણે વ્યાપી રહેલા' એવો અવયવાર્થ કરવામાં આવ્યો છે. આ અર્થના સમર્થન માટે **'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः'** આ શ્રૌત નિરુક્તિ પ્રમાણ તરીકે પરિગ્રહી છે. એમ કરીને વેદ વેદાંત વિગેરે શાસ્ત્રોમાં પરાત્પર સર્વોપરી વસ્તુનું ભવ બ્રહ્માદિ અન્ય સમસ્ત અવર મૂર્તિઓથકી નિર્ધારણ કરનાર અસાધારણ (ખરી રીતે બીજામાં લઈ જઈ શકાય નહિ) નામ નારાયણ છે

એમ નક્કી કર્યું છે આથી તે બન્ને શબ્દોના મુખ્ય અર્થો શાસ્ત્રાધારે ચોક્કસ કર્યા છે. બન્ને શબ્દોને આગળ કે પાછળ સાથે લઈએ તો પણ અર્થ તો એનોએજ મળતો લેવાય પણ જુદો નહિ. એટલે જેમ શબ્દ તદ્દન નવીન નહિ તેમ અર્થ પણ તદ્દન નવીન નહિ.

ઉપરોક્ત અર્થના અનુસંધાનવાળા સ્વામી, નારાયણ, આ બન્ને શબ્દો મૂળ પરંબ્રહ્મ પરમાત્મા અવતારીમાં તથા તેમના અનન્ય અવતારભૂત રામ કૃષ્ણાદિકને વિષે સંપ્રદાયનાં શાસ્ત્રોએ બહુધા વાપર્યા છે. અને એના અર્થો પણ એના એજ શાસ્ત્રાનુસારી સંગ્રહ્યા છે. જુઓ–**'श्रीकृष्णो यः परं ब्रह्म...नारायणश्च भगवान्'** (સ. પ્ર. ૧ અ. ૩૪) **'नारायणो वासुदेवः** (પ્ર. ૬ અ. ૫૬) **'नारायणं वासुदेवं'** (પ્ર. ૩ અ. ૨૮) **'ज्ञेयो नारायणः'** **'सहि नारायणः स्वामी'** (પ્ર. ૪ અ ૪૬) **'द्विभुजः स सदा स्वामी'** (પ્ર ૩ અ. ૨૮) **'इत्थं नारायणादेव साक्षात् श्रीपुरुषोत्तमात्'** **'साक्षात् नारायणः प्रभुः'** (પ્ર. ૪ અ. ૭૨) **'तेम** (પ્ર. ૫ અ. ૫૩) વચનામૃતમાં–'અને પુરુષોત્તમ નારાયણ તે સર્વના સ્વામી છે' (પ્ર ૨૧) 'તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે...નારાયણ જેવા તો એક નારાયણ જ છે' (લોયા ૧૩. 'તથા ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે એ સર્વે અવતાર તે નારાયણના જ છે...તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ...તે નારાયણનાં દર્શન કરે છે' (લો. ૧૪) 'તમે તો નારાયણ છો માટે અમને તમારું ધામ દેખાડો ત્યારે અક્ષરધામ દેખાડ્યું" (લો. ૧૮) 'અને ભગવાન સર્વના સ્વામી છે' (મધ્ય ૧૮) **'नारायणपरा वेदाः'** (વર૦૨) 'માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને તે સર્વના સ્વામી એક જ ભગવાન છે' (અંત્ય ૩૯) શિક્ષાપત્રીમાં **'श्रीमन्नारायण** **स्मृत्या'**, હરિવાક્યસુધાસિન્ધુના ઉપોદ્ઘાતમાં–**'श्रीकृष्णो भगवांस्तत्र सदा स्वामी विराजते...नारायणो वासुदेवः'**, ધૂન્ય 'નારાયણ હરે શ્રીમન્નારાયણ હરે' ઇત્યાદિ. એજ સ્વામી અને નારાયણ શબ્દ અવતારભૂત ભગવાન શ્રીહરિમાં વાપર્યા છે. અને એનો અર્થ પણ એનો એજ લીધો છે.

આ સંપ્રદાયના ઉપાસ્ય ઇષ્ટદેવને વિષે અસાધારણ ભજનીય જપનીય નામ તરી[illegible] ડિત્થ કપિત્થ જેવા નજ હોય, એ[illegible] નક્કી કરેલા આ શબ્દો અર્થાનુસંધાન વિનાના તો ડિત્થ કપિત્થ જેવા નજ હોય, એ[illegible] અર્થો પણ શાસ્ત્રાનુસારે સિદ્ધ કરેલા હોવા જોઈએ. જે નામથી નિરંતર ભજન સ્મર[illegible] કરવાનું છે તેનો અર્થ પણ ભક્તોએ ખાસ સમજવાની જરૂર છે. અર્થ જાણ્યા વિ[illegible] ભજન કરે તેના કરતાં અર્થ જાણીને ભજનના કરનારાને સ્વાદ વિશેષ આવે છે અ[illegible] ફળ પણ અધિક થાય છે. અમથા નામના જ્ઞાતા કરતાં અર્થજ્ઞની અધિકતા જણાવી [illegible] એટલે અર્થ જાણવાની અત્યંત આવશ્યકતા છે. અર્થ પણ ઉટાંગ રીતિએ નહિ પણ શા[illegible] રીતિએ સમજવો જોઈએ 'અમુક શબ્દનો અમુક અર્થ થાય' એતો વ્યાકરણ, કો[illegible] આપ્તવાક્ય, વિવરણ, (ટીકા વિગેરે) વ્યવહાર (વૃદ્ધોનો) વિગેરેથી નિશ્ચિત કરાય છે. [illegible] નામનો અર્થ કરવામાં આ બધીજ વસ્તુઓનો ઉપયોગ જ્ઞાનવૃદ્ધોએ કર્યો છે. મુખ્ય મ[illegible] ગ્રંથ સત્સંગિજીવનની આખી ટીકા બીજા કોઇ અલ્પશ્રુતે નહિ પણ જે શ્રીહરિના સ[illegible] હોઈને શ્રીજીએ પોતાના કાગળપત્રો લખવા, શાસ્ત્રોનું લેખન શોધન કરવું, વિગેરે સમુ[illegible] સેવામાં નિયોજેલા હતા અને જેમની શ્રીમુખે પારાવાર પ્રશંસા કરી છે એવા બહુ[illegible] વિદ્વદ્વર્ય શુકાનંદ મુનિએ કરેલી પ્રથમ પ્રમાણભૂત છે. વળી પોતે કરેલી ટીકાની પ્રમા[illegible]

માટે "આ
સમક્ષ જે
રાખીને કું
स्य मुख
एतदर्थं श्र
પ્રમાણભૂત
સ્થળે કર્યો
શ્લો. ૪૬
સમાસ થા
પણ એક
नारायणः'
જ્યાં એક
આવે છે,
અનુસારે '
स नारायण
સ્વામી
યથાર્થ થ
स्थितः'
તથા આ
સંપાદન
नारायण
આ વચન
થયું કે–
પણ એક
શ્રીહરિ
અ
વિશેષ અ
ઉપરથી
કૃત હોઈ
શ્રીરઘુવીર
સર્વમંગલ
સં. ૧૮
વીરાચાર્ય
આવે એ
સ
અર્થવિસ

ારે ચોક્કસ કર્યા છે.
ાએજ મળતો લેવાય
ણુ તદ્દન નવીન નહિ.
તે શબ્દો મૂળ પરંબ્રહ્મ
દિકને વિષે સંપ્રદાયનાં
સ્ત્રાનુસારી સંગ્રહ્યા છે.
ા અ. ૩૪ 'नारायणो
ः) 'ज्ञेयो नारायणः'
ામી' (પ્ર. ૪ અ ૪૬)
क्षात् श्रीपुरुषोत्तमात्'
ામી છે' (પ્ર ૨૧) 'તેમ
જેવા તો એક નારાયણ
છે તેને એમ જાણીએ
દિવ્યમૂર્તિ એવા જે શ્રી.
ા તો નારાયણ છો માટે
ા 'અને ભગવાન સર્વના
ર્વ ક્રિયાના પ્રવર્તાવનારા
પત્રીમાં 'श्रीमन्नारायण
वांस्तत्र सदा स्वामी
ાયણ હરે' ઇત્યાદિ. એ
ર્યા છે. અને એનો અર્થ

ીય જપનીય નામ તરી
જેવા નજ હોય, એ
નિરંતર ભજન સ્મર
છે. અર્થ જાણ્યા વિ
ાદ વિશેષ આવે છે અ
ી અધિકતા જણાવી
ા રીતિએ નહિ પણ શા
' એતો વ્યાકરણ, કે
રેથી નિશ્ચિત કરાય છે.
એ કર્યો છે. મુખ્ય મ
ા પણ જે શ્રીહરિના સ
ધન કરવું, વિગેરે સમુ
સા કરી છે એવા બહુ
ા કરેલી ટીકાની પ્રમા

માટે "આમાં મનઃકલ્પિત અર્થ કોઈ કર્યો નથી પણ ગ્રંથકર્તા શતાનંદ મહામુનિના મુખથકી સમક્ષ જે અર્થ સાંભળ્યો હતો તે યથાર્થ રહે અને વિપરીત થઈ જાય નહિ એવી કાળજી રાખીને કર્યો છે." એમ આરંભમાંજ **'अभिप्रायानुसारेण शतानन्दमहामुनेः । कर्तुरस्य मुखाद्योऽर्थः समक्षं संश्रुतो मया ॥ स यथावस्थितिस्तिष्ठेन्न यायाद्विपरीतताम् । एतदर्थं श्रमोऽसौ मे पाण्डित्यख्यातये न च ॥'"** આ રીતે પોતે જણાવે છે આવી પ્રમાણભૂત **હેતુ** નામની સાર્થક ટીકામાં **સ્વામી** અને **નારાયણ** નામનો અર્થ અન્વર્થ બહુ સ્થળે કર્યો છે. સ્વામિનારાયણ નામનો સમાસ સાથે સાર્થક અર્થ સ પ્ર. ૨ અ. ૨૪ △ શ્લો. ૪૬ની ટીકામાં નીચે પ્રમાણે કર્યો છે. મનધાર્યો નહિ પણ અપેક્ષિત અર્થને અનુસારેજ સમાસ થાય છે. **'સ્વામિશબ્દાર્થ અને નારાયણશબ્દાર્થ'** ભિન્નભિન્ન વ્યકિતમાં નહિ, પણ એકજ ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિનેવિષે ઘટાવવાનો હોવાથી 'स्वामी चासौ नारायणः स्वामिनारायणः' એવો કર્મધારય સમાસ (स चासौ कर्मधारयः એવો વ્યાકરણમાં સંકેત કર્યો છે) જ્યાં એકજ વ્યક્તિમાં બન્ને શબ્દો ઘટાવવાના હોય છે ત્યાં કર્મધારય સમાસ કરવામાં આવે છે, જેમકે 'नीलोत्पल' (નીલ એવું કમળ તે નીલોત્પલ કહેવાય) સમાસને અનુસારે 'स्वामी–सकलैश्वर्यसंपन्नः, नारायणः—नराणां समूहो नारं, तदयनं–निवासस्थानं यस्य स नारायणः अन्तर्यामीत्यर्थः' એવો અર્થ કર્યો છે. આ જોતાં સકળ ઐશ્વર્યે સંપન્ન તે **સ્વામી** અને સર્વની અંદર બહાર વ્યાપીને રહેલા અંતર્યામી તે **'નારાયણ'** એવો અવયવાર્થ થયો. **નારાયણ** શબ્દનો અવયવાર્થ 'अन्तर्यामी' એવો કર્યો તે 'योऽन्तर्यामितया स्थितः' આ શિક્ષાપત્રીવચનને અનુગુણ છે. એમ કરીને પ્રાચીન શાસ્ત્રોએ તથા આચાર્યોએ બન્ને શબ્દના જે અર્થો કર્યા છે તેની સાથે મેળવીને એકાર્થતા સંપાદન કરી છે. **'स्वामि शब्दः पतिपर्यायः, नरस्य नराकृतेर्धर्मस्यापत्यं पुमान् नारायणः स चासौ स च'** એવો પતિરૂપ બીજો અર્થ **'स च पतिः स्यादकुतोभयः'** આ વચનને અનુસરતો કર્યો છે પણ સમાસતો એનો એજ રાખ્યો છે. આ ઉપરથી સુનિશ્ચિત થયું કે—**સ્વામિ**શબ્દથી બીજી વ્યકિત અને **નારાયણ** શબ્દથી બીજી વ્યકિત નહિ પણ એકજ વ્યકિત ધર્મનંદન શ્રીહરિકૃષ્ણ છે. એમ બન્ને શબ્દોને મુખ્ય રાખીને એક શ્રીહરિ વિષેજ રમ્ય રીતિએ ઘટાવ્યો છે.

આ ટીકામાં ટીકાકાર શુકાનંદે એવું અનુસંધાન આપ્યું છે કે 'સ્વામી શબ્દનો વિશેષ અર્થ શ્રીરઘુવીરાચાર્યકૃત સર્વમંગલ જનમંગલ સ્તોત્રની ટીકા થકી જાણવો' આ ઉપરથી નક્કી થાય છે કે સર્વમંગલ જનમંગલ સ્તોત્ર કે જે ત્રિકાળદર્શી શતાનંદમુનિકૃત હોઇને સત્સંગિજીવનમાંથી ઉધ્ધારેલાં (૧૦૮–૧૦૦૦) નામરૂપ છે તેની ઉપર શ્રીરઘુવીરાચાર્યે ટીકા કરેલી છે. જનમંગલની ટીકાનું નામ **ભાવાર્થપ્રકાશિકા** અને સર્વમંગલની ટીકાનું નામ **ભાવપ્રબોધિની** છે. આ ટીકાનું પુસ્તક આધુનિક નહિ પણ સં. ૧૮૯૦ માં શુકાનંદમુનિના હસ્તાક્ષરથી લખાએલું બહુ જુનું છે. શુકાનંદ અને રઘુવીરાચાર્ય બન્ને સમસમયી અને સહસમાગમી હોવાથી બન્નેની ટીકાનો અર્થ એક મળતોજ આવે એ પણ સહજ છે.

સર્વમંગળમાં 'स्वामी ब्रह्म परब्रह्म' એમ પ્રથમ નંબરે સબીજ મુકેલા **સ્વામી** નામનો અર્થવિસ્તર તેની ટીકામાં પ્રથમાચાર્યે આ રીતે કર્યો છે–'स्वं – ઐશ્વર્ય જેમનું છે તે **સ્વામી**

કહેવાય. 'स्वामिन्नैश्वर्ये' આ સૂત્રથી સ્વામિશબ્દ નિષ્પન્ન કરવામાં આવ્યો છે. અર્થાત્ સર્વ જગતનું સર્જવાપણું, આત્માપણે અંતર્યામિપણું, સર્વાધારપણું, સર્વફળદાતાપણું, વિગેરે બહુવિધ ઐશ્વર્યવાળા જે હોય તે ખરા સ્વામી કહેવાય. આથી એમનું એકનુંજ ઉપાસ્યપણું જણાવ્યું. ભલે કોઈ મહારાજા આદિક મોટા શબ્દથી કહેવાતો હોય પણ જો તે ઐશ્વર્યે રહિત હોય તો કોઇએ ઉપાસન સેવન કરાતો નથી. માટેજ સ્વામિશબ્દ એક સર્વેશ્વર શ્રીહરિ વિષેજ ખરી રીતે પ્રવર્તે છે એમ 'एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा' આ પુરાણવચન કહે છે આજ મુખ્ય અર્થ ; સર્વ નામોના બીજરૂપ હોવાથી સહસ્ર નામો મધ્યે **સ્વામી** નામનો પહેલેજ નંબરે નિવેશ મહાત્મ્દોએ કર્યો છે. આથી એ નક્કી થાય છે કે–શ્રીહરિનાં હજાર નામો મધ્યે **સ્વામી** નામજ મુખ્ય સાર્થક છે. આ નામનો જે અર્થ કર્યો તે સર્વ નામોના બીજભૂત હોવાથી સર્વ નામોમાં અનુસ્યૂત સમજી લેવાનો છે. (ભગવાન્ મારા સ્વામી છે અને હું એમનો સ્વ–સેવક છું. એમ ભેદ સમજ્યા પછી ઉપાસના પ્રવર્તે છે એમ કહેવાનો મુદ્દો છે)

નારાયણ નામના અનેક અર્થો શાસ્ત્રમાં કર્યા છે તેમાં આ અર્થ મુખ્ય મુદ્દાસર છે– નરો–જડચિદાત્મક સમસ્ત વસ્તુઓનો સમૂહ તે **નાર** કહેવાય, તે **નાર** અયન–આશ્રય જેમને છે (નારનો આશ્રય કરી રહેલા) અથવા **નારના** અયન–આશ્રય તે નારાયણ કહેવાય. અર્થાત સમસ્ત ચિદચિત તત્ત્વમાં અંદર બહાર અંતરાત્માપણે વ્યાપી રહેલા હોવાથી નારાયણ નામથી સાર્થક નિર્દેશ્યા છે. 'यच्च किञ्चिज्जगत्यस्मिन् दृश्यते श्रूयतेऽपि वा । अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः' આ શ્રુતિમાં નારાયણ નામની નિરુકિત કરી છે. 'नारायणाय विद्महे' 'नारायणः परंब्रह्म' 'एको ह वै नारायण आसीत्' ઇત્યાદિ વેદશાખાઓમાં ઉપાસ્ય પ્રાપ્ય પર વસ્તુનું બીજા ભવ બ્રહ્માદિક દેવો થકી નિવૃત્તિ કરનારું અસાધારણ નામ **નારાયણ** નિરૂપ્યું છે. એટલે જેમ જગતમાં પ્રત્યેક વસ્તુનું અસાધારણ નામ હોય છે તેમ જગત્કર્તા પરાત્પર વિષ્ણુ પરમાત્માનું અસાધારણ નામ મુખ્ય નારાયણ છે. તે અન્યગામી કદાપિ હોઇ શકે નહિ.

ઉપર પ્રમાણે **સ્વામિ** શબ્દનો અને **નારાયણ** શબ્દનો જુદો જુદો અર્થ કરવામાં આવ્યો છે. આને અનુસારે બન્ને સ્તોત્રની ટીકામા **સ્વામિનારાયણ** સંયુક્ત નામનો અર્થ આ રીતે કર્યો છે–"एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा" 'आत्मदास्यं हरेः स्वाम्यम्' 'स्वत्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम्' 'स्वामिंस्त्वं परमेश्वरश्च' 'त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे' 'जयत्येकः स्वामी' ઇત્યાદિ શાસ્ત્ર વચનોને અનુસારે સકળ ઐશ્વર્યે સંપન્ન હોવાથી **સ્વામી** અને 'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः' 'अन्तर्याम्यमृतः' 'अन्तर्यामी च सर्वेषां' આ વચનોને અનુસારે સર્વની અંદર બહાર આત્માપણે વ્યાપી રહેલા હોવાથી **નારાયણ** અને તે બન્ને મળીને 'अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा' (સર્વ જનોમાં આત્માપણે પ્રવેશ કરીને શાસન કરનારા) 'योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ' આ વચનોને અનુસારે સર્વની અંદર આત્માપણે પ્રવિષ્ટ થઇને સર્વજનોનું નિયમન કરનારા હોવાથી 'સ્વામિનારાયણ' એવા સાર્થક નામથી કહેવાય. અર્થાત્ સ્વામિ નામથી સર્વનિયંતાપણું અને નારાયણ નામથી સર્વાન્તર્યામિપણું, એ બન્ને મળીને 'સ્વામિનારાયણ' એવું એક નામ અર્થવત્ થયું. 'જડચિદાત્મક સમગ્ર વિશ્વમાં આત્માપણે વ્યાપીને

સ્વેચ્છાનુસારે નિયમન કરનારા' એવા આખા નામનો ભાવાર્થ શાસ્ત્રાનુરોધી થયો. રાજાનું રાષ્ટ્ર પ્રત્યે નિયંતાપણું છે પણ કોઈની અંદર આત્માપણે પ્રવેશ કરવા પૂર્વકનું નહિ પણ ઉપલેક અલ્પ છે. આકાશાદિકનું વ્યાપકપણુ છે પણ તે જડ હોવાથી નિયમનપૂર્વકનું નથી, અમથું અર્થશૂન્ય છે. પરમાત્મા પરમ ઇશ્વરમાં તો તે બન્નેનાથી વિલક્ષણ પ્રકારનું નિયામકપણુ અને વ્યાપકપણું હોવાથી ખરી રીતે એક પરમાત્મા પરમેશ્વરનેજ સ્વામિનારાયણ નામથી નિરૂપી શકાય આવા ઉત્કૃષ્ટ અર્થાનુસંધાનવાળું નામ પરમાત્મા સીવાય બીજા કોઇનું પણ હોઇ શકે નહિ. આ રીતે સ્વામી તથા નારાયણ શબ્દ કરતાં પણ 'સ્વામિનારાયણ' નામમાં અર્થનું ગૌરવ ઘણું આવતું હોવાથી એ નામથી ઇષ્ટદેવ શ્રીહરિનો નિર્દેશ કર્યો છે અને જપ ભજનમાં એ નામથી પ્રવૃત્તિ કરી છે તે અત્યંત ઉપયોગી ઉત્તમોત્તમ છે 'अमन्त्रं अक्षरं नास्ति...योजकस्तत्र दुर्लभः' એમ છે. આ નામ ધર્મપુત્ર શ્રીહરિને વિષે યોગરૂઢ જાણવું, નામનો અવયવ અર્થ જણાવવામાં આવે એને યોગ કહે છે અને એવા અર્થાનુસંધાનથી એક મુખ્ય વ્યકિતમાં સમુદાય શકિતને ઘટાવે તેને રૂઢ કહે છે પંકજ શબ્દની પેઠે જાણવું. સત્સંગિજીવનની ટીકાની પેઠે જ બન્ને સ્તોત્રોની ટીકામાં એ નામનો 'स्वामी चासौ नारायणः' એવો અર્થાનુસારી સમાસ કરવામાં આવ્યો છે. સ. પ્ર. ૨ અ. ૨૮ શ્લો. ૧૬ **'श्रीस्वामिनारायणः'** આ શબ્દનો અર્થ તેની બીજી ટીકા ભાવપ્રબોધિનીમાં **'सर्वेषां निरुपाधिकः स्वामी नारायणः'** આ રીતે કર્યો છે અભિપ્રાય એ છે કે સર્વ કોઇના નિરુપાધિક (જેનો કોઇ ઉપરી સ્વામી નથી) સ્વામી એવા નારાયણ તે સ્વામિનારાયણ કહેવાય. આમાં પણ ઉપર મુજબ જ કર્મધારય સમાસ સૂચવ્યો છે. **'स्वामी नारायणो दृष्ट्वा'** (સ. પ્ર. ૩ અ ૨૬) **'इत्यं नारायणः स्वामी'** (પ્ર. ૪ અ. ૫૪ શ્લો. ૨૨) **'सहि नारायणः स्वामी'** (પ્ર ૪ અ. ૪૬ શ્લો. ૩૪) **'जय स्वामिनारायण'** (પ્ર. ૩. અ. ૧૭) **'स्वामी नारायणः सोऽयं नित्यं हृदि मयेक्ष्यते'** (હ. વા. સુધાસિંધુ તરંગ ૧૨૨) આ રીતે સ્વામિ શબ્દને અંતે વિભક્ત્યન્ત પૃથક્ પણ નારાયણ શબ્દ સાથે રાખ્યો છે. કોઈ સ્થળે બન્ને શબ્દો પૃથક્ પણ છે પરંતુ અર્થ તો એનો એજ સંગત સુંદર છે. જેમ આવા પૃથક્ પ્રયોગમાં બીજો અર્થ થાય નહિ તેમ સ્વા. ના. નામમાં પણ અવળો અર્થ થાય નહિ એ સિદ્ધાંત વાત છે. ઉપર મુજબ સ્વામી અને નારાયણ શબ્દનો અર્થ બહુ ઉપયોગી ઉત્તમ હોવાથી સંપ્રદાયના વચનામૃતાદિ શાસ્ત્રોમાં એ બે શબ્દોથી બહુધા વ્યવહાર થયો જણાય છે બન્ને સ્તોત્રો શા. હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદ સાથે છપાઇને બહાર પડ્યાં છે તેમાં ઉપરનો સઘળો અર્થ સવિવેચન છે.

ઉપર પ્રમાણે આ સર્વોપરી સંપ્રદાયમાં ઉપાસ્ય ઇષ્ટદેવ તરીકે અભિમાનેલા શ્રીહરિના અસાધારણ જપનીય ભજનીય મંગળ સ્વામિનારાયણ નામનો શાસ્ત્રાનુસારી સંપ્રદાયાનુસારી અન્વર્થ અર્થ મહાજનોએ નક્કી કર્યો છે. આવા શાસ્ત્રસિધ્ધ મહત્તમમાન્ય નિશ્ચિત અર્થને પણ સાવ ઉડાવી દઇને કોઇ વિમુખપ્રમુખોએ "સ્વામી એટલે ગુણાતીતાનંદ સાધુ અને નારાયણ એટલે શ્રીજીમહારાજ એમ સ્વામિનારાયણ નામ થયું છે. જેમ રાધા અને કૃષ્ણ, લક્ષ્મી અને નારાયણ, નર અને નારાયણ એમ સ્વામિનારાયણ નામ છે. એવો ઉભાંગડ અર્થ કરવાનું કુભાંડ બંડખોરીયું, સમોવડીયું કે સામાવાડીયું કર્યું છે. એકજ વ્યકિત ધર્મતનય

ભગવાન શ્રીહરિ અખંડિત સ્વા. ના. નામ હતું તેને ખંડિત કરીને તેમાં સ્વામી શબ્દથી બીજા ઉપાસ્ય તુચ્છ વ્યકિત ગુણાતીતાનંદ સાધુને ઘુસાડી દીધા. ગુણાતીતાનંદ તો પ્રત્યક્ષસ્વરૂપ હોવાથી ભજનમાં તે પહેલું જોઇએ એવો તેમનો પાપાશય દેખાય છે મુખ્ય અક્ષરના ભજનમાં સ્વા ના. નું ભજન આવી જાય છે એટલે સ્વા. ના. ના જુદા ભજનની જરૂર નથી એમ પણ જલ્પે છે. એટલે આમાં ભગવાન શ્રીહરિ તો ગૌણ બને છે. જો કે બીજી બધી બાબતમાં ગુણાતીતાનંદ સાધુને સર્વોપરી મોટા ઉપાસ્ય પ્રાપ્ય ઠરાવ્યા છે અને એને માટે અક્ષરપુરુષોતમ સ્વામીશ્રીજી આદિક શબ્દો પણ બનાવટી (જે કોઈ ગ્રંથમાં કે વ્યવહારમાં કે હજાર નામોમાં પણ નથી) ઓઠવી કાઢયા છે અને તેમનું ભજન રટન પણ જોરશોરથી એકતાનથી કરે કરાવે છે છતાં એટલેથી નહિ અટકતાં મુખ્ય સ્વા. ના. નામમાં પણ પરાણે ઘુસાડી દેવાની દુરંત વિમુખમૂર્ખતા વાપરી છે. આ તો શુદ્ધ શાસ્ત્રોને પણ છેક છેતરવાનો છળ છદ્મ પ્રપંચ કર્યો કહેવાય. 'बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रतरिष्यति' (વેદ પણ એવો ભય રાખે છે કે આ અલ્પશ્રુત અર્થનો અનર્થ કરીને મને છેતરશે) શાસ્ત્રાર્થ તો શાસ્ત્રસંપ્રદાયવાળાને આડો આવે પણ મૂર્ખા વિમુખોને તો આવેજ નહિ એટલે ગમે તેવો મનમાન્યો સમાસ અને ઉટાંગ અર્થ કરે. અસ્તુ. આ અનર્થમૂર્તિ અર્થનો સંપ્રદાયાર્થ સાથે કશો સંબંધ નથી એટલું જ તથ્ય કહેવાનું છે.

આવો અસદર્થ ખાનગીમાં રાખ્યો નથી પણ શાસ્ત્રશત્રુ સંપ્રદાયદ્રોહી અપ્રમાણ લાયક વાતુમાં યથા તથા ઓઠવી કાઢેલો જોવામાં આવે છે. પ્ર ૬ ની ચોપડીના પ્ર. ૫ વાત ૪૨૭ ત્યારે હરિ- 'સ્વામિએ કહ્યું જે મહારાજે શિક્ષાપત્રીમાં અવિદ્વાન વાત કોઈ રાખી નથી. ત્યારે હરિશંકરભાઈએ પૂછ્યું જે અવિદ્વાન વાત કોઈ નથી ત્યારે મૂળ અક્ષરનું પ્રગટપણું શિક્ષાપત્રીમાં શી રીતે છે તે કહો? ત્યારે સ્વામી કહે એ વાત શિક્ષાપત્રીમાં લખી છે પણ અતિસૂક્ષ્મપણે લખી છે એટલે કોઇના સમજવામાં આવતી નથી...અને અક્ષરનું તો શિક્ષાપત્રીના ૧૦૯ તે ૧૧૦ શ્લોકમાં પ્રતિપાદન કર્યું છે. ભગવાન રાધાજીએ યુકત હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા ને રુકિમણીરૂપ જે લક્ષ્મી તેણે યુકત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવા નામે જાણવા. અને અર્જુને યુકત હોય ત્યારે નરનારાયણ એવા નામે જાણવા. અને બળભદ્રાદિકના યોગે કરીને એવે એવે નામે કહેવાય છે. એટલે વર્તમાનકાળે પણ એમજ કહેવાય છે. કહેતાં સ્વામી જે અક્ષર અને નારાયણ જે મહારાજ એમ સ્વામિનારાયણ નામ છે, એમ સમજવા સારૂં ઉપર રાધાદિકનાં દૃષ્ટાંત દીધાં છે...માટે એમ લખવાનો હેતુ એ છે જે જેમ રાધાકૃષ્ણ કહેવાય છે તેમજ સ્વામિનારાયણ કહેવાય છે. કહેતાં મહારાજે પોતાના મુખ્ય ભક્ત જે અનાદિ અક્ષર તેમના નામ સાથે પોતાનું પ્રતિપાદન કર્યું છે પણ કોઈ એ સમજતા નથી...(અક્ષરપુરુષોતમ એવું નામજ કોઈ ગ્રંથમાં નથી. કિં બહુના શ્રીહરિનાં સહસ્ર નામો છે તેમાં પણ નથી) એટલા સારૂં એવા ભક્ત અને ભગવાનને વિષે ભેદ ન સમજવો એમ કહ્યું છે (શ્લો. ૧૦૩)...કહેતાં એવા અર્થે સહિત જે સ્વામિનારાયણની ભક્તિ તે જે તે સર્વેને કરવી"

આમાં આ રીતે અવળા અધમ અર્થો અનેક કરીને શ્રીજીની અપરમૂર્તિરૂપ મુખ્ય ગ્રંથ શિક્ષાપત્રીના તત્ત્વપર રહસ્ય શ્લોકોને સાવ ગર્દન મારવાની ધૂર્તધૃષ્ટતા વાપરી છે

શિક્ષાપત્રી ઉપર ગ્રં
કરી છે, જેને સાં
એમ કહીને ટીકાને
વળી આની ઉપર
હોય છે. ગુર્જરાનુવ
નહિ હોવાથી મનઃ
પ્રબન્ધમાંથી નાસ્તિ
કરી અને તેને સ્વા
કરી એ કેવું વિચિ
સભામાં કિંચિત
સમઝાઈ જાય તેવું
'ભક્ત અને ભગવા
ઉટાંગ ઉપજાવી કા
તેમાં નામભેદથી ભે
~~એમ કહેવાનો પ્રસં~~
ભેદ નહિ સમજનાર
કહ્યા છે. ઉપાસ
શિક્ષાપત્રીમાંથી કે
મોટા વિષે અજ્ઞાન
વિમુખચતુરાઇ વાપ
ઉપાસ્ય શ્રીહરિ સાં
આપણે પણ અક્ષર
કર્યો કે મૂર્તિમાન
આ છ પ્રકરણની
નડીયાદના વકીલ
જરૂર રહેતી નથી.

વળી સિધ્ધાં
વાત ૨૪ "પ્રકૃતિ
અમે છીએ એમ
કૃષ્ણ તે અક્ષરને
"આ પ્રગટ મૂળ
સહિત નિશ્ચય છે
લક્ષ્મીનારાયણ ને
ભજન કરાવ્યું છે
મુક્તના સ્વામી
અમારાં નામ

શિક્ષાપત્રી ઉપર ગ્રંથકર્તા શતાનંદમુનિએ જ અર્થદીપિકા નામની મહાટીકા શાસ્ત્રાનુસારી કરી છે, જેને સાંભળીને શ્રીજીએ 'અમારો સઘળો અભિપ્રાય આમાં બરોબર આવ્યા છે' એમ કહીને ટીકાની પ્રશંસા શતાનંદમુનિ સાથે કરેલી સત્સંગિજીવનમાં જ સુવ્યક્ત છે. વળી આની ઉપર ભાષ્ય પણ સટીક આચાર્યકૃત છે. અર્થ માટે જ ભાષ્ય ટીકાઓ કરવાની હોય છે. ગુર્જરાનુવાદ પણ થયો છે. કોઇમાં આવો સાવ વિરુદ્ધ અર્થ કરવામાં આવ્યો નહિ હોવાથી મનઃકલ્પિત બનાવટી વિમુખ ઠરે છે. શિક્ષાપત્રી જેવા મુખ્ય માન્ય પ્રામાણિક પ્રબન્ધમાંથી નાસ્તિક કૂટકપટ યુક્તિ પ્રયુક્તિથી નિરક્ષર અક્ષરની મનઃકલ્પિત ગોઠવણી ગામઠી કરી અને તેને સ્વા. ના. નામમાંના સ્વામિશબ્દાર્થમાં અડાવી દીધાની અંધ-ઉન્મત અવળાઈ કરી એ કેવું વિચિત્ર છે? આ અર્થ મૂર્ખમૂર્ધન્ય મંડળીમાં શોભે તેવો છે પણ પંડિતોની સભામાં કિંચિત પણ શોભે તેવો નથી. અર્થમાં દિવારાત્રિ જેટલું અંતર સર્વોને સમઝાઈ જાય તેવું સ્પષ્ટ છે. શબ્દ જ કપોળકલ્પિત છે, અર્થની તો વાત જ ક્યાં છે? 'ભક્ત અને ભગવાનમાં ભેદ ન સમજવો' આ પણ કેવી શાસ્ત્રવિરુધ્ધ વાત ૧૧૭ શ્લોકથી ઉટાંગ ઉપજાવી કાઢી છે. સત્ય અર્થ તો 'જે પ્રથમ રાધાકૃષ્ણ આદિક સ્વરુપો કહ્યાં તેમાં નામભેદથી ભેદ ન સમજવો' એવો શુધ્ધ છે, 'ભક્ત અને ભગવાનનો ભેદ નથી' એમ કહેવાનો પ્રસંગ જ નથી. એ પ્રકરણ તો પરબ્રહ્મના નિરૂપણપર છે. ભક્ત ભગવાનમાં ભેદ નહિ સમઝનારાને તો લોયા ૧૩ માં શ્રીહરિએ દુષ્ટમતવાળા અને અતિ પાપિષ્ઠ દર્શનાયોગ્ય કહ્યા છે. ઉપાસન તો ભક્ત અને ભગવાનના ભેદથી જ પ્રવર્તે છે. 'આવો અર્થ શિક્ષાપત્રીમાંથી કોઈ સમજતા નથી, અમે એકલા જ સમજીએ છીએ' એમ બીજા બધા મોટા વિષે અજ્ઞાનરૂપ મહાદોષ અને તુચ્છ પોતાવિષે જ્ઞાનરૂપ મહાગુણ મનાવાની પણ વિચિત્ર વિમુખચતુરાઇ વાપરી છે. આવી કુકલ્પના કરવાનો પાપાશય એટલો જ છે કે એમ ઠરાવીને ઉપાસ્ય શ્રીહરિ સાથે અનુપાસ્ય કલ્પિત અક્ષરની ઉપાસના ઘુસાડી દેવી અને એની પાછળ આપણે પણ અક્ષરના અવતાર કે મુક્ત તરીકે દાખલ થઇને પૂજાઇ ખાવું. આ તે અર્થ કર્યો કે મૂર્તિમાન્ અનર્થ? આવા અર્થ કરનારાને સંપ્રદાયના કહેવા કે સં. બહાર વિમુખ? આ છ પ્રકરણની કલ્પિત વાતુ છપાઈ ત્યારે છપાવનારાને વાલી વૃદ્ધ મુખ્ય કોઠારીએ નડીયાદના વકીલ મારફત નોટીસ આપીને અપ્રમાણ ઠરાવી છે એટલે વિરોધમા વધુ કહેવાની જરૂર રહેતી નથી. મુખ્ય ગ્રંથો આગળ વાતુનું પ્રામાણ્ય હોઇ શકે નહિ

V વળી સિધ્ધાંતસાગર નામની ચોપડીમાં ઉપરોક્ત સિધ્ધાન્તાન્તર ઉપજાવી કાઢયો છે. વાત ૨૪ "પ્રકૃતિ થકી પર જે નરનારાયણ તથા વાસુદેવનારાયણ તથા કૃષ્ણનારાયણ તેજ અમે છીએ એમ જ્યારે કહેતા હોઇએ ત્યારે એમ સમઝવું જે **નર તથા વાસુદેવ તથા કૃષ્ણ તે અક્ષરને ઠેકાણે છે ને નારાયણ તે પુરુષોત્તમને ઠેકાણે છે**" વાત ૨૫ "આ પ્રગટ મૂળ અક્ષર જે મૂળજી ને અમે પ્રગટ પુરુષોત્તમ એ બેયનો જેને યથાર્થ મહિમા-સહિત નિશ્ચય છે તેને જ પુરો સત્સંગી કહીએ. કારણ કે—જેમ રાધાકૃષ્ણ ને જેમ લક્ષ્મીનારાયણ ને જેમ નરનારાયણ કહેવાય છે તેમ તેઓએ પોતાના ભક્તે સહિત પોતાનું ભજન કરાવ્યું છે તેમજ અમે પણ આ પ્રગટ મૂળ અક્ષર મૂર્તિમાન્ ને અસંખ્ય અક્ષર-મુક્તના **સ્વામી છે તે એ સ્વામી ને અમે નારાયણ એમ અમારા ભક્તે સહિત અમારાં નામ છે** ને જે એમ જાણીને ભજન કરે તેને જ અમે પુરો ભક્ત કહીએ

છીએ...અને તમે સર્વેએ અમને પુરુષોત્તમ જાણ્યા છે ને આ મૂળજીને મૂળ અક્ષર જાણ્યા છે ને તે **બેય નામસહિત આ સ્વામિનારાયણ નામ છે** એમ સમઝીને તમે ભજન કરો છો...તેમ **સ્વામિનારાયણ ભજન તો કરે છે પણ સ્વામી જે આ મૂળ અક્ષર તે સહિત મહારાજે પોતાનું ભજન કરાવ્યું છે એમ ન સમઝે તો તેને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ ન થાય ને તે પુરો ભક્ત ન કહેવાય**" વિગેરે.

આ વાત કેટલી બધી વિરોધી વંઠેલ અપસિધ્ધાંતવાળી છે તે ઉપરના સ્વા. ના. શબ્દાર્થના વિમર્શથી સુજ્ઞોને વિદિત થશે. બીજા અત્યધિક મોટા શતાનંદ મુક્તાનંદ ગોપાળાનંદાદિ સાધુઓ નહિ પણ એક જ ગુણાતીતાનંદ સામાન્ય સાધુને મૂળ અક્ષર ઠરાવીને તેનું શ્રીજી સાથે ભજન કરાવા કેવી ધૂર્ત અવિદ્યા વાપરી છે તે આ નૂતન નમુના ઉપરથી જણાશે. શ્રીજીને નરનારાયણ વાસુદેવનારાયણ કૃષ્ણનારાયણ કહ્યા હોય ત્યારે નર વાસુદેવ કૃષ્ણ શબ્દથી મૂળ અક્ષર ગુ. સ્વામીને સમઝવા આવો અપસિદ્ધાંત કાઢ્યો છે. જેમ રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણાદિ શબ્દો પરોક્ષ પ્રત્યક્ષ શાસ્ત્રોમાં છે તેમ અક્ષરપુરુષોત્તમ શબ્દ જ કોઇ શાસ્ત્રમાં નથી. કેવળ ઉટાંગ છે. જનમંગળસ્તોત્રના આરંભમાં જ 'श्रीकृष्णः श्रीवासुदेवो नरनारायणः प्रभुः' એમ ત્રણેય શબ્દથી એક શ્રીહરિને જ નિરૂપ્યા છે અને એનો અર્થ પણ ટીકામાં એવો સંગત કર્યો છે. આવા શ્રીહરિપર પ્રસિદ્ધ શબ્દોને પણ શ્રીહરિ આગળ તો અતિ તુચ્છ નિરક્ષર અક્ષરમાં લઈ જવાનો દુઃસિદ્ધાંત દુરંત કાઢયો છે. વળી વધારામાં સ્વામી શબ્દ કે જે ખાસ ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીજીમાંજ સર્વમંગળમાં આરંભમાં જ સહેતુક વપરાયો છે તેને તેની આગળ અત્યંત અનુપાસ્ય અનિષ્ટદેવ કલ્પિત મૂળ અક્ષર ગુ. સ્વામીમાં ઘસડી જઈ, તેનું શ્રીજી સાથે ભજન કરવાનું ઉટાંગ ઠરાવીને, એવું જુઠું સહ ભજન કરનારાને જ પૂર્ણ ભક્ત અને નહિ કરનારાને અપૂર્ણ ભક્ત ઉઘાડ સમઝવાનો પણ દુઃસિદ્ધાંત દાખલ કર્યો છે. આમાં વધુ પડતો દુષ્ટ સિદ્ધાંત એ છે કે—'આ બધી વાતો શ્રીજીએ કરેલી' એમ એમને માથે સઘળો ભાર આરોપી દીધો છે. શ્રીજીની વાતોતો વચનામૃત સત્સંગિજીવન વિગેરેમાં બીજા શુધ્ધ રૂપમાં વ્યક્ત શાસ્ત્રીય છે તેમાં એવું કશું તુત નથી. તો આવી વંઠેલ વાતો લાવ્યા ક્યાંથી? નિરક્ષરમાંથી લાવ્યા હોય તો બંધબેસતું આવે. આ ચોપડી તો અક્ષરે અક્ષર શ્રીજી મૂળ સિદ્ધાંત થકી જુદા કે અવળા સિદ્ધાંતોના સાગરરૂપ છે. આ ચોપડી છપાઇ ત્યારે જ આની અપ્રમાણતાનો ઉહાપોહ બહુજ ઉગ્ર સારાય સમાજમાં થએલો પેપરોમાં પણ પ્રસિદ્ધ થયો હતો. એટલે અધિક કહેવાની જરૂર નથી. જ્યાં સઘળું જ કલ્પિત હોય ત્યાં સાચું કશું જ ન હોય.

△ વળી પ્ર. ૩ ની વાત ૨૭૮ માં '**स राधया युतो ज्ञेयः**' ઇત્યાદિ શિક્ષાપત્રીના ૧૦૯ થી ૧૧૨ શ્લોકો લખીને ઉપરના અર્થને મળતો બંડીયો ભુંડો ભાવાર્થ ગોઠવી કાઢયો છે. 'એ એકાંતિક ધર્મનાં બીજ મુકયાં છે. તેમાં કહ્યું જે રાધાજીએ યુક્ત શ્રીકૃષ્ણ હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા, તેમજ આજ પણ **મહારાજે પોતાના ભક્તે સહિત પોતાનું ભજન સ્વામિનારાયણ એવે નામે કરાવ્યું છે** ઇત્યાદિ **બીજ મુકયાં છે તેનાં ઝાડ થશે ત્યારે સૌના જાણવામાં આવશે**" આ વાતમાં સ્વા. ના. નામનો વિપરીત અર્થ કરવાનો ગોટાળો ગર્વ વાળ્યો છે. મુખ્ય સ્વામિશબ્દને અન્ય

તુચ્છમાં લઈ જવાથી એકાંતિક ધર્મનાં નહિ પણ અનેકાંતિક અધર્મનાં બીજ દરે છે. રાધાલક્ષ્મી તો પરબ્રહ્મ કૃષ્ણનારાયણની પટ્ટાંગનાઓ સર્વેશ્વરી અખંડસાહચર્યવાળી સર્વશાસ્ત્રપ્રતિપાદિત હોઇને શ્રીજીએ સ્વશાસ્ત્રમાં મુખ્યપણે પ્રતિપાદન કરેલી છે. નર અને નારાયણ એવા બે રૂપે પરબ્રહ્મજ અવતર્યા છે એવું પણ શ્રીહરિ મુખ વચન છે. એટલે એમનું જે સાહિત્ય કહેતું તેતો શાસ્ત્રપ્રતિપાદિત અત્યંત યોગ્ય છે. અક્ષરાદિક મુકતોને તો જગન્માતા ગૃહેશ્વરી રાધાલક્ષ્મીના પરિચારક તરીકે પ્રતિપાદન કર્યા છે. જેમ રાધાએ સહિત કૃષ્ણ તે રાધાકૃષ્ણ કહેવાય એવા ઉઘાડા શબ્દો છે તેમ સ્વામિએ સહિત નારાયણ તે સ્વામિનારાયણ એવા ઉઘાડા શબ્દો કોઈપણ સ્થળે શ્રીમુખના છે જ નહિ. જેમ પરંબ્રહ્મ શ્રીકૃષ્ણની પત્ની એકજ રાધાલક્ષ્મી છે તેમ સ્વામી તો એકલા ગુણાતીતાનંદજ છે એવું પણ વાકય કુત્રાપિ નથી. એથી પણ અધિક મોટા ગોપાળાનંદાદિ અનેક હતા. આથી ઉપરનો અર્થ બંડીયો ખુંણીયો વિમુખીઓજ આપોઆપ દરે છે. બીજમાંથી ઝાડ થવાનું ભવિષ્ય તો ભારે ભાખ્યું, તે પ્રમાણે બીજમાંથી ઝાડ થયાં પણ તે સબીજ ઝાડ હલાહલ ઝેરનાં નક્કી કરીને સંપ્રદાયચુસ્તોએ સમૂળ ખોદીને બહાર જ કાઢી નાંખ્યાં છે. બ. ભા. ના કહ્યા મુજબ ઓપરેશન કરી નાખ્યું છે. 'શુદ્ધ શિક્ષાપત્રીના પણ કેવા બંડીયા કપોલકલ્પિત અર્થો કરે છે એનો આ પુરતો પુરાવો ચોખ્ખો છે. શિક્ષાપત્રીના અવળા અર્થો કરનારા જાગા ભકતને સુજ્ઞાનંદ નામના નંદ સાધુએ ધમકાવ્યા હતા એવી વાત પ્ર. ૩ ની વાત ૧૨૬ માં જણાય છે, એટલે એ વાત જુની જણાય છે.

જેમ સ્વા. ના. નામમાં સ્વામિ શબ્દનો અવળો અર્થ ગોઠવી કાઢ્યો તેમ મુખ્ય નામ હરિકૃષ્ણમાં પણ અવળો અર્થ સમજાવવાની પણ દુર્બુધ્ધિ વાપરી જણાય છે. પ્ર. ૨ ની ચોપડીની પ્ર. ૨ વાત ૬૬ " મહારાજ પોતાના અક્ષરધામ સોતા આંહિ પધાર્યા છે તે બન્નેના સ્વરૂપનો દૃઢ નિશ્ચે કરાવવો એજ પ્રયોજન સારૂં અમોને રાખ્યા છે. મનજીભાઇએ પુછ્યુ જે બે સ્વરૂપની નિષ્ઠા કરાવવી છે ત્યારે મહારાજે હરિકૃષ્ણ મહારાજ એકની જ મૂર્તિ કેમ પધરાવી છે ? ને તેવી વાત પણ કેમ કરી નથી ? એટલે સ્વામી કહે મહારાજે તો પ્રથમથી જ વાસુદેવનારાયણની બે મૂર્તિઓ ગઢડામાં પધરાવી હતી ને હાલ તે ઓરડો વાસુદેવનારાયણના નામથી જ ઓળખાય છે વડતાલમાં પણ પ્રથમ ઓરડી તળે નર–નારાયણની બે મૂર્તિઓ પધરાવી હતી... પણ મહારાજનો એ સિધ્ધાંત હજી કોઈ સમજતું નથી. ફરી પુછ્યું જે વાસુદેવનારાયણ એટલે શું ? સ્વામી કહે વાસુદેવ એટલે અક્ષર અને નારાયણ એટલે પુરુષોત્તમ એમ મહારાજે તો અક્ષરપુરુષોત્તમની બે મૂર્તિઓ પધરાવી હતી. તે અત્યારે સમજાતું નથી પણ મહારાજ પોતાનો સિધ્ધાંત પ્રવર્તાવશે ત્યારે સૌના જાણવામાં આવશે. પણ તે દિવસે તમે નહિ હો " વિગેરે.

આ ગપ્પાષ્ટકમાં તો શ્રીજીએ જે એક ભગવાન પોતાના જ ભજનીય સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવાનો કહ્યો છે એની સાથે મૂળ નિરક્ષર અક્ષરનો પણ કલ્પિત બીજો અધિક નિશ્ચય ઘુસાડી દેવાની ધૃષ્ટતા કરી છે. પુછનારે તો પૂર્ણ પ્રજ્ઞાથી પુછ્યું છે કે ત્યારે બે સ્વરૂપની નિષ્ઠા કરવાનો શ્રીજીનો અભિપ્રાય શુભ હતો તો વડતાલમાં હરિકૃષ્ણ નામની એકલી જ મૂર્તિ પધરાવી અને સાથે અક્ષરની કેમ ન પધરાવી ? અને તેવી

વાત પણ શાસ્ત્રમાં કેમ કરી નથી ? આનો ઉચિત ઉત્તર નહિ આપી શકવાથી આડાં અવળાં અપ્રકૃત અસંબદ્ધ ભાલાં મારીને પરાણે પુરુ કર્યું છે. વાસુદેવનારાયણની બે મૂર્તિઓ ગઢડામાં પ્રથમ પધરાવ્યાનું કહીને વાસુદેવ શબ્દનો પણ અવળો અર્થ ' અક્ષર ' કરીને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવાનું ગઢડામાં પહેલવહેલું ઉટાંગ ગોઠવી કાઢ્યું. ગઢડામાં મૂર્તિ પધરાવી તેનું વિવેચન સ. પ્ર. ૭ અ. ૩૨ શ્લોક ૪૪ માં છે. અર્થ એવો છે કે પ્રભુ શ્રીહરિએ અભયરાજાના દરબારમાં ઉત્તમ મંદિર વિષે રાધિકા–યા રાસેશ્વરીની પ્રતિમા સાથેજ વાસુદેવ શ્રીકૃષ્ણ ભગવદ્‌ર્ચાની સ્થાપના યથાવિધિ કરી. આ શ્રી રાધાકૃષ્ણ પ્રતિષ્ઠા વિધિમાં મોટો ઉત્સવ પણ કર્યો. આમાં તો રાધા અને કૃષ્ણ એ બે નામની એ જ મૂર્તિઓની સ્થાપના આવે છે. રાધ કૃષ્ણને જ વાસુદેવનારાયણ નામથી કહ્યા છે. જેમ હરિકૃષ્ણ નામ છે તેમ. આ બન્ને શબ્દો એકજ વ્યકિતને કહેનાર છે પણ ભિન્ન ભિન્ન વ્યકિતને નહિ. અર્થ પણ વાસુદેવ શબ્દ પણ જળમંગળ સર્વમંગળમાં પરમાત્મા શ્રીહરિપર લીધો છે. [illegible] નામમાં નિરક્ષર ટીકામાં એમજ કર્યો છે. અન્નકૂટ પણ એમની આજ્ઞાજ પુરવામાં આવેલો. [illegible] અક્ષરનો સંબંધ પણ ક્યાં છે ? ક્યાં ક્ષરાક્ષરાતીત વાસુદેવ અને ક્યાં કલ્પિત તુચ્છ અક્ષર ? દિવસ રાત્રિ જેટલું જબરૂ અંતર જણાતું છે. વડતાલમાં પણ પ્રથમ ઓરડી તળે નરનારાયણની બે મૂર્તિઓ પધરાવી હતી તે અક્ષરપુરુષોત્તમને સમજાવવા માટે હતી પણ મહારાજનો એ સિધ્ધાંત નહિ સમજીને પાછળથી હરિકૃષ્ણની એકલી મૂર્તિ વડતાલમાં પધરાવી દીધી એવો આ વાહિયાત વાતનો દુરાશય સમજાય છે, એટલે પ્રથમ નરનારાયણ પધરાવ્યા ત્યારે તો મહારાજનો અભિપ્રાય હતો તે કોઇ સમજ્યા નહિ અને પાછળથી ફેરવી નાખીને એકલી હરિકૃષ્ણ નામની મૂર્તિ પધરાવી દીધી એટલે આમાં શ્રીજીનો અભિપ્રાય ન હતો એવો દુરાશય દેખીતો છે. એ રીતે આ વાત પણ બનાવટીજ છે. વળી આ સિધ્ધાંત અત્યારે સમજાતો નથી પણ મહારાજ પોતાનો સિધ્ધાંત વિમુખદ્વારા પ્રવર્તાવશે ત્યારે સૌને જાણવામાં આવશે એમ કરીને જે અત્યારે વિમુખોએ અક્ષરપુરુષોત્તમની અવળી અંધ પ્રવૃત્તિ સ્વામિનારાયણનામદ્રોહી સામવાડીયા સંપ્રદાયદ્રોહી કરી છે તેનું પણ ભવિષ્ય ભાખી નાંખ્યા જેવી બંડખોર શાખા ઉપર વાપરી છે. આ આખી વાતનો દુરભિપ્રાય એવો નીકળી આવે છે કે મહારાજે કે આચાર્યોએ અત્યાર સુધીમાં જે હરિકૃષ્ણાદિકની પ્રતિમાઓ પધરાવી છે તેમાં શ્રીજીનો ખુદ અભિપ્રાય ન હતો. એમનો અભિપ્રાય તો બંડીયાએ જે બહાર વિમુખ થઈ પ્રસિદ્ધ કર્યો છે એજ હતો. મહારાજના શુધ્ધ અભિપ્રાયને પણ ચોમેરથી કેવો ગર્દન મારી છે એ આ ઉટાંગ વાત ઉપરથી સમજાય છે. વડતાલમાં હરિકૃષ્ણની એકલી મૂર્તિ ભકતોના ધ્યાન આરાધન માટે પધરાવી પણ સાથે મનઃકલ્પિત મૂળ અક્ષર ગુ. સ્વામી નહિ હોવાથી ફાવતું આવ્યું નહિ એમ આ નિત્ર વાત ઉપરથી સમજાય છે. આ ચોપડીએ તો વળી નવીનજ એક બંડીયો ખુંણીયો અર્થ પ્રકાશમાં આણ્યો છે. જ્યારે નરનારાયણ વાસુદેવનારાયણાદિક શબ્દોમાં એવો અપસિદ્ધાંત ઘડાવ્યો ત્યારે હરિકૃષ્ણ નામમાં પણ હરિ એટલે અક્ષર અને નારાયણમુનિ નામમાં મુનિ એટલે અક્ષર અને સહજાનંદસ્વામી નામમાં સ્વામી એટલે અક્ષર એમ પણ મૂર્ખરાજને સમજાવવાનો દુરભિપ્રાય હશે ખરો પણ અવ્યકત રાખ્યો છે. આ રીતે શ્રીજીનાં બીજાં ઘણાં નામોના અવળા અર્થો શાસ્ત્રાનુસંધાન વિના ઉટાંગ ગોઠવ્યા છે તેનો લખતાં પાર આવે તેમ નથી. આતો દિગ્દર્શન કરાવ્યું છે.

આ તો જૂની જાલ્મ વાતોની અવળાઈ કહી હવે નવી વધેલ વાતોની પણ અવળાઈ પ્રસંગાત્ કહીએ. બોચાસણ પંથના પ્રધાન પુરુષ યજ્ઞપુરુષદાસ કે જે સંપ્રદાયથકી ભરણ-પોષણ પામીને શાસ્ત્રોનો જ્યાંત્યાં અભ્યાસ કરીને શાસ્ત્રી બન્યા છે તેમણે પણ 'સ્વામિનારાયણ' આ મંગળ નામનો અમંગળ અતિવિરુદ્ધ અર્થ કરવામાં લેશપણ શરમ કે સંકોચ રાખ્યો નથી. ગુણાતીત જ્ઞાનના વાજીંત્રતુલ્ય **સ્વામિનારાયણપ્રકાશ** નામના માસિકનો ઉદ્દેશ અને તેનો બંડ અર્થ સમજાવવા પ્રથમ આરંભમાંજ એક લેખ—"શ્રીજીસ્વામીના લાડીલા (એકલા ઉપાસ્ય શ્રીજી નહિ) અક્ષરપુરુષોત્તમોપાસક રા. ખેંગારજીભાઈ...આપે શ્રીજીમહારાજ અને સ્વામિના અદ્ભુત મહિમાનો પ્રકાશ કરવા સારૂં (એકલા શ્રીજી નહિ) "સ્વામિનારાયણ પ્રકાશ" નામનું માસિક બહાર પાડી...સ્વામિનારાયણ પ્રકાશ એટલે '**સ્વામી**' **મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે પૂર્ણપુરુષોત્તમ સહજાનંદ સ્વામી તેમનો પ્રકાશ-જ્ઞાન તેનો દિગ્વિજય આખા બ્રહ્માંડમાં થાય અને** દિનપ્રતિદિન ઉપાસનાનો ડંકો વાગે એટલા સારૂંજ આ છાપું કાઢવા નકકી કર્યું છે તેથી ઘણો સમાસ થશે...અને આપ ઉપર શ્રીજીમહારાજ અને સ્વામી ને ભગતજી મહારાજ તથા જાગા ભગત (એકલા શ્રીજી નહિ) રાજી થશે" આ રીતે લખ્યો છે. આમાં સ્વા. ના. નામના શાસ્ત્રીય મહત્તમમાન્ય ખરા અર્થનો અનર્થ અગાધ કર્યો છે. નિરક્ષરો અક્ષરજ્ઞાનના અભાવે કે શાસ્ત્રના જ્ઞાનના અભાવે અર્થનો અનર્થ કરે એ ઠીક છે પણ આવા સાક્ષર થઈને અનર્થ કરે તે બીલકુલ ઠીક કહેવાય નહિ. નિરક્ષર સાક્ષરમાં ભેદતો હોવો જોઈએ. શું આ શાસ્ત્રીએ સંપ્રદાયનાં શાસ્ત્રો શિક્ષાપત્રી સત્સંગિજીવન જનમંગલ સર્વમંગલ વિગેરે સટીક અદ્યાપિ નહિજ જોયાં હોય કે નહિ વાંચ્યાં, સાંભળ્યાં હોય? ભણેલાને તો શાસ્ત્રો આડાં ફરવાંજ જોઈએ. એક પણ આડું ફર્યું જણાતું નથી. સંપ્રદાયનાં શાસ્ત્રોના શુદ્ધ અર્થો જાણવા છતાં પણ અવળા અર્થો હદ ઉપરાંત કરીને ભોળા લોકોને અવળે માર્ગે ચઢાવવાથી લેશ પણ આત્મકલ્યાણ કે લોકકલ્યાણ કદાપિ છે ખરૂં? આને વિદ્વત્તાના અંતરાયો કહેવા? કે અવિદ્વત્તાના કહેવા? સંપ્રદાયના કોઈપણ શાસ્ત્રમાં જે અર્થનો ગંધ પણ નથી એવો ઉટાંગ વિમુખ અર્થ આવા સાક્ષર શાસ્ત્રી મૂર્ખ માફક કલ્પી કાઢે અને વળી જગતને જણાવવા ઉઘાડા બહાર પડે એ અત્યંત અપશોષની અને શ્રીજીના અનન્ય આશ્રિતોને રોષ ઉપજાવનારી વાત છે. જપનીય ભજનીય સ્વા. ના. 'નામનો ઉટાંગ અર્થ કરવાથી આખા બ્રહ્માંડમાં દિગ્વિજય નહિ પણ ધિક્વિજય થયો અને દિનપ્રતિદિન વિમુખતાનો ડંકો વાગી ગયો તેની કાંઈ ખબર રહી? '**नास्ति नष्टे विचारः**' એમ છે. જવાબદાર વ્યકિતએ આવું અવળું જલ્પાય ખરૂં? અસ્તુ. બધુંજ ઉટાંગ ઉભાંગ કલ્પી કાઢયું છે તો નામનો પણ ઉટાંગ અર્થ કરે એ શોભિતું છે.

વળી અમદાવાદના જેઠાલાલ ચીમનલાલ કે જે જગતમાં ગણિતના પ્રોફેસર તરીકે પ્રસિદ્ધ થયા હતા અને સ્વામિનારાયણ અટક ધારી બેઠા હતા તેમણે પણ પદવીનો કશો ઉપયોગ સારો નહિ કરતાં બોચાસણ બાહ્યપંથમાં પ્રવેશીને '**गतानुगतिको लोको न लोकः पारमार्थिकः**' એ લોક કહેવતે સ્વા. ના. પ્ર. ના વર્ષ ૧ અંક ૧ પાન ૯ ઉપર 'સ્વામિનારાયણ' એવા હેડીંગથી એક લેખ માસિકની મિથ્યા મહત્તા માટે પ્રેરાઈને "**ગુણાતીતાનંદ સ્વામી અને આદિ નારાયણ પુરુષોત્તમ**

શ્રીજીમહારાજ એ બન્ને નામોને એક બીજાની સાથે લખતાં "સ્વામિનારાયણ" એવો અમોઘ મંત્ર થયો. સ્વા. ના. રૂપી અમોઘ મંત્રનો પ્રકાશ કરવા માટે 'સ્વામિનારાયણ પ્રકાશ' નામના માસિકનો જન્મ થયો છે' આવા અવળા શબ્દો લખ્યા છે. આ મોટાભાઈની સ્વા ના. અટકતો બોચાસણ બંડપંથમાં પ્રવેશ્યા પહેલાં અને માસિકના જન્મ પહેલાં બહુ પૂર્વેથી હતી ત્યારે શું આવો અર્થ તે સમજ્યા હતા? તે સમયમાં અમદાવાદ ગાદી તળે કવિવર બ્રહ્માનંદ મહાનુભાવાનંદ આદિક સ્વામિઓનાં નામ શું નહિ સાંભળ્યાં હોય? કોઈ ગુરુ પણ નહિ કર્યા હોય? મંદિરે પણ નહિ ગયા હોય? સંપ્રદાયનું કોઈ શાસ્ત્ર નહિ વાંચ્યું સાંભળ્યું હોય? ગુ. સ્વામી જેવા કે તેથી પણ બહુ મોટા નંદ સ્વામીઓ તો શ્રીજી સાથેના સહસ્રાવધિ હતા તેમાંથી કોઈપણ સ્વામી સ્વા. ના. નામમાંના સ્વામિ શબ્દથી ન કહેવાય અને એકલા ગુ. સ્વામીને કહેવાય એવું એકદેશી બંડીયું જ્ઞાન તે વખતે હતું? કે બંડપંથમાં ભળ્યા પછી પેઠું? સ્વા. ના. આ ષડક્ષરી મંત્ર તો અસાધારણ અખંડિત એક ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિનોજ છે એમ સંપ્રદાયના સમસ્ત રુચ્છાઓએ નિર્ણય આપ્યો છે. તેમાં સ્વામિ શબ્દથી બીજી અનુપાસ્ય ગમ્મત વ્યક્તિની નવી ગોઠવણ કરીને બન્નેના સહભજનનો બંડોળ ઠરાવ્યો એથી 'સ્વા. ના.' એ અમોઘ મંત્ર થયો કે મોઘ (નિષ્ફળ) થયો? તેનું પણ કંઈ ભાન રહ્યું? જો કે સ્વા. ના. આ ષડક્ષર મહાઅમોઘ નામમંત્ર છે પરંતુ સ્વામિ શબ્દ કે જે ખાસ ધ્યેય શ્રીજીમાં જ પ્રથમ નંબરે સર્વમંગળમાં સબીજ સંઘટાવ્યો છે તેને બીજી અધ્યેય તુચ્છ વ્યકિતમાં ઘટાવવાથી મોઘજ બનાવી દીધો તેનું કંઈ ભાન રહ્યું? જે સત્યાર્થના અનુસંધાનથી ષડક્ષરી નામમંત્ર સદા જપવા અદ્વિતીય શ્રીજી માટે જ તેમના મહાપુરુષોએ સશાસ્ત્ર ગોઠવ્યો છે તેમાં બે ભાગ પાડી દ્વૈતપક્ષ કલ્પવાથી ષડક્ષરી નહિ રહેતાં મોઘ જ કરી દીધો કહેવાય. આ રીતે અમોઘને મોઘ કરનારા ભાઈએ કેવું અંશુત ગણ્યું હશે? શ્રીજીએ તો સત્સંગિજીવન ગ્રંથ અમોઘ કરાવ્યો છે તે કુસંગવશાત ન ગમ્યો તો ભલે પણ તેની સામે બંડભાવથી બીજો અક્ષરપુરુષોત્તમચરિત્ર નામનો એકડા વિનાનાં મીંડાં જેવો મોઘ ગ્રંથ ગુંથવા સુધીના અવળે માર્ગે ચઢી ગયા તેનું કાંઈ ભાન રહ્યું? અભણેલ અગણેલ અપ્રતિષ્ઠિત તો ગમે તેવું બોલે કે લખે પણ આવા ભણેલ ગણેલ પ્રતિષ્ઠિતે આવું અશાસ્ત્રીય અપ્રામાણિક બોલાય લખાય ખરૂં? આ ભાઈને કે પ્રશ્નપરંપરા કહે તો શો જવાબ આપે? પોતાને એક તરફથી સ્વા. ના. સંપ્રદાયના સાચા સારા અનુયાયી તરીકે કહેવરાવે અને બીજી તરફથી તેના સર્વ અર્થને અનર્થ કરીને બધી સમોવડીયા કે સામાવાડીયા હરીફ જુદી જ બંડ પ્રવૃત્તિ કરાય છે માટે જ એમને આ તથ્ય કહેવાનો પ્રસંગ આવે છે. આવા પ્રતિષ્ઠિતોએ આવાં ઇષ્ટદેવદ્રોહી ખળટીખળોમાં ધૂર્તધતીંગોમાં ભળવું જોઈએ નહિ એ ખરેખરી વાત છે.

વળી સ્વા. ના. પ્ર. માસિકના તંતીલા તંત્રી ખેંગારજીભાઈએ તો વર્ષ ૨ અંક ૧૦ પાન ૨૪૩ ઉપરના લેખમાં સ્વામિનારાયણસંપ્રદાય શબ્દનો "**શ્રીજીનો તથા સ્વામીનો પોતાનો સંપ્રદાય છે**" એવો અત્યંત અવળો અર્થ કરીને અવળા અર્થો કરવામાં અગ્ર પદ તંત્રી મેળવ્યું જણાય છે. એકલા શ્રીજીનો સંપ્રદાય નહિ તેમ શ્રીજીએ સંમાન્ય કરેલા ગુરુવર ઉદ્ધવાવતાર રામાનંદનો પણ નહિ તેમ સ્થાપના માટે મોટી મહેનત કરનારા, સંપ્રદાયના સ્તંભભૂત મુકતાનંદાદિ સદ્ગુરુઓનો અને આચાર્યશ્રીનો કે બીજા કોઈનો પણ

નહિ પણ એકલા ગુ સ્વામીનો પોતાનો પણ અડાવી દીધો. એટલે સ્વા. ના. સંપ્રદાયમાં બે વ્યક્તિઓનો સમાવેશ સાહસી કરી દીધો અર્થાન્તરને અનર્થાન્તર તો બહુ સારો કર્યો પણ તે સંપ્રદાયથી દંતરોમાંજ શોભે એવો બંટીયો છે સ્વા. ના. શબ્દનો અવળો અર્થ કરવાનું આપ કહાણુતો ઘણા વિમુખોએ કર્યું છે પણ આવું અપૂર્વ દોઢ ડાપણ તો આ તંત્રીએજ કર્યું જણાય છે. અસ્તુ ગમે તેવા ઉભાંગડ ઉટાંગ ઉલટ અર્થ કરો ગોખો અને માસિકદ્વારા ઝુમ બોને ગોખાવો તેને કોઈ ના કહેતું નથી. પણ આવા અપ્રામાણિક અર્થાન્તરોનો શુધ્ધ સ્વા. ના. સં. સાથે કશો સંબન્ધ નથી એટલુંજ તત્વ કહેવા સમજવાનું છે. જુઠું તો જુઠુંજ કહેવાશે. સત્યમેવ જયતિ

ઉપર પ્રમાણે બીજા નિર્ગુણદાસ વિગેરે ઘણા વિમુખ લેખકોએ સ્વા. ના. પ્રકાશમાં કે બીજે બાહ્ય સ્થળે 'अन्धेनैव नीयमाना यथान्धा:' આ લોક ન્યાયે જેમ તેમ અત્યંત અવળું લખવા કે લવવા મંડયા છે, 'પણ રોહાજી પડયા' એનો જેમ કોઈ સુજ્ઞે તપાસ કર્યો નહિ તેમ કોઈ સત્યનો તપાસ કરવા રહ્યા નથી. લોલેલોલ ન્યાયે જેતે લેભાગુઓ હાંક્યા જાય છે. આ વાત ગુણાતીતાનંદસ્વામી પુરતી અટકતી નથી પરંતુ પશ્ચાત્ પર પરા ચાલી છે. ભક્ત મોચીને પણ 'જાગા સ્વામી' એમ ઠરાવ્યું છે તે પછી તેના રણછોડ શિષ્યને પણ 'સ્વામી' ઠરાવ્યા છે. તે પછીના યજ્ઞસ્વામી, નિર્ગુણસ્વામી, જોગીસ્વામી એમ ઠરાવીને તેમનું પણ શ્રીજીસાથે સહ ભજન જોરશોરથી ઉઘાડુ પ્રચંડ ચલવ્યું છે, એમાં પણ તન તો નારાયણ શ્રીહરિ માટે બીલકુલ નથી પણ ઉપરના મિથ્યા સ્વામીઓ માટેજ. આ કેવો વિતંડાવાદ અને અપચંડાઈ છે તે જોઈ લ્યો. છે કાંઈ કહેવાનું?

ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીજીએ તો કોઇને એવી મોરછાપ મારી આપી નથી તેમ પ્રમાણપાત્ર ગ્રન્થોમાં પણ એવું લખ્યું નથી તેમ શ્રીજીના સહચર કોઈ મુક્તોએ 'અમુક એકજ સ્વામી શ્રીજીના સંયુક્ત નામમાં સ્વામિ શબ્દથી સંબોધવો' આવી સત્ય શુદ્ધ સ્થિતિ હોવા છતાં જ્યારે એકલા ગુ. સ્વામી સામાન્ય વ્યક્તિનો એવો હક પરાણે બેઠવાય ત્યારે તેથી મોટા બીજાઓનો તો તેવો હક અવશ્ય બેસવાનોજ. એમાં સામ્પ્રદાયિક જરા પણ શંકા કરવા જેવું નથીજ, તેમાં પ્રથમનો એવો હક રામાનંદ સ્વામીનો હોઈ શકે, કેમકે જેમને શ્રીજીએ સ્વમુખમાંજ સ્વામિ શબ્દથી બહુધા સંબોધ્યાં છે. 'શ્રીજીસ્વામી માંડવામાં બિરાજે' એમ પણ ગાયું છે. અને વળી જે શ્રીજીના ગુરુ દીક્ષાદાતા હોઇને શ્રીજીએ જેમને ગુરુ પરંપરામાં ગણ્યા છે અને જેમણે શ્રીજીને પોતાની પૂજ્ય ગાદીએ બેસાર્યા છે અને વળી ઉધ્ધવાવતાર જેમના નામથી સંપ્રદાયનું 'ઉધ્ધવ સંપ્રદાય' એવું સાર્થક નામ શ્રીજીએજ ભરસભામાં નક્કી કર્યું છે. આ સઘળી વિશાળ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ હક આખો રામાનંદસ્વામીનો સંભવિત સમન્વિત સર્વને લાગે છે. એટલે સ્વામી કહેતાં રામાનંદ અને નારાયણ કહેતાં સહજાનંદ, એમ મળીને સ્વા. ના. નામ થયું. બન્નેનું સહ ભજન પણ સંભવિત છે, કેમકે શ્રીજીએ દીક્ષાગુરુ તરીકે તેમને પ્રથમ સ્મૃતિમાં લીધા છે. બીજે નંબરે આ હક ધર્મવંશી આચાર્યોનો ક્રમેક્રમે લાગે, કેમકે તેમને પોતાની પૂજ્ય ગાદીએ સ્થાપન કર્યાં છે અને તેમને બધી સત્તા ધર્મધુર સોંપવામાં આવી છે. અને શ્રીજીએ તથા મુક્તોએ તેમનો મહિમા પોતા જેવો ગ્રંથમાં ગાયો છે. ત્રીજે નંબરે મુક્તાનંદ સ્વામિનો હક ખાસ લાગે, કારણ કે રામાનંદસ્વામીના શિષ્યોમાં અગ્રેસર વૃધ્ધ વિદ્વાન તરીકે ગાદીસ્થાપક હતા અને

ભગવાન્ શ્રીહરિ પણ તેમને ગુરુ તરીકે માનતા હતા અને નવ મહિના સુધી તેમની આજ્ઞામાં અનુક રહેલા અને તેમનો મહિમા પણ વચનામૃતાદિ જેવા પ્રસિધ્ધ પુસ્તકમાં પણ શ્રીમુખે બહુ ગાયો છે અને સ્વામી નામથી પણ બહુધા શ્રીમુખે સંબોધ્યા છે એ પછી શતાનંદ મહર્ષિ કે જેમને ત્રિકાળનું જ્ઞાન આપીને જેમની પાસે સત્સંગિજીવન મહાગ્રંથ કરાવ્યો અને તેમાંથી જનમંગળ સર્વમંગળ સ્તોત્રનો સમુદ્ધાર કરાવ્યો અને જેમનાં વિશેષ વખાણ ગ્રંથમાં જ લખ્યાં છે તેમનો હક તો ખાસ લાગે. આ પછી નૈષ્ઠિક મુકુંદાનંદ બ્રહ્મચારી કે જે શ્રીજીના સદાય સહચર હોઇને શ્રીજીની સઘળી સેવા સજનારા હતા અને જેમનું નામ પણ મૂળજી મળતું હતું અને જેમની શ્રીજીએ ગ્રંથમાં ઘણી પ્રશંસા કરી છે. અને મુળાનંદ અને સહજાનંદની જોડ' પણ કહેવાય છે એમનો હક ખરો લાગે. એક જુનાગઢી વર્ણી કવિએ તો 'મૂળ અક્ષરતો મૂળજી બ્રહ્મચારી રે લોલ' એમ પણ ગાયું છે એટલે એ હક એમનો અવશ્ય લાગે જ. આ પછી ગોપાળાનંદ સ્વામી કે જેમને શ્રીજીએ બન્ને દેશના રક્ષક મોટેરા કર્યા હતા અને જે યોગિરાજ હતા અને જેમનો ઘણો અપૂર્વ મહિમા તથા પરચા નિષ્કુળાનંદ મહામુનિએ વર્ણવ્યો છે અને જેમને મૂળ અક્ષર તરીકે માનનારાની સંખ્યા પણ ખુદ જુનાગઢ વડતાલ અમદાવાદ આદિક દેશમાં અત્યધિક છે અને એવી વાતો જુનાગઢીએજ પણ જોડી કાઢી છે 'પ્રભુ સાથે પ્રગટયા, ખરા ભક્ત તે નામ ખુશાલ' એવું વાક્ય પણ અભિવ્યંજક ... છે. એ હિસાબે જોતાં એ તો એમનો હક તો ખાસ નિર્વિવાદ લાગે તેવો છે. તેમજ નિત્યાનંદસ્વામી કે જે પંડિતરાજ હોઇને જેમની પાસે શ્રીહરિ કથા કરાવતા હતા અને જ્યાં ત્યાં પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને દિગ્વિજય સંપ્રદાયનો મેળવતા હતા અને જેમનાં વખાણ પણ શ્રીમુખે કરેલાં છે એમનો હક ઠીક લાગુ થાય. એજ રીતે બ્રહ્માનંદ સ્વામી કે જે કવિવર હોઇને અનેક કવિતાઓ કરીને શ્રીહરિને સદા સુપ્રસન્ન કરનારા હતા અને અમદાવાદ ગાદી તળે તેમનું પ્રથમ નામ ચાલે છે. બ્રહ્માનંદ નામ પણ અનુગુણ છે. તેમનો હક સારો લાગે. એ પછી શુકાનંદસ્વામી કે જે શ્રીહરિના સહચર હોઇને સંપ્રદાયના લેખન શોધનમાં નિયુક્ત હતા. અને જેમનાં વખાણ શ્રીમુખે વચનામૃતમાં કર્યાં છે. એમનો હક તો સ્વતઃ લાગે એ રીતે જેમને કાંઈક આદર્શ સદ્ગુરુ સાધુતરીકે ઉચ્ચ પદવી આપી હોય અને શ્રીમુખે પ્રશંસા કરી હોય એવા નિષ્કુલાનંદ અદ્ભુતાનંદ અક્ષરાનંદ આદિકનો પણ હક લાગે જેમ ગુ. સ્વામી જુનાગઢના મહંત હતા તેમ અદ્ભુતાનંદ ધોળેરાના, અને અક્ષરાનંદ વડતાલના મહંત હતા. આ પછી બીજા બ્રહ્માનંદ પદવી ધારી સ્વામીયેનો હક લાગે એમ સર્વને સાધારણ હક લાગતાં સર્વ કોઇએ એક ગુરુ સ્વામી તો માન્યા હોયજ તેમાં જ્યારે એક શિષ્યમંડળી સ્વા. ના. નામમાં સ્વામિશબ્દથી પોતાના ગુરુ ગુ. સ્વામીને ઠરાવીને તેને ગોખાવે અને શ્રીજીસાથે તેમની મૂર્તિઓ પધરાવીને સહ ભજન કરાવે, તો બીજી મંડળી મુક્તાનંદસ્વામીને તો ત્રીજી ગોપાળાનંદને તો ચોથી નિત્યાનંદજીને તો બાજી મંડળી મનમાન્યા બીજા હરકોઇને સ્વા. ના. નામમાં સ્વામિ શબ્દથી ઠરાવીને ગોખાવે અને મૂર્તિઓ ચિત્રની કે ધાતુની પધરાવીને સહભજન કરાવે તો સ્વા. ના. નામની અને તેમના સંપ્રદાયની અને સંપ્રદાયના બંધારણની કેવી અવદશા થાય? સંપ્રદાયજ બધે વહેંચાઇ જાય અને જુદા જુદા વંદેલ વાડા થઇ જાય અને અંતે છિન્નભિન્ન થઇ જાય અને શાસ્ત્રોની પણ બહુ ... સ્વા. નાનું નામ પણ બદનામ નિરર્થક અનર્થક થઇ જાય

તેમની આજ્ઞામા
પણ શ્રીમુખે બહુ
દ મહર્ષિ કે જેમને
માંથી જનમંગળ
સ્વામાં છે તેમનો
ા સદાય સહચર
જી મળતું હતું
અને સહજાનંદની
તો 'મૂળ અક્ષરતો
અવશ્ય લાગે જ.
ા કર્તા હતા અને
નંદ મહ મુનિએ
ણ ખુદ જુનાગઢ
ીએજ પણ જોડી
ા પણ અભિવ્યંજક
ાદ લાગે તેવો છે.
ક્યા કરાવતા હતા
મેળવતા હતા અને
જ રીતે બ્રહ્માનંદ
પ્રસન્ન કરનારા હતા
પણ અનુગુણ છે.
ેના સહચર હોઇને
ીમુખે વચનામૃતમાં
સદ્ગુરુ સાધુનરૂ...
ાનંદ અદ્ભુતાનંદ
...ર્યા હતા તેમ
હતા. આ પછી
વને સાધારણ ...
રે એક શિષ્યમંડળ
મીને ઠરાવીને તેને
ાવે, તો બીજી મંડળી
નિત્યાનંદજીને તો
માં સ્વામિ શબ્દથી
કરાવે તો સ્વા. ના.
થાય? સંપ્રદાયજ બધો
છિન્નભિન્ન થઈ જાય ...
ાસ્ત્રોના પણ બહુ ...

દશા તુચ્છ થઈ જાય. ફજેતાનો પાર ન રહે. જેમ જેને ફાવે તેમ કરવાનો અધિકાર મનસ્વી મનાઇ ગયો એટલે ફાવે તેમ ગોઠવણી કરે એમાં કોઇને ના કહેવાનો હક તો નથી જ. 'બોલે તેનાં બોર વેચાય" એના જેવી વાત વામ આવી પડી. કોઇ સ્વામી એટલે ગુ. સ્વામી અને નારાયણ એટલે નારાયણજી મહારાજ તે સ્વામિનારાયણ કહેવાય એમ પણ ગોઠવે કોઇ આધુનિક કહેવાતા બાપાઓને અડાવે તો પણ ચાલે, કેમકે પાછળ ચલવનારી પાખંડી મંડળી તો હોયજ. ભલે બીજે સ્થળે સ્વામી શબ્દનો અવળો અર્થ મનમાન્યો કરે, પણ સ્વા. ના. આ એક ષડક્ષર નામમંત્રમાંના સ્વામિ શબ્દનો અવળો અર્થ ન કરે તો બહુ સારૂ. જો કે શ્રીજીએ કે તેમના મુકતોએ એવો શીક્કો કોઇને મારી આપેલો નહિ હોવાથી બધી ગોઠવણી ગ્રામ્ય બનાવટી વિમુખ કરે છે તથાપિ એકલા ગુ. સ્વામીના જ શિષ્યો આવું ઉભાંગડ ધતીંગ ક્યાંથી ક્યારે કેવી રીતે બહુ વર્ષે હાલમાં ગોઠવી લાવ્યા એ વિચારણીય વિસ્મયનીય વાત છે. સ્વા. ના. નામની પ્રવૃત્તિ તો ૧૮૫૮થી થઈ છે એમ બધા જ સ્વીકારે છે. આ વખતે ગુણાતીતાનંદજી તો ભાદ્રા ગામમાં ગૃહસ્થ મૂળજી નામથી ખેતી કરાવતા હતા, ૧૮૬૬માં સાધુ થતાં ગુણાતીતાનંદ નામ અપાએલું એટલે આઠ વર્ષ પછી એ નામના મુનિ બન્યા તો આ પહેલાં એમની દૃષ્ટિએ સ્વામી શબ્દ નિરર્થક પડી રહેલો? કે કોઈ બીજામાં વપરાએલો? કે શ્રીજીમાંજ વપરાએલો એ પણ એક વિચાર ઉપર આવીને નક્કી કરવા જેવું છે. ષડક્ષરમાંથી બે અક્ષરોને બીજી કનિષ્ઠ વ્યકિતમાં લઈ જાય તો ષડક્ષર મંત્ર રહે નહિ એ પણ વિચારવા જેવું છે. જો ધામને આપેલા 'ગુણાતીત' વિશેષણમાત્રથી 'ગુણાતીતાનંદ' એમ ઠરતું હોય તો, ધામને તો અચ્યુત અક્ષર અદ્ભુત અવિનાશી બ્રહ્મ નિત્ય ગોલોક વૈકુંઠ આદિક અનેક વિશેષણો અપાએલાં છે, એ ઉપરથી અચ્યુતાનંદ અક્ષરાનંદ, અદ્ભુતાનંદ, નિત્યાનંદ, બ્રહ્માનંદ, અવિનાશાનંદ, ગોલોકાનંદ, વૈકુંઠાનંદ આદિક મુનિઓ પણ મૂળ અક્ષર કે તેના અવતારો સુખેથી ઠરે. ઘરનો ઠરાવ ગોઠવવાનો હોય ત્યાં ના કહેનારનું કશું ચાલે નહિ. ગુ. સ્વામી નામે ગુંથાએલી પ્ર. ૧ વાત ૩૪૭ 'મુસલમાન કોઈથી વટલાય નહિ તેમ વિમુખને કોઇ વાતનો વિચાર નથી.' એમ જે ભવિષ્ય ભાખ્યું છે તે બરોબર મળતું આવે છે. આ વાત આટલેથી અટકતી નથી. એક ગુ. સ્વામીની અને તેમની મંડળીની મિથ્યા મહત્તા માટે સંપ્રદાયના અધિષ્ઠાતા આચાર્યો, મુક્તાનંદ, ગોપાળાનંદ, શુકાનંદ, બ્રહ્માનંદ, મહાનુભાવાનંદ આદિક મુખ્ય સંતોને જે કોઈ એક મિથ્યા દોષ અડાવીને ઉતારી પાડવાની પાડાખારતા વાતે વાતે વાપરેલી જોવામાં આવે છે. કલ્પિત વાતુની મોટાઈ મનાવા માટે સંપ્રદાયના શિક્ષાપત્રી સત્સંગિજીવન, વચનામૃત વિગેરે મુખ્ય માન્ય ગ્રંથોને પણ દોષારોપણ કરીને ઉતારી પાડવાની પાડાખારતા વાપરી છે.

ઉપરની બાબતને બહુજ મળતી આ પણ એક વાત પ્રસંગાત્ જણાવી દીધા જેવી સારી છે. આ ચર્ચા કાંઈ ખાનગી રહી નથી. બોરસદ કોર્ટમાં પણ સ્વા. ના. નામના અર્થની રસપ્રદ ચર્ચા વાદીપ્રતિવાદી તરફથી મંડનખંડનાત્મક બહુજ ચર્ચાઈ હતી. શા. હરિજીવનદાસની જુબાનીમાં સ્વા.ના. નામનો અર્થ પૂર્વોક્ત શાસ્ત્રપ્રણાલિકાએ સમાસ સાથે સપ્રમાણ થઈ ગયો હતો. આ બધુ તત્વ જાણવા છતાં પણ શાસ્ત્રોક્ત શુદ્ધ અર્થને પણ છોટો કે ખોટો કરીને પોતાનો બંડીયો અર્થ સાબીત કરવાને દુરાગ્રહ દુરંત ન્યાય કોર્ટમાં પણ કરવામાં આવેલો. પ્ર. નં. ૧ ના ઘણા સાક્ષીઓ એવો અવળો અર્થ કરવા મંડેલા પણ શાસ્ત્રાધાર

અપૂર્ણ—

(ગત અંક ૧૦ પાન ૧૬ પછીથી ચાલુ)

પુછતાં, તે નહિ મળવાથી છેવટે થાકીને 'પ્ર. નં. ૧ એ એવો અર્થ શીખવાડેલો' એમ સત્ય વાત કરીને નિવૃત્ત થએલા. છેવટે પ્ર. નં. ૧ ના ડૉ. શ્રીજીસ્વરૂપદાસ શાસ્ત્રી તરીકે સાક્ષીમાં સોત્સાહ આવેલા. તેમણે સરતપાસણીમાં એવો બંડાર્થ સમઝાવવા પેરા ૯ "અક્ષરપુરુષોત્તમ એટલે અમે સ્વામિનારાયણ કહીએ છીએ. સ્વામી નારાયણ એટલે અક્ષર-પુરુષોત્તમ. અક્ષર એટલે ગુણાતીતાનંદ અને પુરુષોત્તમ એટલે શ્રીજીમહારાજ." પેરા ૧૪ "સ્વામિનારાયણ શબ્દનો હું એવો અર્થ કરું છું કે—સ્વામી એટલે અક્ષર અને નારાયણ એટલે પુરુષોત્તમ...... અક્ષરને સ્વામી કહીયે તો પુરુષોત્તમનો મહિમા વધે છે. જો સ્વામી શબ્દ નારાયણને લગાડીએ તો નારાયણનો મહિમા અક્ષર જેવો થઈ જાય છે. સ્વામી એટલે નિયંતા નારાયણ સગુણ નથી તેમ નિર્ગુણ નથી. નારાયણને સ્વામી શબ્દ લગાડી શકાય નહિ." આવા મનના ઉડાવના શબ્દો ઉઘાડા અડાવ્યા છે. (સ્વામી શબ્દથી તો એક શ્રીહરિનેજ મુખ્યપણે પ્રથમ નંબરે સર્વમંગળમાં સંનિરૂપ્યા છે. નારાયણને નિયંતાવાચક સ્વામિ શબ્દ લગાડીનેજ તેમના મહિમામાં અક્ષરાદિ સર્વથકી વધારો જણાવ્યો છે. જો અક્ષરને નિયંતાવાચક સ્વામિ શબ્દ લગાડીએ તો નારાયણનો મહિમા ન વધતાં ઉલટો ઘટી જાય છે. નારાયણને સગુણ-નિર્ગુણપણે વચનામૃતમાંજ નિરૂપ્યા છે એટલે સગુણ-નિર્ગુણ નથી એમ કહેવાય નહિ. 'નારાયણને સ્વામી શબ્દ લગાડી શકાય નહિ' એ કેટલું બધુ વિરૂધ્ધ પ્રલપન છે તે જોઇ લ્યો! આનુ નામજ ચોખ્ખો બંડ વિમુખભાવ. આ બધીજ બાબત બહુ વિપરીત બકે છે. સાવ ઉભાંગડ છે.)

ઉલટ તપાસમાં સ્વા. ના. શબ્દનો સમાસ પુછતાં પ્રથમ 'स्वामी च नारायणश्च स्वामिनारायण:' એમ દ્વન્દ્વ સમાસ કર્યો. દ્વન્દ્વસમાસમાં તો 'रामश्च कृष्णश्च रामकृष्णौ' એની પેઠે स्वामिनारायणौ' એમ દ્વિવચનાન્ત પ્રયોગ થવો જોઇએ. એવો પ્રયોગ તો કોઈ સ્થળે જોવામાં આવતો નથી. 'स्वामिनारायण:' એવો એક વચનાંત પ્રયોગ જોવામાં આવે છે. આવી શંકા કરતાં તેને પડી મુકીને, સમાહાર દ્વન્દ્વ સમાસ કહ્યો. તેમાં તો એકવદ્ભાવ થતાં નપુંસક લિંગે થવાનો વ્યાકરણનિયમ હોવાથી 'पाणिपादम्' એની પેઠે એવો 'स्वामिनारायणम्' એમ નપુંસક લિંગ થતાં અંતે म् પ્રત્યય લાગવો જોઇએ. એવો પ્રયોગ તો સંપ્રદાયમાં ઉપલબ્ધ નથી. આવી આશંકા આવતાં વળી તેને પણ પડી મુકીને, 'राधया सहित: कृष्ण: राधाकृष्ण:' એની પેઠે મધ્યમપદલોપી સમાસ કરવા લાગ્યા. આવા સમાસનો સાંપ્રદાયિક આધાર માગતાં તે નહિ મળવાથી તેને પણ પડી મુકયો. છેવટે છેક થાકીને ન છુટકે સત્સંગિજીવનની હેતુટીકામાં તથા સર્વમંગળટીકામાં કહેલો 'स्वामी चासौ नारायण: स्वामिनारायण:' એમ કર્મધારય સમાસ સ્વીકારવો પડયો. સમાસ સ્વીકાર્યો એટલે અર્થ પણ સ્વીકારાઈ ગયો. એટલે સ્વામિ શબ્દનો 'અક્ષર' એવો અર્થ ઉટાંગ ફૂટાંગ કરેલો છોડીજ દેવો પડયો. છેવટ 'આવો અર્થ સંપ્રદાયનાં કોઈપણ શાસ્ત્રોમાં નથી' આવો અર્થ મારા ગુરુ 'પ્ર. નં ૧ શાસ્ત્રીએ મને શિખવાડેલો' એમ સાચેસાચુ કહીને છુટી પડયા. ચોમેરથી પકડાય ત્યારે સાચુ બોલ્યા વિના ચાલે નહિ. જુઠું ક્યાં સુધી નભે? ઉલટ તપાસમાં ટકી શકયા નહિ. ખોટા જુદા પાછા પડી ગયા.

આ બધી બાબતની સત્યતા તેમના ખુદ અનુયાયી ભણેલાને માનવા સમજાવવા માટે તે શાસ્ત્રી જુબાનીના શબ્દોનો સંગ્રહ આ રીતનો છે પ્રથમ ગોંડળ અક્ષર મંદિરની પ્રતિષ્ઠા સમયે કાઢેલી કંકોતરીમાં '**स्वामिनारायणो नीलकण्ठो नारायणो हरिः। हरिकृष्णश्च सहजानन्दःकृष्णोऽस्तु मे हृदि**' આ સત્સંગિજીવનનો માહાત્મ્યમાં આવેલો મંગલશ્લોક આરંભમાં દાખલ કરેલો તે સંબન્ધી પ્રશ્ન પ્રસંગાત્ પૂછતાં, જવાબમાં આવાં વાક્યો નીકળેલાં–પેરા ૪૪–૪૫ કંકોતરીમાં જણાવેલા શ્લોકના 'સ્વામિનારાયણો' સીવાયના બધાય શબ્દો એકજ અર્થના છે. સ્વામીનારાયણ બે શબ્દો હોય તો દ્વિવચન વપરાય પણ તેવું નથી, કારણ કે તે શબ્દ દ્વન્દ્વ સમાહારમાં વપરાએલો. દ્વન્દ્વસમાસ વિશેષ નામનો પણ થઈ શકે છે. તે માટે વ્યાકરણના આધાર જોયા સિવાય કહી શકું નહિ. ત્યા સ્વામિનારાયણ શબ્દ લખ્યો છે તે શ્રીજીમહારાજ માટે લખ્યો છે... નીલકંઠ શબ્દ એકજ છે. હરિકૃષ્ણ નારાયણ તે શબ્દ એકજ છે. સમાસથી થએલો નથી વચનામૃતનું મંગલાચરણ (એનો એજ શ્લોક છે) શ્રીજીમહારાજ માટે લખ્યું છે. ત્યાં સ્વા. ના. લખ્યા છે તે શ્રીજીમહારાજ માટે લખેલ છે જ્યારે સમાહાર દ્વન્દ્વ સમાસ હોય ત્યારે છેવટે 'મ્' પ્રત્યય લાગે છે એવું કંઈ નથી. કૌમુદી ભણેલો છું. સમાહાર દ્વન્દ્વમાં છેવટે મ્ પ્રત્યય ન લાગ્યો હોય તેવા દાખલા આપી શકું નહિ. પેરા ૫૫ 'સત્સંગિજીવન નીચે સંસ્કૃતમાં ટીકા લખી છે તેની ચોપડી વડતાલ તરફથી છુટા પાનમાં છપાઈ છે તે આઠ વર્ષથી મારા જાણવામાં આવી છે. તેનું પારાયણ કરીએ છીએ. પારાયણમાં શ્લોક વાંચીએ છીએ. હેતુ ટીકા સમજાવતા નથી પણ શંકા પડે કોઈ વખતે જોઈએ. તે હેતુટીકા શુકાનંદમુનિએ લખેલ છે. શુકાનંદ શ્રીજીમહારાજના વખતમાં થઈ ગયા અને હેતુટીકા સર્વમાન્ય ગણાય છે...પેરા ૯૩ "જપ કરવાનો મંત્ર સ્વામિનારાયણ આપે છે, સ્વામી એટલે અક્ષર ગુણાતીતાનંદ અને નારાયણ એટલે પુરુષોત્તમ પોતે...પેરા ૯૪" સ્વામિનારાયણ શબ્દ સત્સંગિજીવન પ્ર. ૨ અ. ૨૪ શ્લો. ૪૬ માં છે ત્યાં સ્વામિનારાયણ એટલે શ્રીજીમહારાજને કહ્યા છે. શ્રીજીમહારાજને પહેલાં આચાર્યપદે સ્થાપ્યા ત્યારે, પહેલવહેલો શબ્દ સ્વામિનારાયણ સં. ૧૮૫૬ માં વપરાયો ત્યારથી શ્રીજીમહારાજ માટે સ્વા. ના શબ્દ વપરાયો છે. પ્ર. ૨ અ. ૨૮ શ્લો. ૧૬ માં સ્વા. ના. એટલે શ્રીજીમહારાજ એવોજ અર્થ થાય છે અને તેમના એકલા માટે વપરાયો છે. જનમંગલ સ્તોત્રમાં સ્વા. ના. શબ્દ એકલા શ્રીજીમહારાજ માટે વપરાયો છે તથા સર્વમંગલસ્તોત્રમાં 'સ્વામી' પહેલું નામ છે ત્યાં પણ શ્રીજીમહારાજ માટે વપરાયો છે. સત્સંગિ–માહાત્મ્ય પાન ૩૩ ત્યાં સ્વા. ના. શબ્દ એકલા શ્રીજીમહારાજ માટે વપરાયો છે. સ્વામી એટલે ગુણાતીતાનંદ અને નારાયણ એટલે શ્રીજીમહારાજ એવો અર્થ થઈ શકે તેવી રીતે સત્સંગિજીવનમાં એકેય જગાએ વપરાએલા નથી. પેરા ૯૫ 'તેમજ વચનામૃતમાં સ્વા. ના. શબ્દ એકલા શ્રીજીમહારાજ માટે જ વપરાએલો છે. હેતુટીકામાં સ્વા. ના. શબ્દનો સમાસ છોડ્યો છે. સ્વામિ શબ્દનો અર્થ બધા ઐશ્વર્યે સંપન્ન અને તેથી તેવા નારાયણ. આ સમાસને કર્મધારય કહે છે. હવે હું કહું છું કે–સ્વા. ના. તે સમાહાર દ્વન્દ્વ નથી. સમાહારદ્વન્દ્વ શબ્દ નાન્યતર જાતિ અને એક વચનાન્તમાં આવે છે. પેરા ૯૬ "સ્વામિનારાયણ શબ્દનો અર્થ મારા કહેવા પ્રમાણે સ્વામી અને નારાયણ જુદા શબ્દો છે તેવું

વચનામૃત ઉપરથી તે બે જુદા શબ્દો છે બતાવવાનો કોઈ સંપ્રદાયનો ગ્રંથ નથી. એવું કોઇ વચનામૃતમાં કહ્યું છે કે કેમ? તે મને યાદ આવતું નથી. પેરા ૯૮ "સ્વામી એટલે અક્ષર અને એમ સાબીત થાય તેમ છે. સ્વામી અને નારાયણ એ શબ્દો જુદા છે એવું કોઇ વચના- નારાયણ એટલે શ્રીજીમહારાજ એ સ્વામિનારાયણનો અર્થ છે એવું હું પ્ર. ૧ પાસેથી શીખેલો." આ રીતે જુબાનીમાં શબ્દો શાસ્ત્રીય સારા છે.

△ આ ઉપરથી સર્વને સત્ય સમજાશે કે સ્વા. ના. નામની અંદરનો સ્વામિ શબ્દ અવર અનુપાસ્ય ગુણાતીતાનંદનો વાચક નહિ, પણ ઉપાસ્ય પરમાત્મા શ્રીહરિનો મુખ્ય વાચક છે. પ્ર. નં. ૧ ગુરુ શાસ્ત્રીએ શિષ્ય શાસ્ત્રીને અવળો અર્થ તો અનેક કૂટ યુક્તિથી શીખાડેલો પણ તે ભણેલા હોવાથી શાસ્ત્રીય બાબત સ્વીકારી ગયા. 'શાસ્ત્ર વિના બોલે તે સરવે ખોટું. તે પામરનું બોલ્યું કોણ પ્રમાણે' એમ દેવાનંદ વદે છે. પ્ર. ૩ વાત ૧૦૦માં 'એકલો પોતાનો હૈયાનો ઉકેલ કામ ન આવે, શાસ્ત્ર પણ જોઈએ.' પ્ર. ૩ વાત ૨૭૧ "કોઈથી અમને એમ વિચાર થયો જે શાસ્ત્ર વિના તો સર્વે અધુરિયું છે......કાંયગીસ પંથ તે નાસ્તિકનો પંથ એવું છે' પ્ર. ૩ વાત ૫૭ 'જેનું દસ જણ પ્રમાણ કરે તે ખરો કહેવાય પણ એકનું કહ્યું પ્રમાણ નહિ" એમ ગુ. સ્વામી પણ શાસ્ત્રની અને શાસ્ત્રજ્ઞ પ્રામાણિકની જરૂર જણાવે છે. ઉપરનાં અક્ષરપંથી શાસ્ત્રીનાં વાક્યોને વિચારે તો તેના અનુયાયિઓને હવે અવળો સામાવાદીયો અર્થ કરવાનો રહેતો નથી. અંધારું ક્યાં સુધી ઉલેચશે?

આ તો સાક્ષીઓની વાત થઈ. પરંતુ વિવાદિ બાબતનો ન્યાય કોર્ટે કેવો નિર્ણય આપ્યો છે એ પણ ખાસ જાણવાની જરૂર છે. કોર્ટે પણ શાસ્ત્રાનુસારે એવો જ નિર્ણય આપ્યો છે. આ તેમના ગુજરાતીમાં શબ્દો—પેરા ૧૦૨ 'સંસ્થા માને છે અને પ્રચાર કરે છે તેમ 'સ્વામિનારાયણ' એટલે શ્રીજીમહારાજ એકલા જ એવો અર્થ નથી પણ એનો અર્થ 'સ્વામી' અને 'નારાયણ' એટલે કે 'અક્ષર' અને 'પુરુષોત્તમ' અથવા 'ગુણાતીતાનંદ' અને 'શ્રીજીમહારાજ' એવો છે એમ પ્રતિવાદીઓએ શોધી કાઢ્યું છે. પ્ર. ૧ ના કેટલા સાક્ષીઓ જણાવે છે કે—તેઓ પ્ર. નં-૧ના પરિચયમાં આવ્યા પછી ઉપરનો અર્થ જાણતા થયા છે. પ્ર. નં. એકે આવો અર્થ કર્યાથી એમજ કહેવાય કે ભજન અને ધ્યાન ધરવા તેમણે ભગવાનનું દ્વૈતપણું સ્થાપ્યું છે. આ સંબન્ધમાં ... સત્સંગિજીવન, સર્વ ૨૮૦ (શ્રીજીસ્વરૂપદાસ) કબૂલ કરે છે કે—આ શબ્દ (સ્વા. ના.) સત્સંગિજીવન, સર્વ... સ્તોત્રમાં શ્રીજીમહારાજ એકલા જ માટે વપરાએલ છે. (પેરા ૯૪) સઘુમાં તે કબૂલ કરે કે 'સ્વામિનારાયણ' શબ્દનો 'ગુણાતીતાનંદ' અને 'શ્રીજીમહારાજ' એવો અર્થ સત્સંગિજીવનમાં ક્યાંય કરી શકાય એમ નથી. અને તેમની જુબાનીના પેરા ૯[illegible] જણાય છે કે—બે વ્યક્તિઓના સમાવેશની આ રીતને ટેકો આપી શકાય નથી. કદાચ તેમનાથી વધારે નહિ તો તેમના જેટલાજ વિદ્વાન અને પવિત્ર માણસો ૭૫ વર્ષોથી વધારે સમયમાં જે ઉકેલી ન શકયા તે વસ્તુ પ્રતિવાદીઓ રીત ખોળી શકયા એ વિચિત્ર છે. સં ૧૯૬૦ સુધી કોઈ અક્ષરપુરુષોત્તમ કશું જાણતું ન હતું' આ પ્રમાણે નિર્ણય આપ્યો છે. હવે કશું બાકી રહેતું નથી.

ગુ. મુનિને મૂળ અક્ષર ઠરાવવા માટે ન્યાય કોર્ટમાં મોટા બારીસ્ટરો રોકીને ખોટી દલીલો અને ઉટાંગ ફૂટાંગ પુરાવા પણ ઉપલક ઉભા કર્યા અને એને માટે

જુદા શબ્દો છ
ેતું કોઇ વચના-
ટલે અક્ષર અને
; પ્ર. ૬ પાસેથી

ામિ શબ્દ અવર
મુખ્ય વાચક છે.
ેતથી શીખાવેલો
ા બોલે તે સરવે
ત ૧૦૦માં 'એકલો
ત ૨૭૧ "કાલથી
..કાંગ્રેસ પંથ તે
ક્રે તે ખરો કહેવાય.
ાસ્ત્રના પ્રામાણિકની
તેના અનુયાયિઓને
ી ઉલેચશે ?
ા કોર્ટે કેવો નિર્ણ
ારે એવો જ નિર્ણ
ા છે અને પ્રચાર ક
ાર્થ નથી પણ એને
અથવા 'ગુણાતીતાનં
૭. પ્ર. ૧ ના કેટલ
.વ્યા પછી ઉપર
જ કહેવાય કે ભજ
આ સંબન્ધમાં
ત્સંગિજીવન, સવ
વધુમાં તે કબૂલ
એવો અર્થ સત્સં
જુબાનીના પેરા
ા આપી શકાય
અને પવિત્ર મા
સ્તુ પ્રતિવાદીઓ
ાઇ અક્ષરપુરુષોત્તમ
બાકી રહેતું નથી.
બારીસ્ટરો રોકીને
અને એને માટે

ખર્ચો કર્યો પણ કશુંજ પ્રમાણ નહિ હોવાથી તેમાં કશુંજ વળ્યું નહિ, ફોગટ મહેનત થઈ. જજમેન્ટમાં (૯૮) 'ગ્રંથોને લાગે વળગે છે ત્યાં સુધી તેમાં ક્યાંય ગુણાતીતાનંદ સ્વામી અક્ષર ધામનો અવતાર હતા એમ કહેવામાં આવ્યું નથી. જો એમ હોય તો પછી બીજા ઘણા સાધુઓ ગુ. સ્વામીના મોભાના હોવાનો દાવો કરે (અમે બધાજ મૂળ અક્ષરો છીએ એમ) આંક ૨૮૦ (શ્રીજીસ્વરૂપદાસ) પેરા ૫૯ અને ૬૦ વાંચતાં જણાય છે કે-પ્રતિવાદી નં ૧ ના શાસ્ત્રીને એ વસ્તુ છોડી દેવી પડેલી અથવા તેને એ ટેકો આપી શકેલા નહિ (પ્રમાણ વિના ઉટાંગ તે ક્યાં સુધી નભે)

નીચેની બીજી વસ્તુઓ કબુલ કરવામાં આવે છે. (આંક ૨૮૦ ના પેરા ૧૨૨-૧૨૫) (૧) શ્રીજીમહારાજ ધામમાં ગયા તે પહેલાં તેમણે પોતાના સાધુઓ અને અનુયાયિઓને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા મુજબ વર્તવા આજ્ઞા કરેલી (સ. પ્ર. ૫ અ. ૫૫) (૨) તે વખતે શ્રીજીમહારાજે સત્સંગના મુખ્ય સાધુઓને બોલાવેલા (સ. પ્ર. ૫ અ. ૬૮) અને તેમાં ગુણાતીતાનંદ ન હતા (સર્વોપરી મહત્તા હોય તો તેમની આજ્ઞામાં વર્તવાની આજ્ઞા કરી હોય અને અંતર્ધાન સમયે તેમને ખાસ બોલાવ્યા હોય) (૩) હરિલીલામૃતમાં ચાર સાધુઓ સત્સંગના સ્તંભરૂપે જણાવેલા છે. (કળશ ૭ વિશ્રામ ૭૪) તેમાં ગુ. સ્વામીનું નામ નથી (મૂળ અક્ષરપણાની મહત્તા મુખ્ય હોય તો તેમનેજ મોટેરા કર્યા હોય) (૪) શ્રીજીમહારાજે અમુક સાધુઓને આદર્શ સાધુઓ કહ્યા છે અને વધુમાં તેમને અનુસરવા જણાવ્યું છે અને એમાં પણ ગુ. સ્વામીનું નામ નથી (વચ. અંત્ય ૨૮) જો ગુ. સ્વામીનું શ્રીજીમહારાજથી બીજાજ નંબરનું અગત્યનું સ્થાન હોત તો હું ધારું છું કે-ઉપર જણાવેલી હકીકતોમાં તે વિષે જણાવવામાં આવ્યું હોત. આ વસ્તુનો આટલેથીજ અંત આવતો નથી, કારણ કે પોતાની સાથે જન્મેલા મુક્તોના ઓળખ (હું પૂર્વે અમુક હતો એમ) કોઇએ પણ ન જાણવી એવી આજ્ઞા શ્રીજીમહારાજે કરેલી (સ. પ્ર. ૨ અ. ૩૨) અને જે હકીકત લોકોએ નહીં જાણવી એમ ભગવાને ઈચ્છા રાખેલી અને ઠરાવેલુ તે હકીકત પ્રતિવાદીઓ કેમ ઉકેલી શક્યા એ વિચિત્ર છે (એમની અત્યંત અવળાઈ ખોટી છે) મારે તો ફક્ત એજ સવાલ સાથે નિસ્બત છે કે-વડતાલ સંસ્થા ઉપરની માન્યતાને અનુસરે છે કે નહિ? અથવા સ્થાપકે તેવો ઉપદેશ કરેલો કે નહિ? (એમાંનું કશુંજ નથી) પ્રતિવાદીઓના સૂચન પ્રમાણે શ્રીજીમહારાજે કદી કહ્યું નથી અથવા લખ્યું નથી એ ચોક્કસ છે અને ગુ. સ્વામીના ધામમાં ગયા પછી ઘણાં વરસો સુધી કોઇને એવો કંઇજ વિચાર નહોતો (બહુ પાછળથી તુત ઉભુ કર્યું છે) (૧૦૦) 'નર ભાવિક ભક્ત હતા અને ગુણાતીતાનંદ પણ ભાવિક ભક્ત હતા. એને આધારે પ્રતિવાદીઓ નરનારાયણમાંના નરને ઠેકાણે ગુણાતીતાનંદને મુકે છે એમ મને લાગે છે. એ વિચાર કદાચ સારો હોય અથવા વધારે ઉમદા હોય તો પણ ગ્રંથોના પ્રમાણ સિવાય કંઇજ ફેરફાર કરી શકાય નહિ (પ્રમાણ વિનાનું બધુ ખોટુંજ છે) ઇત્યાદિ. આ રીતનો કોર્ટનો ચૂકાદો ચોખ્ખોચમ છે. 'મૂલં નાસ્તિ કુતઃ શાખા' એમ છે. શ્રીજી સાથેના જે મુક્તો હતા તેતો બદરીકાશ્રમવાસી મરીચ્યાદિક મહર્ષિઓ હતા. એજ દુર્વાસાના શાપથી અહીં અવતરીને સાધુ થઇને રહ્યા હતા. એટલે મૂળ અક્ષરનો દાવો કરવાનો

કોઇને પણ હક નથી વળી 'હું અમુક ઋષિ હતો' એ વાત પણ પૂર્વેની જાણવાની ઇષ્ટદેવે મના કરી હતી (પ્ર. ૨ અ. ૩૨)

△ સ. પ્ર. ૩ અ. ૭માં ૪૨૬ સાધુઓના નામોનો નિર્દેશ કર્યો છે તેમાં પણ ગુ.સ્વામીનું નામ નથી. આ ઉપરથી તેમની તે વખતે કેવી ગૌણતા મહત્તા હશે તે જણાઇ આવે છે. 'નહિ ત્રણમાં અને નહિ તેરમાં અને નહિ છપ્પનના મેળામાં' એવાને માટે કેવું હડહડતું જુઠું ધતીંગ પક્ષપાતી પરદ્રોહી ગામડી ગોઠવી કાઢ્યું છે. હિંગોરે હીમ ઠર્યા જેવી વાત છે.- 'હું મૂળ અક્ષર છું અને સ્વા ના. નામમાં સ્વામી નામથી મને જાણવો' એમ ગુ.સ્વામીએ કદાપિ કહ્યું નથી અને જ્યાં મોટા મોટાઓની સન્નિધિ હતી ત્યાં તેવા ખોટા ધતીંગને સ્થાન ન હતું. આંતો તેમનું ખોટું નામ લઇને પાશ્ચાત્ય પોતાને મોટા થઇ પડવાના અધમ ધમપછાડા છે. જે વસ્તુતઃ સ્વ છે તેને સ્વામી ઠરાવા જાય છે એ કેટલી બધી અવળચંડાઈ છે. સ્વા. ના. નામનાજ કદી વસ્તુઓ બહુ વર્ષે અવતરી આવ્યા છે. સ્વામી શબ્દ કે જે સ્વા. ના. નો મુખ્યાર્થ હોઇને બીજાં બધાં નામોના બીજરૂપ છે તેને બીજા કનિષ્ઠ પામરમાં લઈ ગયા ત્યારે વર વિનાની જાન, કે એકડા વિનાનાં મીંડાં, કે પ્રાણ વિનાના પિંડ જેવી અવદશા થાય. 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર' એના જેવું છે. બીજી બધી બાબતમાં જુદો તડ વાડો કે અખાડો પાડયો હતો. છેવટે સ્વા. ના. નામમાં પણ જુદો વાડો કે તડ પાડયું. 'માલ ખાવો માંડાનો અને ગીત ગાવાં વીરાનાં' એવી વ્યભિચારી વાત કહેવાય. આવી એકદેશી ખુણીયા પક્ષપાતી વંઠેલ વાતને સંપ્રદાયનિષ્ઠ સહન કરી શકે ખરા? કોર્ટનો ચુકાદો ચોખ્ખો થઇ ગયો છે અને સંપ્રદાયનું કશું પ્રમાણ યોગ્ય નથી છતાં પણ 'મીયાં પડયા તોય ટાંગ ઉંચી' એના જેવી અવળાઈ અદ્યાપિ કરે છે. વેરાની નાડાની પેઠે પડયા તોય પણ પકડેલું નાડું છોડતા નથી. હવે તો 'નાગો પાદશાહથી આઘો' એના જેવી નાગાઇ કરવા માંડી છે. બધા જ વિમુખો પંડિતો અને લેખકો થઇ પડયા છે, એટલે પંથના હાથમાં પણ વાત રહી નથી. જેમ જેને ફાવે તેમ ભરડયા ભચરડ્યા કરે છે. પોતાને બંધન થશે કે પરસ્પર વિરોધ આવશે એની પણ પરવા કે શરમ રહી નથી. 'ધન્ય છે મારા ધણીને જેમ હાંકે એમ ચાલ્યું જાય' એવી અવદશા છે. 'नास्ति नष्टे विचारः' એમ છે સ્વા. ના. સંપ્રદાયના કહેવરાવવા મથે છે તેથી કહેવું પડે છે. લોકોને છેતરવા પુરતા રાખેલા સ્વા. ના. નામને જ મુકી દે તો કશું કોઇ કહેશે નહિ.

△ ઉપરના ઉટાંગ અર્થમાં શિક્ષાપત્રી સત્સંગિજીવન વચનામૃતનો પ્રમાણ નથી એ નિર્વિવાદ વાત છે. જે એક ગુ. સ્વામીના ખોટા નામે પાછળનાએ પોતાની જ મિથ્યા મોટાઇ મૂર્ખ મંડળીમાં મનાવા માટે જેમ તેમ જુદી જુદી વાતુ ગોઠવી કાઢી છે, તેનું પ્રામાણ્ય પ્રથમથી સંપ્રદાયે કે કોર્ટે પણ સ્વીકાર્યું નથી. એમાં શ્રીજીસ્વરૂપદાસની જુબાનીના શબ્દોની નોંધ લઇને જણાવ્યું છે કે-(૬) પ્રતિવાદી નં-૧ ગુ. સ્વામીની વાતોને વચનામૃત જેવીજ ગણે છે અને બોચાસણના સાધુઓ પારાયણ કરે છે તેમાં આ વાંચવામાં આવે છે. (આં. ૨૬૮) તેમાં કેટલીક વાતો કે જે શ્રીજીમહારાજે કહ્યું હતું તેની વિરુદ્ધની હતી તેમાંની કેટલીક વાંચે છે અને બાકીની નકારે છે. (રામકૃષ્ણાદિ અવતારોને જીવાદિ તુચ્છ પદે ઉતારી પાડનારી વાતો કોર્ટમાં વકીલોએ વંચાવેલી. ત્યારે એ શાસ્ત્રીએ એવી વિરુદ્ધ વાતોને અમે વાંચતા નથી એમ કહેલું) એટલે હવે ઉપરની ઉટાંગ △

વાતમાં કોઈ પ્રમાણ નથી એ નક્કી થાય છે. પ્રમાણ વિનાની વાતને માનનારા તો મહામૂર્ખો જ કહેવાય. સર્વનું ઔષધ છે પણ મૂર્ખાઓનું નથી એવી અભિયુક્તિ છે તે યથાર્થ છે.

ઉપરની ઉટાંગ બાબતમાં બ્ર. શા. બાળકૃષ્ણાનંદજી કે જે અત્યારે અર્થવશાત્ તદનુયાયી જેવા બની ગયા છે તેમણે તથા તેમના તંત્રી વિગેરેએ પૂર્વે તદ્વિરોધી ઘણા લેખો સુધામાં લખ્યા છે તેની કાંઈક ઝાંખી કરાવીએ—વર્ષ ૧૦ અંક ૮ બ્ર. શા. બા.એ "શ્રીજી સાથે બીજું ભેળવીએ તે જરૂર કલેશ કરાવે. મોક્ષનો માર્ગ બતાવનારા ગુરુઓ ભલા સમર્થ જ હોય તે શિષ્યોને અતિવ્હાલા પણ હોયજ. તેની ઉપાસના શ્રીજી સાથે કરીએ તો જરૂર ભેદ પડે ને કલેશ થાય માટે ડાહ્યાઓએ સમજીને એમ ન થવા દેવું" એવો અભિપ્રાય પહેલવહેલો આપ્યો છે. વર્ષ ૧૧ અંક ૧ અમદાવાદમાં મળેલી પરિષદની ચર્ચાને પ્રસંગે બાંડ વિરુદ્ધ લખેલા લેખમાં સ્વા. ના. નામમાં ભેદ નહિ કરવા વિષે બહુ ચર્ચા કરી છે. વર્ષ ૧૪ અંક ૯ "કપોળકલ્પિત વાતનો ખુલાસો" એવા મથાળાથી લખેલા લેખમાં 'સ્વામિનારાયણ પોતે શ્રીસહજાનંદ સ્વામીજ હતા. શ્રીરામાનંદસ્વામી સ્વધામ પધાર્યા બાદ તુરતજ સ્વા. ના. નામનું ભજન શ્રીજીમહારાજેજ શરૂ કરાવ્યું છે. તે વખતે સત્સંગમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી હતાજ નહિ" એમ 'મૂળં નાસ્તિ કુતઃ શાખા" કહે છે.

વળી નૈરોબીથી લખેલા કરમસદના પા. રામભાઈના પત્રના જવાબમાં વર્ષ ૧૪ અંક ૧૨ "રાધા-કૃષ્ણ અને લક્ષ્મી-નારાયણ એ જેમ જોડ છે તેમ સ્વામિનારાયણ એવી બે વ્યક્તિની જોડ નથી. એતો 'સ્વામિનારાયણ' એવી એકજ નામની એકજ વ્યક્તિ છે. બધાં મંદિરો ને આખા સંપ્રદાયમાં ધૂન્ય ભજન અને ધ્યાન તો એક સહજાનંદ સ્વામીનુંજ 'સ્વામિ નારાયણ' નામ મંત્રથીજ થાય છે. પણ તેમાં બે નામની ભુલ કરવાની નથી,...જેઓ 'સ્વામિનારાયણ' એ એક નામથી બે નામ કહે છે ને સમજે છે.... તેને અમે સત્સંગ બહાર કહીએ છીએ" (આમાં ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિના જપનીય સ્વા. ના. નામમાં 'મુ. સ્વામી અને નારાયણ' એવો વિભાગ કરનારાને સત્સંગ બહાર વિમુખ કહે છે).

વળી વર્ષ ૧૮ અંક ૭ "એકતાનો અવાજ" એવા મથાળાથી તંત્રીએ લખેલા મુદ્દાસર લેખમાં "અને અક્ષરપુરુષોત્તમની પૂજા-ઉપાસના જે તદ્દન અશાસ્ત્રીય અયોગ્ય અને મનઃકલ્પિત ઉભી કરવામાં આવેલ છે. જે સનાતન વૈદિક સ્વા. ના. સંપ્રદાયમાં દૂષણરૂપ છે તે સત્સંગમાં રહેવી જોઈએ નહિ. જો શ્રીજીના કહેવા પ્રમાણે અક્ષર તે શ્રીજીનું શરીર છે માટે તેની ઉપાસના-પૂજા રાખવામાં આવે તો શ્રીહરિનું શરીર તો આત્મા પણ છે અને તે બાપાપંથીઓની માન્યતા પ્રમાણે અક્ષરથી પર છે, તો "આત્મા પરમાત્માની" ઉપાસના-પૂજા કેમ ન પ્રવર્તાવવી ? અને શાસ્ત્રમાં બહુધા મહાપુરુષનેજ પુરુષોત્તમ કહેલા છે ને તેજ બ્રહ્મ છે તો "પુરુષ પુરુષોત્તમ" અથવા "બ્રહ્મ પરબ્રહ્મની" ઉપાસના કેમ ન પ્રવર્તાવવી ? પણ એ બધું કેવળ સ્વમનઃકલ્પિત, અશાસ્ત્રીય ને અયોગ્ય કહેવાય. વળી સત્સંગમાં તેવી રીત નથી. સત્સંગમાં તો બે ચરણની અને એકજ નામરૂપવાળા 'સ્વામિનારાયણ'નીજ મુખ્યપણે ઉપાસના-પૂજા રાખેલી છે. ને એ નામ કે રૂપમાં ભેળવાની (અક્ષર પુરુષોત્તમ) કલ્પના કરવામાં પણ ઇષ્ટદેવનો દ્રોહ રહેલો છે...સંપ્રદાયના સંસ્થાપક ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીની પણ પૂજા ઉપાસના પ્રવર્તાવી નથી. તો આ લોકમાં અચોક્કસ શરીરધારી અક્ષર, આત્મા, મહાપુરુષ પ્રધાન

પુરુષ અને તત્વોનાં સ્વરૂપની ઉપાસના કેમ પ્રવર્તાવી શકાય ? જુદો સંપ્રદાય થાય તેમાં ગમે તે ચાલે પણ સત્સંગમાં તો વિરુદ્ધ રીત ન પ્રવર્તવી જોઈએ" ઈત્યાદિ. (આ લેખમાં શાસ્ત્રીય યુક્તિપ્રયુક્તિથી અક્ષરપંથીની અપમાન્યતા અને સ્વા. ના. નામના કરાતા અર્થનું સહેતુક ખંડન અપૂર્વ કર્યું છે.

વળી વર્ષ ૧૮ અંક ૮ "કુસંગીથકી રક્ષા માટે ભગવાનની પ્રાર્થના" એવું હેડીંગ આપીને 'અને જો અક્ષરપંથીનો સંગ થાય તો "સ્વામિનારાયણ" નામના બે વિભાગ કરીને 'શ્રીજી સ્વામી' 'અક્ષર પુરુષોત્તમ' એવા તેના ખોટા અર્થ સમજાવી ચાર ચરણની યુગલ ઉપાસનામાં જોડીને શ્રીજીમહારાજનો દ્રોહ કરાવે ને શુદ્ધ સર્વોપરી ઉપાસનાથકી ભ્રષ્ટ કરે" (આમાં સ્વા. ના. નામનો ખોટો અર્થ કરનારા અક્ષરપંથીઓને કુસંગી શ્રીજીદ્રોહી કહે છે.)

વર્ષ ૨૨ અંક ૨ "ઇષ્ટદેવનો દ્રોહ અને વિમુખતા" એવા હેડીંગથી બ્ર. શા. બા. એ લખેલા મનનીય લેખના છેવટના માર્મિક તત્વ શબ્દો—"હવે જે સ્વા. ના. ને ભગવાન માને, કહે, ને પૂજે છતાં તે જેવા બીજા કોઈ અક્ષરમુક્ત કે ગુરુને પણ કહે તે દુષ્ટ મતવાળા અતિપાપી છે માટે એમનાં દર્શન પણ ન કરવાં ને તેમનો પક્ષ ન રાખવો ...આપણે કપોલકલ્પિત અક્ષરરૂપ ગુરુને આશરે કે કપોલકલ્પિત વિમુખ માર્ગે અક્ષરધામ મેળવવા જશું તે ક્યાંથી મળશે ? આ વચનો રાગ દ્વેષ કે ઈર્ષ્યાનાં નથી પણ તત્વ છે" આ રીતના છે (આમાં અક્ષરને કે મુક્તને સ્વા. ના. ના સમોવાડીયા ઠરાવીને કપોલ કલ્પિત તેની સહ ઉપાસના પ્રવર્તાવનારા અક્ષરપંથી અને બાપાપંથીને દુષ્ટ મતવાળા અતિપાપી ઠરાવીને તેમનાં દર્શન પણ નહિ કરવાની ભલી ભલામણ કરે છે)

વળી વર્ષ ૧૮ અંક ૨ "વળી જુઓ તેઓ ગુ. સ્વામીને અક્ષર કહીને શ્રીજીને પુરુષોત્તમ કહે. પછી બન્નેનો સમન્વય કરી એક અક્ષરપુરુષોત્તમ' નામ કહે તે ઠીક છે, પણ 'સ્વામિનારાયણ' શબ્દનો વિભાગ કરી (સ્વામી અને નારાયણ એમ) તેમાં અક્ષર પુરુષોત્તમ અર્થ બેસારે છે એતો દરેક રીતે વિરુદ્ધ છે. તે શ્રીજીનો તથા સ્વામીનો પણ દ્રોહ કરનારુંજ આચરણ છે. એટલુંજ નહિ પણ 'એ અક્ષર પુરુષોતમ' શબ્દ 'સ્વામિનારાયણ' શબ્દનો તદ્દન વિનાશક છે પણ કોઈ રીતે હેતુ નથી. જેમ હિન્દુસ્તાનનો વિનાશક પાકીસ્તાન શબ્દ છે તે પ્રમાણેજ છે એમાં કોઈ સંશય નથી. તે કેટલેક દિવસે સૌને જણાઈ આવશે. અક્ષરપંથીઓ શ્રીજીની ઉપાસના પાપ પ્રવર્તાવે ને તેને માટે સત્સંગના જે અદ્ભુત છે તેને 'અક્ષર પુરુષોત્તમ' કહી યુગલ ઉપાસના પ્રવર્તાવે ને તેને માટે સત્સંગના ભાગલા પાડે તે ઠીક નહિ, આ રીતે અક્ષરપંથીને અત્યંત વિજાતીય યવનના અપદષ્ટ તથી નિધડક નિર્દે છે.

હવે દષ્ટાંતાર્થનું અપેક્ષિત સંગત વિવરણ કરીએ- 'अक्षरात्परतः परः' આ શ્રુતિ અને 'यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः' આ ગીતા વાક્યનું અનુસંધાન લેતાં અને 'क्षराक्षरपरः श्रीकृष्ण एव स्वयं' (शि. टी.) 'अक्षरपर पुरुषोत्तम जेह, तेणे धर्युं मनुष्यनु देह' (म. चिं.) આ સાંપ્રદાયિક અનુસંધાન લેતાં પુરુષોત્તમને અક્ષરપર કહેવા જોઈએ, એ ખાસ મુદ્દો છે. એથીજ 'शेषीकृताक्षरपरश्रीकृष्णः' એવું શ્રીહરિનું નામ સાર્થક આવ્યું છે. ક્ષરાક્ષર પુરુષો થકી ઉત્તમ હોવાથી 'પુરુષોત્તમ' એવું નામ સાર્થક આવ્યું છે. એટલે અક્ષર શબ્દને સાથે લગાવવાની જરૂર નથી. અક્ષરપંથીઓએ

પર શબ્દને કાઢી નાંખવાનું કુભંડ કરીને ('અક્ષર પુરુષોત્તમ' ઉટાંગ નામને પ્રામાણિક ઠરાવવા ભ. ચિં. ની એક આવૃત્તિમાં પર શબ્દ કાઢી નાંખવાનું પણ કાવત્રું ખાનગી કર્યું છે) બન્નેની અદ્વૈતતા જણાવીને બન્નેનું સહ ભજન ખાસ કરાવવા આ 'અક્ષર પુરુષોત્તમ' શબ્દ ઉટાંગ બંડીયો ગોઠવી કાઢયો છે. આ બાબત કોર્ટે પણ 'પ્ર. નં એક એવો અર્થ કર્યોથી એમજ કહેવાય કે ભજવા અને ધ્યાન ધરવા તેમણે ભગવાનનું દ્વૈતપણું સ્થાપ્યું છે' આવા શુદ્ધ શબ્દોમાં જણાવી છે. જો અ. પુ નામમાં કંઈપણ તાત્પર્ય હોય તો શ્રીજીનાં ૧૦૮ અને ૧૦૦૦ નામો છે તેમાં એવું નામ કેમ ન હોય? નથી એ ઉપરથીજ એ નામ ઉટાંગ કલ્પી કાઢેલું તુચ્છ અનુપયુક્ત છે એમ સાબીત થાય છે. આ અ. પુ શબ્દ રાખીને મનમાન્યો વંઠેલ વહીવટ જુદો ચલવ્યો હોત તો કાંઈ નહિ, પરંતુ એવો અંડાર્થ 'સ્વામિનારાયણ' શબ્દ કે જેનો વિભાગ થઈ શકેજ નહિ, એક શ્રીજીનોજ વાચક અસાધારણ અખંડ છે તેમાં 'સ્વામી એટલે અક્ષર ગુ. સ્વામી અને નારાયણ એટલે પુરુષોત્તમ એવો બંડખંડાર્થ બળાત્કારથી ઘુસાડવા ગયા છે તે તો દરેક રીતે વિરુધ્ધ છે એમ વર્ણીજીનું કહેવું છે તે યથાર્થ છે. સ્વા. ના. નામનો એવો અવળો અર્થ કરવાનો ન હતો એમ કહેવાનું તાત્પર્ય છે. બીજે સ્થળે ગમે તેમ કરો પણ સ્વા. ના. શબ્દ કે જે ઉપાસ્ય ઈષ્ટદેવ એક શ્રીહરિનો અખંડ વાચક છે તેનો સામાવાડીઓ બીજો 'અ. પુ.' શબ્દ ઉટાંગ ઉભો કર્યો છે તે તો સ્વા. ના. શબ્દના તદ્દન વિનાશ માટે છે એમ વર્ણીજી કહે છે તે પણ યથાસ્થિત છે. એ તો હરીફ સામાવાડીયો શબ્દ થયો. વહીવટ વિ. માં 'સ્વા.ના. યાને અક્ષર પુરુષોત્તમ' એમ સ્વા. ના. શબ્દની પાછળ અ. પુ. શબ્દને અડાવિને તેમાંજ પરમ તાત્પર્યને ચોખ્ખું જણાવીને સ્વા. ના. નામને ગૌણ ગણે છે. જો સ્વા. ના. નામમાં પરમ તાત્પર્ય સાચા મનથી માન્યું હોય તો તેની સામે 'અ. પુ.' અવર નામ અડાવવાની કશી જરૂર નહિ. એટલે તાનતો અ. પુ. નામમાં છે પણ સ્વા. ના. નામમાં નથી એ પાછળના વિમુખ પ્રચારથી પરિપૂર્ણ પ્રતીત થાય છે. એટલેથી અટકયા નથી, સ્વા. ના. નામના વિનાશક વિમુખોએ અ. પુ. દાસ, અ. પુ. ઉપાસક, મૂળ અક્ષરબ્રહ્મમંડળ, ગુણાતીતજ્ઞાનમંડળ, અક્ષરમંદિર, ગુણાતીતબાગ, ગુણાતીતબ્રહ્મજ્ઞાન, સ્વામીશ્રીજી, ઈત્યાદિ અનેક ઉટાંગ શબ્દો સામાવાડીયા કે સમોવડીયા હારબંધ ખડા કરી દીધા છે. અને એમ કરીને પોતાના પંથની કે વડ વાડાની સાવ જુદાઈ જણાવી દીધી છે. કોર્ટે પણ 'પોતાના પંથને સંસ્થા તરીકે ઓળખાવે છે. સત્સંગને બદલે ગુણાતીતજ્ઞાનમંડળ મુકવામાં આવે છે. ફકત ગુણાતીતાનંદમાં માન્યતા વાળાઓનેજ મોક્ષ મળે. આ માન્યતા તદ્દન જુદી છે' આ રીતે ચોખ્ખા શબ્દમાં સામાવાડીયાપણું જણાવ્યું છે.

'મીયાં અને મહાદેવને બને નહિ' (એવા વિરોધો હિંદુસ્થાનમાં પૂર્વે પણ અનેક બન્યા છે) 'મીયાં નમે આથમતા સૂર્યને અને હિંદુ નમે ઉગતા સૂર્યને' એવી જુની કહેવત છે હાલમાં નવી કહેવત 'હિંદુસ્તાન પાકિસ્તાન' નીપજી છે. તાત્પર્યાર્થ તો એટલો જ છે એમને કોઈ બાબતમાં બને નહિ. સાહજીક વિરોધ આત્યંતિક હરીફ સાહસિક હોય છે જેમ પાકીસ્તાન એ કારસ્તાની વિજાતીય હોઈને જુદા પડીને હિંદુસ્તાન સાથે કટ્ટો વિરોધ વિવેક વિચાર વિનાનો કાયમી કર્યા કરે છે તેમ અ. પુ.વાળા પણ કારસ્તાની વિમુખ હોઈ સ્વા. ના. નામ આદિક સર્વોર્થ સાથે કટ્ટો વિરોધ વિવેક વિચાર વિનાનો કર્યા કરે છે' એ

(ગત વર્ષના અંક ૧૨ પાન નં. ૨૪ પછીથી ચાલુ)

કહેવાનો મુદ્દો છે. જેમ પાકીસ્તાનની પાકી હરીફાઈ હિંદુસ્તાન સાથે જબર જણાય છે તેમ અક્ષરપંથીના પણ સ્વા. ના. સં. ના સર્વોર્થ સાથે છે. એટલે સ્વા. ના. નામ કે તેનો સંપ્રદાય કે તેની વ્યવસ્થા મર્યાદા કે ધારાધોરણ ? અગ્રજો સાથે કશો જ સંબંન્ધ રહ્યો નથી. ન્યાય કોર્ટે પણ 'પ્રતિ. નં. એક લડાયક વલણ લીધેલું અને ઘણું કરીને સંસ્થાની તે વખતની માન્યતાની વિરુદ્ધની વસ્તુઓનો ઉપદેશ કરતો હતો... બન્ને પક્ષોમાં કઈ વસ્તુનું સામ્ય છે તે હું સમજી શકતો નથી. એથી જણાય છે કે—એ હરીફ પંથ છે કે જેમાં બધુંય જુદું છે... પ્ર. નં. ૧ નો જુદી મૂર્તિઓ, જુદા સિદ્ધાંતો અને જુદી ક્રિયાઓ સાથે જુદો પંથ છે... પ્ર. નં. એકે જુદાં મંદિરો અને ખરી [illegible] મંદિરો સ્થાપ્યાં છે, સિદ્ધાંતો બદલ્યા છે, ક્રિયાઓ બદલી છે, પ્રતિ. નં. એક [illegible] રાજની નકલ કરવા પ્રયત્ન કર્યો છે. જે માણસો સત્સંગિજીવન, શિક્ષાપત્રી અને વચનામૃતનો ફક્ત શોખ ધરાવતા હોય તેમને માટે સંસ્થામાં કંઈ સ્થાન છે કે કેમ તે હું ધારું છું કે ન હોય" એવા સ્પષ્ટ શબ્દોમાં ચુકાદો આપ્યો છે. પુસ્તકો વાંચનારનોજ [illegible]

△ જેમ હિંદુસ્તાનીઓ સાથે પાકીસ્તાનીઓને એકેય બાબતમાં મળતાપણું નથી, દેશ, વેષ ભાષા, માન્યતા, સિદ્ધાંત, ક્રિયા આદિક સઘળી બાબતમાં દિવા રાત્રિ જેટલું અંતર છે તેમ સ્વા. ના. સંપ્રદાય સાથે અક્ષરપંથીઓને એકેય બાબતમાં મળતાપણું નથી, બધી જ બાબતમાં અંત્યત અંતર છે. △ તે પણ દ્વેષરોષભરી હરિફાઈપૂર્ણ કનડગતગર્ભિત છે એમ કહેવાનો રહસ્યાર્થ છે. 'તદ્દન વિનાશક છે પણ કોઈ રીતે હેતુ નથી' એમ છેવટનું નિષેધક નિવેદન કરીને સ્વા.ના. શબ્દને અ. પુ શબ્દ કશીજ પુષ્ટિ કે ઉપકાર કરનારો નથી પણ સ્વા.ના. શબ્દને તદ્દન સર્વાંશે વિનાશ કરનારો છે એમ ચોખ્ખુ, ખુલ્લું અને ખરૂં કહે △ છે 'તે શ્રીજીનો તથા સ્વામીનોપણ દ્રોહ કરનારૂંજ આચરણ છે' આ વાક્ય પણ વિવરણ કરવા યોગ્ય સાર છે. સ્વા. ના. નામનો તદ્દન ખોટો અર્થ કરવારૂપ ઉભાંગડ આચરણ છે તે ઈષ્ટદેવ શ્રીજીનો અને ગુરુ ગુ. સ્વામીનો પણ મહાદ્રોહતુલ્ય છે. એવા દુરાચરણથી શ્રીજી કે સ્વામી રાજી થાય નહિ પણ અત્યંત કુરાજી થાય. જેમ કોઈ રાજા △ ન હોય તેને રાજા ઠરાવે તે રાજાનો દ્રોહી કહેવાય તેમ અનુપાસ્ય ગુ. મુનિને સ્વા. ના. અખંડ નામમાંના સ્વામી શબ્દથી ઠરાવા જાય તો તે સ્વા. ના. નો પાકો દ્રોહીજ ઠરે. ગુ. મુનિ તો શ્રીહરિના પરમોપાસક સ્વ હોવાથી એમને એવા સ્વામી થવાની વાત પ્રસન્ન નજ હોય. એટલે એ પણ એવાને દ્રોહીજ માને. જેઓ આ રીતે શ્રીજીના અને ગુ. સ્વામીના મહાદ્રોહી હોઈને મહાપરાધી ઠરતા હોય એવા વિમુખોનો સંસર્ગ નવ પ્રકારનો કોઈ રીતે ન રાખવો એ સિદ્ધાંત મુદ્દાનો સંપ્રદાયનો જુનો છે. મુસલમાન જેમ હિંદુમતે અસ્પૃશ્ય અભાષ્ય અદૃશ્ય મનાય છે તેમ આ દ્રોહી વિમુખો સન્મુખોને અસ્પૃશ્ય અભાષ્ય અદૃશ્ય છે. એવો અવળો અર્થ કરનારાને 'જય સ્વામિનારાયણ' કહેવા કે ઝીલવા તે પણ મહાપરાધ અપરિહાર્યજ છે. આ બધો ભાવાર્થ વર્ણીજીને કહેવાનો છે. તે બહુવાર પૂર્વે વ્યક્ત અવ્યક્ત કહ્યો છે. જેઓ શબ્દોના ખોટા અર્થો કરતા હોય તેવા પાખંડીઓનો સંગ ન કરવો એવું પણ શાસ્ત્ર છે. 'એમાં કોઈપણ સંશય નથી' એમ લખીને ઉપરની વિરોધી બાબત નિર્ણીત હોવાથી સંશય કરવા જેવોજ નથી એમ દઢતા માટે

વધુ કહે છે 'તે કેટલેક દિવસે સૌને જણાઈ આવશે' એમ ભવિષ્ય ભાખ્યું હતું તે હવે સૌને પ્રત્યક્ષ જણાઈ આવ્યું છે. લેશ સંશય રહ્યો નથી. "એ તો દરેક રીતે વિરુદ્ધ છે.' એમ લખીને સ્વા. ના. શબ્દનો વિભાગ કરી તેમાં અ. પુ. અર્થ બેસારે છે તે એકરીતે નહિ પણ પ્રત્યેક રીતે વિરુધ્ધ જણાવીને વિરોધની હદ વાળી દીધી છે. પાકિસ્તાન એ એક મુસલમાનોનું બહુધા વસવાટનું કબજા ભોગવટાનું અત્યારે નવું રાજ્ય છે તેમાં જેમ હિંદુસ્તાનીઓને કંઈજ સ્થાન નથી. તેમ બાહ્ય ઓચ્ચસણ પંથમાં સ્વા. ના. સંપ્રદાયચુસ્તોને કંઈપણ સ્થાન નથી, અનર્થનું અગાર છે એમ પણ અવબોધવાનું તાત્પર્ય છે. પાકીસ્તાનમાં અર્થવશાત્ આવરણમાં આવી ગએલા હિંદુસ્તાનીઓ હિજરત કરીને સ્વદેશ હિંદુસ્તાનમાં આવીને સુખીયા થાય છે તેમ કોઈ કારણસર ઓચ્ચસણમાં ભરાઈ પડેલા સંપ્રદાયનિષ્ઠો પાછા સંપ્રદાયમાં આવી જશે ત્યારેજ ઐહિક પારલૌકિક શ્રેયન પામનારા છે એવો પણ ઇત્યર્થ દૃષ્ટાંતથી નીકળે છે વર્ણીથી બહિર્મુખ બનેલા ઓચ્ચસણવાળા માટે જેટલા અર્થો કાઢવા હોય તેટલા સારી રીતે નીકળી શકે એવું આબેહુબ મળતું આવે એવું વિજાતીય પાકીસ્તાની અપદૃષ્ટાંત અર્થગંભીર બહુ વિચારીને ગોતી કાઢયું છે તે બહુ પ્રશંસાને પાત્ર છે. જેને ખોટે નામે પામર પંચ ઠઠાડયો છે તે ગુરુ ગુ. સ્વામી પણ પ્ર. ૨ ની ચોપડીમાં પ્ર. ૧ વાત ૩૪૭ "મુસલમાન કોઈથી વટલાય નહિ તેમ વિમુખને કોઈ વાતનો વિચાર નથી" એમ વિમુખોને મુસલમાનોના કનિષ્ઠ દૃષ્ટાંતથી વિચારશૂન્ય કહે છે તે આબેહુબ મળતું થાય છે ગુરુનું ભાખેલું ભવિષ્ય સાચું પડયું છે. જુનાગઢના બન્ને ભવિષ્યવેત્તા બ્રહ્મજાતિ સાધુ વર્ણીએ યવન જાતિનું સ્વાનુભવિત વિજાતીય વિહીન દૃષ્ટાંત આપીને વિરોધની હદ વાળી દીધી છે. જેથી હવે અમારે કંઈ વિશેષ કહેવાનું રહેતું નથી. અમે કાંઈ કહ્યું છે તેતો એકદેશ અત્યલ્પ છે. આ વિરોધનો જવાબ અક્ષરપંથીઓ અદ્યાપિ આપી શકયા નથી એ પણ જાણવા જેવી બાબત છે. 'અક્ષરપંથી' સંજ્ઞાપણ ઉપરના વર્ણીએજ પ્રખ્યાત કરી છે. સ્વા. ના. નામનો અવળો અર્થ કર્યો છે એ બાબતમાં બીજા પણ ઘણા લેખકોએ વિરોધી લેખો લખ્યા છે તે સુધાને પાને પ્રગટ દર્શન દે છે, વિસ્તાર ભયથી વિવેચન કરતા નથી.

જેઓ હિંદુસ્તાન પાકિસ્તાનના દૃષ્ટ અપદૃષ્ટાંતથી સ્વા. ના. સંપ્રદાય અને અક્ષરપંથ વચ્ચે આત્યંતિક અધિક સાહજીક વિરોધ દિવારાત્રિ જેટલો જાહેરમાં જોરશોરથી જણાવતા હતા [illegible] વર્ણીજી [illegible] પોતે હિંદુસ્તાની અદ્યાપિ હોવા છતાં અત્યારે પાકીસ્તાની બની ગયા હોય એમ અક્ષરપંથીઓને સંપ્રદાયની શાખા પ્રશાખા તરીકે ગણીને ભેળાં કરવા તૈયાર થયા છે એ કેવું આશ્ચર્ય ? પાકીસ્તાન હિંદુસ્તાનની એકતા માનવા જેવું કે પાકીસ્તાનીને હિંદુસ્તાની માનવા જેવું વિરુદ્ધ આચરણ કેમ ન કહેવાય ? જે વિરોધો દર્શાવ્યા છે તે તેમણે છોડ્યા નથી, ઉલટા વધાર્યા છે, તો પછી તેમને હિંદુસ્તાની કહેવાયજ નહિ. વર્ણીને કહેવાનું પૂર્વે કહેવાઈ ગયું છે. હવે વધારે કહેવું નથી. આવું સાહિત્ય અમને સંપાદન કરી આપ્યું છે, જેથી એમના અમે અત્યંત ઋણી છીએ.

[illegible] ઉપર પ્રમાણે અક્ષરપંથીઓએ કરેલા સ્વા. ના. નામના અવળા અર્થનું [illegible] કરાવ્યું. હવે બાપાપંથીઓએ કરેલા એજ નામના અવળા અર્થનું દિગ્દર્શન કરાવીએ—

જે લક્ષ્મીનારાયણ નરનારાયણ કૃષ્ણનારાયણ વિષ્ણુનારાયણાદિક [illegible]

સ્વામી તે સ્વામિનારાયણ' એવો અત્યંત અવળો અર્થ કરવાનો એમનો દુરાશય છે. જ્યારે 'નારાયણાનાં સ્વામી સ્વામિનારાયણઃ' એવો સમાસ કરવો એવો અર્થ આવ્યો એટલે અક્ષરપંથીઓને પણ પરમ પ્રસન્ન છે પણ તેમને સ્વામી પડે જો કે એવો ઉટાંગ અર્થ અક્ષરપંથીઓને પણ પરમ પ્રસન્ન છે પણ તેમને સ્વામી શબ્દથી ગુ. સ્વામીને શ્રીહરિ સાથે ઉપાસ્ય તરીકે લેવાનો વિમુખાશય હોવાથી નારાયણ શબ્દ શ્રીહરિમાં રાખ્યો છે, જ્યારે બાપાપંથીઓએ તેમની વાતો, તેની પ્રસ્તાવના, ૨. હ. ટીકા વિગેરેમાં અક્ષરપંથીમાન્ય અર્થનું મુખ ખંડન યુક્તિ પ્રયુક્તિથી ઉઘાડું કરીને નારાયણ શબ્દને જ સ્વામી શબ્દને શ્રીહરિમાં ઘટાવીને પરમાત્માનો અસાધારણ વાચક નારાયણ શબ્દને જ બીજા અવર (જીવ મુક્ત કે અવતાર આદિકો માં ઘટાવવાનો વિમુખાશય દર્શાવ્યો છે. માન્ય શાસ્ત્રો અને માન્ય સદ્‌ગુરુઓએ કરેલા શાસ્ત્રીય સંગત અર્થની દૃષ્ટિએ દેખીએ તો અલ્પશ્રુત અર્ધદગ્ધ બન્ને સહોદરો શાસ્ત્રો અને સદ્‌ગુરુકૃત અર્થોના પાકા પ્રતારક પાકયા છે એમ કહીએ એમાં અલ્પ પણ અસત્ય નથી.

વચનામૃત ઉપર રહસ્યાર્થપ્રદીપિકા નામની સહસાર્થસંપૂર્ણ અવતારદ્રોહી શાસ્ત્રશત્રુ ટીકા છપાઈને બહાર પડતાં બન્ને આચાર્યોએ સંપ્રદાયના અગ્રેસરોની અનુમતિથી જાહેરમાં બહિષ્કાર સકારણ કર્યો છે. પ્ર. ૮ વચ. ની ટીકામાં 'અને સ્વામી એટલે નિયંતા-વાચક છે, જે સ્વતંત્ર ઐશ્વર્યવાન હોય તેને સ્વામી કહેવાય, તે મૂળ અક્ષરાદિ સર્વે અવતારો (રામકૃષ્ણાદિ બધા અવતારોને મૂળ અક્ષરાદિ વર્ગમાં ગણવાનો પાપાશય છે) તથા મુક્તો તેમના સ્વામી છે માટે સ્વામિનારાયણ એવું શ્રીજીનું મુખ્ય નામ છે' આ રીતે ઉઘાડ ઉટાંગ ટીપ્યું છે. મધ્ય ૩૧ ની ૨-હ ટીકામાં તથા બાપાપંથી વાતોના પ્રથમ ભાગની વાત ૬૯-૧૫-૨૭૦ વિગેરેમાં સાવ નીચે નંબરે શ્રીકૃષ્ણ, (જેમને શ્રીજીએ સંપ્રદાય સિદ્ધાંતે ઉપાસ્ય ઇષ્ટદેવ સર્વોપરી અવતારી અક્ષરધામી પરાત્પર પરંબ્રહ્મ ભગવાન પુરુષોત્તમ માન્યા છે) તેથી પર મહાકાળ, (જે અવર જડ તત્વ છે. જડ અજડનું જરાપણ ભાન નહિ હોવાથી એવું જણે છે) તેથી પર નરનારાયણ, (જેમને પરંબ્રહ્મ પુરુષોત્તમ અવતારી અક્ષરધામી કહેલ પૂર્ણ શ્રીજીઅવતારના પણ મૂળ તરીકે કહ્યા છે) તેથી પર વાસુદેવ બ્રહ્મ, (જેમને મૂળ પરંબ્રહ્મ અવતારી સર્વોપરી તરીકે સ્વીકાર્યા છે) તેથી પર, મૂળ અક્ષરોના મુક્તો (મૂળ અક્ષરોની કોટીઓ કહીને તેના મુક્તોને જુદા કહેવાનો બંડાશય છે) તેથી પર મૂળ અક્ષર (જેને અક્ષરપંથીઓ લઈ પડયા છે તે) તેથી પર એકાંતિક, તેથી પર પરમ એકાંતિક તેથી પર અનાદિ મુક્ત (ફક્ત અબજીબાપા અને તેમને ઉપાસનારી મંડળી) અને તેથી [illegible] શ્રીજી મહારાજ" આ રીતે સર્વશાસ્ત્રવિરુદ્ધ કપોળકલ્પિત ઉટાંગ [illegible] બીજા ભાગની વાર્તા ૮૭ "આગળ થઈ ગએલા અવતારોથી આજના મુક્ત ઘણા મોટા છે." (રામ કૃષ્ણાદિ અવતારો કરતાં પણ અબજીબાપા અને એમની મંડળીને સર્વોપરી અવતારી મનાવવાનો પાપાશય પાકો છે) વાર્તા ૧૧૭ 'પરોક્ષ શાસ્ત્રમાં અવતારાદિકનો મહિમા કહ્યો હોય પણ તેમને આજના મુક્તમાં દર્શન નથી' (ગીતા, ભાગવત, રામાયણાદિ કહેલા રામકૃષ્ણાદિ અવતારોના મહિમાને ખોટા કરીને તેમના કરતાં પણ અબજીબાપા તેમની મંડળીની સર્વોપરી મહત્તા કહેવાનો આસુર આશય છે) વાર્તા ૧૬૯ 'બીજા અવતાર [illegible] તો કેટલાક માયામાંથી (જીવકોટી) આવ્યા છે ને કેટલાક માયાથી પર જે, [illegible] તેમાંથી આવ્યા છે અને કેટલાક બ્રહ્મકોટીમાંથી આવ્યા છે' (રામકૃષ્ણાદિ કોઈ

અવતાર પરનો
૧૯૩ 'રામકૃષ્ણ
કોઈ પણ પરના
અનેક શાસ્ત્રશ
કૃષ્ણાદિ અવતા
અક્ષરાદિક મુક
આ અપદૃષ્ટિથી
કૃષ્ણનારાયણ વ
સત્સંગિજીવનની
ચાર્યે કરેલા સમ
વિરુદ્ધ છે. આ
પરમેશ્વર ઠરાવીને
એકલાનુંજ પદ
સમસ્ત આસ્તિક
જીવાદિ તુચ્છ પદે
અધમાધમ છે. અ

નારાયણ
મંત્ર કે જે દીક્ષા
आसीत्' 'अथ
'अन्तर्बहिश्च त
અનુસંધાન લઈને,
'ध्येयो नारायणः'
(સત્સંગિજીવન) '
નારાયણ છે' 'તથા
સર્વે અવતાર નાર
નારાયણનાં દર્શન
ત્યારે અક્ષરધામ દે
(શિક્ષાપત્રી) 'શ્રીહ
(હ. વા. સુધાસિં
અનુસંધાન લઈને '
પર લેવા માટે 'સ
વિષેજ ઘટાવ્યો છે.
ધારણ વાચક હોઈ
બીજી જીવાદિ તુચ્છ
[illegible]રના અપરિહાર્ય
નારાયણ શબ્દ

અવતાર પરના નથી પણ અક્ષર જીવાદિકના છે એમ કહેવાનો આસુર અભિપ્રાય છે) વાર્તા ૧૯૩ 'રામકૃષ્ણાદિ અવતાર કહ્યા હોય તે મુક્તને કહ્યા છે એમ જાણવું.' (રામકૃષ્ણાદિ કોઈ પણ પરના નહિ પણ કોઈ મુક્તોના અવતાર કહેવાનો પાપાશય છે) ઇત્યાદિ અનેક શાસ્ત્રશત્રુ અવતારદ્રોહી વઢેલ વાયડ વાતોનો મચકુર મરોડ મેળવતાં રામકૃષ્ણાદિ અવતારોનો જીવ ઇશ્વર કે બહુતાં ઉપરના ત્રણ મુક્ત વર્ગમાં નહિ પણ પ.શ્રાવ્ય અક્ષરાદિક મુક્તોમાં સમાવેશ કરવાનો આસુર આશય દેખીતો તરી આવે છે. આ અપદૃષ્ટિથી બાપાપંથીઓનો અસદાશય વિશદ થયો કે—'લક્ષ્મીનારાયણ નરનારાયણ કૃષ્ણનારાયણ વાસુદેવનારાયણ આદિક સર્વ નારાયણોના સ્વામી તે સ્વામિનારાયણ છે' સત્સંગિજીવનની ટીકામાં શુકાનંદ મુનિએ તથા જનમંગળ સર્વમંગળની ટીકામાં રઘુવીરાચાર્યે કરેલા સપ્રમાણ સંગત અર્થથી આ અત્યંત અવળો અર્થ મહાસાહસી સર્વ/શાસ્ત્રો વિરુદ્ધ છે. આ બંડ મંડળીનો દૂષિતાશય દુરંત છે કે—શ્રીહરિને સર્વથી પર જુદા તદ્દન પરમેશ્વર ઠરાવીને, તેમના એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ મુક્ત તરીકે પોતાનું એકલાનુંજ પદ રાખીને, અક્ષરપંથીમાન્ય મૂળ અક્ષરાદિ મુક્તો અને સર્વશાસ્ત્રપ્રતિપાદ્ય સમસ્ત આસ્તિકમાન્ય રામકૃષ્ણાદિ સમગ્ર અવતારોને અક્ષરાદિ મુક્તો થકીપણ સાવ નીચે જીવાદિ તુચ્છ પદે ઉતારી પાડીને પોતાને સર્વોપરી અવતારી મનાવીને પૂજાઈ ખાવાનો અધમાધમ છે. આ પ્રસંગે કહેવાનું મનતો બહુ થાય છે પણ અપ્રકૃત થતું હોવાથી કહેતા નથી.

નારાયણ શબ્દ કે જે સંપ્રદાયના જ્ઞાનવૃદ્ધોએ **'नारायणाय विद्महे'** (વિષ્ણુગાયત્રી મંત્ર કે જે દીક્ષામાં આપવાનો નક્કી કર્યો છે) **'नारायणः परंब्रह्म'** **'एको ह वै नारायण आसीत्'** **'अथ दिव्यो देव एको नारायण'** ઇત્યાદિ પ્રત્યેક શાખાઓની શ્રુતિઓ અને **'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः'** આ નારાયણ નામની શ્રૌત નિરુક્તિનું અનુસંધાન લઇને, તેમજ **'श्रीकृष्णो यः परंब्रह्म...नारायणश्च भगवान्'** **'नारायणं वासुदेवं'** **'ज्ञेयो नारायणः'** **'साक्षात् नारायणप्रभुः'** **'इत्थं नारायणंदेव साक्षात् श्रीपुरुषोत्तमात्'** (સત્સંગિજીવન) 'તેમ નારાયણ પાતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે. નારાયણ જેવા તો એક નારાયણ છે' 'તથા ભગવાનના ઘણાક જે અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે એ સર્વે અવતાર નારાયણના છે...તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ...તે નારાયણનાં દર્શન કરે છે' 'તમો તો નારાયણ છો માટે અમને તમારું અક્ષર ધામ દેખાડો ત્યારે અક્ષરધામ દેખાડયું' **'नारायणपरा वेदाः'** (વચનામૃત) **'श्रीमन्नारायणस्मृत्या'** (શિક્ષાપત્રી) **'श्रीकृष्णो भगवांस्तत्र सदा स्वामी विराजते...नारायणो वासुदेवः'** (હ. વા. સુધાસિંધુ) 'નારાયણ હરે શ્રીમન્નારાયણ હરે' (ધૂન્ય) ઇત્યાદિ સાંપ્રદાયિક શાસ્ત્રોનું અનુસંધાન લઈને **'स्वामिन्नारायणः'** આ નામનો સંગત અર્થ કરતાં ધર્મપુત્ર ભગવાન શ્રીહરિ પર લેવા માટે **'स्वामी चासौ नारायणः'** એવો કર્મધારય સમાસ કરીને એક શ્રીહરિ વિષેજ ઘટાવ્યો છે. આ જપનીય ભજનીય નામ કે જે પરાત્પર પરમાત્માનું મુખ્ય અસાધારણ વાચક હોઇને ભવ બ્રહ્માદિ સર્વથકી નિવૃત્તિ કરનારું સર્વમાન્ય સર્વોપરી છે તેને બીજી જીવાદિ તુચ્છ વ્યક્તિમાં લઈ જવાનો દુરાશય દર્શાવ્યો છે તે તદ્દન આસુર હોઇને [illegible]રિના અપરિહાર્ય અપરાધતુલ્ય છે. એક **સ્વામી** શબ્દ અવરમાં લીધો તો બીજાએ **नारायण** શબ્દ અવરમો લીધો, એમ કરીને આખો **स्वामिनारायण** શબ્દાર્થજ વૃદ્ધ-

માન્ય હતો તેને ઉડાવી દઇને છપૈયાવાસી ધર્મપુત્રને તો નનામા નકામાજ કરી દીધા. બહુ બુરી દશા લાવ્યા છે. **'किं तेन न कृतं पापं चोरेणात्मापहारिणा'** એનો કહ્યા પ્રમાણે તાત્વિક અર્થના પ્રત્યક્ષ ચોરોએ શું પાપ ન કર્યું કહેવાય ! શાસ્ત્રો પણ એવો ભય રાખે છે કે મને આ ચોરો અર્થનો અનર્થ કરીને છેતરશે. જપનીય સ્વા. ના. નામનો તો શું ? પણ શાસ્ત્રોના પ્રત્યેક પદ વાક્યોના અવળા અર્થો કરવામાં આ બે અગ્રેસરો જાહેરમાં પંકાએલા છે અને તેની પાછળ બીજા પણ પ્રચ્છન્નો પુચ્છો છે. એમનો એજ ધંધો થઈ પડયો છે.

બાપાપંથી તો બહુધા અભણ અગણ અનઘડ હોવાથી એવો ઉટાંગ અર્થ કરે એ બહુ દયાને પાત્ર ન કહેવાય. પરંતુ બ્ર. બાળકૃષ્ણાનંદજી કે જે પોતે શાસ્ત્રી પ્રકાશક છે તેમણે પણ આપાપંથીએ કર્યો એવોજ અવળો અર્થ કર્યો છે. કાંતો તેમના થકી બાપાપંથી શિખ્યા હોય કે બાપાપંથી થકી તે શાસ્ત્રી શિખ્યા હોય, સત્ય તો તેઓ રહસ્યમાં જાણે. એક તરફથી સ્વામિ શબ્દનો અવળો અર્થ કરનારા અક્ષરપંથીને પારાવાર નિંદે છે અને બીજી તરફથી પોતે **નારાયણ** શબ્દનો અર્થ કરવામાં બાપાપંથીને અનુસરે છે, આ કેવું આશ્ચર્ય ? બધી બાબતમાં બાપાપંથીને પારાવાર પરિવદે છે, પણ મુખ્ય નારાયણ નામનો અવળો અર્થ કરવામાં કયાંથી સહોદર સહભાગી થયા ? એ કોઇને સમજાતું નથી.

હવે એમનું પાનું પ્રસંગાત ઉકેલીએ—સુધા ૧–૫–૩૯ના અંકમાં **'તત્ત્વ વિચાર'** એવા શીર્ષકથી લખેલા તત્વવિનાશક લેખના અંતમાં "તથા પોતાનું નારાયણસ્વામી નામ ન આપતાં 'સ્વામિનારાયણ' નામ રચી ભક્તોને ભજન કરવા આપ્યું ને પોતે પણ સભામાંથી ઉઠતી વખતે 'જય સ્વામિનારાયણ' કહી શિખવ્યું આમ કરવાનો હેતુ અમને એમ દેખાય છે કે—**'નારાયણસ્વામી'** નામ રાખવાથી એક સાધુ સંન્યાસીનો દેખાવ થાય અને કેવળ **નારાયણ** નામ રાખવાથી બીજા નારાયણ ઘણા કહેવાય છે તેમાં અંતર્ભાવ થઈ જાય. માટે પોતાની અધિકતા બતાવવા સારૂ સર્વે નારાયણોના સ્વામી તરીકે "સ્વામિનારાયણ' એવું નામ રાખ્યું અને એ નામનું ભજન કરાવીને પ્રવર્તાવ્યું. માટે શ્રીજીને સર્વોપરી અને અવતારી માનવા જોઇએ". આવાં વિવેક વિચાર વિરહિત વાક્યો લખ્યાં છે. સુધાના તેમના તંત્રીએ પણ દેખાદેખી ત્યાંયે વર્ષ ૧૮ અંક ૧૨ માં '[illegible]ી (ગુણાતીતાનંદ સાધુ) અને નારાયણ (સદ્ગુરુ) એવા અક્ષરપંથિમાન્ય ઉટાંગ અર્થના ખંડન પ્રસંગથી 'એનો અર્થ તો પોતેજ સમજાવ્યો છે કે બીજા બધા અવતારો નારાયણ છે અને આ અવતાર તો સર્વના સ્વામી છે માટે અમારું નામ "સ્વામિનારાયણ" એમ સદ્ગુરુઓએ પણ સમજાવ્યું છે ને એમ સમજવામાંજ શ્રીજીનું સર્વોપરીપણું રહી શકે છે. પણ બે કરવાથી સર્વોપરીપણું રહેતું નથી" એવાં અપવાક્યો વર્ણીજીના વાક્યોને અનુસરતાં લખ્યાં છે.

'આ ઔદ્ધવ સંપ્રદાયના ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિનું અસાધારણ નામ જપનીય સ્વા. ના. છે અને તે પોતેજ રચી ભક્તોને ભજન કરવા આપ્યું અને 'જય સ્વામિનારાયણ' કહીને શિખવ્યું અને તેનો અપાર મહિમા કહ્યો' એ બધી બાબતમાં કોઈ આશ્રિતને વિવાદ કે વિશય જરાય નથી. પરંતુ જ્ઞાનવૃદ્ધોએ એ નામનો જે અર્થ સપ્રમાણ સુસંગત ભાષ્યમાં કરેલો ઉપર જણાવ્યો છે તે જોતાં વર્ણીએ શાસ્ત્રના જ્ઞાતા પ્રકાશક પ્રચારક શોધક

લેખક થઇને મિથ્યા મહિમાને મિષે સ્વા. ના. નામનો જે અર્થ કર્યો તે અજ્ઞાનવિલસિત હોઇને સાવ ઉટાંગ છે. જેમ શિક્ષાપત્રીમાં સહજાનંદસ્વામી નામથી એક શ્રીહરિનેજ નિરૂપ્યા છે. 'हरिकृष्णो हरिः कृष्ण' (સ. પ્ર. ૨ અ. ૨૪) हरिकृष्ण ! कृष्ण ! स्वामिन् हरे ! नारायण !' (પ્ર. ૨ અ. ૨૮) 'स्वामिनारायणो नीलकण्ठो नारायणो हरिः' (સ. મા. અ. ૪) એમાં જેમ સ્વામિનારાયણ, નારાયણ, હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ ઇત્યાદિ નામોથી એક શ્રીહરિનેજ નિરૂપ્યા છે તેમજ 'स हि नारायणः स्वामी' (પ્ર. ૪ અ. ૪૬) 'इत्थं नारायणः स्वामी' (પ્ર ૪ અ ૫૪) 'हरे नारायण स्वामिन्' (પ્ર. ૧ અ. ૩૬) 'स्वामी नारायणो दृष्ट्वा' (પ્ર ૩ અ. ૧૬) 'जय स्वामिन्नारायण' (પ્ર. ૩ અ. ૧૭) 'स्वामी नारायणः सोऽयं नित्यं हृदि मयेक्ष्यते' (હ. વા. સુધાસિંધુ તરંગ ૧૨૨) એમ 'નારાયણ સ્વામી કે સ્વામી નારાયણ' પૃથક્ શબ્દથી એક શ્રીહરિનેજ નિરૂપ્યા છે. વર્ણીજીની પેઠે કશો ભેદ પાડ્યો નથી. આ વચનો 'श्रीमन्नारायण स्वामिन्' આ શ્રીરામાનુજોક્ત મન્ત્રાંતરને મળતાં છે. એટલે 'નારાયણ સ્વામી' નામ રાખવાથી એક સાધુ સંન્યાસીનો દેખાવ થાય માટે સ્વા. ના. નામ રાખ્યું છે' એવા ભયનું કારણ નથી. જે ભય ગ્રંથકર્તા શતાનંદાદિક સદ્‌ગુરુઓએ રાખ્યો નથી તેવો ખોટો ભય રાખવાની તેમને એકલાને શી જરૂર ? સાધુ સંન્યાસીઓ 'નારાયણ સ્વામી' કહે છે તે પોતાના જાતને નહિ પરંતુ પોતાના ઇષ્ટદેવ સ્વામી પરંબ્રહ્મ નારાયણને તેતે પ્રસંગે સ્મૃતિમાં લે છે. બીજા લોકો તેમને 'નારાયણસ્વામી' કહે છે એનો પણ એવોજ અર્થ છે. જેમ આપણે કોઇને જય સ્વામિનારાયણ કહીએ કે બીજો આપણને જય સ્વામિનારાયણ કહે તેમ. લોયા ૧૮ માં શ્રીજીએ જય સ્વામિનારાયણ કહ્યા છે પણ જેમ બીજાં વચનામૃતોમાં 'જય-સચ્ચિદાનંદ' કહ્યા છે તેમ મૂળ ઉપાસનીય પરમાત્મા નારાયણને કહ્યા છે. પોતે પોતાને એમ કહેવું તે ઠીક ન ગણાય. ભલે પોતે પોતાને તેમ કહ્યા છે એમ લઇએ તો પણ કશી હરકત નથી. અર્થ તો એકજ છે. નારાયણ શબ્દને આગળ મૂકીને સ્વામી શબ્દને પાછળ મૂકવામાં આવે તો પણ સ્વા. ના. શબ્દનો જે અર્થ (સ્વામી એવા નારાયણ) કર્યો છે એજ 'નારાયણ સ્વામી' [illegible] કરવામાં આવ્યો છે. પણ મુદ્દો [illegible] એ મુખ્ય મુદ્દો સાચવવામાં આવ્યો છે પર્ણીની પેઠે નારાયણ શબ્દજ ઉડાવી દીધો નથી કે અન્ય અવરમાં લીધો નથી. [illegible] તેમ [illegible] સ્વા. ના. વિષેજ રાખ્યો છે.

કેવળ નારાયણ નામ રાખવાથી બીજા નારાયણ ઘણા કહેવાય છે તેમાં અંતર્ભાવ થઇ જાય માટે સ્વા. ના. નામ રાખ્યું છે' એવી ભીતિનું પણ કારણ નથી. કારણ કે— 'साक्षान्नारायणः स्वयम्' (પ્ર. ૧ અ. ૫૭) सुरा धन्यो लब्ध्वा नयनपथि नारायणमहं (પ્ર. [illegible] અ. ૪૨) 'नारायण गुरुवर' (પ્ર. ૨ અ. ૧૦) 'गोविन्द नारायण' (પ્ર. [illegible] અ. ૫૫) 'श्रीनारायणेन स्वयमेव गीत' (પ્ર. ૨ અ. ૭) 'नारायणं नरपतारमनामयेयम्' 'नारायणं परमयैव मुदा स्मरन्तं' (પ્ર. ૫ અ. ૧૬) 'नारायणचरिते' (ભક્તિશ્રીમાં) 'कृष्णो नारायणो हरिः' (જનમંગલ) ઇત્યાદિ [illegible] સ્વયં શ્રીહરિને [illegible] નારાયણ નામથીજ નિરૂપ્યા છે. નિરૂપક શતાનંદાદિ સદ્‌ગુરુઓએ જે ભીતિ રાખી નથી તે વર્ણીશાસ્ત્રીએ રાખવાની જરૂર નથી. કારણ

શ્રીજીનો સર્વોપરી અવતારીપણાનો મહિમા સમજાવવા એમ કરતા હોય તો તેમ પણ નથી. મૂળ અનાદિ પરાત્પર પરમાત્માનુંજ વાચક અસાધારણ મંગળ જપનીય નામ 'નારાયણ' હોવાથી તે નામથીજ શ્રીજીને નિરૂપવાથી તેમનો સર્વાધિક મહિમા આવે છે. માટેજ શ્રીહરિને અવતારી તરીકે નિરૂપવાને ખાસ પ્રસંગે પણ 'मत्स्यं कूर्मं वराहं... धृतपुरुवपुषं नौमि नारायणं त्वाम्' (પ્ર ૩ અ ૧૭) એમ કેવળ નારાયણ નામથી જ નિરૂપ્યા છે. **नारायणानां स्वामी** એ વ્યધિકરણ (નારાયણ શબ્દથી અન્ય વ્યકિત અને સ્વામિ શબ્દથી બીજી વ્યકિત) કરવાથી તો શ્રીજીની અધિકતા આવતી નથી પણ બન્ને શબ્દોને સમાનાધિકરણ (એક શ્રીહરિના જ આશ્રયવાળા) રાખવાથી મતમાની અધિકતા આવે છે. શાસ્ત્રીય સંભવતી અધિકતા આવે એ ઇચ્છવા યોગ્ય છે પણ અશાસ્ત્રીય અસંભવિત ઉટાંગ અધિકતાથી કશો અર્થ નથી વળી 'नारायणानां स्वामी' એવો અશાસ્ત્રીય ઉભાંગડ અર્થ કરવા જતાં '[illegible]नारायणोऽभूः स्वयम्' (પ્ર. [illegible] અ ૪૨) 'नारायणावतारं तं' (પ્ર. ૧ અ. ૩) 'नारायणावतारोऽत्र हरिरस्ति गुरुर्हि नः' (પ્ર. ૪ અ. ૩૫) એનો અર્થ અત્યંત વિપરીત થશે કેમકે આમાં તો જેને વર્ણી સેવક ચાકર ઠરાવવા મથે છે તે નારાયણને જ અવતારી મૂળ પરાત્પર જણાવવા પૂર્વક શ્રીજીને તેમના અનન્ય અવતાર તરીકે નિરૂપ્યા છે. નારાયણ શબ્દથી મૂળ પરમાત્માને લ્યો અને તેના અનન્ય અવતાર તરીકે શ્રીજીને લ્યો તો પણ અવતારોને તો વર્ણીજી સેવક કિંકર ઠરાવવા મથતા હોવાથી શ્રીજી પણ નારાયણના સેવક જ ઠરશે. એ અનર્થ અનલ્પ આવશે તે વિચારી જોશે. અવતાર અવતારીનું સ્વરૂપથી ઐક્ય માનતા હોય તો કશો અનર્થ ન આવે. પરંતુ વર્ણીને તે માન્યું નથી. એ વાક્યોનો બીજો ભંડીયો અર્થ થઇ શકે તેમ નથી.

નારાયણ શબ્દ તો વેદ વેદાંતવેદ્ય અનાદિ જગત્કર્તા પરમાત્માનોજ મુખ્ય વાચક અસાધારણ અનન્યગામી છે. તેમના રામ કૃષ્ણાદિ અવતારો પણ અનન્યતત્વ હોવાથી તેમનામાં પણ નારાયણ શબ્દનો પ્રયોગ તેતે શાસ્ત્રોએ બહુશઃ ઉદ્ઘોષીને કર્યો છે. અવતારભૂત શ્રીહરિને પણ નારાયણ નામથી બહુશઃ નિરૂપ્યા છે એ બાબત ઉપર સપ્રમાણ કહી દીધા છે. અર્થ તો એનો એજ સર્વત્ર ઘટાવ્યો છે. [illegible] નારાયણ ઘણા કહેવાય છે તેમાં અંતર્ભાવ થઇ જાય" એમ વર્ણીએ લખ્યું છે પણ તેમનો અહીં નામથી નિર્દેશ કર્યો નથી પણ એમની માન્યતા અને અન્ય લેખોના શબ્દો અને તેનો ભયંકર મેળવતાં લક્ષ્મીનારાયણ, નરનારાયણ, વાસુદેવનારાયણ, કૃષ્ણનારાયણ, વૈરાટનારાયણ આદિકને કહેવાનો અભિપ્રાય જણાય છે. એની સ્પષ્ટતા અનુયાયી તંત્રીએ 'બીજા બધા અવતારો નારાયણ છે ને આ અવતારતો સર્વેના સ્વામી છે માટે સ્વામિનારાયણ નામ છે' આ વાક્યથી કરી છે એટલે 'નરનારાયણાદિક અવતારનારાયણોના સ્વામી તે 'સ્વામિનારાયણ' એવો અર્થ સમજાવવાનો અભિપ્રાય નિશ્ચિત થાય છે. આ અર્થ પણ ઉઘાડ ઉટાંગ છે. એનો એવો અર્થ મુખ્ય માન્ય શાસ્ત્રો અને સદ્‌ગુરુઓએ કર્યો નથી, એ ઉપર જણાવી દીધું છે.

ભગવાન્ શ્રીહરિનેજ નરનારાયણ, લક્ષ્મીનારાયણ, વાસુદેવનારાયણ, કૃષ્ણનારાયણ, વૈરાટનારાયણ આદિક મંગળ મહનીય નામથી તત્વતઃ નિરૂપ્યા છે—'नरनारायण प्रभु' (જનમંગલ) 'नारायणो नरसखो बदरीशः' (સર્વમંગળ) '[illegible]' (પ્ર. [illegible] અ. ૬૨) 'सूतॊ वृषात्त्वममवः खलु मानवानां नारायणो[illegible]' (પ્ર. [illegible] અ. ૪૨)

હોય તો તેમ
જપનીય નામ
હેમા આવે છે.
कूर्मं वराहं...
ાયણ નામથી જ
ન્ય વ્યકિત અને
નથી પણ અન્ને
નમાની અવિકતા
શાસ્ત્રીય અસંભ-
એવો અશાસ્ત્રીય
'नारायणावतारं
(અ. ૩૫) એનો
ાવા મથે છે તે
અનન્ય અવતાર
અનન્ય અવતાર
ાતા હોવાથી શ્રીજી
ો જોશે. અવતાર
વર્ણીને તે માનવું

ોજ મુખ્ય વાચક
નન્યતત્વ હોવાથી
કર્યો છે. અવતાર-
ેપર સપ્રમાણ કહી
ધણા કહેવાય છે
ામથી નિર્દેશ કરી
ર મેળવતાં લક્ષ્મી-
આદિકને કહેવાનો
અવતારી નારાયણ
આ વાક્યથી કરી
ારાયણ' એવો અર્થ
ગ છે. એનો એવો
ણાવી દીધું છે.
ાયણ, કૃષ્ણનારાયણ,
રનારાયણ: પ્રભુ:'
... (પ્ર. ૧
... અ. ૪૨)

'नरनारायणरूप:' (પ્ર. ૨ અ. ૪૪) 'नारायणऋषिरिति नौ निश्चयोऽस्त्येव चिते' 'जानीत बदरीपति' (પ્ર. ૪ અ. ૪૦) 'નારાયણ નરભ્રાતા દ્વિજકુલ તનુધારી' (આરતી) 'लक्ष्मीनारायणात्मक:' (સર્વમંગળ) 'लक्ष्मीनारायणं भजेत्' (પ્ર. ૫ અ. ૫૧) 'ददर्श ब्रह्मतेज:स्थं लक्ष्मीनारायणं हृदि' (પ્ર. ૧ અ. ૧૪) 'यस्तु श्री द्वारिकाधीशो लक्ष्मी: नारायण: स हि । भेदोऽत्र नैव विज्ञेय: सत्यं हि वचनं मम (પ્ર. ૪ અ. ૨૭ 'यं स्वयं स भगवान्...नातो ज्ञेया तयोर्भिदा' (પ્ર. ૪ અ. ૩૨) श्रीमन्नारायणस्मृत्या' (શિક્ષાપત્રી) 'सर्वपरो यो ह्यवतारी...श्रीलक्ष्मीनारायणमीडे तमहं स्वाम्' (અચિંત્યાનંદ વર્ણી) 'कृष्णो नारायणो हरि:' (જનમંગલ) 'नारायणोऽक्षरे धाम्नि वासुदेवो व्यराजत' (પ્ર. ૫ અ. ૫૩) ઇત્યાદિ. 'जगृहे पौरुषं रूपं' 'एतन्नानावताराणां निधानं बीजमुत्तमम्' (ભાગ સ્કં. ૧ અ. ૩) આમાં કહ્યા મુજબ શ્રીહરિને પણ 'स्वामिंस्त्वं परमेश्वर:... धृत्वादौ पुरुषाकृति' (પ્ર. ૩ અ. ૪૩) એમ વૈરાટ નારાયણપણે અસંકોચથી નિરૂપ્યા છે. આ અર્થ 'નાભિ ઉંડીરે રૂપાળી, બ્રહ્મ. બેસે ત્યાં આસન વાળી' આ પદથી પણ પ્રદર્શાવ્યો છે. મહામંદિરોમાં સ્થાપેલી નરનારાયણ લક્ષ્મીનારાયણ વાસુદેવનારાયણ કૃષ્ણનારાયણ આદિક મૂર્તિઓને પણ અક્ષરધામાધિપતિપણે કહેવા પૂર્વક તેમની સાથે શ્રીહરિનો તત્વથી અભેદ બહુશ: વર્ણવ્યો છે. 'નરનારાયણ એજ સ્વામિનારાયણ છે' એવો તો આખો સાંપ્રદાયિક ઉપોદ્ઘાત છે. કિંબહુના નરનારાયણ લક્ષ્મીનારાયણ નામથી સંપ્રદાયનો સઘળો વહીવટ છે. 'નરનારાયણ તો અમારા હૃદયમાં પ્રગટ બિરાજે છે' (વચનામૃત) એમ પણ શ્રીમુખે કહ્યું છે. કૃષ્ણનારાયણને તો ઉપાસ્ય ઇષ્ટદેવ અવતારી કહેવાપૂર્વક તેમના અવતાર તરીકે શ્રીહરિને નિરૂપવાનો ચોખ્ખો અભિપ્રાય પદેપદે છે. આ સઘળો સવિચાર વિવેક કરતાં શ્રીહરિનો પણ આ નારાયણોમાં અંતર્ભાવ આપોઆપ થઈ જાય છે. શ્રીહરિને વિષ્ણુનારાયણના અનન્ય અવતાર તરીકે નિરૂપેલા હોવાથી નારાયણમાં કે તેમના તદનન્ય અવતારોમાં અંતર્ભાવ થાય એતો વધારે સારૂ સંગત સપ્રમાણ છે. અંતર્ભાવ થઈ જવાથી અનર્થનો ભય કોઈ શાસ્ત્રજ્ઞ સદ્‌ગુરૂઓએ રાખ્યો નથી તો એકલા વર્ણીએ રાખવાની જરૂર શી ? વેદાંત તો સર્વ શબ્દોથી સર્વશરીરી એક પરમાત્માનેજ ઉત્તમ વાચ્ય કહે છે. એવા અભિપ્રાયથીજ શ્રીહરિને સહસ્ર નામથી નિરૂપ્યા છે. આ દૃષ્ટિએ પણ 'નારાયણોના સ્વામી તે સ્વામિનારાયણ' એવો અર્થ કોઈ રીતે ઘટિત નથી. જેના સ્વામી તરીકે વર્ણી કહેવા જાય છે તે નારાયણોને પણ સર્વસ્વામી તરીકે શ્રીહરિએજ નિરૂપ્યા છે. ભલે નરનારાયણાદિકને શ્રીહરિના અવતાર તરીકે માનો તો પણ તત્વથી અભિન્ન હોવાથી એવો અત્યંત અવળો અર્થ કોઈ રીતે સંગત સંમત નથી.

કિંબહુના બીજી બધી બાબતોને અને પ્રમાણોને પણ બાજુ પર કરીને વર્ણીએ બહુ માન આપેલા શિક્ષાપત્રીના હૃદયસ્થાનરૂપ મધ્ય ભાગનું પ્રમાણ લઈએ તો અલં થશે. 'स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभु: । रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायण: सहि । ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायण: प्रभु:' આ રીતે અંતર્યામી સર્વેશ સર્વકર્મફળ પ્રદ પરંબ્રહ્મ ભગવાન પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ઉપાસ્ય ઇષ્ટદેવ સર્વાવતારકારણ છે એજ રાધાએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ કહેવાય, એજ લક્ષ્મીએ યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ કહેવાય અને નરે યુક્ત હોય ત્યારે નરનારાયણ કહેવાય' એમ કહીને છેવટે 'अतश्चास्य स्वरूपेषु

(વર્ષ ૧ અંક ૧૨ પાન ૩૨ પછીથી ચાલુ)

भेदो ज्ञेयो न सर्वथा' એમ શ્રીકૃષ્ણનાં શ્રીકૃષ્ણનારાયણ નરનારાયણ લક્ષ્મીનારાયણ આદિક સ્વરૂપોમાં તત્વથી બીલકુલ ભેદ નહિ જાણવાનું શુદ્ધ શબ્દોમાં કહે છે. આટલું જ સ્ફુટાર્થ વાકય લઈએ તો 'બીજા નારાયણોના સ્વામી તે સ્વામિનારાયણ' એવો ઉત્શૃંખલ બળ અર્થ કરીને જે અવતાર અવતારી વચ્ચે આત્યંતિક વાસ્તવિક સ્વામિસેવક ભેદની કુકલ્પના કરી છે તેને કિંચિત પણ સ્થાન રહેતું નથી. શિક્ષાપત્રીમાં કહેલી આ અભેદની વાત સ. પ્ર ૨ અ. ૬૭ ના ૯૬ થી ૯૮ સુધીના શ્લોકોમાં પણ કરી છે બીજા પ્રબન્ધોમાં પણ એમજ છે.

જેમ સર્વશાસ્ત્રવિરુદ્ધ અર્થ કર્યો તેમ સમાસ પણ વ્યાકરણ વિરુદ્ધ કર્યો છે 'અમુક શબ્દનો અમુક અર્થ થાય' એમાં વ્યાકરણજ પ્રથમ પ્રમાણ છે. 'नारायणानां स्वामी' એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરતાં 'नारायणस्वामी' એમજ થાય પણ 'स्वामिनारायण' એમ ન થાય, કારણ કે એવા સમાસમાં સ્વામિ શબ્દનો પૂર્વ નિપાત થાય એવું સ્પષ્ટ વ્યાકરણ સૂત્ર નથી આપણા વિજ્ઞાનવૃધ્ધો વ્યાકરણના નિયમને જાણતા હોવાથી એવો સમાસ ઉટાંગ નહિ કરતાં કર્મધારય કર્યો છે તે વ્યાકરણના નિયમથી અવિરુદ્ધ છે અને અર્થથી તો અત્યંત અવિરુદ્ધ છેજ. 'महाजनो येन गत: स पन्था' એ પ્રમાણે વર્તવું જોઈએ.

બીજી ખાસ બાબત સમજવા જેવી એ છે કે– 'નારાયણ' એ યોગરુઢ સંજ્ઞા છે તે એક મૂળ પરંબ્રહ્મ પુરુષોત્તમ વિષ્ણુનીજ અસાધારણ છે તે સંજ્ઞા જો અપર ભવ બ્રહ્માદિકમાં લેવાય તો 'नारायन' એમ નકારજ રહે પણ ણકાર થાય નહિ. પુરુષોત્તમમાં લઈએ તોજ 'नारायण' એમ ણકાર થાય 'पूर्वपदात्संज्ञायामग:' એવો વ્યાકરણનો નિયમ છે. આ કારણથી અનન્યગામી એ શબ્દનો પ્રયોગ જ્યારે ભવ બ્રહ્માદિક ઇશ્વરોમાં થઇ શકે નહિ તો પછી બીજા અવર જીવ મુક્તાદિકમાં ન થાય એમાં કહેવુંજ શું ? આ ખાસ કારણથી પણ એ શબ્દનો પ્રયોગ પરંબ્રહ્મ પુરુષોત્તમ અને તેમના અનન્યતત્વ રામકૃષ્ણાદિ અવતારો સીવાય બીજામાં થઈ શકે નહિ જ્યારે નારાયણ શબ્દનો અવરપર અર્થ લીધો ત્યારે તેનો વેદાદિ શાસ્ત્રોએ અને મહાસદ્‌ગુરુઓએ કરેલો મુદ્દાનો સર્વાન્તર્યામિપણારૂપ અર્થ અને તદર્થવાળું નારાયણ નામ પણ તેમાં ખરી રીતે સંભવે નહિ એ પણ વિચારવા જેવું છે જો પરંબ્રહ્મત્વ કે તેમનું સાક્ષાત્ અવતારત્વ ન લઈએ તો અવરને ખરી રીતે નારાયણ નામથી કહેવાય નહિ એ સપ્રમાણ છે. એમ અવરમાં નારાયણ શબ્દને લેવામાં અનેક [illegible] વિરોધો આવે છે. આ વ્યાકરણના નિયમને વર્ણીજી જાણતા હશે કે નહિ ? એ એક મોટો સવાલ વિદ્વન્મતે આવે છે. અક્ષરપથીઓ સ્વા. ના. નામમાં પ્રથમ દ્વન્દ્વ સમાસ અને પછી સમાહાર દ્વન્દ્વ સમાસ કરવા જતાં, તેમ થવામાં વ્યાકરણનો નિયમ પુછતાં કોર્ટમાં પાછા પડયા હતા તેમ વર્ણી શાસ્ત્રીને પણ પાછુ પડવાનો આ પ્રખર પ્રસંગ છે. સમાસતો અપેક્ષિત અર્થને અનુસારે થાય એ શાસ્ત્રીજીથી અજાણ્યું ન હોવું જોઈએ. બાપાપંથના પ્રવર્તકો તો અભણ હોવાથી સ્વચ્છંદી સમાસ કે અર્થ કરે એ નવાઈની વાત નહિ, પરંતુ વ્યાકરણના વિજ્ઞાતા અધ્યાપક અર્થજ્ઞ શાસ્ત્રી થઈને એવો સમાસ કે અર્થ કરે તે અત્યર્થ નવાઈની વાત કહેવાય. આતો 'येषां प्रकाशस्तिमिरं हि तेषां' (જેની આગળ પ્રકાશ જોઈએ તેની આગળ જ અંધકાર) એના જેવું અવળું થયું. આ વાકય સ્વલેખમાં સામાને અડાવ્યું છે તે પોતે સમજ્યા હોત તો ઘણું સારૂં

આ સ્થળે આટલો વિશેષ ખાસ જાણવા જેવો છે–ભગવાનનાં નામો અનંત છે, તેમાં વ્યાપક અવ્યાપક એવા બે પ્રકાર છે, ભગવાનના ગુણ કર્મને કહેનારાં જે નામો તે અવ્યાપક અને સ્વરૂપતઃ વ્યાપ્તિને પ્રતિપાદનારાં જે નામો તે વ્યાપક કહેવાય છે. અવ્યાપક નામોની અપેક્ષાએ વ્યાપક નામોનું શ્રેષ્ઠપણું 'नारायणाय विद्महे, वासुदेवाय धीमहि, तन्नो विष्णुः प्रचोदयात्' આ ગાયત્રીમંત્રમાં નારાયણ વાસુદેવ અને વિષ્ણુ આ ત્રણ વ્યાપક નામોના નિર્દેશથી સિદ્ધ થાય છે. ત્રણેય નામનો અર્થ 'વ્યાપક' એવો થાય છે. આ ત્રણ નામોમાં જે વિષ્ણુ નામ છે તે ફક્ત વ્યાપ્તિને કહે છે, એમાં વ્યાપ્તિનો પ્રકાર કહ્યો નથી, વ્યાપ્તિનો પ્રકાર તો સર્વાધારપણે અંતર્યામિરૂપ માન્યો છે. 'કેમાં વ્યાપે છે' એ પદાર્થ પણ વિષ્ણુ શબ્દ ગમ્ય નથી. પરંતુ 'અમુકમાં વ્યાપે છે' એમ અધ્યાહારથી લેવો પડે છે ફક્ત સ્વરૂપમાત્ર પ્રતિપન્ન થાય છે પણ ગુણવાળાપણું પ્રાપ્ત થતું નથી. એમ હોવાથી વિષ્ણુમંત્રમાં અર્થની પુષ્કળતા નથી વાસુદેવ મંત્ર પણ 'કેમાં વ્યાપે છે' એ વ્યાપ્ય પદાર્થ તો અધ્યાહારથી ગમ્ય છે પણ વાસુદેવ શબ્દથી ગમ્ય નથી. 'એ આવા ગુણવાળા છે' એના લાભ માટે તો 'भगवते वासुदेवाय' એમ સાથે ભગવચ્છબ્દનો પ્રયોગ કરવો પડે છે. એમ હોવાથી વાસુદેવ મંત્રમાં અર્થની પુષ્કળતા જોઈએ તેવી નથી; નારાયણમંત્રમાં તો નાર શબ્દથીજ 'કેમાં વ્યાપે છે' એ વ્યાપ્ય પદાર્થ (ચિદચિત્સમુદાય) ઉપાદાન કર્યા છે. કેવી રીતે વ્યાપે છે એનો પ્રકાર પણ 'नाराः अयनं यस्य' એમ બહુવ્રીહિ વ્યુત્પત્તિથી અંતઃપ્રવેશ કરીને ધારકપણે વ્યાપ્તિરૂપ કહ્યો છે. એમ વ્યાપ્ય વ્યાપક બન્ને પદાર્થો નારાયણ સંજ્ઞામાં આવી જાય છે અને વિષ્ણુ વાસુદેવ શબ્દની પેઠે વ્યાપ્ય પદાર્થના અધ્યાહારથી અપેક્ષા પડતી નથી. આ રીતે વિષ્ણુ વાસુદેવ શબ્દ કરતાં પણ નારાયણ નામમાં અર્થની પુષ્કળતા છે. વળી વિષ્ણુગાયત્રી મંત્રમાં નારાયણ નામ પહેલું મુક્યું છે. સ. પ્ર. ૪ અ. ૨૩ માં 'नारायणं वासुदेवं विष्णु' એમ આચમન વિધિમાં ત્રણ નામોનું સ્મરણ કરવાનું કહ્યું છે. એમાં પણ નારાયણ નામ પ્રથમ છે. આ કારણથી નારાયણ નામની નિરતિશય શ્રેષ્ઠતા સાબીત થાય છે.

આવા ખાસ કારણથીજ શ્રુતિ-સ્મૃતિમાં જગત્કર્તા પરમાત્માનો નારાયણ નામથી મુખ્ય નિર્દેશ અને સર્વોપરી મહિમા ઉદ્‌ઘોષીને મુક્તકંઠે અત્યાદરથી ગાયો છે. 'नारायणपरा वेदाः' (ભાગ. ૨) સર્વ વેદો નારાયણપર છે એમ સર્વ વૈદિકો માને છે. વેદમાં જે નારાયણાનુવાક આખો છે તે સર્વ પરવિદ્યા વડે વેદ્ય કોણ છે? તો નારાયણજ છે એમ સ્પષ્ટ કહે છે. 'एको ह वै नारायण आसीत् न ब्रह्मा नेशानः' (મહોપનિષદ્) આ શ્રુતિ નારાયણજ સર્વકારણ છે એમ મુક્તકંઠે કહે છે. 'एष सर्वभूतान्तरात्माऽपहतपाप्मा दिव्यो देव एको नारायणः' (સુ-બા. ઉ.) આ શ્રુતિ નારાયણનુંજ સર્વાન્તરાત્માપણું, દિવ્યપણું અને અદ્વિતીય દેવતાપણું સ્પષ્ટ કહે છે. આ ઉપરથી ભવ બ્રહ્માદિ દેવતાન્તર થકી જુદુ પાડનારું પરમાત્માનું અસાધારણ નામધેય નારાયણ છે એમ નિશ્ચિત થાય છે. આ નામ વેદની સર્વ શાખાઓમાં પરબ્રહ્મનું મહાપ્રસિદ્ધ છે. શિવાદિક શબ્દો આવે છે તે તો યૌગિક હોઈને સામાન્ય શબ્દો છે. તેનો પ્રયોગ યોગાર્થની પુષ્કળતાને લીધે નારાયણ વિષેજ મુખ્ય વૃત્તિથી તેતે શ્રુતિ સ્મૃતિમાં કર્યો છે. વળી આ નામની નિરુક્તિ 'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः' આ શ્રુતિએ જ કરી છે. 'સર્વ વસ્તુઓમાં વ્યાપક'

'નારાયણ નામવાળા છે' એવો અર્થ જાણવો.
એવો અર્થ છે. નારાયણ એટલે
'तत्त्वमेको महायोगी हरिर्नारायणः परः' (भार. शां. मो.) એમ નારાયણનેજ
મુખ્ય ઉપાસ્ય પ્રાપ્ય પરમ તત્ત્વતરીકે નિરૂપે છે 'आलोड्य सर्वशास्त्राणि विचार्य च
पुनःपुनः। इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा' (ग. पु.) એમ સર્વ શાસ્ત્રોના
સારાર્થતરીકે એક નારાયણનુંજ ધ્યાન કરવાનું કહે છે. 'नारायणात्परो देवो न भूतो
न भविष्यति। एतद्रहस्यं वेदानां पुराणानां च सत्तमम्' (वाराहे) એમ
નારાયણના પારમ્યને વેદ પુરાણાદિ સર્વ શાસ્ત્રોના રહસ્યતરીકે કહે છે. 'आपो नारा इति
प्रोक्ता आपो वै नरसूनवः। ता यदस्यायनं पूर्वं तेन नारायणः स्मृत' (मनुः)
એમ સકારણ નારાયણ નામનો નિર્દેશ કર્યો છે 'नारायणः परोऽव्यक्तादण्डमव्यक्त
सम्भवम्। अण्डादूब्रह्मा समभवत्तेन सृष्टमिदं जगत्' (બૃહસ્પતિઃ) એમ નારાયણનું
પારમ્ય કહે છે. 'ध्यायेन्नारायणं देवं स्नानादिषु च कर्मसु' (दक्षः) એમ
સ્નાનાદિ સર્વ કાર્યમાં નારાયણનુંજ ધ્યાન કરવાનું સહેતુક કહે છે 'येऽन्यं देवं
परत्वेन वदन्त्यज्ञानमोहिताः। नारायणाज्जगन्नाथात्ते वै पाषण्डिनः स्मृताः'
(कू. पु.) એમ નારાયણથકી બીજા દેવને પરપણે કહેનારાને પાખંડીતરીકે કહે છે.
'नमो नारायणायेति मन्त्रः सर्वार्थसाधकः। किं तस्य दानैः किं तीर्थैः किं तपोभिः
किमध्वरैः। यो नित्यं ध्यायते देवं नारायणमनन्यधीः। ये नृशंसा दुरात्मानः
पापाचाररतास्तथा। तेऽपि यान्ति परं स्थानं नारायणपरायणाः' 'आचारहीनोऽपि...
किं तस्य नारायणशब्दमात्रतो विमुक्तपापो विशतेऽच्युतां गतिम्' (भार.
आनु.) એમ નારાયણ નામ મંત્રની ધર્માદિ સર્વાર્થ સાધકતા કહી છે. 'नारायणसमो
देवो न भूतो न भविष्यति' (भार शां.) એમ નારાયણનું પરાત્પરપણું
કહે છે. ભાગ-સ્કં ૬ માં આવેલા અજામિલોપાખ્યાનમાં નારાયણનું
પારમ્ય અને તેમના નામનો મહિમા નિરતિશય નિરૂપ્યો છે. શિક્ષાપત્રી સત્સંગિજીવન
જનમંગળ સર્વમંગળ વિગેરેમાં જગત્કર્તા પરમાત્માનો નિર્દેશ નારાયણ નામથી કરવાપૂર્વક
તેમનો અનવધિ મહિમા કહ્યો છે તે ઉપરના લેખમાં જણાવ્યું છે આવા મહામહિમાવાળા
નારાયણ શબ્દનેજ 'બીજા અવર જીવ ઈશ્વર મુક્તાદિકમાં લઈ જવાય ખરો? એ સુજ્ઞ
શાસ્ત્રવેત્તાઓએ વિચારી જોવું. 'વાંચે પણ નહિ કરે વિચાર તે સમજે નહિ સઘળો સાર' એમ છે.

હવે સારી અને સાચી સમજણનો ઈજારો લઈ બેઠેલા શાસ્ત્રી વર્ણીજી ઉપરનો સાંપ્રદાયિક શાસ્ત્રાર્થ પૂર્વાપરના અનુસંધાનથી વાંચી વિચારી જોશે તો 'નારાયણોના સ્વામી તે સ્વામિનારાયણ' એવો સમાસ અને અર્થ કર્યો છે તે તદ્દન અશાસ્ત્રીય ઉટાંગ સ્વયં સમજી શકશે સર્વાધિક મહિમા લાવવા એવો અર્થ કરતા હોય તો શું તેઓ અધિક મહિમા સમજતા ન હતા? અને તેમણે કરેલા શાસ્ત્રીય અર્થથી અધિક મહિમા આવતો ન હતો જેથી એમને એમણે કરેલા અર્થમાં ઉઘાડ આપ ડહાપણની જરૂર પડી. વળી એક લેખમાં 'द्वैताद्वै भयं भवति' એમ લખીને અક્ષરપંથીઓની કડક ટીકા કરી છે તો સ્વા. નાં 'द्वैतात्' ... અદ્વૈતને છોડીને દ્વૈત કરવા ગ... નામમાં આવેલા બન્ને શબ્દોને એક શ્રીહરિમાં ઘટાવારૂપ અદ્વૈતને છોડીને દ્વૈત કરવા ગ... ના કહે છે... છે તે શું વ્યાજબી છે? અક્ષરપંથીને બે વિભાગ કરવાની ઉદ્‌ઘોષીને ના કહે છે અને પોતે બે વિભાગ કરેછે એ શું વદતોવ્યાઘાત ન કહેવાય? આ બધું સમજવાં જેવું સ્વયં

વધાં ષડક્ષરે કહ્યો જવાથી વર્ણીજી ગાયત્રી વળી વે ધરાવ્યું મુનિ' એ નારાયણ ગાય છે. નારાયણ તેમ એ અર્થે રા 'નારાયણ નામો છે પણ વિચ છોડતા ન હોત તો કહેવુ પડે
વળ અક્ષરપંથ અશાસ્ત્રીય જણાવ્યું વળી સુધા લેખમાં અ ગયું છે) શાસ્ત્રો અ સ્વા. ના દુસંગી વિ પંથીઓ, પ શકે છે. કે અન્ય સ્થળે બન્નેનો સ સ્વામી' ના

ાર્થ જાણવો.
નારાયણનેજ
ગે વિચાર્ય च
સર્વ શાસ્ત્રોના
ર્યો न भूतो
રાહે) એમ
પો नारा इति
मृत' (मनुः)
ात्‌ण्डमव्यक्त
એમ નારાયણનું
दृक्षः) એમ
'येऽन्यं देवं
ाङ्नः स्मृताः'
ીતરીકે કહે છે.
थै॰ किं तपोभिः
सा दुरात्मानः
चारहीनोऽपि...
गतिम्' (भार.
'नारायणसमो
ણનું પરાત્પરપણું
ાં નારાયણનું
ત્રી સત્સંગિજીવન
નામથી કરવાપૂર્વક
ા મહામહિમાવાળા
ાય ખરો ? એ સુત્ર
ાત્રેળા સાર' એમ છે.
ર્ણીજી ઉપરનો સાંપ્ર-
રાયણોના સ્વામી તે
ઉટાંગ સ્વયં સમજી
ઓ અધિક મહિમા
ા આવતો ન હતો ?
વળી એક લેખમાં
ી છે તો સ્વા. ના.
ીને દ્વૈત કરવા ગયા
ે ના કહે છે અને
મઝવાં જેવું સ્વયં છે.

બીજું-હરિલીલામૃત કલશ ૫ વિશ્રામ ૩ માં **'जे स्वामिनारायण नाम लेशे, तेनां वधां पातक वाळी देशे...**षडक्षरी मंत्र **महासमर्थ, जेथी थशे सिद्ध समस्त अर्थ... षडक्षरो छे पट शास्त्र सार तेतो उतारे भवसिन्धु पार'** ઈત્યાદિ અધિક મહિમા કહ્યો છે તે ષડક્ષરી રહેવાથી આવે ? કે તેમાંથી 'નારાયણ' આ ચાર અક્ષરો અવરમાં લઈ જવાથી આવે ? ચાર અક્ષરો અવરમાં ઘટાવે તો ષડક્ષરી રહે કે ન રહે ? એને પણ વર્ણીજી એકાંતે સદ્‌બુદ્ધિથી વિચાર કરશે. વળી વર્ણીદીક્ષામાં **'नारायणाय विद्महे'** આ ગાયત્રીમંત્ર આપવાનો કહીને તેનો જપ કરવાનો કહ્યો છે તેનો હવે કેવો અવળો અર્થ કરશે ? વળી વૈષ્ણવી દીક્ષાના અંગભૂત 'નારાયણમુનિ' એવું નામ ગુરુ રામાનંદજીએ વર્ણીન્દ્રને ધરાવ્યું છે અને એ નામથી બહુધા વ્યવહાર ગ્રંથોમાં પ્રવર્ત્યો છે તેનો પણ 'નારાયણનાં મુનિ' એવો અવળો અર્થ કરવો પડશે. **'શ્રીનારાયણ સર્વકારણ સદા'** એમ પ્રેમાનંદમુનિ નારાયણનેજ સર્વકારણ કહે છે. 'શ્રીનારાયણ દિવ્યમૂર્તિ' એમ મુક્તાનંદ મુનિવર 'પોઢે પ્રભુ'પદમાં ગાય છે. વળી વચનામૃતમાં 'આપણે તો 'શ્રીકૃષ્ણનારાયણના દાસ છીએ' (પ્ર. ૭૪) 'એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા એવા જે મુક્ત અને નારાયણ તેને વિષે કેમ ભેદ સમજવો... તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે...નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાત દિવસ ઉજાગરા કરીએ છીએ...નારાયણ જેવા તો એક નારાયણજ છે (લો. ૧૩) **'नारायणपरा वेदाः'** (વર૦ ૨) 'નારાયણાનંદ વર્ણી નારાયણદાસ આદિક વર્ણી સાધુનાં નામો છે' એ સર્વેનો અવળો અર્થ નહિ કરવો પડે ? શાસ્ત્રી થએલા વર્ણીએ કિંચિત્ પણ વિચાર કર્યો છે ? **'बुधैः फलमनाग्रह'** એમ સર્વને સમજાવે છે પણ પોતે આગ્રહ છોડતા નથી. વળી બીજે સ્થળે ગમે તેવું મનસ્વી કુટાણું ચુંથાણું અવળા અર્થનું કર્યું હોત તો કોઈ નહિ એક સ્વા. ના. નામમાં કરવાનું ન હતુ તે કર્યું છે તેથીજ વિષમ કહેવુ પડે છે.

વળી "તત્વવિચાર" લેખમાં **'यत्सारभूतं तदुपासनीयं'** એવુ વાકય લખીને અક્ષરપંથી અને બાપાપંથી થકી પણ સારનું ગ્રહણ કરવાનું જણાવ્યું છે તે આવું જ અશાસ્ત્રીય ઉટાંગજ હશેને ? વળી એક લેખમાં 'શાસ્ત્ર તજીને એક પગલું પણ આગળ નહિ જવાનું જણાવ્યું છે' આતો એક નહિ.પણ હજારો પગલાં શાસ્ત્ર તજીને આગળ ચાલ્યા ગયા છે તેનું શું ? વળી સુધાના ૧-૨-૪૫ના અંકમાં 'સારી અને સાચી સમજણ" આ મથાળાથી લખેલા લેખમાં અક્ષરપંથીઓની સટીક ટીકા કરી છે. (એનું મૂળ અને વિવેચન ઉપર આવી ગયું છે) એમાં પાકીસ્તાનના દુષિત દૃષ્ટાંતથી કરેલી ટીકા જો કે સ્વા. ના. સંપ્રદાયનાં શાસ્ત્રો અને શાસ્ત્રજ્ઞોની દૃષ્ટિએ સાવ સાચી અને સારી છે, પરંતુ વર્ણિજીએ પણ સ્વા. ના નામના બે વિભાગ કરવારુપ અત્યંત અવળો અર્થ કરેલો હોવાથી જેની ટીકા કુસંગી વિમુખ વિદ્રોહી પાકિસ્તાની આદિક કુત્સિત શબ્દોથી બહુધા કરી છે, તે અક્ષર-પંથીઓ પણ વર્ણીની ઉલટી ટીકા એનાએજ પ્રતિબન્દી અપશબ્દોથી સારી રીતે કરી શકે છે. કેવી રીતે ? તો 'સ્વામિનારાયણ' એ અખંડ શબ્દમાં બીલકુલ નહિ પણ અન્ય સ્થળે આવતા નારાયણ શબ્દને અવરમાં લઈને શ્રીહરિને તેના સ્વામી કહે, પછી બન્નેનો સમન્વય કરીને (અમે જેમ અક્ષરપુરુષોત્તમ ટીપીએ છીએ તેમ) એક 'નારાયણ સ્વામી' નામ કહે તે કંઈક અંશે ઠીક છે, પણ સ્વા. ના. શબ્દનો વિભાગ (નારાયણ

એટલે અમુક જુદા અને એના સ્વામી અમુક જુદા) કરીને 'સ્વામિનારાયણ' અર્થ બેસાડે છે એ તો દરેક રીતે વિરુદ્ધ છે અને શ્રીજીનો તથા તત્સ્વરૂપ નારાયણોનો પણ દ્રોહ કરનારૂંજ આચરણ છે. એટલુંજ નહિ પણ એવો શબ્દાર્થ સ્વા. ના. ના ખરા શબ્દાર્થનો તદ્દન વિનાશક છે પણ કોઈ રીતે હેતુ નથીજ. જેમ હિંદુસ્તાનનો વિનાશક પાકિસ્તાન શબ્દ છે તે પ્રમાણેજ છે એમાં કોઈપણ સંશય નથી તે કેટલેક દિવસે સૌને જણાઈ આવશે" આ રીતે કરી શકે છે વર્ણિએ કર્યો એવો અર્થ બાપાપંથીઓએ પણ કર્યો છે અને વળી સ્વામી શબ્દથી અક્ષર ગુણાતીતાનંદને ઠરાવનારા અક્ષરપંથીઓની પણ પુષ્કળ ખોદણી કરી છે તો બાપાપંથીની પણ અક્ષરપંથીઓ કડક ટીકા સુખેથી કરી શકે તેમ છે. ટીકા કરવાનો લાગ તો સારો આવ્યો છે. પરંતુ બન્ને 'ધોબી એ ધોબાં' કે 'મેરી ભી ચૂપ અને તેરી બી ચૂપ" કે 'આવ્ય બાઈ તું પણ મારા જેવી થા' એવો અપન્યાય ન સ્વીકારે તો સારૂ. અમને તો એવી ટીક એક બીજા એકડમલ કરે તે અત્યંત અભીષ્ટ છે ઉપરનો તત્વવિચાર પૂર્વાપરના અનુસંધાનથી કરીએ તો બન્ને શુષ્કજ્ઞાન પંથીઓ અને એકને નિંદતા અને એકને અનુ-સરતા વર્ણીજી અને તેને ઉઘાડા કે છાના અનુસરનારા બીજા બધાજ ખળ પાખંડીઓ સ્વા. ના. નામના તદ્દન વિનાશક પાકા પરિદ્રોહી પાકીસ્તાની કારસ્તાની નાસ્તિક નિવડ્યા છે, એમાં હવે સંશયને લેશ સ્થાન નથી અને સ્વા. ના. સંસ્થાપિત ઉદ્ધવસંપ્રદાયમાંતો બીલકુલ સ્થાન નથી.

એક વાત પ્રસંગાત્ જાણવા જેવી **જણાવવા જેવી તાજી છે.** સ્વા. ના. નામના અક્ષરપન્થિકૃત અવળા અર્થના વિરોધમાં તો હજીપણ વર્ણીજી અડગ રહ્યા છે. સુધા વર્ષ ૨૮ અંક ૧૮ માં 'એક નવું પત્ર" એવું હેડીંગ ટીપીને "સત્સંગમાં એક નવા વર્તમાન પત્રનો જન્મ થયો છે જેનું નામ "શ્રીસ્વામિનારાયણ વિજય" છે, તે નાથાલાલ નારાયણદાસ બ્રહ્મભટ્ટ (યોગિના) વાડી, ભાટવાડા-વડોદરા છે. આ પત્રના પહેલાજ વર્ષનો બીજો અંક અમને મળ્યો છે. તેમાં બે પાનાં છે ને વાર્ષિક રૂા. બે લવાજમ છે. સંપ્રદાયમાં વ્યક્ત થોડી પણ વાડા ઝાઝા એટલે પત્ર પણ ઝાઝાં જોઈએને ? એતો બધુ ઠીક પણ સ્વામિનારાયણ નામમાં 'મિ" હ્રસ્વ કરતાં શિખવું જોઈએ તંત્રી સુધા" આ રીતે ટીપ્યું છે. આ કટુ કટાક્ષ અક્ષરપંથી સામે છે. આ પત્ર જોગી નામના ભોગી સાધુના વિલાસના વાજીંત્રરૂપ હતું. અને બોચાસણ પક્ષની સત્યતા માટે શિખર ઉપરથી પડવા સુધીની પ્રતિજ્ઞા કરેલી અને સંચાલકો સામે કાયદેસર પગલાં ભરવા માટે નંદાસાહેબ અને ચોકસી હરિપ્રસાદભાઈ એડવોકેટની સલાહ લેવાની લેખી ધમકી આપી હતી. એવો પ્રબળ પક્ષ માથા સાટે રાખનારા હતા અને વડોદરામાં તે પક્ષના પ્રચારમાટે જ્યાં ત્યાં પાટીયાં લખનારા હતા તો પણ તેને અક્ષરપંથી પ્રમુખે તેમના માસિકમાં ઉઘાડી નોટીસ આપેલી કે "આ પત્રને બોચાસણસંસ્થા સાથે કશો સંબન્ધ નથી." એ ઉપરથી એ બિચારા બ્રહ્મભટને કશી મદદ નહિ મળવાથી ઉટલો સ્વપંથેજ વિરોધ કરવાથી અધવચ નવમે મહિને બંધ કરવું પડ્યું માન ખાતર "સ્વા. ના. પ્રકાશ સાથે જોડી દીધું છે" એમ લખીને તેના ગ્રાહકોને બાકીના ત્રણ અંકો આપવાની કબૂલાત કરી છે. આ બધી ચર્ચા તેના અક્ષરપ્રકાશ માસિકમાં છે. 'યોગિના' નામની યોગી સાધુને મળતી અટક ધરનારા પણ આ બિચારા સ્વા. ના નામમાં "મિ" હ્રસ્વ જોઈએ એવી ખબર નહિ હોવાથી દીર્ઘ 'મી' લખ્યા છે. એ બિચારાએ અક્ષરપંથિકૃત અર્થના અનુસંધાનથી 'મી' દીર્ઘ કરેલો

૦%૦ લોકોને છેતરીને જુદા પોતાના વાડામાં પાડવા
માટ...

નહિ હશે. આ અર્થને નહિ માનનારા પણ ઘણાઓ 'મી' દીર્ઘજ લખે છે. એટલે બ્રહ્મ-
ભટ્ટનો દોષ કહેવાય નહિ છતાં વર્ણીએ ભુલ કાઢવા પત્રની જાહેરાત કરી અને ટીકા કરી છે કદાચ
માનો કે એ ભટ્ટએ ગુ. મુ. ને સ્વા. ના. નામમાંના સ્વામી શબ્દથી જણાવવા માટે એમ
કર્યું છે તો વર્ણીએ જે અર્થ 'નારાયણોના સ્વામી' એવા બે વિભાગવાળો કર્યો છે એમાં
પણ 'મી' દીર્ઘજ રહે છે હ્રસ્વ થાય એવું વ્યાકરણ સૂત્ર નથી અભણની ભુલ કાઢવા
જતાં ભણેલાની ભુલ બહાર આવે છે. 'ન બોલ્યામાં નવ ગુણ' એવી કહેવત છે.

જો ખરું ખુલ્લુંજ કહીએ તો બન્ને વિમુખ પંથો મધ્યે અક્ષરપંથીને કંઈક ઠીક કહેવા
પડે, કારણ કે તેમણે નારાયણ નામ કે જે સર્વ શાસ્ત્ર નિર્દિષ્ટ હોઈને મૂળ પરમાત્માને
ઓળખાવનારું અસાધારણ છે તેતો શ્રીહરિને વિષે રાખ્યું છે. સ્વામિ શબ્દ તો ગુણલેશને
લીધે બીજી અવર વ્યકિતમાં પણ વપરાતો હોવાથી વર્ણીજી જેમ 'નારાયણસ્વામી' શબ્દને સાધુ
સંન્યાસી દેખાવવાળો માને છે તેમ એક મનમાન્યા સાધુ સ્વામીમાં દુરાગ્રહભર્યા પક્ષપાતથી
લઈ જાય. જો કે અક્ષરપંથિકૃત અર્થ તો અતિ દૂષ્ય છે પણ બાપાપંથિકૃત અને વર્ણી-
કૃત વામાર્થની અપેક્ષાએ કંઈક ઠીક છે. આમાં શાસ્ત્રીજીની દશા તો ત્રિશંકુના જેવી
'અતો ભ્રષ્ટસ્તતો ભ્રષ્ટઃ' થાય છે. અક્ષરપંથી સાથે પાકા વિરોધી તરીકે પ્રસિદ્ધમાં આવીને
બાપાપંથીમાં કંઈક સાર લેવા ભળ્યા તો ખરા પરંતુ એમને પણ સંપ્રદાયવિરુદ્ધ બાહ્ય
કુસંગી વિમુખ બંડખોર તરીકે જાહેરમાં જણાવ્યા છે, એટલે એમને તો ઐક્યમાં સ્થાન
નથી, સાંપ્રદાયિક શુદ્ધ શાસ્ત્રીય માન્યતામાં પણ સ્થાન રહ્યું નહિ. આવા દેખીતા દોષોને
વર્ણીજી શાસ્ત્રી પ્રકાશક તંત્રી થઈને કેમ જોતા નથી ? એક સ્થિતિમાં રહેવું જોઈએ.

વર્ણીજીએ 'અક્ષર પુરુષોત્તમ' આ કલ્પિત બંડ શબ્દ મધ્યે ફકત અક્ષર માટે ઘણું
કહ્યું છે. પણ પુરુષોત્તમ માટે કશું કહ્યું નથી તે કહેવાની પ્રસંગાત્ જરૂર છે. પુરુષોત્તમ
શબ્દ તો ગીતા વિગેરેમાં શ્રીકૃષ્ણપર સ્વયં ઘટાવ્યો છે શ્રીજીએ પણ એમજ કર્યું છે.
'અમે ઓચ્છવાળા શ્રીકૃષ્ણને માનતા નથી' એમ શ્રીજીસ્વરૂપદાસે સાક્ષીમાં કોર્ટ મધ્યે કહેલું એ
ઉપરથી જજમેન્ટમાં પણ તેની લાંબી નોંધ થઈ છે. શ્રીકૃષ્ણને તો અક્ષર થકી પણ સાવ પ્રાકૃત
માણસ કરતાં પણ નીચે નંબરે ગુ.સ્વામીના નામથી ગુથાએલી વાતોમાં ગોઠવ્યા છે. એક બંડ
લેખકે એમ લખેલું યાદ આવે છે કે પુરુષોત્તમતો શ્રીકૃષ્ણને કહ્યા છે માટે તે શબ્દથી શ્રીજીને ન
કહેવાય. એક વિમુખે એમ પણ કહેલું છે કે શ્રીજીના વાચક શબ્દો તો ઘનશ્યામ સહજાનંદ સ્વામી
વિગેરે છે પણ પુરુષોત્તમ નારાયણ આદિક નહિ. એટલે અક્ષર પંથીઓએ નારાયણ શબ્દ
અને પુરુષોત્તમ શબ્દથી વ્યવહાર કરી શકાય નહિ. કરતા હોય તો તે લોકોને છેતરવા પુરતુંજ
હશે. સાચા સિદ્ધાંતમાં તો પુરુષોત્તમેય નથી ફકત એક અક્ષરજ છે. અક્ષર સાથે પુરુષોત્તમ
શબ્દ સ્વપંથે રાખ્યો છે તેતો સ્વામિનારાયણ સંપ્રદાયથી જુદો વાડો જણાવવાના વહીવટ
પૂરતો છે. ધૂન્ય ભજનતો 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર સહજાનંદ એક પરમેશ્વર' એવું
કરાવવામાં આવે છે. પુરુષોત્તમ શબ્દથી કશુંજ ભજન થતુ નથી એ એમાં ખાસ સૂચક છે. એટલે
એમને મતે બન્ને મંગળ શબ્દો નિરર્થક છે. લોકોને છેતરીને જુદા પોતાના વાડામાં પાડવા
૦%૦ માટેના એ શબ્દો સાંકેતિક રાખ્યા છે. એકાંત તાનતો મનઃકલ્પિત નિરક્ષર અક્ષરમાં છે પણ
અક્ષરાતીત પુરુષોત્તમમાં નથી. અપ્રકૃત થઈ જતું હોવાથી હવે બંધ કરીએ

હવે જ્યારે નાસિકીય વર્ણીજીએ 'નારાયણોના સ્વામી' એવો અર્થ ઉટાંગ કર્યો, તો
તે ઉપરથી તેમના વચ્ચે સેવક સ્વામિભાવ આવ્યો. એટલે લક્ષ્મીનારાયણ નરનારાયણ

કૃષ્ણનારાયણ આદિક બધાજ નારાયણો સેવક ચાકર છે અને શ્રીજી તેમના સ્વામી ધણી છે.
જ્યારે એવોજ સંબન્ધ આવ્યો ત્યારે તે વચ્ચે વ્યાપ્ય-વ્યાપકભાવ, આધેયાધારભાવ, નિયામ્ય
નિયામક ભાવ અને પાલ્યપાલકભાવ સમ્બન્ધ એની મેળે આવી ગયા. એટલે આત્મા
પરમાત્મા વચ્ચે જેવો તદ્દન પૃથક્ સંબન્ધ શ્રુત્યાદિ શાસ્ત્રોમાં નિશ્ચિત કર્યો છે તે નારાયણો
અને શ્રીજી વચ્ચે આવ્યો. એટલે અક્ષરપંથી અને બાપાપંથી વિગેરે બહિર્મુખોએ તેમની
મનઃકલ્પિત વંઠેલ શાસ્ત્રશત્રુ અવતારદ્રોહી વાતોમાં જે પુજ્ય ધ્યેય અવતાર-અવતારી વચ્ચે
આત્યંતિક વાસ્તવિક ભેદ પાડવા માટે દુષ્ટ દૃષ્ટાંતો, જેવાં કે—ચાકર ને આકાર, પગરખાં
લબરખાં ચબરખાં ને શેરખાં. પાંચશેર દશશેરનો પત્થર ને ચમકનો આખો પર્વત. તીર ને
તીરનો નાખનારો, ખંડીયા રાજાઓ ને ચક્રવર્તી રાજા, સૂર્યમંડળ ને સૂર્ય, તારા ને ચંદ્રમા,
વહેવાયાં ને સરકાર, વહેવાયાં ગરાશીયા ને ચક્રવર્તી ગરાશીયા, ઉમરાવ ને રાજા, ફુલવાડી ને
ગારડીરવાડી, કડવી લીંબોળી ને મીઠી રાયણ, ઘોડીયા-બાવળીયા ને ગુલાબ મોગરા, આકડાનું
ફળ અને આંબાનું ફળ, ગુંદાં અને સાકર, ઈત્યાદિ અનેક આપ્યાં છે તે વર્ણિમતે
પણ આવશે. આ અપદૃષ્ટાંતો સંપ્રદાયના કોઈ મુખ્ય ગ્રંથોમાં અપાયાં નથી. સત્સંગિજીવન
વચનામૃત શિક્ષાપત્રીભાષ્ય વિગેરેમાં તો નટ, સૂર્ય, શુકજી સૌભરી વિગેરે યોગિઓ
અને યોગેશ્વર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આદિકનાં સંગત દૃષ્ટાંતો તદ્દન અભિન્નતા સાધવાને
પ્રસંગે સવિવેચન અપાયાં છે સ્વા. ના નામનો સંપ્રદાયમાન્ય શાસ્ત્રીય શુદ્ધ અર્થ
થકી અવળો અર્થ અશાસ્ત્રીય બંડીયો કરવાથી કેટલી અનર્થ પરંપરા અવર્ણનીય આવે છે
તેને વર્ણી શાસ્ત્રીજી શાંતિથી વિચારશે. આ તેમના અપસિદ્ધાંતનું ખંડન શાસ્ત્ર પદ્ધતિએ
ઉ સં. માસિકના સાતમા વર્ષના અંકોમાં સવિસ્તર આપ્યું છે. આ પ્રસંગથી એક એવો
વિચાર ઉદ્ભવે છે કે—અક્ષરપંથી બાપાપંથી વિગેરે વિમુખો જે આ અવતારદ્રોહી શાસ્ત્રશત્રુ
નરકગામી મોટી મહેનત કરી રહ્યા છે તે તો કૃષ્ણનારાયણ નરનારાયણ લક્ષ્મીનારાયણ આદિકને
સાવ નીચે જીવાદિ તુચ્છ પદે ઉતારી પાડીને અને તેમના ઉદ્ધવાદિક ભક્તોને પણ બધ્ધસ-
જાતીય પદે ઉતારી પાડીને અને શ્રીજીના સન્નિધાનવાળા મુક્તાનંદાદિકોને પણ અમુક મનઃ-
કલ્પિત દોષનું આરોપણ કરીને પોતાને તે સર્વેના ઉપરી અવતારી મૂળ અક્ષર કે અનાદિ
મુકત થઈને કે શ્રીજીસ્વરૂપ થઈને ભોળા લોકોમાં સર્વોપરી મિથ્યા મહિમા ગાઈને પૂજાઈ
ખાવાનો અધમાધમ ભોગવિલાસ પર્યવસાનવાળો સ્વાર્થ ઉઘાડો છે. આ વર્ણીજીને તો
તેવો કશો સ્વાર્થ નથી તો એવો અવતારદ્રોહી શાસ્ત્રવિરુદ્ધ અર્થાન્તર કરવાની જરૂર શી ?
એ કાંઈ સમજાતું નથી. એવા અસમીચીન વાદોના નિરસનથી હવે અલં છે.

સંપ્રદાયના પ્રથમાચાર્ય અને પ્રથમ સદ્‌ગુરુએ કરેલા સ્વા. ના. નામના શાસ્ત્રીય શુદ્ધ
નિર્બાધ અર્થની દૃષ્ટિએ દેખીએ તો એક ઉપાસ્ય ઈષ્ટદેવ દ્વિજ યોગરૂઢ અખંડિત સ્વા.
ના. નામનો મનસ્વી વિભાગ (અમુક સ્વામી અને અમુક નારાયણ) કરીને જુદાજુદા
અનર્થમૂર્તિ અર્થમાં દુરન્વય કરનાર અક્ષરપંથી તથા બાપાપંથીએ ઉપરના લેખમાં
કરેલી કડક ટીકાથી શરમાવાનું કે સંકોચાવાનું કે બ્હીવાનું કંઈ કારણ નથી. કેમકે જેમણે
આખી ખોદણી સુધાદ્વારા સત્સંગ સમાજમાં ખડી કરી છે તે શાસ્ત્રી પ્રકાશક વર્ણીએજ
તમારી પરિપુષ્ટિમાંજ મસ્તકાર્પણ ઉઘાડું કર્યું છે અને સુધા માસિકને મુધા કુવા રીતે મહામહેનતે
જેમતેમ ચલવે છે તે પણ તમારે માટેજ છે. કોઈ હિતેચ્છુ કંઈક સૂચના કરે છે તો બીજાએ
સામા બાઝે છે અને અપૂર્વ અવળુંજ બોલે છે એ એમાં નિદર્શન છે. વળી સ્વાર્થથી

મોબતથી કે અજ્ઞાનથી કે સંપ્રદાયના વહીવટ પ્રત્યેના દ્વેષભાવથી અમુક અંશે પુષ્ટિ આપનારા બન્ને દેશમાં ઘણા લેભાગુ [illegible] મળી આવે છે વળી જુનાગઢ દેશતો બહુધાજ તમારી પરિપુષ્ટિમાં છે એ એમ[illegible] આંતર બાહ્ય અપલક્ષણોથી જણાય છે. એ બાબત બીજા કોઇએ નહિ પણ જુનાગઢવાસી વર્ણીએજ એક પરમસ્નેહી ઉપર તા. ૫-૯-૩૩ ના રોજ રાજકોટથી લખેલા હસ્તાક્ષરી પત્રમાં-"બીજુ જણાવવાનું જે હાલમાં જુનાગઢમાં બંડ પ્રવૃત્તિ ઘણીજ જડપથી વધતી જાય છે. તેઓ અધિકારીને અનુસરી ગએલા હોવાથી તેમાં કોઈ આડે આવતું નથી પણ મદદ કરે છે એટલે પ્રોત્સાહન મળે છે......એતો બધુ ઠીક પણ સ્વામિનારાયણ સાથે તો તેને સંબન્ધ પણ નહિ, સ્વામીની જય ને સ્વામીના વાતો. (પોતે વર્ણી પણ બે ત્રણ આવૃતીઓ છપાવીને વેચતા) વચનામૃત પણ વાંચવાનું નહિ, ને બધાને સ્વામીની વાતોનો ઉપદેશ ને સ્વામીની મૂર્તિઓની પૂજા. શ્રીજીની કશી જરૂર નહિ તો અન્ય દેવ કે સદ્‌ગુરૂની તો ક્યાંથીજ હોય, આમાં આપણે અસહ્ય એટલુંજ બને છે કે ખોટા ચમત્કાર બતાવી માણસોને શ્રીજીની ઉપાસનામાંથી પાડીને બંડ વધારે છે જેથી ગોંડલ વાડીમા પડેલાને પોષણ મળે છે. મંદિરના રોટલા ખાવા ને વસ્ત્ર વાપરવાં ને પોષણ સામાવાળાને કરવું એ બધુ આપણને અસહ્ય લાગે છે. મંદિરમાં માણસો ઘણાંક ભજન પણ સ્વામીનું જ કરે. એને સ્વામિનારાયણની જરૂર નથી, હમણાં જુનાગઢમાં વામનજયંતીનું વ્રત પણ ન કર્યું. એમનો ઉપદેશ એવો છે કે આપણે અન્ય અવતારોની જયંતી કરવાની જરૂર શું? આપણે અવતાર કરતાં શ્રેષ્ઠ છીએ. કીર્તનમાં કૃષ્ણ નામ આવે તે ફેરવી બીજુ નામ બોલાવે. 'બોઢે પ્રભુ' એ કીર્તનમાં "શ્રીનારાયણ દિવ્યમૂર્ત" એ પ્રમાણે બોલેજ નહિ. એટલે કે અન્ય દેવનું નામ નહિ કે અન્ય સદ્‌ગુરુનું નામ નહિ તેમ વચનામૃત કે શિક્ષાપત્રી નહિ. સ્વામીની મૂર્તિની પૂજા ને સ્વામીની વાતોનું વાચન અને બહાર નિકળેલાઓને પોષણ. અન્ય દેવો કે અવતારોનું ખંડન. આ પ્રવૃત્તિ વધતી જાય છે તે અધિકારીઓના ધ્યાનપર મુકી કાઇક અટકાવવાની જરૂર છે...આખા સંપ્રદાયમાં એ મંદિરની પ્રવૃત્તિ અને વાત સંપ્રદાયના સિધ્ધાંતથી તદ્દન નિરાળી છે ને હતી પણ અત્યારે વધતી છે" આ રીતના ચોખ્ખા શબ્દોમાં નિધડક જણાવી છે.

વળી મારી ઉપરના તા. ૨૦-૫-૪૧ ના રોજના રાજકોટથી લખેલા હસ્તાક્ષરી પત્રમાં "હવે આપે જેમ એક 'અક્ષરપંથ"ની ઉત્પત્તિ કહી તે હાલ સુધીની તથા તેમના સાહિત્યનું પણ વર્ણન કર્યું હવે તેમણે "અક્ષર પુરુષોત્તમની" મૂર્તિઓ ચિત્રની તથા ધાતુ વિગેરેની પધરાવવા પ્રવૃત્તિ કરીને પધરાવી તેનું પણ વર્ણન યથાર્થ કરવાની જરૂર છે. પછી તેઓ "સ્વામિનારાયણ" એ નામમાં બે વ્યક્તિનો સમાવેશ કરે છે તેનું પણ ખંડનાત્મક સવિસ્તર લખાણ કરવાની જરૂર છે. ગુ. સ્વામી સાથે શ્રીજીની મૂર્તિઓ જેતપુરમાં પધરાવવી એવી સદ્‌બાલમુકુંદદાસજી સ્વામીની ઈચ્છા ખરી અને તેથીજ આખા સંપ્રદાયમાં કોઈ સ્થળે નહિ તેવી "સ્વામિનારાયણ" એવું તેમણે મધ્ય મંદિરમાં રહેલી શ્રીજીની મૂર્તિનું નામ રાખ્યું છે. તેઓ તેમને "સ્વામી વિશિષ્ટ નારાયણ" માને છે. 'સ્વામી' સ્વરુપ છે અને 'નારાયણ' સ્વરુપી છે તે વિષે કરમસદના ડોક્ટર નાથાલાલભાઈ ભાભરભાઇએ છપાવેલ ભાગવતધર્મ રહસ્યનો બીજો ભાગ મેળવીને વાંચશો. જુનાગઢમાં ગુ. સ્વામીની મોટી છબી સિંહાસનને પડખે લક્ષ્મીપ્રસાદજીના વખતમાં પધરાવી તેમાં 'મૂળઅક્ષર' લખેલું હતું ને તે સમયે જુનાગઢના કોઠારી સુંદરીયાણાવાળા

બાપાલાલ છગનલાલ હતા તેણે કઢાવી નાખ્યું હતું. તે પાછુ દાખલ થયું છે, ને ગોંડળમાં સ્વામી નારાયણદાસજીએ ધર્મશાળાના સિંહાસનમાં છબી ગુ. સ્વામી શ્રીજી સાથે પધરાવી છે ને 'મૂળ અક્ષર' એમ લખાવેલ છે. જુનાગઢ બ્રહ્મચારીની જગ્યામાં શ્રીજીની છબીને ઠેકાણે સ્વામિની છબી બેસારી હતી તે તમારા પત્રથી (કો ચતુર ભગતના સમયમાં) કાઢી ત્યારથી જુનાગઢી અક્ષરીઓએ આગ્રહ કરી ગામોગામ સિંહાસનોમાં સ્વા. ગુ. ની મૂર્તિ બેસારવા માંડી આ કામમાં કો. પુ હરિનારાયણદાસજી પણ ખાનગી અનુમોદન આપનારા છે અને એ કામ કરવામાં શાસ્ત્રી ધર્મજીવનદાસજી પણ છે અને બીજા મૂર્ખાઓ તો ઘણા છે. તમે તેમ હો અને કરતા હો પણ આ કાર્ય હવે પછી પણ ન થાય તેવો આચાર્યશ્રી તરફથી હુકમ નીકળવો જોઇએ. હમણાંજ ગોંડળ પાસે એક વેકરી ન[illegible] ગામમાં શાસ્ત્રી ધર્મપ્રસાદદાસજીએ ચિત્ર પ્રતિમા પધરાવી તેમાં એકજ સાથે ઉપર સ[illegible] સામે શ્રીજી અને ગુ. સ્વામી છે ને નીચે સ્વા. બાલ. તથા સ્વા. નારા. પણ બેઠ[illegible] છે. આ[illegible] સાંભળવા પ્રમાણે પ્રગટસ્વરૂપ સ્વા. નિર્ગુણદાસજી અને સ્વા. ત્યાગવલ્લભદાસજી અને સ્વા. નીલકંઠદાસજીની મૂર્તિઓ કે ફોટાઓ પણ પધરાવાય છે. ગુ. સ્વામી સાથે પૂજાવામાટે ઘણા આધુનિક જોઇન્ટ થયા છે.) સ્વામિનારાયણ એ નામથી હજુ સુધી કોઈ મંદિરમાં ધાતુપ્રતિમા પધરાવેલી જોઈ કે સાંભળી નથી તે જેતપુરમાં પધરાવી. પધરાવનારા કે સાથેના પણ એ પ્રસંગે કશી સમજણ મેળવ્યા વિના કે ચર્ચા કર્યા વિના પધરાવી દીધી. (આ કટાક્ષ આચાર્યાદિક પ્રત્યે કરેલો છે) આપણા મંદિરમાં ધાતુ પાષાણની મૂર્તિઓને માથે કેશપાશ જેમ મસ્તકની ઉપર તથા પાછળ પણ હોય છે તે જેતપુરમાં નથી. આપણા મસ્તક જેવાંજ છે. અસ્તુ ગમે તે કારણથી હો પરંતુ સંપ્રદાયમાં અત્યાર સુધી કોઇ સ્થળે ન હોય તેવું તો છેજ. આ બધી ચર્ચા પણ લેશો" આ રીતના અંતરના બળાપાના શબ્દો લખ્યા છે. આ જોતાં જુનાગઢની પુષ્ટિ જુની જાણીતી જગજાહેર છે (જેનો વર્ણીએ નામથી નિર્દેશ કર્યો છે એવા ગુરુકુળ પ્રણેતા શાસ્ત્રી ધર્મજીવનદાસજીએ ગુ. સ્વામીની વાતો છપાવાની જાહેરાત કરતાં, તે જાણતાં આચાર્યશ્રી તરફથી ના લખી હતી. છતાં તેને નહિ ગણીને છપાવીને જાહેરમાં મુકી છે. એટલે વર્ણી કહે છે તે બરોબર છે વિદ્યાર્થીયોને પણ એજ અક્ષરવિદ્યા ભણાવશે.) વળી નારાયણજી ભાઇને શ્રીજીસ્વરૂપ મહારાજ તરીકે માનનારી ભજનારી મંડળીનો બોચાસણવાળામાં સમાવેશ છે. આમાં સંશયવાળાએ તેમના મિથ્યા નામે ગોઠવેલું ગામડી ગુજરાતી ભાગવત અને તેવી ગીતા અને તેની પ્રસ્તાવના વાંચી લેવી. એથીજ એ ભાગવતનો બન્ને આચાર્યોએ લેખીત અનાદર જાહેરમાં જણાવ્યો હતો. ભાદરણવાળા પુરુષોત્તમની મંડળીનો પણ એમાંજ સમાવેશ છે. આ પણ એક પુષ્ટિમાં વધારો છે. વિઠરાણવાળાએ તો પ્રથમ 'અક્ષર-પુરુષોત્તમને મંદિરમાં પધરાવ્યા હતા પણ પાછળથી બહુ ઉહાપોહ વિમુખપણાનો મોડજી દરબાર વિગેરે તરફથીજ થતાં નામ ફેરવી નાખ્યું હતું. (આ યોગ્ય નથી.) અને જાહેરમાં તેનો અનાદર જણાવી દીધો હતો. છતાં પ્રચ્છન્નપણે પુષ્ટિ આપનારા તો ત્યાગી ગૃહસ્થો હશેજ. કિં બહુના-એમદાવાદના ચાલુ ધ ધુ. આચાર્યશ્રીએ તો પરિપુષ્ટિની હદજ વાળી દીધી છે. છપૈયામાં લાલજી મહારાજ અને કારભારી રાવજીભાઈ તથા કોઠારીને મોકલીને બોચાસણીયા સ્પેશીયલ ગઈ તે વખતે મંદિરમાં ઉતારીને સારી સંભાવના કરાવી હતી. વળી

આફ્રિકા મોંબાસામાં નવા મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવાના પ્રસંગે પુષ્ટિમાટે આફ્રિકાવાસી સમસ્ત સત્સંગીઓ પ્રત્યે ભારે ભલામણનો પત્ર પોતાની સહી શિક્કાવાળો દાદુભાઇ હરમાનભાઇને લખી આપેલો (જે છપાઇને બહાર પડયો છે) બોચાસણવાળાએ પણ પાંચ હજારની સેવા લાલજી મહારાજની અને છપૈયા મંદિરને પાંચહજારની સેવા કરીને તેમનો બદલો વાળ્યાની વાત તેમના માસિકમાં જાહેર કરી છે. એ રીતે આચાર્યની પુષ્ટિ તો બહુ કીંમતી કહેવાય તે બોચાસણવાળાને મળે છે. કાશીએ બોચાસણીયા સ્પેશીયલ ગઈ ત્યારે તેના મહંત ગવૈયા ભક્તજીવનદાસ અને શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસે છપૈયા જેવાજ ગોટાળા વાળ્યા હતા. વધુમાં તે બન્ને મહંતે યજ્ઞ. શાસ્ત્રી, જોગી વિગેરે વિમુખોની હજાજી પ્રશંસાના પત્રો લખેલા. આ બધો ઇતિહાસ બંડ માસિકમાં છપાઇને બહાર આવ્યો છે છતાં આચાર્યે કશું કહ્યું નહિ અને કર્યું નહિ. આ બધી પ્રચ્છન્ન પરિપુષ્ટિ સમજવી. હાઇકોર્ટના સરકારી એડવોકેટ રા. રા. હરિપ્રસાદભાઈ મંછુભાઇતો તેમની પાછળ ફર્યાજ કરેછે. આવી પુષ્ટિ મળતી હોવાથી તેમને શરમાવાનું કે સંકોચાવાનું કારણ નથી. હાંકયા રાખો. અંદર પેસવાની શી જરૂર છે ?

હવે બાપાપંથીનું પ્રકરણ ઉકેલીએ—તેમણે પણ શરમાવાનું કે બ્હીવાનું કશું કારણ નથી. ભલે લોકો ગમે તે કહે. જો કે જાહેરમાં બાપાપંથી જ ગવાય છે પણ બીજા જટાશંકરભાઈ, સ્વામી હરિચરણદાસજી, પા. દેશાઈભાઈ વિગેરે ઘણા બાપાઓ એમાં જોઈન્ટ છે. તેમાં ત્રણ જણની ત્રિકુટી મનાય છે. ત્રણેયના ફોટા ભેગા કે જુદા મંદિરે કે ઘરે સાથે રાખીને ભજવામાં આવે છે (કારવણગામના સ્વા. ના. મંદિરમાં ત્રણેયના ફોટા પધરાવ્યા છે, તેને પ્રણામ, સ્તુતિ, પ્રાર્થના પહેલી કરવામાં આવે છે અને એમની જય બોલવામાં આવે છે. કેનું મંદિર ? અને કેનું ઉપાસન પ્રવર્તે છે ? સ્વામિનારાયણ તો ગૌણ જ. આ ભક્ત ત્રિકુટીના ઉપદેશ માટે ગામડાંમાં પણ ફરે છે. કેવું અવળું ચલવે છે ? તેને કોઈ પુછનાર જ નથી. આ બધું એમાં નિદર્શન છે.) ગુરુભેદ હશે પણ માન્યતા તો એકજ મળતી છે. "અત્યારે એ ત્રણજ શ્રીજીનાં બાળ યૌવન વૃદ્ધ સ્વરુપ લોકોના આત્યંતિક કલ્યાણ કરવા સંપ્રદાયમાં બિરાજે છે, શ્રીજી તો પરવારીને ધામમાં પાછા પરવરી ગયા છે. તે કોઇનું કલ્યાણ કરી શકયા નથી અને તેમણે કંઈક કર્યું છે તે કશા કામમાં આવ્યું નથી. આ ત્રિકુટીના આગમન પછીજ ખરૂ કલ્યાણ શરૂ થયુ છે" વિગેરે તમનો ખાનગી ઉપદેશ છે. પંથમાં જે કોઈ પેસે તેને અનાદિ મુક્ત કહેવામાં બધાજ એકમતીયા છે. જટાશંકરને નામે ગોઠવેલી તેમનો મહિમા પરચા વિગેરેની ગોઠવણીવાળી વાતો કારવણના મંદિરમાં રહેતા સોમા ભક્તે બે ભાગમાં છપાવી છે અને સ્વામી હરિચરણદાસજીની વાતોનો સંગ્રહ લુણાવાડાના રમણલાલ ભટે છપાવ્યો છે તે વાંચતાં ઉપરનો દુરાશય સુજ્ઞોને સમજાય છે. આ પંથને રુચિમંડળ કહેવામાં આવે છે. એમાં સ્ત્રીપુરુષોની સેળભેળ સર્વાંગે હોવાથી વામપંથીનુંજ એક મંડળ કહીએ તો ચાલે. ઉપરનાને સંપ્રદાય બહાર કરેલા એવું પણ લખાણ તેમની વાતોમાં વિવેચનથી છે. આ જોતાં હુડાની પેઠે એકલા મણિનગરવાળા બાપાપંથી ગવાયછે. પણ પ્રસિદ્ધ પ્રચ્છન્ન સાથ તો બહુ છે. પેટલાદી ખંભાતી વિગેરેની ગળગુથી પણ ઉપરનાને મળતી દેખાય છે. માનેલા ગુરુનેજ ભજવાથી કલ્યાણ થાય એ એમનો સર્વેનો મુદ્રાલેખ છે. આ દૃષ્ટિએ જોઇએ તો બાપાપંથીને પણ પુષ્ટિ સારી મળે છે. જેથી સંકોચાવાની કે બ્હીવાની જરૂર નથી. કોઇ અંદરનાંજ બાપાપંથના અત્યારના પ્રમુખ મુક્તજીવનદાસજીનું મુક્તજીવન કે મુક્તિજીવન બોપાળું છપાવીને ભલે

બહાર પાડે તેથી પણ ગભરાવાની જરૂર નથી. સ્વા. ના. નામનો અવળો અર્થ કરનારા તો ઉપરના બધાજ છે. તેમને યાદીમાં લેવા પડ્યા છે કિં. બહુના-અમદાવાદ દેશ આખો કહીએ તો ચાલે તેમના વચનામૃતોની બધી પ્રસ્તાવનામાં શ્રીહરિના અવતારના હેતુઓ કહેતાં 'स्वकीयावतारास्तदीयाश्च भक्ताः' આ ચતુર્થ હેતુમાં (અર્થ-પોતાના અવતારો અને તેમના ભકતોને પોતાની ઉપાસના અને જ્ઞાનનો બોધ આપીને તેમને સ્વધામ પ્રત્યે તેડી જવાના વિચારથી આવ્યા છે) આ રીતે ચોખ્ખો જણાવ્યો છે. (રામ કૃષ્ણાદિ સાક્ષાત અવતારો અને તેમના ઉદ્ધવાદિક ભકતો બહુ વર્ષોથી કલ્યાણ વિનાના જે કોઈ અનકર્ય અવાચ્ય સ્થળે અદ્યાપિ રઝળતા હતા તેમનું કલ્યાણ કરવાના ખાસ કારણે સ્વામિનારાયણ આવ્યા છે) આ જોતાં 'નારાયણોના સ્વામી' એજ અર્થ સ્વતઃ આવ્યો. જ્યારે આવોજ અર્થ આવ્યો ત્યારે અમદાવાદના મુખ્ય નરનારાયણ દેવની સર્વોપરી મહત્તાનું અને મહંતનનું શું થશે ? બાપાની વાતમાં નીચે સાતમે નંબરે તેમને ગોઠવ્યા છે. બન્ને આચાર્યોને તો ધર્મ આચાર કે કોઈ જ્ઞાનની કે વ્યવસ્થા મર્યાદા કે બંધારણની કશી અપેક્ષા નથી. 'नानाश्रद्धानुरोधाय' એના જેવું આચરીને અર્થ મેળવવામાં કૃતકૃત્વતા માની હોય એમ ભાસે છે. એટલે ઉપરના બધાજ એકજ પંક્તિના કહીએ તો બહુ ખોટું નથી. ઉપરના અંદાજ ઉપર જઇએ તો બહુધા સંપ્રદાય અવળા અર્થમાંજ મચ્યો, રચ્યો, પચ્યો થઈ રહ્યો છે ઉપરોકત ખરા અર્થને સમજતા હોય એવા ભણેલા પણ ઉપરના વિમુખ વાતાવરણથી વંચિત થઇને ઉપરના બાલપંથીઓ જેવુંજ, જલ્પવા લખવા મંડી જાય છે ખરું કહીએ તો 'कश्चित् वेत्ति तत्वतः' 'स महात्मा सुदुर्लभः' એમાં કહ્યા પ્રમાણે ઉપરોકત સ્વા. ના. નામનો અન્વર્થ અબાધ અર્થ સમજનારાઓ કોઈ એક વિરલાજ મળી આવે. 'नास्ति नष्टे विचारः' એમ છે

ટુંકામાં કથીએ તો અવતાર અવતારી વચ્ચે તત્વતઃ ભેદને ભણનારી બધીજ બાહ્ય અબાહ્ય મંડળીઓ અંતે એવાજ દુરભિપ્રાયમાં દાખલ થનારી છે. સુધાના તંત્રી અને વર્ણીજીના શબ્દોમાં કહીએ તો તેમને ત્રીજા ચોથા નંબરના અંદરના નવા વધારાના કુસંગીજ કહેવા પડે. તેમજ શ્રીજીનો તથા તત્સ્વરૂપ નારાયણોના અસહ્ય મહાદ્રોહ કરનારા તેમજ ઉપાસ્ય ઇષ્ટદેવના વાચક સ્વા. ના. નામનો વિનાશ કરનારા ચોખ્ખા આસુર કહેવા પડે. શ્રીહરિતો શિક્ષાપત્રીમાં 'કૃષ્ણ અને કૃષ્ણના અવતારોનું યુકિતથી (ગુ. સ્વામી અને અબજીબાપા વિગેરેની વાતોમાં ઉટાંગ બતાવેલી) ખંડન કરનારાં શાસ્ત્રોને નહિ માનવાનું શ્રીમુખે કહ્યું છે તે આજ જાણવું. વળી શ્રીહરિએ સં. પ્ર. ૨ અ. ૧૭ માં મૂળશમાં (ગુ. સ્વામી) ના પુછવાથી 'કૃષ્ણ તથા તેમના અવતારો તથા તેમના ભકતોનો દ્રોહ કરવો તે અસુરોનું મુખ્ય લક્ષણ છે." એમ કહ્યું છે તે આજ જાણવું. રામકૃષ્ણાદિ અવતારોંની અનવધિ અવગણના કરવાજ સ્વા. ના. નામનો ખોટો અર્થ કરવામાં આસુરભાવ વાપર્યો છે. જો આ બધી બાબતની આસ્તિક વૈષ્ણવી જનતા કે જે કોઈપણ અવતારને પરિપૂર્ણ માનીને ભજનારી ભાવિક છે તેમને ખબર પડશે તો ઉપર ગણેલી તોફાની બંડ ટોળીને કોઈ સંપ્રદાયમાં તો નહિજ પણ હિંદુ જાતિમાં પણ શુભ સ્થાન નહિ રહે એવો ભયંકર અનર્થ ઉદ્ધવ સંપ્રદાયને થવાનો જાણીનેજ અમે ચેતવણી લાગણીથી આપી છે. અમને કેટલાક લોકમાં સારપ્ય રાખવાના સ્વભાવવાળા કહે છે કે આવું વિષમ ન કહેવું જોઇએ. પરંતુ તે શ્રીજીનો મત નથી. વિમુખને વિષમ કહેવું જ જોઇએ. વાંચો

વચનામૃતોને– 'સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તેજ રૂડું છે' (પંચા-૫) અને જેને સત્સંગથકી કંઈક પાછો પગ પડી ગયો હોય તેને આગળ માન રાખવું પણ તેથી દબાઈ જવું નહિ ને પ્રશ્ન ઉત્તરમાં તેના વેણ ઉપર વેણ લાવવું" (લો. ૬) 'તેમ આ સંસારને વિષે જે એવો પુરુષ હોય જે આપણે તો બધાય સાધુ સરખા છે કેને સારો નરસો કહીએ? તો તે સત્સંગી કહેવતો હોય તો પણ તેને વિમુખ જાણવો (સત્સંગમતે સંપ્રદાયની દીક્ષાવાળાનેજ સાધુ કહેવાય અને જે પુરુષ એમ જાણે જે "આપણે કાંઈક અવળું સવળું બોલીએ તો આપણો માણસ અવગુણ લેશે" એવી રીતે પોતાની સારપ્ય રાખવા સારૂં ભગવાનનું કે ભક્તનું કોઈક ઘસાતું બોલે ને તેને સાંભળી રહે તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો' (મધ્ય ૬૦) (સંપ્રદાયમાં એવી સારપ્ય રાખનારી ઘણી વ્યક્તિઓ છે.) 'અતિશય શૂરવીર થઈને જવાબ દેવો પણ પાજીપણારની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહિ......અને લોકમાં એમ કહે છે જે સાધુને તો સમદ્રષ્ટિ જોઈએ' પણ એ શાસ્ત્રનો મત નથી. કેમ જે નારદ સનકાદિક ને ધ્રુવ પ્રહ્લાદાદિક તેમણે ભગવાનનો ને ભક્તનોજ પક્ષ રાખ્યો છે. પણ વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી. અને જે વિમુખનો પક્ષ રાખતો હશે તે આ જન્મે અથવા બીજે જન્મે જતો જરૂર વિમુખ થશે' (મધ્ય. ૫) ઈત્યાદિ. સ્વા. ના. નામનોજ ઉટાંગ અર્થ કરનારા તો સર્વોપરી વિમુખ કહેવાય અમે જે અક્ષરપંથી માટે ખંડનાત્મક લખાણ કર્યું તે સ્વતઃ નથી. પણ વર્ણીજીની બહુ જુની આજ્ઞાને અનુસરીને કર્યું છે. એ પ્રસંગથી એમણે અને બાપાપંથીએ સ્વા. ના. નામનો અત્યંત અવળો અર્થ કર્યો છે તેનું પણ ખંડનાત્મક લખાણ કર્યું છે તેપણ સ્વતઃ ન કહેવાય. એકનું કહેતાં એના જેવા બીજાનુ પણ કથન થાય એ સહજ છે. સંપ્રદાયના શાસ્ત્રાર્થના સમર્થનમાં તદ્વિરુદ્ધ અર્થનું પ્રથમ ખંડન કરવાની પદ્ધતિ પ્રાચીનોની છે. શ્રીજીએ એજ પ્રમાણે વચનામૃતાદિકમાં ક[illegible] છે, એટલે અમને દોષ નથી.

છેવટે તત્વ કહેવાનું એ છે કે–ઉપરના સર્વે ઉપાધિયાએ પોતે જેને ઉપાસ્ય અધિષ્ઠાતા માન્યા હોય તેના પૃથક્ નામથીજ પંથ ચલવવો અને તે નામથીજ ધુન્ય ભજન કરવું. એમાં સ્વા. ના. નામનું વગોણુ ન કરવું. જ્યારે પાટલો બદલ્યો છે ત્યારે યથેચ્છ કરવાની છુટ છે. મતમાન્યા ગુણહીન દોષપૂર્ણ અશુદ્ધ દાંભિક દરિદ્રોની સહ ઉપાસના ભજન કરાવા માટેજ સ્વા. ના. નામમાંજ અર્થાંતરના બંડ ગરબડ ગોટાળા ગેઝારા ગબડાવ્યા છે. એવા અવળા અભિપ્રાયવાળા મહાદ્રોહીઓને વાતચિતમાં પણ સાચા અનુયાયિઓએ જય સ્વામિનારાયણ કહેવા કે તેણે કહેલા ઝીલવા જોઇએ નહિ. એનો સંગ સર્વથા ત્યાગ કરવો જોઇએ, આતો ઉપાસ્ય ઇષ્ટદેવના અસાધારણ નામનોજ મહા દ્રોહ થાય છે તે સામાન્ય નથી પણ સર્વાધિક છે.

અમે જે ઉપરોક્ત સત્ય શાસ્ત્રાર્થને કહેવાતા પ્રસંગથી જેને તેને લાગણીવશ થઈને કહ્યું છે તે ગુણગ્રાહીઓ સર્વે ક્ષમા કરશે અને બધી અવળાઈ મુકીને 'સ્વામિનારાયણ' અખંડ મંગળ નામને સાચા ભાવથી સાચા અર્થના અનુસંધાનથી સર્વ કોઈ જપશે અને મોક્ષ મેળવશે એમ જાણીને આ મહામહેનત લીધી છે તે સર્વે સફળ કરશે એવી આશા છે. આ રીતે અંત્યે સુધાના તંત્રી બનેલા બ્ર.શા. બાળકૃષ્ણાનંદજી નાશિકવાળાની અંત્ય અવસ્થાએ ઉદ્ભવેલી સાવ વિપરીત મતિનું આ દિગ્દર્શન કરાવ્યું છે. બીજુ તો પ્રસંગપ્રાપ્ત છે.

લી. શા. હરિજીવનદાસ